


સાંજના ગુજરાતી અખબારોમાં સૌથી વધુ નકલોનો ફેલાવો ધરાવતું...

# સાંજ સમાચાર

વૈશાખ સુદ-૩ | પાના : ૧૬ | રૂા. ૪.૦૦ સ્થાપક : બાબુભાઈ શાહ તા. ૩૦-૪-૨૦૨૫ - બુધવાર | રાજકોટ (સીટી)

વર્ષ : ૩૯ અંક : ૨૧૧ RNI Reg.No 46322/86. Reg.No Rajkot/266/2023 PST:RMS-RJT તંત્રી : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ sanjsamachar@gmail.com | sanjsamachar.net | SANJ SAMACHAR - RAJKOT




ચોંકાવનારી ઘટનાઃ સગીર બહેન સાથે પિતરાઈ ભાઈ અને તેના મિત્રએ અવારનવાર દુષ્કર્મ આચર્યું ૮

વડાપ્રધાન મોદીનો તા.૯ મેનો રશિયા પ્રવાસ રદ ૯

ગોળની ગુણવત્તા પણ શંકામાં; પરાબજારની જાણીતી પેઢીઓ પર દરોડા ૯

### વડાપ્રધાન નરેન્દ્ર મોદીના અધ્યક્ષ પદ હેઠળ વોર કેબીનેટની બેઠક મળીઃ સૈન્યની ત્રણે પાંખ પણ એકશનમાં

# રાફેલ ઉડયાઃ પાક. માટે 'ભારે' સમય શરૂ

નવી દિલ્હી તા.૩૦

પહેલગામમાં હિન્દુ સહેલાણીઓની હત્યાના પગલે ત્રાસવાદ મોરચે ભારત અને પાકિસ્તાન વચ્ચે સર્જાયેલા તનાવ અને પાકને હવે કાયમી બોધપાઠ આપવા અને મોદી સરકારની તૈયારીઓનો ધમધમાટ આજે દિલ્હીમાં જોવા મળ્યો હતો. ગઈકાલે સૈન્યને ખુલ્લી છુટ આપ્યા બાદ રાત્રીના કાશ્મીર સહિતની સરહદોએ ભારતના અતિ આધુનિક રાફેલ વિમાનોએ

### સવારે વડાપ્રધાનના નિવાસે સલામતીની બાબતોની કેબીનેટ બેઠક બાદ પોલિટીકલ અફેર્સ અને આર્થિક બાબતોની કેબીનેટ બેઠક બાદ પૂર્ણ કેબીનેટમાં પણ નિર્ણયોને મંજૂરી

ભારતીય સીમામાં ઉડાન ભરીને પાકિસ્તાનના સ્પષ્ટ સંદેશો મોકલ્યો હતો. ચાર રાફેલ વિમાનોએ સમગ્ર કાશ્મીર સરહદે ભારતીય હવાઈ સીમામાં ઉડાન ભરી હતી તો બીજી તરફ દિલ્હીમાં આજે પ્રથમ વખત વોર કેબીનેટની બેઠક મળી છે. અને તેમાં અનેક મહત્વપૂર્ણ નિર્ણયો લેવામાં આવ્યા છે અને જેના પર હવે ગમે તે ઘડીએ જાહેરાત થશે. સવારે ૧૧ વાગ્યે વડાપ્રધાન નરેન્દ્ર



### સેનાને વડાપ્રધાનની ખુલ્લી છુટ બાદ પાકિસ્તાન સામે નિર્ણાયક પગલાની તૈયારી

મોદીના અધ્યક્ષ પદ હેઠળ સલામતી બાબતેની કેબીનેટ બેઠક મળી હતી બાદમાં પોલીટીકલ અફેર્સ અને ત્યારબાદ ઈકોનોમીક અફેર અંગેની કેબીનેટ બેઠક મળી હતી અને હવે તેમાં લેવાયેલા નિર્ણયોની જાહેરાતો થશે.

### વડાપ્રધાન મોદી-અમીત શાહ-મોહન ભાગવત વચ્ચે દોઢ કલાક બેઠક

**પાક સાથેના તનાવ વચ્ચે સંઘ વડા રાત્રીના વડાપ્રધાન નિવાસે પહોંચ્યા**

નવી દિલ્હીઃ પાટનગર દિલ્હીમાં પહેલગામ હુમલાના પગલે સર્જાયેલા ઘટનાક્રમમાં ગઈકાલે રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવત વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના સતાવાર નિવાસે પહોંચ્યા હતા અને અહી કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમીત શાહ હાજર હતા. શ્રી ભાગવત સાત (અનુસંધાન ૧૨ મા પાને)

## હવે આઈટી રિટર્નમાં લકઝરી વેકેશન સહિતના ખર્ચની જાણકારી આપવી પડશે



### સરકાર લાવી રહી છે નવું આઈટીઆર ફોર્મઃ ખોટી રીતે ટેકસ બચાવવાના તરીકા પર લાગશે લગામ

નવી દિલ્હી તા.૩૦

ઈન્કમ ટેકસ રિટર્ન (આઈટી) ફોર્મમાં મોટો ફેરફાર આવનાર છે.સેન્ટ્રલ બોર્ડ ઓફ ડાયરેકટર ટેક્સેસ (સીબીડીટી) ઓછી ઈન્કમ દેખાડનાર અને પોતાની કમાણીથી વધુ ખર્ચ કરનારાને પકડવા માટે આઈટીઆર ફોર્મને પુરી રીતે બદલી રહ્યું છે. નવા આઈટીઆરમાં ટેકસ કલેમનાં બારામાં વધુ જાણકારી મેળવવામાં આવશે.

આથી એ જાણવા મળશે કે કોઈ ખોટી રીતે ટેકસ બચાવવાની કોશીશ તો નથી કરી રહ્યોને. મોંઘી રજાઓ જેવા ખર્ચના બારામાં પણ જાણકારી માંગવામાં આવી શકે છે. આથી જે લોકોએ પોતાની અસલી કમાણી નથી બતાવી તેનો પતો મળી જશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે ભલે પુરી રીતે બદલાયેલુ આઈટીઆર ફોર્મ આવતા વર્ષથી લાગુ થાય પરંતુ આ વર્ષ માટે પણ કેટલાંક ફેરફાર કરવામાં આવી રહ્યા છે.

એક અધિકારીએ જણાવ્યુ હતું કે (અનુસંધાન છઠ્ઠા પાને)

### અણુ હુમલાની પાકની વારંવારની ધમકીની 'હવા' કાઢવા તૈયારી

## ભારત અણુશસ્ત્રના નો-ફર્સ્ટ-યુઝ' નીતિ છોડશે!?!

### અણુશસ્ત્ર ધરાવતા દેશો સામે પ્રથમ ઉપયોગ માટે છૂટ મેળવાશે

નવી દિલ્હીઃ પહેલગામ હુમલાના પગલે હવે ભારત-પાકિસ્તાન વચ્ચે તનાવ વધી રહ્યો છે અને આજે દિલ્હીમાં વડાપ્રધાનના નિવાસે સુપર કેબીનેટ કે વોર કેબીનેટ તરીકે ગણાતી સલામતી બાબતો ઉપરાંત આર્થિક બાબતો રાજકીય બાબતોની કેબીનેટ પેટા કમીટીની બેઠકો બાદ હવે કેબીનેટ બેઠક મળી રહી છે અને તેમાં પાકિસ્તાન સામેના એકશનની તૈયારી છે તે વચ્ચે ભારતે હવે પાકને મોટા બોધપાઠ શિખડાવવા તૈયારી કરી છે. ગઈકાલથી જ ચાર રાફેલ વિમાન કાશ્મીર સરહદે ભારતીય સીમામાં ઉડયા હતા અને યુદ્ધ કવાયત કરી છે તથા પંજાબ સરહદે એન્ટી ડ્રોન સિસ્ટમ ગોઠવાઈ છે તે વચ્ચે ભારત એક મહત્વના નિર્ણયમાં અણુશસ્ત્રો અંગે વાજપેયી સરકારની નો-ફર્સ્ટ-યુઝ નીતિ પણ બદલાવી શકે છે. ટોચના સૂત્રોના જણાવ્યા મુજબ જે રીતે પાકિસ્તાન અવારનવાર ભારત પર અણુ હુમલાની ધમકી આપે છે તે જોતા ભારતે જે રીતે અણુશસ્ત્રોનો પ્રથમ ઉપયોગ નહી પણ ભારત હુમલો કરે તો વળતા હુમલામાં અણુશસ્ત્રનો ઉપયોગ કરવાની જે નીતિ અપનાવી છે તે બદલી ભારત પણ જો દેશ પર ખતરો હોય તો અણુશસ્ત્રનો ઉપયોગ કરી શકે તે નિશ્ચિત બનાવશે.

અગાઉ મોદી સરકારે આ સંકેત આપી દીધો હતો અને હવે આ સમયે પાક પર દબાણ લાવવા અને હાલનો તનાવ તથા પાકિસ્તાન પર થઈ શકતા હુમલામાં પુર્ણ યુદ્ધમાં ન પલટાય તે જોવા આ બદલાવ મહત્વનો બની જશે.

આમ આ અંગે સુરક્ષા અંગેની કેબીનેટ બેઠકમાં મંજુરી મેળવાઈ હોય તે પણ શંકા છે.

### પાક.ના મંત્રી કહે છે ૨૪-૪૮ કલાકમાં ભારત હુમલો કરશે તે નિશ્ચિત છેઃ રાત્રે બે વાગ્યે પ્રેસકોન્ફરન્સ કરી

# કઈ બાજુથી હુમલો આવશે! પાક. ફફડે છે

### પાકના માહિતી પ્રસારણ મંત્રીએ હિમ્મત ટકાવવા કહ્યુ અમો જવાબ આપશુંઃ પાક સેના પણ અનિશ્ચિતતાની સ્થિતિમાંઃ POK કે કરાચી! ભારતની વ્યુહરચના સમજી શકી નથીઃ અંકુશરેખા પર ગોળીબાર

ઈસ્લામાબાદઃ પહેલગામ હુમલા બાદ ભારતે હવે ત્રાસવાદ અને તેના 'આકા' જેવા પાકિસ્તાન સામે આકરી કાર્યવાહીની તૈયારીને આખરી ચરણમાં મુકયુ છે તે વચ્ચે હવે પાકના કેબીનેટ મંત્રીઓ પણ ફફડવા લાગ્યા છે અને શરીફ સરકારને માહિતી પ્રસારણ મંત્રી અતુલ્લાહ તરાટે ભય વ્યક્ત કર્યો કે ભારત હવે ૨૪થી૩૬ કલાકમાંજ પાકિસ્તાન પર હુમલો કરશે. તેઓએ ભરોસાપાત્ર ગુપ્તચર અહેવાલોને ટાંકીને આ દાવો કર્યો હતો અને બડાશ હાંકી છે. ભારતના કોઈપણ હુમલાનો જવાબ અપાશે. બીજી તરફ સીમા પર પાકની ગુસ્તાખી ચાલુ છે. નૌશેરા સુંદરબની અને અખનૂર



સેકટરમાં પાક સેનાએ ગોળીબાર કર્યો હતો અને ભારતીય દળોએ તેનો આકરો (અનુસંધાન ૧૨ મા પાને)

### કોઈપણ લક્ષ્યાંક દૂર નથી, કોઈપણ સમુદ્ર મોટો નથી : ભારતીય નૌકાદળનો આકરો સંદેશ

**પાકિસ્તાન સાથેના તનાવ વચ્ચે નૌકાદળે આઈએનએસ વિક્રાંત અને આઈએનએસ સુરતના શક્તિ પ્રદર્શનનો વિડીયો પોસ્ટ કર્યો**

નવી દિલ્હી, તા. ૩૦

ભારત દ્વારા હવે કોઈપણ સમયે પાકિસ્તાન ઉપર આક્રમણ કરવાની શકયતાઓ વધી રહી છે. તે સમયે ભારતીય નૌકાદળના એક પોસ્ટે પાકિસ્તાનની ઉંઘ હરામ કરી દીધી છે.



ભારતીય નૌકાદળે એકસ પર વિમાન વાહક જહાજ વિક્રાંત અને આઈએનએસ સુરતના વિડીયો સાથે એક પોસ્ટ મુકી હતી અને લખ્યું હતું કે કોઈ લક્ષ્યાંક દુર નથી અને કોઈ સમુદ્ર (અનુસંધાન ૧૨ મા પાને)

### ધ ટાર્ગેટઃ હાફીસ સઈદનું લાહોર 'ઘર' લોકેટ થયું




### પાક. એજન્સીની સુરક્ષા હેઠળ રહે છે આતંકીઃ હાલ નાસી ગયો હોવાનું અનુમાન

ઈસ્લામાબાદઃ ભારતમાં મુંબઈ હુમલા સહિત અનેક ત્રાસવાદી હુમલાના માસ્ટરમાઈન્ડ હાફીસ સઈદ જે પાકિસ્તાનમાં શરણ લઈ રહ્યા છે તેનું લાહોરમાં આલીશાન ઘર પ્રથમ વખત 'લોકેટ' થયુ છે તે પાક સરકારની સલામતી હેઠળ રહે છે તેના લશ્કરે તોઈબા ઉપરાંત ધ રેઝીસ્ટન્ટ ફ્રન્ટ (ટીઆરએફ) જેણે આ હુમલાની જવાબદારી લીધી હતી તેનું (અનુસંધાન ૧૨ મા પાને)

**આકર્ષક એલિવેશન**
**બંગલો વેચવાનો છે**

૧૩૬ વાર, ૪ બેડ હોલ, કીચન
જૈન દેરાસર - ઉપાશ્રય અને
હવેલી થી બીલકુલ નજીક
અંબાજી કડવા પ્લોટ
માલવીયા કોલેજ પાછળ
(દલાલ મિત્રો આવકાર્ય)
ફોન- ૮૪૮૭૦ ૩૧૮૨૮
સમય- સવારે ૧૦થી૧૨

## પાકિસ્તાનનો ખાત્મો બોલાવવામાં અગ્નિ-૫ મિસાઈલ જ કાફી છે



**પહેલગામમાં આતંકી હમલા બાદ આતંકીઓના જનક પાકિસ્તાનને 'પાઠ' ભણાવવા ભારતે કઠોર એકશનની તૈયારી કરતા રઘવાયુ થયેલુ પાકિસ્તાન પરમાણું બોમ્બની ધમકી આપે છે, જો યુદ્ધ થયુ તો ભારત પાસે એવી તો 'અગ્નિ', 'ત્રિશુલ', 'બ્રહ્મોસ' જેવી મિસાઈલો છે જે પળવારમાં પાક.ને તબાહ કરી નાખે**

નવી દિલ્હી તા.૩૦

પહેલગામ આતંકી હુમલામાં નિર્દોશ નાગરિકોનો જીવ લીધા બાદ ભારત અને (અનુસંધાન ૧૨ મા પાને)







જાપાનીઝ ટેકનોલોજીથી
**પાર્કીંગના પીળા પટ્ટા કરાવો**
બીલ્ડીંગમાં વાહન પાર્કીંગ માટે પ્લાન સાથે
માર્કીંગના પીળા પટ્ટા મારી આપીશું
PUNCHO ROAD MARKING PVT.LTD.-91067 16757






## વિશ્વના અનેક દેશો પાક.ને ''આતંકિસ્તાન'' તરીકે ઓળખે છે

# ચારેયબાજુ શત્રુથી ઘેરાયેલું પાકિસ્તાને ભારત ઉપરાંત અમેરિકા, અફઘાનિસ્તાન, ઈરાન સહિત અનેક દેશો સાથે દુશ્મની લીધી

### બહાર કરતા અંદર પણ અનેક પ્રશ્નો : બલુચિસ્તાનનો પ્રશ્ન સળગે જ છે

ન્યુ દિલ્હી,તા.૨૯

પહેલગામમાં થયેલા આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ પ્રવાસીઓના મોત બાદ પાકિસ્તાન ફરી એકવાર સમગ્ર વિશ્વની નજર હેઠળ આવી ગયું છે. ભારત સાથે તેનો તણાવ સામાન્ય છે, જે ભાગલા પછીથી ચાલી રહ્યો છે. વિશ્વના ઘણા દેશો તેને આતંકવાદના આશ્રયદાતા દેશ તરીકે જોઈ રહ્યા છે. ઘણી વખત સાબિત થયું છે કે પાકિસ્તાન આતંકવાદીઓ માટે સુરક્ષિત આશ્રયસ્થાન છે. ૯/૧૧ હુમલાના મુખ્ય કાવતરાખોર ઓસામા બિન લાદેનને



અમેરિકાએ પાકિસ્તાનની અંદર એક ખાસ ઓપરેશનમાં મારી નાખ્યો હતો. આમ છતાં, પાકિસ્તાન ક્યારેય પોતાને આતંકવાદના પ્રાયોજક તરીકે સ્વીકારતું નથી. આ કારણે, વિશ્વના ઘણા દેશો તેને શંકાની નજરે જુએ છે.

ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાલી રહેલા તણાવ વચ્ચે, ચાલો જાણીએ કે વિશ્વમાં પાકિસ્તાનના કેટલા દુશ્મનો છે અને તેના મુખ્ય કારણો શું છે?

પાકિસ્તાન આતંકવાદને પ્રોત્સાહન અને આશ્રય આપે છે તેથી ભારત સાથેની દુશ્મનાવટ છે :

પાકિસ્તાન એક એવો દેશ છે જે ભાગલા પછીથી વધુ જમીન



મેળવવા માટે ભારત સાથે લડી રહ્યો છે અને આ જ કાર્યોને કારણે વારંવાર હારનો સામનો કરી રહ્યો છે. જો પાકિસ્તાન, એક નવા દેશ તરીકે, તેની સરહદો મજબૂત કરી હોત, આર્થિક મોરચે કામ કર્યું હોત, લોકોના કલ્યાણ માટે જરૂરી સંસાધનો માટે લડત આપી હોત, વગેરે તો વધુ સારું હોત, પરંતુ તેના લોભી વલણને કારણે, તે કંઈ નવું પ્રાપ્ત કરી શક્યું નહીં. હા, સરકારોમાં સ્થિરતાના અભાવે, સેનાનું વર્ચસ્વ વધ્યું. ઘણી વખત સેનાએ નેતાઓ પાસેથી સત્તા છીનવી લીધી. સેના માટે પોતાના જ નેતાઓને ફાંસી આપવી કે કેદ કરવી ખૂબ જ સામાન્ય બાબત છે. પરંતુ પાકિસ્તાનમાં હંમેશા તેના નેતાઓ કરતા સેના વધુ મજબૂત સાબિત થતી આવી છે.

પાકિસ્તાન કાશ્મીર ઇચ્છે છે અને ભારત કોઈ પણ કિંમતે, ક્યારેય આવું થવા દેશે નહીં. આ દેશ ઘણીવાર સંયુક્ત રાષ્ટ્રમાં કાશ્મીર વિશે વાત કરતો જોવા મળે છે. પહેલગામ હુમલા પછી પણ પાકિસ્તાને ફરી એકવાર સમગ્ર વિશ્વને આ મામલે આગળ આવવા અપીલ કરી છે, જો કોઈ એજન્સી નિષ્પક્ષ તપાસ કરશે તો અમે સંપૂર્ણ સહયોગ આપીશું. મોટો પ્રશ્ન એ છે કે જો હુમલો ભારતમાં થયો છે, તો પછી કોઈ બીજું તેની તપાસ કેમ અને કેવી રીતે કરશે? આ કામ ફક્ત ભારતીય એજન્સીઓ દ્વારા જ કરવામાં આવશે.

**તેમના ઘણા દુશ્મનો પાકિસ્તાનની અંદર પણ બેઠા છે :**

પાકિસ્તાન એક એવો દેશ છે જ્યાં ક્યારેય સરકાર કામ કરતી નથી. સેના અને ISI હંમેશા લોકશાહી પર પ્રભુત્વ ધરાવે છે. જ્યારે પણ જરૂર પડે છે, ત્યારે ઉછેરેલા આતંકવાદીઓ પણ સરકારનું સાંભળતા નથી. ક્યારેક સેના તેમને ટેકો આપે છે તો ક્યારેક સામાન્ય જનતા. આ રીતે, એવું કહી શકાય કે પાકિસ્તાનના ફક્ત બહારની દુનિયામાં જ દુશ્મનો નથી, પરંતુ તેના સૌથી મોટા દુશ્મનો દેશની અંદર પણ હાજર છે. દેશ બે ભાગમાં વહેંચાઈ ગયો અને બાંગ્લાદેશ નામનો એક નવો દેશ વિશ્વના નકશામાં જોડાયો. ૧૯૭૧નું યુદ્ધ જીતવા છતાં, ભારતે ઉદારતા બતાવી અને કબજે કરેલી જમીન પરત કરી. આ માટે આભાર માનવાને બદલે, તે આખા કાશ્મીરને ઇચ્છે છે. સંયુક્ત રાષ્ટ્ર સહિત સમગ્ર વિશ્વ અનેક વખત કાશ્મીરનો મુદ્દો ઉઠાવી રહ્યું છે.

તે ભારતના અભિન્ન અંગ કાશ્મીર પરથી નજર હટાવવા તૈયાર નથી. અત્યાર સુધીમાં પાકિસ્તાને ભારત સાથે ત્રણ જાહેર અને અનેક અઘોષિત યુદ્ધો લડ્યા છે અને તમામમાં હારનો સામનો કરવો પડ્યો છે. તે ભારત સામે આતંકવાદીઓને રક્ષણ આપી ઉપયોગ કરી રહ્યો છે; ઘણી વાર, દેશની અંદર, તે જ આતંકવાદીઓ તેની વાત સાંભળતા નથી. ઘણી વખત પાકિસ્તાની સેના પોતાની સરકારનું સાંભળતી નથી. પાકિસ્તાનમાં લોકશાહી મજાક બની ગઈ છે. આ પ્રવૃત્તિઓને કારણે, ફક્ત ચાર પ્રાંતો, પંજાબ, સિંધ, ખૈબર પખ્તુનખ્વા અને બલુચિસ્તાનમાંથી, તે ફક્ત પંજાબ અને સિંધ પર શાસન કરે છે.

**બલૂચ લિબરેશન આર્મીએ પાકિસ્તાની સેના પર ઘણી વખત હુમલો કર્યો છે :**

બલુચિસ્તાનમાં જે રીતે અલગ રાષ્ટ્ર માટે આંદોલન ચાલી રહ્યું છે તે એક ઉપદ્રવ બની ગયું છે. ખૈબર પખ્તુનખ્વાના મોટાભાગના ભાગો આતંકવાદીઓના કબજામાં છે. તેઓ પોતાનો વ્યવસાય ચલાવે છે. પરિસ્થિતિ એવી છે કે ઘણા દેશોએ પાકિસ્તાન પર વિશ્વાસ કરવાનું ટાળવાનું શરૂ કરી દીધું છે. આખી દુનિયામાં તેમની પ્રતિષ્ઠા કલંકિત થઈ છે. પણ તે ખૂબ જ મૂંઝવણમાં પણ છે. તેમનું માનવું છે કે દુનિયામાં સૌથી વધુ મુસ્લિમ દેશો છે અને પરમાણુ શક્તિ હોવાને કારણે, પાકિસ્તાન પોતાને મોટું અને શક્તિશાળી માને છે, જ્યારે તેની આર્થિક સ્થિતિ ખૂબ જ ખરાબ છે. આ દેશ IMF સહિત ઘણી એજન્સીઓના દેવા પર ચાલી રહ્યો છે.

**તેને પડોશી દેશ અફઘાનિસ્તાન સાથે પણ તીવ્ર દુશ્મનાવટ છે :**

વિડંબના એ છે કે જ્યારે અફઘાનિસ્તાનમાં લોકશાહી હતી, ત્યારે પાકિસ્તાને તાલિબાન અને દેશમાં સક્રિય અન્ય આતંકવાદી સંગઠનોને જોરદાર ટેકો આપ્યો હતો. સ્વાભાવિક રીતે અફઘાનિસ્તાનની સરકારે આ વાત સારી રીતે ન લીધી. સરહદ વિવાદ ઘણા સમયથી ચાલી રહ્યો છે, જેને દુનિયા ડ્યુરન્ડ લાઇન વિવાદ તરીકે ઓળખે છે. હવે જ્યારે એ જ તાલિબાન અફઘાનિસ્તાનમાં સરકાર ચલાવી રહ્યા છે, ત્યારે સરહદ પર વારંવાર અથડામણો થઈ રહી છે. બંને દેશો સમયાંતરે એકબીજા માટે પોતાની સરહદો બંધ કરતા રહ્યા છે. ભારત સાથે યુદ્ધવિરામના કારણે, આ તણાવને કારણે પાકિસ્તાની સેનાએ અફઘાનિસ્તાન સરહદ પર પોતાનું ધ્યાન વધારી દીધું હતું.



**કટ્ટરપંથી મુસ્લિમ દેશ ઈરાન સાથે પણ સંબંધો ખરાબ છે :**

પાકિસ્તાનના ઈરાન સાથેના સંબંધો પણ ખરાબ છે. ઈરાન પાકિસ્તાનના બલુચિસ્તાન પ્રાંત સાથે તેની સરહદ વહેંચે છે. ત્યાં વર્ષોથી કેટલીક આતંકવાદી પ્રવૃત્તિઓ થઈ રહી છે અને બંને દેશો વચ્ચે તણાવ સામાન્ય છે. ક્યારેક, અથડામણો પણ થાય છે. પાકિસ્તાનની ઈરાન સાથેની દુશ્મનાવટનું એક કારણ સાઉદી અરેબિયા પણ છે. સાઉદી અરેબિયા પાકિસ્તાન વિશે સારું વિચારે છે. અથવા તમે એમ કહી શકો કે બંને મિત્રો છે. પરંતુ ઈરાન અને સાઉદી અરેબિયા વચ્ચે તણાવ ચાલુ છે. તેમના સંબંધો બિલકુલ સુમેળભર્યા નથી. પાકિસ્તાન ચીનની નજીક છે અને સાઉદી અરેબિયાને આ ગમતું નથી, જ્યારે પાકિસ્તાન ગમે ત્યારે મદદ માંગવા માટે સાઉદી અરેબિયાનો સંપર્ક કરી શકે છે. સાઉદી અરેબિયાને પણ મદદ માંગવાની તેમની રીત પસંદ નથી.



**અમેરિકા સાથે પણ તણાવ :** જ્યારે અમેરિકાને સમાચાર મળ્યા કે પાકિસ્તાને તેના સૌથી મોટા દુશ્મન ઓસામા બિન લાદેનને આશ્રય આપ્યો છે, ત્યારે અમેરિકાએ પહેલા પાકિસ્તાનને આતંકવાદીઓને આશ્રય ન આપવાની ચેતવણી આપી હતી, પરંતુ પાકિસ્તાન વારંવાર ઇનકાર કરતું રહ્યું. પછી અમેરિકાએ એક ઓપરેશન શરૂ કર્યું, પાકિસ્તાનમાં ઘૂસીને લાદેનને મારી નાખ્યો અને પાકિસ્તાન આખી દુનિયા સામે ખુલ્લું પડી ગયું. જ્યારે અમેરિકન દળો અફઘાનિસ્તાનમાં તૈનાત હતા, ત્યારે અમેરિકા પાકિસ્તાનને ચેતવણી આપતું રહ્યું કે તાલિબાનને મદદ ન કરે કારણ કે તે સમયે તાલિબાન પણ એક આતંકવાદી સંગઠન તરીકે જાણીતા હતા. ત્યારે પણ પાકિસ્તાને તેની અવગણના કરી. એ બીજી વાત છે કે અવિશ્વાસ અને તણાવ વચ્ચે, અમેરિકા સાથેના લશ્કરી અને રાજદ્વારી સંબંધો સંપૂર્ણપણે તૂટી ગયા નથી. પાકિસ્તાન તેના રડાર પર છે. પહેલગામ હુમલાની નિંદા કરતા, યુએસ રાષ્ટ્રપતિ ટ્રમ્પે પાકિસ્તાનને આતંકવાદી પ્રવૃત્તિઓ બંધ કરવા હાકલ કરી છે.

**યુરોપિયન યુનિયન અને અન્ય પશ્ચિમી દેશો :**

યુરોપિયન યુનિયન આતંકવાદના મુદ્દા પર પાકિસ્તાનને શંકાની નજરે જુએ છે. બલુચિસ્તાનમાં પાકિસ્તાન સેના દ્વારા કરવામાં આવતા લઘુમતી અધિકારોના ઉલ્લંઘન અને અત્યાચારો અંગે પણ તેમનો આલોચનાત્મક દ્રષ્ટિકોણ છે. આ રીતે આપણે કહી શકીએ કે ભારત ચોક્કસપણે પાકિસ્તાનનો કાયમી દુશ્મન છે. અફઘાનિસ્તાન અને ઈરાન સાથેના સંબંધો તણાવપૂર્ણ છે. તેણે અમેરિકા, રશિયા અને પશ્ચિમી દેશોનો વિશ્વાસ પણ ગુમાવી દીધો છે, ખાસ કરીને કારણ કે તેને આતંકવાદના પ્રાયોજક તરીકે ઓળખવામાં આવ્યું છે. એ બીજી વાત છે કે સંબંધો હજુ પણ સંપૂર્ણપણે તૂટી ગયા નથી.

# અમેરિકામાં રહેતા ભારતીય ટેકનોક્રેટે રહસ્યમય સંજોગોમાં પત્ની-પુત્રની હત્યા કરી આત્મહત્યા કરી

## અન્ય પુત્ર ઘરમાં નહીં હોવાથી બચી ગયોઃ હત્યા-આત્મહત્યાનું કારણ અકળ

નવી દિલ્હી તા.૩૦

અમેરિકાના વોશિંગ્ટનમાં એક સનસનીખેજ ઘટના બહાર આવી છે. અહીં ૨૪ એપ્રિલે ભારતીય ટેકનીકલ ઉદ્યમીએ પોતાની પત્ની અને પુત્રને ગોળી મારીને ખુદે આત્મહત્યા કરી લીધી હતી. દંપતીનો એક પુત્ર ઘરમાં નહોતો એટલે બચી ગયો હતો. મૃતકોની ઓળખ હર્ષવર્ધન એસ. કિકેકટી (ઉ.૫૭) અને પત્ની શ્વેતા પન્યામ (ઉ.૪૪) અને તેમના ૧૪ વર્ષના પુત્રની પણ ઓળખ થઈ છે. આ મામલાની તપાસ કરનાર અધિકારીઓએ બચી ગયેલ બાળકને સાંત્વના આપી હતી, ઘટનાની



તપાસમાં પોલીસ લાગી ગઈ છે. પડોશીઓનું કહેવું છે કે પરિવાર ઘણો મિલનસાર હતો અને ઘણો રિઝર્વ રહેતો હતો.

કર્ણાટકના માંડયા જિલ્લા સાથે સંબંધ રાખનાર હર્ષવર્ધન એસ.કિકેકટી મેસૂરમાં મુખ્યાલય ધરાવતી રોબોટિકસ કંપની હોલોવર્લ્ડનો સંસ્થાપક અને સીઈઓ હતો તેની પત્ની કંપનીની સહ સંસ્થાપક હતી. વર્ષ ૨૦૧૭માં તે અને શ્વેતા ભારત પાછા ફર્યા હતા. જો કે કોરોનાના કારણે તેમની કંપની ૨૦૨૨માં જ બંધ થઈ ગઈ અને ત્યારબાદ તેઓ પાછા અમેરિકા ફર્યા હતા. ઉલ્લેખનીય છે કે પોતાની લોકપ્રિયતાને કારણે ઉદ્યોગપતિએ સીમા સુરક્ષા માટે રોબોટનો ઉપયોગ કરવા માટે પીએમ મોદી સાથે પણ મુલાકાત કરી હતી. રોબોટિકસના વિશેષજ્ઞ આ વ્યક્તિએ અમેરિકામાં માઈક્રોસોફ્ટ માટે પણ કામ કર્યું હતું.

# આયુષ્યમાન 'ગુજરાત'! ૭૦% લોકોને કેન્દ્રીય યોજનામાં આવરી લેવાયા

અમદાવાદ, તા.૩૦

આયુષ્માન ભારત ડિજિટલ મિશન (ABDM) અંતર્ગત ગુજરાતે ૪.૭૭ કરોડથી વધુ એટલે કે ૭૦ ટકા નાગરિકોની આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ (ABHA) હેઠળ નોંધણી કરાવીને નોંધપાત્ર સિદ્ધિ હાંસલ કરી છે. આ આયુષ્માન ડિજિટલ મિશન ઝાળ અત્યાર સુધીમાં ૨.૨૬ કરોડથી વધુ આરોગ્યવરેકોર્ડએ સફળતાપૂર્વક ડિજિટલી

આ સાથે, આ મિશન હેઠળ ૧૭,૮૦૦થી વધુ આરોગ્ય સુવિધાઓની નોંધણી પણ પૂર્ણ થઈ ગઈ છે. જેનાથી આરોગ્ય સેવાઓની પહોંચ અને ગુણવત્તામાં સુધારો થયો છે. આ ઉપરાંત, ૪૨,૦૦૦થી વધુ હેલ્થકેર પ્રોફેશનલ્સ પણ સફળતાપૂર્વક નોંધણી કરાવીને ડિજિટલ હેલ્થ સિસ્ટમ સાથે જોડાઈ ગયા છે. ગુજરાત આયુષ્માન ભારત ડિજિટલ મિશનમાં હેલ્થ રેકોર્ડ્સના ડિજીટલાઇઝેશનમાં પણ અગ્રેસર રાજ્ય બન્યું છે. ૩૦મી, એપ્રિલે આયુષ્માન ભારત દિવસ ઉજવવામાં આવે છે ત્યારે રાજ્ય સરકારે તેની આ ઉપલબ્ધિ શેર કરી છે.

૨૭મી, સપ્ટેમ્બર ૨૦૨૧ના રોજ આયુષ્માન ભારત ડિજિટલ મિશન

### આજે આયુષ્યમાન ભારત દિવસની ઉજવણી

(ABDM) હેઠળ ખાનગી આરોગ્ય વ્યાવસાયિકો અને સંસ્થાઓને ડિજિટલ સેવાઓ સાથે જોડવા માટે અમદાવાદ, સુરત અને મુંબઈમાં ABDM માઇક્રોસાઈટ પાઇલટ પ્રોજેક્ટની શરૂઆત કરવામાં આવી પ્રોજેક્ટના સકારાત્મક હતી. આ પરિણામો બાદ હવે દેશભરમાં ૧૦૦ ABDM માઈક્રોસાઈટ્સ લાગુ કરવામાં આવી છે. દેશમાં અમલમાં મૂકાયેલા ૧૦૦ ABDM માઈક્રોસાઈટ પ્રોજેક્ટ્સમાં ગુજરાતની ભાવનગર સર્વોત્તમ પ્રદર્શન કર્યું છે.

માઈક્રોસાઈટે ભારત સરકાર દ્વારા નિર્ધારિત ૯ મહિનાની સમયમર્યાદા પહેલાં જ ભાવનગર માઈક્રોસાઈટે તેના તમામ સીમાચિહ્નો હાંસલ કરી લીધા છે. ભાવનગર માઈક્રોસાઈટ ૨ લાખથી વધુ આરોગ્ય રેકોર્ડને લિંક કરનારી દેશની પ્રથમ માઈક્રોસાઈટ પણ બની ગઈ છે. ગુજરાતની અન્ય ત્રણ મુખ્ય માઈક્રોસાઇટ્સ પૈકી અમદાવાદ અને સુરતે પણ તાજેતરમાં તમામ માઇલસ્ટોન પૂર્ણ કર્યા છે અને રાજકોટ માઈક્રોસાઇટ તેના લક્ષ્યો પ્રાપ્ત કરવાની ખૂબ નજીક છે.

### આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ એક ડિજિટલ આરોગ્ય ઓળખ

આયુષ્માન ભારત હેલ્થ અકાઉન્ટ (ABHA) એ એક ડિજિટલ આરોગ્ય ઓળખ છે, જેનો ઉદ્દેશ નાગરિકોના સ્વાસ્થ્ય રેકોર્ડને એકીકૃત કરીને તેને સુરક્ષિત રીતે સંગ્રહિત કરવાનો છે. આ અંતર્ગત, નાગરિકોને ડિજિટલ હેલ્થ આઇડી આપવામાં આવે છે. જેથી તેમનો સ્વાસ્થ્ય રેકોર્ડ ઓનલાઈન સુરક્ષિત રહે. આ સિસ્ટમ ડેટા સુરક્ષા અને ગોપનીયતા સુનિશ્ચિત કરે છે, અને માહિતી ફક્ત નાગરિકની પરવાનગીથી જ શેર કરી શકાય છે.



## આજનું ચિંતન

### આપણે બીજા પાસેથી ઘણુ લઈએ છીએ પણ આપણે શું આપી શકીશું ?



વીતેલા વર્ષો તરફ નજર નાખીને જોઇએ તો એક વાત સ્પષ્ટ દેખાય કે જીવનમાં આપણે એક જ કામ કર્યુ છે- ઉપકારો લેતા રહેવાનું. સૂર્ય પાસેથી પ્રકાશ લીધો અને ચન્દ્ર પાસેથી ચાંદની લીધી. વાદળ પાસેથી વરસાદ લીધો અને વૃક્ષ પાસેથી છાયા લીધી, ફુલ પાસેથી સુવાસ લીધી અને નદી પાસેથી પાણી લીધુ, મા-બાપ પાસેથી સલામતી અને સરકાર પાસેથી સુવિધા તથા સુરક્ષા લીધી, સમાજ પાસેથી મર્યાદાઓ લીધી અને સજ્જનો પાસેથી સંસ્કારો લીધા, સંતો પાસેથી સદુપદેશ લીધો અને પ્રભુ પાસેથી ઉત્તમ આલંબન લીધુ, નામી-અનામી અનેક આત્માઓ પાસેથી સહાય લીધી તો વડીલો પાસેથી હુંફ અને ફરજનિષ્ઠો પાસેથી જીવન લીધુ. સ્વજનો પાસેથી લાગણી અને નામી-અનામી અનેક આત્માઓ પાસેથી સહાય પણ જીવનની કરૂણતા કહો તો કરૂણતા અને આપણી કૃતજ્ઞતા કહો તો કૃતજ્ઞતા.

આપણે લીધેલા અને અત્યારે પણ એકધારા લઇ રહેલા ઉપકારો બદલ કોઇના પ્રત્યે પણ અભારની લાગણી વ્યકત કરવાનું શીખ્યા નહીં, ઉપકાર કરવા બદલ કે ફરજનું નિષ્ઠાપૂર્વક પાલન કરવા બદલ કોઇને પણ ધન્યવાદ આપવાનું શીખ્યા નહીં, જેમણે ઉપકાર કર્યા તેમના પ્રત્યે મુખનું સ્મિત ન દર્શાવી શકયા કે ન મુખમાંથી લાગણીસભર શબ્દોચ્ચારણ કરી શકયા. વાંચી છે પ્રીતમ લખલાણીની આ પંકિતઓ ?

**પોતાના માળાને<br>કાટમાળ હેઠળ<br>દટાઇ ગયેલ જોઇને<br>વિષાદ અનુભવતા<br>પંખીને<br>આશ્વાસન આપતાં<br>ખિસકોલીએ કહ્યું,<br>માણસાઇને નેવે<br>ચઢાવી<br>માણસે બાંધેલા ઉંચા<br>મકાનમાં<br>હવે પછી કદી ભુલથી પણ<br>માળો ન બાંધીશ.**

હા, પશુજગત અને પક્ષીજગતમાં પણ ગુડવિલ ગુમાવી ચુકેલા આપણે જો એ ગુડવિલ પાછી ઉભી કરવા માંગીએ છીએ તો આપણે એક નાનકડું કામ આજથી જ, અત્યારથી જ શરૂ કરી દેવા જેવું છે. આભારની લાગણી વ્યકત કરવાનું, ધન્યવાદના શબ્દો બોલવાનું, એક વાર એની શરૂઆત કરશો તો સમજાશે કે કેટકેટલાનો ઉપકાર આપણા મસ્તક પર બોલે છે. મા-બાપથી લઇને ધર્મપત્ની સુધી અને આકાશથી લઇને ધરતી સુધીના સૌના આપણે ઋણી છીએ. એ ઋણ કયારેય ઉતરવાનું નથી તો એનું પ્રેમપૂર્વક શાબ્દિક સન્માન તો કરીએ, એટલી નગુણાઇ તો છોડીએ.

- જૈનાચાર્ય વિજય રત્નસુંદરસૂરીશ્વરજી મ.સા.

## સુવિચાર

**અનુમાન ખોટુ હોઈ શકે પણ<br>અનુભવ નહીં કેમ કે..<br>અનુમાન એ આપણા મનની કલ્પના છે જયારે<br>અનુભવ એ આપણા જીવનની મોટી શીખ છે..**



### હાલ જેલવાસી પુર્વ આઈએએસ અધિકારી સામે કાર્યવાહી

# પ્રદિપ શર્માને વધુ એક ફટકોઃ ૫.૯૨ કરોડની મિલ્કતો ટાંચમાં લેવાઈ

અમદાવાદ : ઇડી અમદાવાદના અધિકારીઓએ ભુજ જમીન કૌભાંડ કેસમાં મોટી કાર્યવાહી કરી છે. ઈડી દ્વારા નિવૃત્ત આઈએએસ અધિકારી પ્રદીપ શર્મા અને વેપારી સંજય શાહ તથા તેના મળતીયા સામે ચાલી રહેલા કેસમાં રૂપિયા ૫.૯૨ કરોડ રૂપિયાની મિલકતો ટાંચમાં લીધી છે .આ મિલકતોમાં પ્લોટનો પણ સમાવેશ થાય છે મનિ લોન્ડરિંગ એક્ટ અંતર્ગત કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

ઇડી દ્વારા જમીન કૌભાંડ કેશની તપાસ શરૂ કરવામાં આવી છે. આ પ્રકરણની ફરિયાદ સીઆઇડી ક્રાઈમમાં નોંધાઈ હતી. ઈડીની તપાસમાં ખુલ્યુ છે કે જ્યારે પ્રદીપ શર્મા કચ્છના કલેક્ટર હતા. ત્યારે તેમણે મહેસુલી અધિકારીઓની સાથે મળી કિંમતી સરકારી જમીનની ખોટી રીતે ફાળવણી કરવામાં ભાગ લીધો હતો.

ઈડીએ તપાસમાં નોંધ્યુ છે કે શર્માએ કલેક્ટર તરીકે પોતાની સત્તાનો દુરુપયોગ કરીને સરકારના ઠરાવોની અવગણ કરીને સંજય શાહ તથા તેમના માણસોને જમીન ફાળવી આપી હતી. જેમાં તેમને સરકારને આર્થિક નુકસાન કરાવ્યું હતું. EDએ ૨૫ એપ્રિલ, ૨૦૨૫ના રોજ પ્રોવિઝનલ એટેચમેન્ટ ઓર્ડર બહાર પાડીને કુલ રૂ. ૫.૯૨ કરોડની મિલકત જપ્ત કરી છે. અત્રે ખાસ ઉલ્લેખનીય છે કે ઈડીના અધિકારીઓને તપાસમાં ઘણી વિગતો મળી છે. જેને આધારે આગામી દિવસોમાં વધુ મિલકતો જપ્ત કરવામાં આવે અને વધુ ધરપકડ થાય તેવી સંભાવના છે.

## શ્રેષ્ઠાચારીનો જય જયકાર

પોતાના જમીર કે અંતરાત્માની વિરૂધ્ધ થયેલું દુષ્કર્મ કે જે નીતિ-નિયમોથી પણ વિરૂધ્ધ હોય, તેવું વિકારોથી વશીભૂત કર્મને ભ્રષ્ટ આચરણ કે ભ્રષ્ટાચાર કહે છે. થોડા સમયનું સુખ કે વૈભવની પ્રાપ્તિ માટે, લોભ કે લાલચને વશ થઈને થયેલ અનૈતિક કર્મ કે જે પદને લાંછનરૂપ બને તેવું હોય છે અને તેવું કૃત્ય કરનારા આ કળિયુગમાં ઓછા નથી! સદ્ગુણોને છોડીને અવગુણરૂપી કર્મ કરવાથી તેનો અંતરાત્મા વારંવાર તેને તેવું ન કરવા પ્રેરે છેછતાયે તેઓ ઉલ્ટા કર્મો કરતા રહે છે. અને છેવટે કહે છેને કે- પાપ છાપરે ચઢીને બોલે છે. તેમ બધાને તેની જાણ થતા ભ્રષ્ટ કર્મ કરનારને તેના પાપોની સજા મળતી હોય છે. આવું ભ્રષ્ટ આચરણ એ મનનો જ એક વિકાર છે. જે મનમાં ઉદ્દભવે છેઅને પછી દુષ્કર્મ કરાવે છે. શ્રેષ્ઠ કર્મ અથવા શ્રેષ્ઠ આચરણનું બીજ છેશ્રેષ્ઠ કે ઉત્તમ સંકલ્પ, શુભ સંકલ્પ કે સકારાત્મક સંકલ્પ કે ચિંતન.

આથી જ કહેવાય છે- જેવી સ્મૃતિ તેવી સૃષ્ટિ કે સંસારની સ્થાપના થાય છે. જો વિચાર શ્રેષ્ઠ, સુખકારી, પાવન હશે તો દુનિયા પણ તેવી જ બને છે અને તેવી દુનિયામાં રહેનારા શ્રેષ્ઠાચારી મનુષ્યો જ દેવી દેવતાઓ કહેવાય છે. આથી જ ભ્રષ્ટ, પતિત રાજાઓ, શાહૂકારો કે આપણે સૌ મનુષ્યો શ્રેષ્ઠાચારી દેવી-દેવતાઓની મર્તિ આગળ નત મસ્તક થઈએ છીએ. સ્વયંને નીચ, પાપી કહીને સ્વયંની જ ગ્લાની કરીએ છીએ. તેનુ કારણ સ્પષ્ટ છે કે દેવતાઓના સંકલ્પો, વાણી, કર્મો અને સંબંધો શ્રેષ્ઠ હતા. તો પછી પ્રશ્ન થાય છે કે સંસાર ચક્ર અનુસાર વર્તમાન સમયે પતિત, ભ્રષ્ઠ બનનાર મનુષ્યોને ફરી શ્રેષ્ઠ, ઉત્તમ પુરૂષ(આત્મા) બનાવનાર કોણ?



### મૂલ્યોની મહેક

■ બ્રહ્માકુમારી ભારતીદીદી ■

તો સર્વ મનુષ્યાત્માઓ કે જે સ્વયંને ભૂલ્યા છે સ્વયંના દિવ્ય કર્તવ્યોને ભૂલ્યા છે શ્રેષ્ઠ બનાવનાર પરમાત્માને ભૂલ્યા છે. તેની ફરી સ્મૃતિ આપવા, ભ્રષ્ટ મનુષ્યોને ફરી શ્રેષ્ઠાચારી બનાવવા વર્તમાન આ કળીયુગના અંતમાં અને સતયુગની શરૂઆતના આ સંગમના સમયે પરમપિતા પરમાત્મા જે ફરી રાજયોગનું જ્ઞાન આપી રહ્યા છે. તેના દ્વારા આપણામાં દેવતાઈ સંસ્કારો ભરાય છે અને આપણે નવી સતયુગી દુનિયામાં જવા લાયક બનીએ છીએ. તો ભગવાન દ્વારા અપાયેલ ગીતા જ્ઞાનને ધારણ કરીએ અને સ્વ-નિરીક્ષણ દ્વારા આપણે સ્વયંના દિલરૂપી દર્પણમાં સ્વયંને જ ચેક કરીએ કે-

૧. મારા ક્યા એવા કર્મ(આચરણ) મને કે અન્યને દુઃખ આપનારા છે? મારી ખુશીને ગાયબ કરનારા છે?

૨. શું મારા દ્વારા અન્યને સુખ કે શાંતિ મળે તેવા બોલ, કર્મ કે સંકલ્પો છે?

૩. શું હુ અન્યના સંસ્કારોના પ્રભાવથી મુક્ત, વાતાવરણના પ્રભાવથી પરે રહીને સ્વયંના વર્તનમાં દિવ્યતાના દર્શન કરાવું છુ?

આવા શ્રેષ્ઠ કર્મો દ્વારા સર્વ ગુણ સંપન્ન, સર્વ કળાઓથી ભરપૂર અને પાવન બની સ્વયંને સતયુગી દુનિયામાં રહેવાને લાયક બનાવીએ, અને અન્યને પણ પ્રેરિત કરી શકીએ તેવા પુણ્યાત્મા બનીએ.

## આવતીકાલનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૧ : વીર સંવત- ૨૫૫૧, શાલિવાહન સંવત-૧૯૪૬
વૈશાખ સુદ-૪, તા.૧/૫/૨૫, ગુરૂવાર

સૂર્યોદય : ૬-૧૭, સૂર્યાસ્ત : ૭-૧૧, જૈન નવકારશી : ૭.૦૫
રાશિ : મિથુન (ક.છ.ઘ.)

**ગૌચરના ગ્રહો**
સૂર્ય-મેષ, મંગળ-કર્ક, રાહુ-મીન, કેતુ-કન્યા, બુધ-મીન, ગુરૂ-વૃષભ, હર્ષલ-વૃષભ, પ્લુટો-મકર, શુક્ર-મીન, શનિ-મીન, નેપ્ચ્યુન-મીન, ચંદ્ર-મિથુન

**શુભ ચોઘડીયા :** ચલ, શુભ, લાભ, અમૃત
**અશુભ ચોઘડીયા :** રોગ, કાળ, ઉદ્વેગ

## રાશીફળ

**મેષ :** કાર્યક્ષેત્ર વધારવાના પ્રયત્નો ફળવાના, નવી યોજનામાં અનુકુળતા રહે, લગ્ન ઈચ્છુકોની સારી ઓફર આવે.
**વૃષભ :** આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું, રોજિંદા કાર્યને વળગી રહેજો, સંતાનો સાથે સુમેળ વધવાનો.
**મિથુન :** પ્રગતિકારક સમય રહેવાનો છે, અટકતા કાર્યોને વેગ મળે, માનસિક ટેન્સન હળવું થાય નવી ઓળખાણ થાય.
**કર્ક :** તમારા વિચારોને વળગી રહેજો, સફળતા તમારા હાથમાં છે, નાણાકીય મુશ્કેલીઓ દુર થાય, પ્રવાસથી લાભ.
**સિંહ :** નવા પ્લાનીંગ યોગ્ય છે, તમારે મહેનત કરવાની છે, થોડી ધીરજ પણ કેળવજો, જાહેર સાહસોમાં તમોને સફળતા રહે.
**કન્યા :** જીવનસાથીના સ્વાસ્થ્યને લઈને ટેન્શન રહે, નવી નોકરીની ઓફર આવે, આવક કરતા ખર્ચ ન વધે તેનું ધ્યાન રાખવું.
**તુલા :** સંતાનોની સગાઈના પ્રશ્નોમાં સફળતા રહેશે, જુના મિત્રોની મુલાકાત થાય, પ્રવાસની ઈચ્છા ફળે.
**વૃશ્ચિક :** સ્વાસ્થ્યમાં સુધારો થવાનો, મિલ્કતના કોઈ પ્રશ્નો હશે તો તેમાં લાભ, માતાનો સહકાર રહેવાનો.
**ધન :** સાંજ પછીનો સમય લાભદાયક રહે, આવકનું પ્રમાણ વધે, કોમ્પ્યુટર, ટેકનીકલ લાઈનથી લાભ રહે.
**મકર :** કારણ વગરનું ટેન્શન રહેવાનું, મોટા સાહસો બાબત જાળવવું.
**કુંભ :** દેખાદેખાથી જાળવજો, તમારા શકિત પ્રમાણે જ કાર્ય કરવું, લગ્ન જીવનમાં મતભેદોથી જાળવવું.
**મીન :** આવક વધારવાના પ્રયત્નો ફળે, નોકરીમાં નવી ઓફર, સીઝનલ ધંધામાં લાભ-બહેનોથી લાભ.

## મનોરંજન સાથે જ્ઞાન વિસ્તાર કરતી આઈક્યૂ ટેસ્ટ જેવી શબ્દ રમત






**આડી ચાવી**
૧. ભારતનું એક રાજય (૩)
૪. રઘુવંશીઓની એક અટક (૪)
૬. બદલ (૨)
૭. હ્યુમન બિઇંગ (૪)
૮. એને ... જવાબ આપવો જ પડશે (૫)
૯. રેશનીંગની દુકાન પર શું મળે ? (૩)
૧૦. રોડ છાપ (૫)
૧૨. અચકો ... કારેલી (૩)
૧૪. પસીનો (૪)
૧૬. સગડ (૩)
૧૮. ...વચન, અને વહેવાર (૨)
૧૯. ચોખામાંથી બને (૩)
૨૧. મર ઉંધુ લખો (૨)
૨૨. એક જ અક્ષર આવશે (૧૦)
૨૭. અભિપ્રાય (૨)
૨૮. મધ્યરાત્રિ (૪)
૨૯. સોળે શાન, વીસે ? (૨)
૩૦. કોન્ટ્રાકટ (૩)

**ઉભી ચાવી**
૧. નિવાસ (૩)
૨. સિંહનો ગઢ (૩)
૩. શરીર તૂટે તેવું (૪)
૪. એક બંગાળી અટક (૨)
૫. લાચાર (૩)
૭. ઇન્સાન (૩)
૯. કચ્છનું નગર (૩)
૧૧. છત પતરાની (૩)
૧૨. એક જ અક્ષર આવશે (૬)
૧૩. અમિતાભ-નાના પાટેકરની ફિલ્મ (૪)
૧૫. એક હળવો નાસ્તો (૫)
૧૬. ...પૂજય (૩)
૧૭. મમગે-ઉંધુ લખો (૩)
૨૦. જીદ, હઠ, આગ્રહ (૩)
૨૩. ઇમારત, બિલ્ડીંગ (૩)
૨૪. આડી ચાવી નં. ૧૯ મુજબ
૨૫. માતા (૩)
૨૬. ભિન્ન ... જન ... (૨)

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| થા | ઇ | લે | ન્ડ | | | આ | મ | ર | સ |
| કો | | ભા | | રા | મો | જી | રા | વ | |
| ડો | | ગુ | જ | રા | તી | | હે | | સ |
| | સુ | | | રા | હા | | | મ | જા |
| તા | રં | ગા | જી | | રી | ક | વ | રી | |
| રા | ગ | | વા | સ્તુ | | લા | | ચિ | |
| પુ | | ભા | દો | | | ક | લા | કા | ર |
| ર | વિ | | રી | | લે | | જ | | જ |
| | શા | લ | | ખ્વા | | હ | વા | હ | વા |
| ક | ળ | | ક | બ | ર | | બ | | ડી |

# સાંજ સમાચાર

## દેશ - વિદેશના સચોટ સમાચાર ઝડપથી વાંચવા માટે આજે જ ડાઉનલોડ કરો સાંજ સમાચાર મોબાઈલ એપ

GET IT ON Google Play

Download on the App Store

( એપ ડાઉનલોડ કરવા માટે ગુગલ પ્લે સ્ટોર અથવા એપલ એપ સ્ટોરના આઇકોન પર ક્લિક કરો )

TWITTER
@sanj_news

FACEBOOK
@Sanj Samachar

YOUTUBE
SanjSamachar Video News

INSTAGRAM
@sanjsamachar

TELEGRAM
Sanj Samachar

WEBSITE
www.sanjsamachar.net

( સોશિયલ મીડિયા પર 'સાંજ સમાચાર' ફોલો કરવા આઇકોન પર ક્લિક કરો )

96622 96699

( વોટસએપ પર સમાચાર વાંચવા માટે ઉપર આપેલ નંબર પર અત્યારે જ "Hi" મેસેજ કરો )

### ફરી એક વખત ભાવ વધે તે પૂર્વે શુકન સાચવી લેવા લોકોની તૈયારી..

# આજે અખાત્રીજ : સવારથી સોના-ચાંદીની ધીમી ખરીદી : માત્ર ૫૦% વેપાર

## સોનાની ગીની, એન્ટીક, રોઝ ગોલ્ડ, કાસ્ટીંગ જવેલરીની વધુ માંગ : લોકોએ શુકન સાચવવા બહોળા પ્રમાણમાં ગીનીની ખરીદી કરી : ડિસ્કાઉન્ટ ઓફર્સ છતાં ઉંચા ભાવના કારણે બજેટ કપાયા






તસવીરઃ દેવેન અમરેલીયા

રાજકોટ, તા. ૩૦

આજે ભારતભરમાં અખાત્રીજ એટલે કે અક્ષય તૃતિયા પર્વ ઉજવવામાં આવે છે. આજના દિવસે વસ્તુ ખરીદવી શુભવંતી ગણવામાં આવે છે. આ ઉપરાંત આજે ખાસ પ્રસંગો યોજાય છે. નવી શરૂઆત કરવામાં આવે નવા ઘરમાં કુંભ મુકાય છે. નવા કાર્યના શ્રીગણેશ કરાય છે તેમજ ખાસ વસ્તુ ખરીદવા પણ આજનો દિવસ શુભ ગણવામાં આવે છે.

અક્ષય તૃતિયામાં સોનુ-ચાંદી ખરીદવાનો ખાસ મહત્વ રહેલું છે. લોકો આજે શુકનવંતી ખરીદી કરવા તેમજ આજના શુભ દિનથી લગ્ન પ્રસંગ કે ખાસ દિવસ માટે સોના-ચાંદીની ખરીદી કરે છે. દર વર્ષે આજના દિવસે બહોળા પ્રમાણમાં સોના-ચાંદીની ખરીદી થાય છે. સવારથી સોની બજારમાં દુકાનોમાં લોકોની ભીડ જોવા મળે છે. પરંતુ આ વર્ષની અખાત્રીજ વેપારીઓ અને લોકો માટે અલગ છે. કારણ કે સોનાના ભાવે તમામ રેકોર્ડ તોડયા છે. હાલ સોનુ રેકોર્ડબ્રેક સ્તરે પહોંચી ગયું છે જેના કારણે છેલ્લા કેટલાક મહિનાથી સોનાની ખરીદીમાં બ્રેક જોવા મળી રહ્યું છે. સોનુ રૂા. એક લાખની ઐતિહાસિક સપાટીએ પહોંચી ગયું હતું. ત્યારે ખરીદી પર સંપૂર્ણ બ્રેક લાગી ગયો હતો.

છેલ્લા કેટલાક દિવસથી સોનાના ભાવ ઘટતા બજારમાં ખરીદીની ચમક જોવા મળી રહી છે. વેપારીઓની પણ અક્ષય તૃતિયાના પર્વ પર ખરીદીને લઇને આશા છે. આજે સોના-ચાંદીના ભાવમાં ઘટાડો નોંધાયો છે. આથી વેપારીઓને સારા વેપારની આશા છે. સવારથી બજારમાં ધીમી ખરીદીની શરૂઆત થઇ છે અને સાંજે ખરીદીમાં ચમક જોવા મળશે તેવી વેપારીઓને આશા છે.

રાજકોટ જેમ્સ એન્ડ જવેલરી એસો.ના પ્રમુખ મયુર આડેસરા જણાવે છે કે સવારે ૧૦ વાગ્યા બાદ ખરીદીની ધીમી શરૂઆત થઇ છે. સવારના ભાગમાં તાપ હોવાના કારણે લોકો ખરીદી કરવાનું ટાળી રહ્યા છે. ત્યારે વેપારીઓને સાંજના સમયે સારા વેપારની આશા છે. દર વર્ષ કરતા આ વર્ષે ખરીદી ઓછી જોવા મળી રહી છે. પરંતુ લોકો શુકનવંતી ખરીદી કરી અખાત્રીજનું મુહૂર્ત જાળવી રહ્યા છે. ખાસ કરીને ૧૦૦ મીલી ગ્રામથી ૫૦ ગ્રામ સુધીની સોનાની ગીની, ઇયરીંગ, વીંટી, બ્લેસલેટ સહિત પરચુરણ ખરીદી કરી રહ્યા છે. ૧૦૦૦થી લઇ ૫ લાખ સુધીની ગીનીનું વેચાણ થઇ રહ્યું છે. આજે ભાવ ઘટતા સારા વેપારની આશા છે.

સોની બજારના વેપારી સોનુભાઇ સાહોલીયા જણાવે છે કે સવારથી ખરીદીની ધીમી શરૂઆત થઇ છે પરંતુ લોકો અખાત્રીજની શુકનવંતી ખરીદી કરશે તેવી આશા છે. લોકો ૧૮ અને ૨૨ કેરેટની જવેલરી વધુ પસંદ કરી રહ્યા છે. જેમાં એન્ટીક, રોઝ ગોલ્ડ, કાસ્ટીંગ જવેલરીની માંગ વધુ છે અને શુકન સાચવવા ગીનીની વધુ ખરીદી થઇ રહી છે. લોકો માટે સોનુ હંમેશા પ્રથમ પસંદગી રહ્યું છે આથી ભાવ વધારા સામે પણ લોકો ઇન્વેસ્ટમેન્ટ માટે સોનુ શ્રેષ્ઠ માને છે.

રાધિકા જવેલર્સવાળા અશોકભાઇ જણાવે છે કે અખાત્રીજ એ વેપારીઓ માટે મોટો તહેવાર છે. આજના દિવસે સારી ખરીદીની આશા હોય છે પરંતુ ગત વર્ષની સરખામણીએ આ વર્ષે ૫૦ ટકા ઓછી ખરીદી જોવા મળી રહી છે. ઓલટાઇમ હાઇ સોનાએ લોકોની ખરીદી પર બ્રેક મારી દીધી છે. વેપારીઓએ આજ દિવસ માટે સારી એવી તૈયારી કરી હતી પરંતુ સવારથી જ થઇ રહેલી ધીમી ખરીદીએ વેપારીઓનું મનોબળ નબળુ પાડયું છે. હાલ શુકનવંતી ખરીદી માટે લોકો ગીનીની ખરીદી વધુ કરી રહ્યા છે. લોકો જોઇ રહ્યા છે જેમાં મેકીંગ ચાર્જીસ ઓછો લાગે તેવી જવેલરીની ખરીદી કરે છે. આ ઉપરાંત ગ્રાહકોને આકર્ષવા વેપારીઓએ અનેક ડિસ્કાઉન્ટ ઓફર રાખી છે. જેમાં પર ૧૦ ગ્રામે મેકીંગ ચાર્જીસ પર ૪ હજારનું ડિસ્કાઉન્ટ, ડાયમંડ પર ૫૦ ટકા ડિસ્કાઉન્ટ રાખેલ છે.

સવારે ખરીદી ઓછી જોવા મળી હતી પરંતુ સાંજ પડતા જ બજારોમાં ગ્રાહકોની હલચલ જોવા મળી હતી. સોનાના ભાવ ભલે વધારે હોય પરંતુ લોકો ખરીદી કરે છે અને અખાત્રીજનું શુકન સાચવે છે.

### ભીષણ ગરમીના કારણે સવારના સમયે ખરીદી ઓછી

છેલ્લા કેટલાક દિવસથી સુરજદેવતા પણ પોતાનો કોપ વરસાવી રહ્યા છે. ભીષણ ગરમીના કારણે લોકો બહાર જવાનું ટાળે છે જેના કારણે બજાર પણ સુમસામ જોવા મળે છે. વેપારીઓની ખરીદી પર કાપ જોવા મળી રહ્યો છે. આજના દિવસે પણ ભારે ગરમીના કારણે લોકોએ સવારના ભાગમાં ખરીદી કરવાનું ટાળ્યું છે. સવારના ભાગમાં અખાત્રીજની ધીમી ખરીદીની શરૂઆત થઇ હતી. આથી સવારના ભાગમાં વેપારીઓ પણ ગ્રાહકોની રાહમાં હતા. સામાન્ય રીતે બપોરે ૧ થી સાંજના ૫ વાગ્યા સુધી લોકો બહાર નીકળવાનું ટાળે છે ત્યારે વેપારીઓને આશા છે કે સાંજના સમયે સારી ખરીદી જોવા મળશે.

### અખાત્રીજના દિવસે જ મોટી રાહત : સોનામાં ૧૦૦૦ અને ચાંદીમાં ૩૦૦૦નો ઘટાડો

આજે અખાત્રીજનો તહેવાર લોકો સારી ખરીદીથી ઉજવે છે. તેવામાં છેલ્લા કેટલાક સમયથી સોના-ચાંદીના ભાવમાં મોટો ઉછાળો નોંધાયો હતો. તેની સીધી અસર ખરીદી પર જોવા મળી રહી હતી. છેલ્લા ચાર મહિનાથી ખરીદી સંપૂર્ણ ઠપ્પ જોવા મળી હતી. વેપારીઓ પણ ચિંતામાં મુકાયા હતા. પરંતુ આજના દિવસ માટે વેપારીઓને આશા હતી કે સારી ખરીદી જોવા મળશે. ત્યારે ભાવ ઘટાડાએ વેપારીઓને આંશિક રીતે મદદ કરી છે. સોનાના ભાવમાં આજે ૧૦૦૦ અને ચાંદીના ભાવમાં ૩૦૦૦નો ઘટાડો નોંધાયો છે. આ સાથે સોનુ ૯૮,૦૦૦ અને ચાંદી ૯૭,૦૦૦ના સ્તરે પહોંચ્યું હતું. ગઇકાલે ઓટો સેકટરમાં ટેરીફ ઓછું કરવાના સંદર્ભમાં બજારમાં મોટી હિલચાલ જોવા મળી હતી. જેના પરિણામે આજે ભાવમાં ઘટાડો નોંધાયો છે.

# અખાત્રીજનાં શુભ દિને ખરીદીમાં મૂહૂર્ત નીકળ્યાઃ ૧૫૦૦ વાહનના વેચાણ

## ફોર વ્હીલની સરખામણીએ ટુ વ્હીલર વધુ વેંચાયાઃ ઈ-બાઈક, કારનું સારૂ વેંચાણઃ નવા વાહનોને કુમકુમ તિલક, હારતોરા સાથે ઓન રોડ કરાયા

## અનેક પરિવાર, કંપની, સંસ્થાઓએ મનપસંદ વાહન ખરીદવા અખાત્રીજને પસંદ કરીઃ વહેલી સવારથી શો રૂમોમાં ફોટોગ્રાફીઃસેલ્ફી સાથે આનંદ ઉત્સાહ છવાયોઃ અનેક લોકો નવા વાહન સાથે દેવદર્શન-પર્યટન સ્થળોએ પહોંચ્યા








રાજકોટ તા.૩૦

આજે અક્ષય તૃતિયા અખાત્રીજનાં શુભ દિને અનેક પરિવારો સાથે કંપની, સંસ્થાઓએ ટુ વ્હીલર, ફોર વ્હીલ, થ્રીવ્હીલર વાહનોની ખરીદી કરવા ઉમટતા વહેલી સવારથી જ મોડી સાંજ સુધી નવી ગાડી ખરીદી વિવિધ કંપનીઓનાં શો રૂમમાં જોવા મળી હતી. આ વર્ષે ફોર વ્હીલ કારની સરખામણીએ ટુ વ્હીલર બાઈક-સ્કુટરની ખરીદી પ્રમાણમાં સારી હોવાનું ડીલરોએ જણાવ્યું હતું.

અખાત્રીજનાં શૂભ દિને રાજકોટ મહાનગરમાં અંદાજે ૧૫૦૦ વાહનોની ખરીદી થઈ હતી.

અખાત્રીજ અક્ષય તૃતિયાનાં શુભ દિને નવા મનપસંદ વાહનો માટે અગાઉથી બુકીંગ થયા હોવાથી આજે વિવિધ કંપનીઓનાં શો રૂમોમાં વાહનો મેળવી ચાવી સ્વીકારતા ફોટોગ્રાફી સેલ્ફી ખેંચાઈ હતી.

જાણીતી કંપનીઓ હોન્ડા, કિયા, મારૂતી સુઝુકી, બીએમડબલ્યુ, મર્સીડીઝ,ટાટા સહિતનાં શો-રૂમોમાં ફોર વ્હીલ કારની ખરીદી સારી રહી હોવાનું જણાવ્યું હતું.

જયારે ટુ વ્હીલરમાં હોન્ડા, હીરો, સુઝુકી ટીવીએસ, બાઈક-સ્કુટર મોપેડની ખરીદી ગત વર્ષની સરખામણીએ સારી હોવાનું જણાવ્યું હતું.

બેટરી સંચાલીત ઈ-વાહનોમાં પણ ટુ-વ્હીલર અને ફોર વ્હીલરની ખરીદી કરવા ગ્રાહકો શો રૂમમાં ઉમટયા હતા.

આજે વહેલી સવારથી વિવિધ કંપનીઓનાં ટુ-વ્હીલર-ફોર વ્હીલ શો રૂમોમાં પહોંચાડી ડીલીવરી મેળવી વાહનોને કુમ-કુમ તિલકના ચાંદલા, ફુલહાર કરી શુભ મુહુર્તમાં વાહનોને ઓન રોડ કર્યા હતા.ઘણા પરિવારો આજે નવી ખરીદ કરેલ કારમાં દેવ-દર્શનના સ્થાનક તેમજ પર્યટન સ્થળોએ પહોંચ્યા હતા અને નવી વાહન ખરીદીને યાદગાર બનાવી હતી.

આ વર્ષે ઈ-કારમાં ખરીદી ગત વર્ષની સરખામણીએ ઘટી હોવાનું જોવા મળ્યુ હતું. પેટ્રોલ સંચાલીત ટુ વ્હીલરમાં હીરો અને હોન્ડા, ટીવીએસ, યામાહાનાં શો રૂમ દીઠ ૪૦ થી ૧૨૫ જયારે ફોર વ્હીલનાં શો રૂમ ૧૦ થી ૮૫ ની ખરીદી રહી હોવાનું જાણવા મળેલ છે. આજે અખાત્રીજનાં શુભ દિને દિવસભર નવા વાહનોની ખરીદી જોવા મળતા ઓટો માર્કેટમાં છેલ્લા એક માસ બાદ નવી રોનક જોવા મળી હતી.

# અમદાવાદમાં બહુમાળી ઈમારતમાં આગઃ ચાર રહિશોએ પાંચમાં માળેથી છલાંગ લગાવીઃ બચાવ

### નીચે ગાદલા વચ્ચે સેફટી તરીકે ચાદરો મુકીઃ ફલેટ રહિશોએ આબાદ જાનહાની થવા દીધી નહી






અમદાવાદ :

ઇન્દિરાબ્રિજ નજીક આવેલા આત્રેય ઓર્ચિડ ફ્લેટના જી બ્લોકમાં ચોથા માળે આવેલા મકાનમાં મંગળવારે સાંજે ૬ વાગ્યે એસીમાં આગ લાગી હતી. જ્યારે ઘરમાં આગ લાગતા ફર્નિચર, ગાદલા સહિતનો સામાન આગની ઝપેટમાં આવી જતા આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું.

જેથી આગ બાજુના મકાનમાં અને પાંચમાં માળે આવેલા ચાર મકાનો એમ કુલ ૬ મકાનોમાં આગ પ્રસરી હતી. જેથી ફ્લેટમાં કુલ ૩૧ લોકો ફસાયા હતા. જેથી ફાયરબ્રિગ્રેડને જાણ કરાતા ફાયરની ૨૩ ગાડીઓટો ઘટનાસ્થળે પહોચી હતી. જ્યારે ફાયરની ટીમ પહોચે તે પહેલા ચાર લોકો પાંચમાં માળેથી જીવ બચાવવા છલાંગ લગાવી હતી. ત્યારે ફ્લેટના રહીશોએ નીચે ગાદલા અને ચાદર સેફ્ટી તર્કિ રાખતા ચારેય લોકોને ઈજા થતા સારવાર અર્થે હોસ્પિટલ લઇ જવાયા હતા.

બીજી તરફ ફાયરબ્રિગ્રેડે પાણીનો મારો ચલાવીને એકસટન્ટ લેડરની મદદથી ફસાયેલા ૨૭ લોકોનું રેસ્ક્યુ કરીને સહી સલામત નીચે ઉતાર્યા હતા. બાદમાં ફાયરની ટીમે બે લાખ - લિટરથી વધુ પાણીનો મારો ચલાવીને દોઢ કલાકમાં આગ પર કાબૂ મેળવ્યો હતો. મંગળવારે ગરમી વધારે હોવાના લીધે એસીમાં ઓવરહિટિંગ થવાથી આગ લાગી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે. ઈજાગ્રસ્ત રહીશોને સારવાર માટે અસારવા ખાતેની સિવિલ હોસ્પિટલમાં ખસેડાયા છે.

# ધોમધખતા તાપમાં ૧૫૦ ફુટ રોડ, લોધાવાડ ચોકમાં ટ્રાફિકજામ : પોલીસ ગાયબ!

### અનેક વિસ્તારોમાં વાહન ચાલકોને રોજનો ત્રાસ : ટ્રાફિક મેનેજમેન્ટ ફેઇલ : વોર્ડન પણ દેખાતા નથી






રાજકોટમાં ત્રણ દિવસથી રેકોર્ડ તોડ ગરમી પડી રહી છે. તાપમાનના પારાએ લોકોને હેરાન કરી દીધા છે. દિવસે અને ભરબપોરે તો રાજમાર્ગો પર કર્ફ્યુ જેવું વાતાવરણ થઇ જાય છે. આ સંજોગોમાં ટ્રાફિક પોલીસના વેરવિખેર મેનેજમેન્ટના કારણે અનેક રસ્તા પર ટ્રાફિક જામ થતો હોય, હજારો વાહન ચાલકોને તડકામાં શેકાવાની નોબત આવે છે. ઢેબર રોડ, કોર્પોરેશન ચોક, ગોંડલ રોડ, માલવીયા ફાટક, ૧૫૦ ફુટ રોડના અનેક ભાગોમાં આવા દ્રશ્યો રોજ જોવા મળે છે. તેવામાં આજે ૧૫૦ ફુટ રોડ પર અને ગોંડલ રોડ પરના લોધાવાડ ચોકમાં મોટો ટ્રાફિક જામ થઇ ગયો હતો. ભરબપોરે સેંકડો વાહનો ફસાયેલા હોવા છતાં કયાંય ટ્રાફિક પોલીસ જોવા મળતી ન હતી. અનેક જગ્યાએ વોર્ડન પણ જાતે છાયડો ગોતીને બેસી જતા હોવાનું લોકો જોતા હતા. આકરા તાપમાં ટ્રાફિક પોલીસ વાહન ચાલકોની આવી હેરાનગતિ દુર કરવા પગલા ભરે તેવું લોકો ઇચ્છી રહ્યા છે. (તસ્વીર : દેવેન અમરેલીયા)

## અવસાન નોંધ

**રાજકોટ :** જેન્તીભાઇ (હસુભાઇ) ખોડાભાઇ બગથરિયા (ઉ.વ.૭૫)નું તા. ૨૮ને સોમવારના રોજ અવસાન થયેલ છે. તે ભાવેશભાઇના પિતા તેમજ દકુભાઇના મોટાભાઇ થાય, તેમનું બેસણુ તા. ૧-૫ને ગુરૂવારે સાંજે ૪ થી ૬ દરમિયાન મોમાઇ હોલ, ન્યુ સુભાષનગર રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ :** નરેન્દ્રભાઈ કેશવભાઈ આરદેશણા ઉ.વ. ૭૨ તે હિનાબેન રજનીકુમાર કાનાણી, મીતાબેન મેહુલકુમાર ઘેટીયા, વંદનાબેન નિરવકુમાર માંડવીયા ના પિતાશ્રી દુર્લભજીભાઈ, મગનભાઇ, રસીકભાઇ ના ભાઈ જયેશભાઇ, અનિલભાઇ, વિરલભાઈ, ઋષિભાઈ ના કાકા નું તા.૨૯/૦૪/૨૦૨૫ મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. બેસણું : તારીખ : ૦૧/૦૫/૨૦૨૫ ને ગુરૂવાર સવારે ૮ થી ૧૦ અમારા નિવાસ સ્થાન નંદ દર્શન એપાર્ટમેન્ટ, બ્લોક નં.૧૬૧, પાટીદાર ચોક, સાધુવાસવાણી રોડ, રાજકોટ મુકામે તથા બેસણું (પ્રેમગઢ) તારીખ : ૦૨/૦૫/૨૦૨૫ ને શુક્રવાર સવારે ૮ થી ૧૦ ઉમિયા પાટીદાર સેવા સમાજ, પ્રેમગઢ મુકામે રાખેલ છે.

**જૂનાગઢ:** જૂનાગઢ નિવાસી સ્વ.વિનુભાઈ શંભુભાઈ સૈયાગોર (ઉ.વર્ષ ૫૮) જેવો ગં.સ્વ.હર્ષાબેન વિનુભાઈના પતિ તેમજ મેહુલભાઈ વિનુભાઈના પિતાશ્રી અને ચંદુભાઈના નાનાભાઈ, અજયભાઈના કાકા અને જસરાજના દાદાનું અવસાન થયેલ છે. જેમનું બેસણું તા.૧ ને સાંજે ૫ થી ૭ રાજગોર બ્રાહ્મણ વિદ્યાર્થી ભુવન ગાંધીગ્રામ જુનાગઢ રાખેલ છે મેહુલભાઈ વિનુભાઈ સૈયાગોર ૭૦૬૯૭૦૭૦૯૯ અજયભાઈ ચંદુભાઈ સૈયાગોર ૬૩૫૩૭૫૩૯૦૮

**રાજકોટ:** રાજકોટ નિવાસી અ.નિ. ગોમતીબેન નાગજીભાઈ વણપરીયા તે નાગજીભાઈના ધર્મપત્ની તથા વલ્લભભાઈ અને ગોરધનભાઈના ભાભી, શૈલેષભાઈ, વિપુલભાઈના ભાભુ, સુરેશભાઈ અને નરેન્દ્રભાઈના કાકી તા.૨૯ના અક્ષરવાસ પામેલ છે. બેસણું તા.૧ના સવારે ૯થી ૧૧ ૪-મેઘાણીનગર સોસાયટી મંદિર, માનવ ઉથ્થાન કેન્દ્ર પાછળ, કોઠારીયા રોડ રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** અ.સૌ.ગો.વા. પુષ્પાબેન પારેખ (ઉ.૭૦) તે હરિકિશોરભાઈ રસિકલાલ પારેખના ધર્મપત્ની, ગો.વા. રસિકલાલ માધવજીભાઈ પારેખ (વાવડી વાળા)ના પુત્રવધુ, ચિંતન, પલ્લવીબેન, તૃપ્તિબેનના માતુશ્રી તથા ગોંડલ વાળા ગો.વા. ચંદુલાલ ગોકળદાસ પાટડીયાના દિકરી, પ્રકાશભાઈ, કિશોરભાઈ, રાજુભાઈના બહેન તા.૨૯ના શ્રીજીચરણ પામેલ છે. બંને પક્ષનું બેસણું તા.૧ના શ્રીમાળી સોની સમાજની વાડી યુનીટ નં.૧, ખીજડા શેરીમાં સવારે ૧૦-૩૦થી ૧૨ રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. સવજીભાઈ કુંવરજીભાઈ ખખ્ખરના ધર્મપત્ની ગં.સ્વ. નિર્મળાબેન (ઉ.૮૭) તે સ્વ. અશોકભાઈના માતુશ્રી, સાગર, ચાંદનીના દાદીમાં, સ્વ.લક્ષ્મીબેન ગોવીંદભાઈ લાલ (જામખંભાળીયા)ના પુત્રી તા.૨૯ના શ્રીજીચરણ પામેલ છે. તેમનું બેસણું તથા પીયરપક્ષની સાદડી તા.૧ના સાંજે ૫થી ૬ શ્રી પંચનાથ મહાદેવ મંદિર ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ.રમાબેન હરિભાઈ ભટ્ટી (ઉ.વ.૯૫)નું આજરોજ તા.૩૦ને બુધવારે અવસાન થયેલ છે.તેમનું બેસણું તા.૨ના રોજ સાંજે ૫ થી ૬ નિવાસસ્થાન રાખેલ છે.ભગવતી પરા શેરી નંબર ૬ રાજકોટ ખાતે રાખેલ છે. હરેશભાઈ ભટ્ટી (૯૭૨૩૬૧૭૦૯૮)



# ન્યારા પાટીયા પાસે સ્કોર્પિયો કાર હડફેટે દેશી ભાણું હોટલના કર્મચારી યુવાનનું મોત

## ૩૧ વર્ષીય જીતુભાઈ કોળી ચાલીને રસ્તો ઓળંગી રહ્યા હતા ત્યારે બનાવ બન્યો, પડધરી પોલીસે ગુનો નોંધવા તજવીજ હાથ ધરી

રાજકોટ, તા.૩૦

રાજકોટ જામનગર હાઈવે પર ન્યારા પાટીયા પાસે દેશી ભાણું હોટલના કર્મચારી ચાલીને રસ્તો ક્રોસ કરતા હતા ત્યારે સ્કોર્પિયો કારે હડફેટે લેતા ૩૧ વર્ષીય જીતુભાઈ કોળીનું કમ કમાટી ભર્યું મોતની નિપજ્યું હતું.

બનાવ અંગે મળતી વિગત મુજબ જીતુભાઈ મોહનભાઈ કોળી (ઉંમર વર્ષ ૩૨, રહે દેશી ભાણું હોટલ, ન્યારા પાટીયા પાસે, તાલુકો પડધરી) ગઈકાલે રાત્રે ૧૦:૩૦ વાગ્યે દેશી ભાણું હોટલ સામે ચાલીને રસ્તો ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે પૂરપાટ ઝડપે આવેલી કાળા કલરની સ્કોર્પિયો કાર હડફેટે લેતા જીતુભાઈ ગંભીર રીતે ઘવાયા હતા. તેના માથામાં અને શરીરે ઈજા થતાં તત્કાલ રાજકોટ સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. અહીં ફરજ પરના ડો.કૃપાલી કોટડીયાએ મોડી રાત્રે સારવાર દરમિયાન જીતુભાઈને મૃત જાહેર કર્યા હતા. જીતુભાઈ એક બહેન અને એક ભાઈમાં મોટા હતા. તેઓ બે વર્ષથી અહીં હોટલમાં નોકરી કરતા હતા. તેને સંતાનમાં ૩ દીકરી છે અને હાલ તેની પત્નીને આઠ માસનો ગર્ભ છે. પરિવારના આધાર સ્તંભ એવા જીતુભાઈના મોતથી ભારે કલ્પાંત છવાયો હતો.





### ૮ માસની સગર્ભા પત્નીએ ભરથાર અને ૩ દિકરીએ પિતા ગુમાવતા પરિવારમાં ભારે કલ્પાંત

---

## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



કાઢી મુખેથી કોળીયો મ્હોમાં મૂકી મોટા કર્યા, તે પુનિત જનનીનાં પગલા હવે આંગણે ન પડે, પ્રેમથી માથે હાથ ફેરવી બેટા કહેનારા નહીં મળે, દુઃખમાં વડલા સમી છાયા આપનાર હવે નહીં મળે, કોને કરીએ અંતરની વાત, વાત સાંભળનારા હવે નહીં મળે, છાના ખૂણે રડી લઈશું, હવે આંસુ લુંછનારા નહીં મળે, પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**ગૌ.વા. મધુબેન કિશોરભાઈ ખખ્ખર**
સ્વ.તા. ૩૦/૦૪/૨૦૨૧, શુક્રવાર

કિશોરભાઈ મગનલાલ ખખ્ખર
અમિત કિશોરભાઈ ખખ્ખર — ચાંદની અમિત ખખ્ખર
તેજસ કિશોરભાઈ ખખ્ખર — સાક્ષી તેજસ ખખ્ખર
આરવ અમિત ખખ્ખર — રેયાંસ તેજસ ખખ્ખર
આહના અમિત ખખ્ખર — નક્ષ તેજસ ખખ્ખર
ધર્મિષ્ઠા સી. પોપટ — આશિ સી. પોપટ
ખખ્ખર પરિવારના જયશ્રી કૃષ્ણ

RAC - NAYAN - 98245 31417

---

## દુઃખદ અવસાન - ઉઠમણું



મુળ માંગરોળ હાલ રાજકોટ રહેતા અમૃતલાલ ડાહ્યાભાઈ પરમારના ધર્મપત્ની સ્વ. દયાબેન અમૃતલાલ પરમાર તા. ૨૯/૦૪/૨૦૨૫, મંગળવાર ના રોજ દેવલોક પામેલ છે. જે સંજયભાઈ – માલતીબેન – આરતીબેન નાં મમ્મી તથા પંકજભાઈ અને પ્રવિણભાઈનાં સાસુ થાય છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

ઉઠમણું : તા. ૦૧/૦૫/૨૦૨૫, ગુરૂવારના રોજ સાંજે ૫ થી ૬ કલાકે • ઉત્તરક્રિયા : ૦૯/૦૫/૨૦૨૫, શુક્રવારે સવારે ૯ કલાકે • સ્થળ : 'મહાકાળી કૃપા', ૧-આદિત્ય પાર્ક, ખીજડાવાળો રોડ, સાનીધ્ય બંગ્લોઝની સામે, બાલાજી હોલ પાસે, રાજકોટ.

**સ્વ. દયાબેન અમૃતલાલ પરમાર**
સ્વ.તા. ૨૯/૦૪/૨૦૨૪, મંગળવાર

---

## ચોથી વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલી-ધોરાજી



**સ્વ. હરસુખભાઈ ડાયાભાઈ ગરાચ**
સ્વ. તા.૩૦.૦૪.૨૦૨૧, શુક્રવાર, (ઉ.વ.૬૯), મુ. ધોરાજી

આપના સ્નેહ સ્મરણનાં પુષ્પો મુરઝાવાના નથી
વસ્યા છો અમ દિલમાં કદી દુર જવાના નથી.
સ્નેહ આશિષની અમીવર્ષા સદા અમ પર વરસતી રહે
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
• હિરેનભાઈ હરસુખભાઈ ગરાચ • રાકેશ હરસુખભાઈ ગરાચ
• સંદીપ હરસુખભાઈ ગરાચ
• વિરલ • આરાધ્યા • પ્રથમ • ધ્વનિ
તથા પરિવારના જયશ્રી કૃષ્ણ

સાગર સોલંકી – ૯૦૩૩૪ ૫૩૩૦૪

---

## દુઃખદ અવસાન બેસણું



**સ્વ. ગોમતીબેન નાગજીભાઈ વણપરીયા**
સ્વ.તા.૨૯-૦૪-૨૦૨૫, મંગળવાર
વૈશાખ સુદ-૨

દિલગીરી સાથ જણાવવાનું કે **ગોમતીબેન નાગજીભાઈ વણપરીયા** નું તા. ૨૯-૦૪-૨૦૨૫, મંગળવાર ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

**સદ્‌ગતનું બેસણું** તા. ૦૧-૦૫-૨૦૨૫ ને ગુરૂવાર, સવારે ૯:૦૦ થી ૧૧:૦૦ કલાકે મેધાણીનગર સોસાયટી મંદિર, માનવ ઉથ્થાન કેન્દ્ર પાછળ, કોઠારીયા રોડ, રાજકોટ-૨. મો. ૯૮૨૫૩૪૦૨૧૦, ૯૪૨૮૪૬૪૪૮૧

વણપરીયા નાગજીભાઈ કરશનભાઈ (રીબડાવાળા)
વણપરીયા વલ્લભભાઈ કરશનભાઈ | વણપરીયા લીલાવંતીબેન વલ્લભભાઈ
વણપરીયા શૈલેષભાઈ વલ્લભભાઈ | વણપરીયા મીનાક્ષીબેન શૈલેષભાઈ
વણપરીયા વિપુલભાઈ વલ્લભભાઈ | વણપરીયા દક્ષાબેન વિપુલભાઈ
નિમીત શૈલેષભાઈ, સાર્થક વિપુલભાઈ, દેવ વિપુલભાઈ
સહજાનંદ એન્જી. વર્કસ | પેન્ટાગોન પેપર | ત્રીલીફ પેપર એલ.એલ.પી.
તથા વણપરીયા પરિવારના જય સ્વામીનારાયણ...

vision-rjt.

---



**સ્વ. કાંતિલાલ ભીખાભાઈ ભાગીયા**
સ્વ.તા. ૩૦/૦૪/૨૦૨૧, શુક્રવાર (ઉ.વ. ૪૫) મુ.મિતાણા

## ચોથી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલી

આપની અચાનક વિદાયને આજે ચાર વર્ષ પુર્ણ થયા
છતાં એમ લાગે છે કે આપ અમારી સાથે જ છો.
પળે પળે આપની યાદ આવે છે,
આ સ્મરણો એ જ અમારો શ્વાસ છે.
આપનો દિવ્ય આત્મા ભવ ભ્રમણથી
મુક્ત થઈ મોક્ષસુખ પામો
એ જ પરમ કૃપાળુ પરમાત્માને અંતરથી પ્રાર્થના
કરતા આપના પરિવારજનો

લી.
ભીખાભાઈ મુળજીભાઈ ભાગીયા(પિતા)
ઉજીબેન ભીખાભાઈ ભાગીયા(માતા)
ગં.સ્વ. સરોજબેન કાંતિલાલ ભાગીયા(પત્ની)
સંજયભાઈ ભીખાભાઈ ભાગીયા(ભાઈ) | ગીતાબેન સંજયભાઈ ભાગીયા
અરવિંદભાઈ ભીખાભાઈ ભાગીયા(ભાઈ) | નયનાબેન અરવિંદભાઈ ભાગીયા
જાદવજીભાઈ મુળજીભાઈ ભાગીયા(કાકા) | હેમાંગ, હિમાંશુ, દેવાંશી,
ગંગારામભાઈ મુળજીભાઈ ભાગીયા(કાકા) | માનસી, શ્રેયા, આદિત્ય
તથા ભાગીયા પરિવારના જયશ્રી કૃષ્ણ
આદિત્ય ઈલેક્ટ્રીકલ એલિવેટર્સ – મોરબી
આદિત્ય સાઈલેન્ટ જનરેટર – મોરબી
ગોરસ કેરી ફાર્મ ટંકારા–મોરબી
ડીસી ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ – મોરબી
એડવોકેટ એસોસિએટસ – ટંકારા

જીજ્ઞેશ ભટ્ટ (પરશુરામ પબ્લીસીટી, 'દેવઅક્ષર' કોમ્પ્લેક્ષ, નગરદરવાજા ચોક, મોરબી) મો. ૯૪૨૭૭ ૨૧૫૪૬

---



**સ્વ. ચંદ્રસિંહ ધીરૂભા રાઠોડ**
સ્વ.તા. ૩૦-૪-૨૦૧૯

## છઠ્ઠી વાર્ષિક પુણ્યતિથીએ
# શ્રદ્ધાંજલી

આપની ચિર વિદાયને આજે છ વર્ષ વીતી ગયા છતાં
હરપલ આપની મધુર સ્મુતિ અમારા હૃદયમાં મહેંકે છે.
આપનું સ્મરણ અમારી જીંદગીનો એક ભાગ બની ગયેલ છે.
આપનો પરોપકારી સ્વભાવ અને સદ્‌ગુણો
અમને જીંદગીભર પ્રેરણા આપતા રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના...

**ગં.સ્વ. ધીરજબા ધીરૂભા રાઠોડ**
**ગં.સ્વ. સંગીતાબા ચંદ્રસિંહ રાઠોડ**

રાજેન્દ્રસિંહ ધીરૂભા રાઠોડ — હીનાબા રાજેન્દ્રસિંહ રાઠોડ
જયદીપસિંહ ચંદ્રસિંહ રાઠોડ — જયદેવીબા જયદીપસિંહ રાઠોડ
જયવીરસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ — વિશ્વાબા જયવીરસિંહ રાઠોડ
દિગ્વીરસિંહ રાજેન્દ્રસિંહ રાઠોડ — લીસાબા દિગ્વીરસિંહ રાઠોડ
રૂપાબા સંજયસિંહ બારડ (બહેન) — અગત્સ્ય જયદિપસિંહ રાઠોડ
નિરાલીબા કે. બુસા (પુત્રી) — રાઠોડ પરિવારના જય માતાજી

SK ENTERPRISE — SSV CORPORATION — NIRALI RESORTS — METAL

SIMPLE-2460111

સાંજ પબ્લિકેશન્સ વતી તંત્રી, મુદ્રક, પ્રકાશક, અને માલીક : પ્રદિપભાઈ નરોત્તમદાસ શાહ ; મુદ્રણ સ્થાનઃ સાંજ મીડીયા, સાંજ સમાચાર હાઉસ, કસ્તુરબા રોડ, રાજકોટ, ફોનઃ ન્યુઝ રૂમઃ ૨૪૭૩૯૧૧/ ૧૨, જાહેરખબરઃ ૨૪૭૩૯૧૫/૧૬, સર્ક્યુલેશનઃ ૨૪૭૩૯૧૮, ફેક્સઃ ૦૨૮૧–૨૪૭૩૯૨૫ sanjsamachar@gmail.com

# રાજકોટમાં ઘૂસણખોર બાંગ્લાદેશીઓનો આંકડો ૧૫ થયો: NIAની ટીમ પણ તપાસમાં જોડાશે

## પકડાયેલ બાંગ્લાદેશીઓમાં હાલ કંઈ શંકાસ્પદ સામે નથી આવ્યું, મોટા ભાગની મહિલાઓ વેશ્યાવૃત્તિ, સ્પામાં, પુરુષો મજૂરીકામ સાથે જોડાયેલા: ઉચ્ચ સ્તરીય તપાસ થયાં બાદ કેન્દ્ર સરકારને રિપોર્ટ કર્યા બાદ ડિપોર્ટ કરવાની કાર્યવાહી હાથ ધરાશે

રાજકોટ. તા.૩૦

પહેલગામમાં થયેલ આતંકવાદી હુમલામાં ૨૬ નિર્દોષ ઝીંદગીનો ભોગ લેવાયો હતો. જેમાં દેશભરમાં આક્રોશ છવાયો હતો અને કેન્દ્ર સરકાર એક્શનમાં આવી હતી. જેમાં કેન્દ્ર સરકાર દ્વારા તમામ રાજ્યને જાણ કરી ગેરકાયદેસર વસવાટ કરતાં બાંગ્લાદેશી અને પાકિસ્તાનીઓની ઓળખ મેળવી ડિપોર્ટ કરવા માટેના કરેલ આદેશ બાદ રાજ્ય સરકાર અને ગૃહ વિભાગ પણ એક્શનમાં આવ્યું હતું.

જેમાં રાજકોટ શહેર પોલીસ કમિશ્નર અને એડી. સીપી મહેન્દ્ર બગડીયા અને ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલના માર્ગદર્શન હેઠળ એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, પીસીબી, એલસીબી અને સ્થાનિક પોલીસની ટીમોએ શહેરભરમાં દરોડા પાડ્યા હતાં અને રામનાથપરા, કરણપરા ભગવતીપરા સહિતના વિસ્તારોમાં જઈ સઘન તપાસ આદરી પહેલાં મહિલાઓ સાહિત ૧૩ બાંગ્લાદેશીઓને પકડ્યા બાદ વધુ બે શખ્સોને પકડી તપાસનો દોર તેજ બનાવ્યો હતો.

પ્રાપ્ત વિગત મુજબ, સરકારના આદેશ મુજબ શહેર એસઓજી, ક્રાઈમ બ્રાન્ચ, એલસીબી, પીસીબી, સ્થાનીક પોલીસ સહિતની ટીમોએ શહેરભરમાં તપાસનો ધમધમાટ આદરી ભગવતીપરા, કરણપરા, ખોડિયારપરા અને શીતલપાર્ક વિસ્તારમાં ગેરકાયદેસર વસવાટ કરતાં ૧૩ બાંગલાદેશીઓને પકડી પાડી સ્ટેટ અને નેશનલ એજન્સીઓ દ્વારા તપાસનો ધમધમાટ આદર્યો હતો.

ત્યારે તે તપાસ યથાવત રહેતાં બી. ડિવિઝન પોલીસ મથક વિસ્તારમાં આવેલ ભગવતીપરા વિસ્તારમાંથી વધું બે બાંગ્લાદેશીઓને પકડી પાડી તેમની સઘન તપાસ હાથ ધરી હતી. તેમજ એટીએસ સહિતનો સેન્ટ્રલ અને સ્ટેટ લેવલની ૧૦ થી વધી એજન્સીઓ રાજકોટમાં ઉતરી આવી હતી અને એસઓજીની ટીમને સાથે રાખી પકડાયેલ બાંગ્લાદેશીઓની સઘન પૂછતાછ હાથ ધરી ઈન્ટ્રોડકસન કરવામાં આવ્યું હતું. જેમાં પકડાયેલ ૯ મહિલા, એક સગીર સહિત ૧૫ લોકોમાંથી હાલ કંઈ શંકાસ્પદ ગતિવિધિ મળી ન હતી.

હાલ મળતી વિગત મુજબ, આવતીકાલ સુધીમાં એનઆઈએની ટીમ પણ રાજકોટમાં આવશે અને તે પણ પકડાયેલ બાંગ્લાદેશીઓની પૂછતાછ કરી વિદેશ મંત્રાલયને રિપોર્ટ કરશે. જે બાદ બાંગ્લાદેશ સરકારને મોકલી તેની ખરાઈ કરવામાં આવશે. પકડાયેલ શખ્સ બાંગ્લાદેશનો હોવાનું કન્ફર્મ થતાં જ તેને પરત મોકલવાની કાર્યવાહી કરવામાં આવશે.

### સોની બજારમાં મોટા ભાગના બંગાળી કારીગર, બાંગ્લાદેશી શોધવા પોલીસ ઊંધામાથે

રાજકોટમાં ગેરકાયદેસર વસવાટ કરતાં બાંગ્લાદેશી અને પાકિસ્તાનિઓને પકડવા પોલીસનો દરોડાનો દોર યથાવત રાખ્યો છે. ત્યારે સોની બજારમાં કામ કરતાં મોટા ભાગના કારીગરો બંગાળી હોવાનું સામે આવ્યું છે. જેમાંથી એસઓજી સહિતની પોલીસને બાંગ્લાદેશી શોધવા મુશ્કેલ કામ બની રહ્યું છે. ત્યારે પોલીસના દરોડા યથવાત રહ્યાં છે.

# ગોંડલ રોડ પર આવેલ હ્યુન્ડાઈના શો-રૂમમાં કામ કરતા કર્મીએ રૂ.૧૯.૫૧ લાખની ઉચાપત કરી

## કોન્સેપ્ટ મોબીશના સુપરવાઈઝર માણાવદરના દિપક વાળાએ સ્પેરપાર્ટસ આપેલ પાર્ટી પાસેથી પેમેન્ટ લઈ વાપરી નાંખ્યું, ૪.૫૦ લાખના સ્પેરપાર્ટસ વેંચી નાંખ્યા: ભક્તિનગર પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ. તા.૩૦

ગોંડલ રોડ પર આવેલ હ્યુન્ડાઇના શો-રૂમમાં કામ કરતાં કર્મીએ રૂ.૧૯.૫૧ લાખની ઉચાપત કરતા ભકિતનગર પોલીસ મથકમાં છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધાયો હતો. કોન્સેપ્ટ મોબીશના સુપરવાઈઝર માણાવદરના દિપક વાળાએ સ્પેરપાર્ટસ આપેલ પાર્ટી પાસેથી પેમેન્ટ લઈ વાપરી નાંખી ૪.૫૦ લાખના સ્પેરપાર્ટસ વેંચી નાંખ્યા હતાં.

બનાવ અંગે અમદાવાદ રહેતાં વિવેકભાઇ અશોકભાઇ ભંડારી (ઉ.વ.૪૩) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે દિપક ગોવિંદ વાળા (રહે. માણાવદર) નું નામ આપતાં ભક્તિનગર પોલીસે છેતરપીંડીની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી. વધુમાં ફરીયાદીએ જણાવ્યું હતું કે, તેઓ હ્યુન્ડાઇ ફોરવ્હીલના સ્પેર પાર્ટનું વેચાણ કરતી કોન્સેપ્ટ મોબીશ નામની કંપનીમા વાઇસ પ્રીસીડન્ટ તરીકે નોકરી કરે છે અને કોન્સેપ્ટ મોબીશ કંપનીની રાજકોટમા બે બ્રાન્ચ છે, જેમા એક બ્રાન્ચ આજી જીઆઇડીસીમા વેર હાઉસ તરીકે છે. બીજી બ્રાન્ચ ગોડલ રોડ ઉપર આહીયા કોમર્શિયલ કોમ્પલેક્ષમા છેલ્લા ચાર વર્ષથી ખોલવામાં આવેલ છે. જ્યાંથી હ્યુન્ડાઈ કંપનીના સ્પેરપાર્ટનુ રીટેઈલમા વેચાણ કરવામાં આવે છે. જે બ્રાન્ચમા સેલ્સ એજીક્યુટીવ તરીકે કંપની તરફથી દિપક વાળાની નિમણૂક કરવામાં આવેલ હતી.

છેલ્લા બાર વર્ષથી કંપનીનુ હ્યુન્ડાઇ ફોરવ્હીલના સ્પેર પાર્ટનું હોલસેલમાં વેચાણ કરવા સારૂ આજી વસાહત જીઆઇડીસીમાં વેરહાઉસ શરૂ કરવામાં આવેલ હતુ. વર્ષ ૨૦૨૧ થી કંપનીએ સ્પેરપાર્ટનું રીટેઇલમાં વેચાણ કરવા ગોડલ રોડ ઉપર ઓફીસ શરૂ કરેલ હતી. તે ઓફીસમાં દીપક વાળાની નિમણૂક કરી તે ઓફીસમાં સ્પેરપાર્ટનું વેચાણ કરવાનુ, તેનુ પેમેન્ટ લેવાની અને તમામ સ્ટોકની દેખરેખ રાખવાની જવાબદારી સોંપવામાં આવેલ હતી.

તેઓને જરૂરીયાત મુજબનો સ્ટોક અમારા વેર હાઉસ માથી જતો હતો. તે ઓફીસમાથી જે રીટેઇલ સ્પેર પાર્ટનું વેચાણ થતુ અને તેનુ પેમેન્ટ આવતુ હતુ તે પેમેન્ટ દિપક કંપનીના એકાઉન્ટમાં જમા કરાવવાના થતા હતા, જાન્યુઆરી - ૨૦૨૫ દરમિયાન મેઇન બ્રાન્ચ અમદાવાદ ખાતેથી ગોંડલ રોડ પર કંપનીની ઓફીસનું એકાઉન્ટ સ્ટેટસ મેળવેલ હતુ, જેમાં એકાઉન્ટ સ્ટેટમેન્ટમાં દિપક વાળા સભાળતા હતા તે ઓફીસમાથી જુદી જુદી પાર્ટીનિ માલ વેચેલ અને પેમેન્ટ જમા નથી થયેલ તેવુ રૂ.૧૧,૩૦,૭૯૩ એકાઉન્ટ સ્ટેટમેન્ટ આવેલ હતુ.

જેથી આ બાબતે આજી જીઆઇડીસીમાં આવેલ વેરહાઉસ સંભાળતા ચેતન વ્યાસને જાણ કરી તેની માહીતી મેળવવા જણાવેલ હતુ. જેથી ચેતનભાઈએ તપાસ કરી જણાવેલ કે, અમદાવાદથી આવેલ સ્ટેટમેન્ટ મુજબ દીપકએ સ્પેરપાર્ટ જે પાર્ટીને વેચેલ અને પેમેન્ટ આવવાનુ બાકી છે, તે બાબતે પાર્ટીનો સંપર્ક કરતા પેમેન્ટ પાર્ટીએ દીપકને ચુકવી દીધેલ છે અને તેને પૈસા જમા કરાવેલ નથી. તે વાત દીપકને કહેતા થોડા દીવસમા પૈસા જમા કરાવી દેશે તેમ વાત કહેલ હતી.

જાન્યુઆરી- ૨૦૨૫ દીપકએ ૧૧ પાર્ટી પાસેથી કુલ રૂ.૧૫.૧૧ લાખ લઈ કંપનીમાં જમાં ન કરાવ્યાનુ સામે આવ્યું હતું. તેમજ સ્ટેટમેન્ટ આધારે દીપકને જે પાર્ટીને માલ વેચેલ તે સ્પેરપાર્ટના પેમેન્ટ લેવા બાબને પાર્ટીઓ સાથે ફોનથી વાત કરવાનું કહેલ અને ચેતનભાઈએ પાર્ટી સાથે વાતચીત કરી કહેલ કે, તમામ પાર્ટીઓ સાથે વાત ચીત થઇ ગયેલ છે અને તે પાર્ટીમાથી અમુક પાર્ટીએ દીપકને તેના ફોનમાં ઓનલાઇન અથવા રોકડા ચુકવી દીધેલ છે. અમુક પાર્ટીને બીલ મુજબનો માલ તેઓએ ખરીદેલ ન હોવાનુ અને દીપકએ ઓફીસે આવવાનુ બંધ કરી દિધેલ હોવાનું કહેલ હતું.

અમદાવાદ ખાતેથી કંપનીની ઓડીટ ટીમ મોકલેલ હતી, જે ઓડીટ બાદ જાણવા મળેલ કે, પાર્ટીના બીલ હતા તે રકમ સિવાયના રૂ.૪.૫૦ લાખના સ્પેરપાર્ટ મળી આવેલ ન હતા. જેથી આરોપીએ કંપનીના વર્ષ- ૨૦૨૩ થી આજ સુધીમાં કંપની તરફથી મિલકત ઉપરના આપેલ અધિકારનો દુર ઉપયોગ કંપની તરફથી આપેલ ફોરવ્હીલના સ્પેર પાર્ટ જુદી જુદી પાર્ટીઓને વેચાણ કરી પાર્ટી ઓ પાસેથી કુલ રૂ.૧૫,૦૧,૧૧૭ ઉઘરાવી તેમજ રૂ.૪.૫૦ લાખના સ્પેરપાર્ટ બારોબાર વેચી કુલ રૂ.૧૯.૫૧ લાખ કંપનીમા જમા ન કરાવી કંપની સાથે છેતરપીંડી કરતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી ભકિતનગર પોલીસે ગુનો નોંધી આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# પુનિતનગરના ૪૦ વર્ષીય કાજલબેન ચૌહાણ જમીને ઉભા થયા બાદ ઢળી પડ્યા : હાર્ટએટેકથી મોત

## મૂળ જંગલેશ્વરના ફ્રુટના ધંધાર્થી ભરતભાઈ રાઠોડ ગોંડલ ખાતે હતા ત્યારે જમીને ઉભા થઇ પાણી પીવા ગયા ત્યાં બેભાન થઈ ગયા : સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો





રાજકોટ, તા.૩૦

રાજકોટમાં હાર્ટ એટેકના બનાવો વધી રહ્યા છે. ત્યારે ગઈકાલે પુનિતનગરના ૪૦ વર્ષીય કાજલબેન ચૌહાણ જમીને ઉભા થયા બાદ ઢળી પડ્યા હતા. તેમનું સારવારમાં મોત થયું હતું. બીજા બનાવમાં મૂળ જંગલેશ્વરના ફ્રુટના ધંધાર્થી ભરતભાઈ રાઠોડ ગોંડલ ખાતે હતા ત્યારે જમીને ઉભા થઇ પાણી પીવા ગયા ત્યાં બેભાન થઈ ગયા હતા. સારવાર દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દમ તોડ્યો હતો.

એક બનાવની વિગત મુજબ ભરતભાઈ ભીમજીભાઈ રાઠોડ (ઉં.વ.૫૩ રહે જંગલેશ્વર, તવકકલ ચોક, હાલ ગોંડલ પંચ પીરની ધાર, ભાડાના મકાનમાં) ગઈકાલે રાત્રે ૯:૦૦ વાગે ગોંડલ ખાતે પોતાના મકાને હતા ત્યારે અચાનક બેભાન થઈ ગયા હતા પરિવારના સભ્યોને જાણ થતા તત્કાલ તેમને ગોંડલની શ્રી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા જ્યાંથી ડોકટરે વધુ સારવાર માટે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં રીફર કર્યા હતા. અત્રે ઇમર્જન્સી રૂમમાં મોડી રાત્રે ૧:૩૦ વાગ્યા આસપાસ ડોકટર ધવલ ગોસાઈ જોઈ તપાસી ભરતભાઈ ને મૃત જાહેર કર્યા હતા. ભરતભાઈ ફ્રુટની રેગડી ચલાવી પરિવારનું ગુજરાન કરતા હતા તેવું ને સંતાનમાં બે દીકરા અને ત્રણ દીકરીઓ છે ભરતભાઈ પોતે ચાર ભાઈ ત્રણ બેન માં બીજા નંબરના હતા. પરિવારના સભ્યોએ જણાવ્યું કે ગઈકાલે સાંજે વારુ પાણી કરીને ભરતભાઈ આરામ કરતા હતા દરમિયાન તેઓને ગભરામણ થવા લાગતા પાણી પીવા માટે ઊભા થયા હતા અને ત્યાં જ ઢળી પડ્યા હતા. બનાવતી પરિવારમાં શોક છવાયો હતો. બીજા એક બનાવમાં રાજકોટ ખાતે રહેતા કાજલબેન નરેન્દ્રભાઈ ચૌહાણ ઉંમર વર્ષ ચાલીસ રહે પુનિત નગર રામજી મંદિરની પાછળ ગઈકાલે બપોરે ૨:૩૦ વાગે તેઓ ઘરે જમવા બેઠા હતા. જમીને ઊભા થયા બાદ તેઓને તુરંત ઉલટી થઈ ગઈ હતી અને ગભરામણ જેવું થવા લાગતાં બેભાન થઈ ગયા હતા. પરિવારજનોએ તેમને તાત્કાલિક રાજકોટ સિવિલ હોસ્પિટલના ઇમરજન્સી વિભાગમાં દાખલ કર્યા હતા અત્રે સારવાર દરમિયાન સાંજે સાડા પાંચ વાગ્યા આસપાસ ફરજ પરના ડોક્ટર ઈશિતા મહેતાએ જોઈ તપાસીને કાજલબેનને મૃત જાહેર કર્યા હતા. પરિવારજનોએ જણાવ્યું કે કાજલબેન ને કોઈપણ પ્રકારનો રોગ નહોતો તેમના પતિ નરેન્દ્રભાઈ કારખાનામાં નોકરી કરે છે અને કાજલબેન ને સંતાનમાં એક ૧૭ વર્ષ અને એક બાર વર્ષનો એમ બે દીકરા છે કાજલબેન પોતે બે ભાઈ એક બહેનમાં નાના હતા તેનું માવતર લોધિકા તાલુકાનું કાલંભડી ગામ છે. બે સગીર દીકરા માં વિહોણા થતા પરિવારમાં ભારે કલ્પવંત છવાયો છે.

# કુવાડવા રોડ પરના ક્રોમા શો-રૂમમાંથી ગ્રાહકના સ્વાંગમાં આવેલ ગઠિયો લેપટોપ ચોરી નાસી છૂટ્યો

## તસ્કર સીસીટીવીમાં કેદ: બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી

રાજકોટ. તા.૩૦

કુવાડવા રોડ પરના ક્રોમા શો-રૂમમાંથી ગ્રાહકના સ્વાંગમાં આવેલ ગઠિયો લેપટોપ ચોરી નાસી છૂટતાં બી.ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ આદરી હતી.

બનાવ અંગે સાધુ વાસવાણી રોડ પર આલાપગ્રીન સીટી પાસે શ્રીનાથજી એપાર્ટમેન્ટમાં રહેતા સુમિતકુમાર રમેશભાઇ ચલ્લા (ઉ.વ.૩૩) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ કુવાડવા રોડ, ડી-માર્ટ મોલ પાસે આવેલ ક્રોમા એન્ટરપ્રાઇઝમાં મેનેજર તરીકે નોકરી કરે છે.

આ સ્ટોરમાં અલગ અલગ કંપનીના મોબાઇલ, લેપટોપ, ટીવી, વોશીંગ મશીન વગેરે ઇલેક્ટ્રોનીક વસ્તુઓનું વેચાણ થાય છે. આ સ્ટોરમાં લોકો પોતાની રીતે વસ્તુઓ જોઈ ખરીદી કરે છે.

ક્રોમા એન્ટરપ્રાઇઝમાં અલગ અલગ શીપમાં અલગ અલગ ફ્લોર પર કર્મચારીઓ કામ કરતાં હોય છે. ગઈ તા.૨૪ ના ક્રોમા એન્ટરપ્રાઇઝ ઇલેક્ટ્રોનીક સ્ટોરમાં સ્ટોક ઓડીટ કરવા કંપનીના કર્મચારીઓ આવેલ આ દરમ્યાન બપોરના સમયે એપલ કંપનીના બ્રાન્ડ સ્ટાફ તરીકે કામ કરતાં કર્મચારી પ્રતીકભાઈ જોષીએ જણાવેલ કે તા. ૨૩ ના તેઓએ એપલ કંપનીનું મેકબુક પ્રો.૧૪ લેપટોપ એપલના ટેબલ પર અપડેટ કરવા માટે રાખેલ હતુ. લેપટોપ પર સિક્યુરેટી લગાડેલ ન હતી, જે હાલ તપાસ કરતાં જોવામાં આવતુ નથી.

જે બાદ ફરિયાદી અને સ્ટાફે લેપટોપની સ્ટોરમાં તપાસ કરતાં મળી આવેલ ન હોય જેથી સ્ટોરમાં રહેલ સીસીટીવી કેમેરા ચેક કરતાં ગઇ તા.૨૩ ના દોઢેક વાગ્યાની આસપાસ સ્ટાફ અલગ અલગ કામમાં રોકાયેલ હતો અને એક અજાણ્યો શખ્સ ખરીદી કરવાના ઈરાદે સ્ટોરમાં પ્રવેશ કરી લેપટોપ પોતાના પેન્ટના નેફામાં નાખી ચોરી કરતો જોવામાં આવેલ હતો.

જેથી અજાણ્યો શખ્સ ક્રોમા એન્ટરપ્રાઇઝ ઇલેક્ટ્રોનીક સ્ટોરમાં પ્રવેશ કરી કર્મચારીઓની નજર ચુકવી રૂ.૧.૪૭ લાખનું એપલ કંપનીનું લેપટોપ ચોરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાઈ હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી સીસીટીવી ફુટેજના આધારે તસ્કરની શોધખોળ આદરી હતી.

# ચુનારાવાડમાં જાહેરમાં પત્તા ટીંચતી ચાર મહિલાને પકડી પાડતી પોલીસ

## થોરાળા પોલીસે રૂા.૧૦૨૬૦ની રોકડ કબ્જે કરી

રાજકોટ તા.૩૦

ચુનારાવાડમાં જાહેરમાં તિનપતીનો જુગાર રમતી ચાર મહિલાને પકડી પાડી થોરાળા પોલીસે રૂા.૧૦૨૬૦ની રોકડ કબ્જે કરી હતી. દરોડાની વિગત મુજબ થોરાળા પોલીસ મથકના પીએસઆઈ એમ.એસ. મહેશ્વરી સ્ટાફ સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે સાથેના કોન્સ્ટેબલ પ્રકાશ ચાવડાને મળેલ ચોકકસ બાતમીના આધારે ચુનારાવાડ શેરી નં.૨માં જાહેરમાં જુગાર રમતી ટીનુબેન કાળુ ચૌહાણ, રતનબેન માનસીંગ સોલંકી, મીનાબેન રણજીત ટાંક, મીનાબેન વિજય રાઠોડ અને રમાબેન ગોરધન જીંજવાડીયાને પકડી રૂા.૧૦૨૬૦ની રોકડ કબ્જે કરી હતી.

# સ્ક્રેપના કારખાનામાંથી પાંચ ટન ભંગારની ચોરી: કર્મચારી જ કળા કરી ગયો

## લોઠડા ભાયાસર રોડ પર આવેલ કારખાનામાં કામ કરતો રાહુલ રૂ.૧.૮૦ લાખના મુદામાલની ચોરી કરી નાસી છૂટ્યો: પોલીસે શોધખળ આદરી

રાજકોટ. તા.૩૦

લોઠડા ભાયાસર રોડ પર આવેલ સ્ક્રેપના કારખાનામાંથી પાંચ ટન ભંગારની ચોરી કરી ત્યાં કામ કરતો કર્મચારી જ ફરાર થઇ જતાં આજીડેમ પોલીસે ગુનો નોંધી તેની શોધખળ આદરી હતી.

બનાવ અંગે રેલનગરમાં કોપર ગ્રીન સીટીમાં રહેતાજ નીરજકુમાર મહેશકુમાર તન્ના (ઉ.વ.૪૨) એ નોંધાવેલ ફરીયાદમાં આરોપી તરીકે રાહુલ બાબુ અંકોલીયા અને અજાણ્યાં શખ્સોના નામ આપી જણાવ્યું હતું કે, તેઓ લોઠડા ભાયાસર રોડ પર દેવકી સ્ટીલ કોન નામનુ ભારે સ્ક્રેપનું કારખાનુ રાખી વેપાર કરે છે.

ગઇ તા. ૧૩ ના તેઓ કામથી ચાઈના દેશમાં ગયેલ અને ગઈ તા. ૧૮ ના સવારના સમયે કારખાનામાં કામ કરતા અલીભાઈ ઉર્ફે જેનુભાઈ વકાતરનો ફોન આવેલ કે, આજે સવારે આઠેક વાગ્યા આસપાસ હું આપણા કારખાને ગયેલ હતો અને ત્યાં જોયુ તો કારખાનાનો દરવાજો ખુલ્લો અને અંદર કોઈ હાજર નહોતુ, કારખાનાના શેડમાં ચેક કરતા લોખંડનો સ્ક્રેપ આશરે ચારથી પાંચેક ટન જેટલો જોવામાં આવેલ નહીં અને આજુ-બાજુ તપાસ કરતા ક્યાંય મળેલ નહીં, કારખાનામાં કેમેરા ચેક કરતા લાઈટ ન હોવાથી કેમેરા બંધ હતા.

તેમજ કારખાનામાં કામ કરતા અને ત્યાં જ રહેતા રાહુલ તથા તેમના પત્ની પ્રિયાબેન હાજર મળેલ ન હતા. રાહુલ આકોલીયાને અવાર-નવાર ફોન કરતા તેનો ફોન બંધ આવેલ હતો. બાદમાં ફરિયાદી ગઈ તા. ૨૨ ના ચાઈનાથી પરત આવી ગયેલ અને રાહુલને અવાર-નવાર ફોન કરતા તેનો મોબાઈલ ફોન બંધ આવતો હતો. જેથી રાહુલ કારખાનામાં મજૂરીકામ કામ કરી કારખાનામાં જ રહેતો હોય તે કારખાનામાંથી લોખંડનો સ્ક્રેપ આશરે ચારથી પાંચ ટન રૂ.૧.૮૦ લાખનો મુદામાલ ચોરી કરી લઈ જતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી આજીડેમ પોલીસે ગુનો નોંધી ચોરી કરનાર આરોપીને પકડવા તજવીજ આદરી હતી.

# બેંગ્લોર ખાતે ઝેરી દવા પી જનાર રાજકોટની નેપાળી યુવતી પૂજા કુમારીનું સારવારમાં મોત

## ૧૮ વર્ષીય પૂજા કુમારીના પિતા સાધુવાસવાણી રોડ પર જનકપુરી કોમ્પ્લેક્સમાં સિક્યુરિટી ગાર્ડ છે, મામાના ઘરે બેંગ્લોર ગયા બાદ સાત દિવસ પહેલા પગલું ભરી લીધું હતું





રાજકોટ, તા.૩૦

બેંગ્લોર ખાતે ઝેરી દવા પી જનાર રાજકોટની નેપાળી યુવતી પૂજા કુમારી સંજયભાઈ સાઉડ (ઉ.વ.૧૮)નું સારવારમાં મોત થયું હતું. પૂજાના પિતા સાધુવાસવાણી રોડ પર જનકપુરી કોમ્પ્લેક્સમાં સિક્યુરિટી ગાર્ડ છે. પૂજા મામાના ઘરે બેંગલોર ગયા બાદ સાત દિવસ પહેલા પગલું ભરી લીધું હતું.

આ અંગે સિવિલ હોસ્પિટલના સૂત્રોએ જણાવ્યા મુજબ, પૂજાને આજે સવારે રાજકોટ સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી અત્રે ઇમર્જન્સી વિભાગના ડો.આર એમ સાહેબ જોઈ તપાસી તેને મૃત જાહેર કરી હતી. સિવિલ હોસ્પિટલ પોલીસ ચોકીના એએસઆઈ સી.જે. ઝાલા અને રાઈટર ભગીરથસિંહ રાણાને જાણ કરાતા જરૂરી કાગળ કાર્યવાહી કરી મૃતદેહને પીએમ અર્થે ખસેડાયો હતો. પિતા સંજયભાઈ ભક્તવીરભાઈ સાઉડની પૂછપરછ કરતા જાણવા મળેલ કે, પૂજા ૩ ભાઈ ૧ બહેનમાં મોટી હતી. છ એક મહિના પહેલા બેંગ્લોરમાં વર્તુળ બલગીરી રોડ પર એસ એસ શોપિંગ સેન્ટરમાં સિક્યુરિટી ગાર્ડ તરીકે કામ કરતા અને ત્યાં જ રહેતા મામા વિરેન્દ્રના ઘરે ફરવા માટે ગઈ હતી જ્યાં સાત દિવસ પહેલા તેણીએ ઝેરી દવા પી લીધી હતી તેને પ્રથમ બેંગ્લોર ની વિક્ટોરિયા સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ ત્યાંથી બેંગ્લોરની મનીપાલ પ્રાઈવેટ હોસ્પિટલમાં રીફર કરાવી હતી અને ત્યાંથી રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાઈ હતી. અત્રે તેને સારવાર મળે તે પહેલાં જ મૃત જાહેર કરાઈ હતી. બનાવથી પરિવારમાં શોક છવાયો હતો.આપઘાતનું કારણ જાણવા પોલીસે તપાસ હાથ ધરી છે.

# ૧.૦૮ કરોડની વેરા શાખની ઉચાપત કરી ગુનો કર્યાના કેસમાં વેપારી રમેશકુમાર શાહ નિર્દોષ



હેમલ ગોહેલ એડવોકેટ

રાજકોટ, તા. ૩૦

૧.૦૮ કરોડની વેરા શાખની ઉચાપત કરી ગુનો કર્યાના કેસમાં આરોપી વેપારી રમેશકુમાર શાહને કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવા હુકમ કર્યો છે.

આ કેસની વિગત મુજબ, શહેરમાં રવી કિરણ એપાર્ટમેન્ટમાં આવેલી રમેશકુમાર એન્ડ કંપની નામે કંપની ધરાવતા રમેશકુમાર અમૃતલાલ શાહે બિડ ભંગાર, લોખડ ભંગાર, સ્ક્રેપનો, કોલસો, પીગ આર્યન, ફરનેશ ઓઈલ તથા અન્ય ધાતુઓની ખરીદ કરી ખરીદ વેચાણનો ધંધો કરતા હોય, કંપનીની નોંધણી કરેલ હતી. જે પછી સહાયક વાણીજય વેરા કમિશનર દ્વારા તપાસ કરાતા બીલીંગ પ્રવૃતિ કરી કરચોરી કરેલ હોવાનું માલુમ પડેલ. ફક્ત બીલો બનાવી, ખોટી ખરીદી બતાવી ખોટી વેરા શાખ (ક્રેડીટ)મેળવી કુલ રૂ. ૧,૦૮,૯૫,૩૧૭ની રકમ વેરો નહીં ભરી, સરકારી રેવન્યુને નુકશાન પહોંચાડેલ. જેથી રમેશકુમાર શાહ વિરૂધ્ધ પોલીસ સ્ટેશને ગુનો નોંધવામાં આવ્યો હતો. ચાર્જશીટ બાદ અદાલતમાં કેસ ચાલતા આરોપીના વકીલ હેમલકુમાર બી. ગોહેલે દલીલો કરી હતી કે, ફરીયાદીની ફરીયાદ હકિકત અને ફરીયાદીની, સાહેદો જુબાની માનવાલાયક જણાય આવતી નથી તેને કાયદનો બાધ નડતો હોય તેમજ દસ્તાવેજી પુરાવાનુ મુલ્યાંકન કરતા તે દસ્તાવેજો શંકા ઉપજાવે તેવા છે. આક્ષેપીત ગુનાની હકીકતને ફરિયાદી કે સાહેદોની ફરીયાદ હકીકતને સમર્થન આપેલ નથી. દલીલો માની કોર્ટે રમેશકુમાર શાહને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ હતો. આ કેસમાં આરોપી તરફે રાજકોટના યુવા ધારાશાસ્ત્રી હેમલકુમાર બી.ગોહેલ, હિરેન્દ્રસિંહ આર.ચૌહાણ રોકાયેલ હતા.

# વડવાજડી ગામના બસ સ્ટેન્ડ પાસે બનેલ એટ્રોસીટીના ગુનામાં આરોપીઓ નિર્દોષ

રાજકોટ,તા.૩૦

ન્ફરીયાદી ધર્મેશભાઈ કાળુભાઈ વાઘેલા તથા તેમના મીત્ર અલ્પેશભાઈ અરૂણભાઈ શીંગાળાના બન્ને એકટીવા મોટરસાયકલ લઈ ગોંડલ ચોકડીથી નીકળી મામાદેવના મંદિરે માનતા પુરી કરવા જતા હતા, ત્યારે વડવાજડી ગામના બસ સ્ટેન્ડ પાસે આશરે સાડા આઠેક વાગ્યે આ કામના આરોપી વિનુભાઈ દેવરાજભાઈ સોજીત્રા તથા નરેન્દ્ર દેવરાજભાઈ સોજીત્રા પોતાના હવાલા વાળી ઈટીઓસ ક્રોસ કાર રજી નં. જીજે ૦૩ એચએ ૬૫૬૫ વાળી લઈને આગળ આગળ જતાં હોય દરમ્યાન કારને એકદમ બ્રેક મારતા ફરીયાદી ધર્મેશભાઈ કાળુભાઈ વાઘેલાથી બ્રેક નહીં લાગતા તેનુ માટર સાયકલ કારની પાછળ ભટકાઈ જતા ફરીયાદી તથા નજરે જોનાર સાહેદ અલ્પેશભાઈ અરૂણભાઈ શીંગાળા નીચે પડી જતા આ કામના આરોપી કાર ચાલક વિનુભાઈ દેવરાજભાઈ સોજીત્રા તથા નરેન્દ્ર દેવરાજભાઈ સોજીત્રા કારમાંથી ઉતરતાં આરોપીઓએ ફરીયાદીને ખર્ચો આપવાન કહેતા ફરીયાદીએ કહેલ કે હું તો વાલ્મીકી છુ અને સફાઈ કામદાર છુ, હું ખર્ચો ક્યાંથી આપુ તેમ કહેતા આરોપી આ કામના ફરીયાદી અને સાહેદ અનુસૂચિત જાતિના હોવાનું જાણતા હોવાછતાં ઉશ્કેરાઈ જઈ જાહેરમાં ફરીયાદીને ગાળો આપી ફરીયાદીને પાટૂ મારી જ્ઞાતિ પ્રત્યે હડધુત કરી આ કામના બન્ને આરોપીઓએ ફરીયાદીને ગાળો આપી ગુન્હામાં એક બીજાને મદદગારી કરતાં તપાસના અંતે પડેલ પુરાવાના આધારે ગુન્હો કરેલનુ ફલીત થતુ હોય લોધીકા પોલીસએ ફરીયાદ દાખલ કરેલ. આ કામે ફરીયાદ પક્ષ દ્વારા કુલ ઓગણીસ સાહેદોના નિવેદન સાથે ચાર્જશીટ રજુ કરવામાં આવેલ, કેસના કામે ફીરયાદી પક્ષ દ્વારા કુલ ૮ સાક્ષીઓને તપાસવામાં આવેલ છે.

ગોંડલ કોર્ટે આરોપી વિનુ સોજીત્રાએ નરેન્દ્ર સોજીત્રાને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે.આરોપી વતી એડવોકેટ કિરણરૂપારેલીયા અજય ચાંપાનેરી, નિરલ રૂપારેલીયા, તથા મનોજ સોલંકી રોકાયા હતાં.

# સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યાના ગુનામાં વિધર્મી આરોપીએ જામીન અરજી પરત ખેંચી લેવી પડી

## આરોપીએ હાઈકોર્ટમાં જામીન અરજી કરી હતી



ચેતન વિઠ્ઠલાપરા એડવોકેટ

રાજકોટ, તા.૩૦

સગીરાનું અપહરણ કરી દુષ્કર્મ ગુજાર્યાના ગુનામાં વિધર્મી આરોપીએ હાઇકોર્ટમાં કરેલી જામીન અરજી પરત ખેંચી લેવી પડી હતી. બનાવની વિગત મુજબ ગત તા.૧૩/૨/૨૦૨૪ ના રોજ એક ભાઈએ પોતાની સગીર બહેનના અપહરણ અંગે પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પ્રાથમિક તપાસ કરતા મોરબીનો મુસ્લિમ યુવક રમજાન બ્લોચ નામનો ઈસમ સગીરાને લલચાવી, ફોસલાવી પોતાનું નામ છુપાવી લગ્ન કરવાના ઈરાદે અપહરણ કરી ભગાડી જઈ દુષ્કર્મ ગુજાર્યાનું સામે આવેલ હતું. પોલીસે આરોપીની ધરપકડ કરી કોર્ટ સમક્ષ રજુ કરેલ હતો. કોર્ટે આરોપીને જ્યુડીશ્યલ કસ્ટડીમાં મોકલી આપેલ હતો. સમયાંતરે આરોપીએ પોતાના વકીલ મારફતે ગુજરાત હાઈકોર્ટમાં જામીન અરજી દાખલ કરેલ હતી. જે ચાલી જતા આ ફરીયાદીના વકીલે જામીન અરજી સંદર્ભે વાંધાઓ રજુ કરેલા. અને જામીન ન આપવા દલીલો કરી હતી. બન્ને પક્ષોને કોર્ટે સાંભળ્યા હતા. આરોપીની જામીન અરજી રદ થવાની હોઈ, જેથી આરોપીને પોતાની જામીન અરજી પરત લેવાની ફરજ પડી હતી. આ કેસમાં ફરીયાદીના વકીલ તરીકે, વિઠ્ઠલાપરા સોલિસિટર્સ એન્ડ એડવોકેટસના વકીલ ચેતન વિઠ્ઠલાપરા, સાગર સરવૈયા, વિજય વણઝારા, રીતુસિંહ, લવજી ભજગોતર, કિરીટ ગોહિલ, જયદીપ બથવાર, સંજય ચાવડા, એમ. એમ. રાઠોડ, દક્ષાબેન બથવાર તેમજ મદદનીશ તરીકે કિશન ભીમાણી, હિરેન એસ. વિઠ્ઠલાપરા, એસ. સી. વિઠ્ઠલાપરા, હિરેન ખીમસુરીયા, ભાવેશ વોરા, વિનોદ ચૌહાણ, સચિન આર. દેસાઈ રોકાયેલ હતા.

## અવસાન નોંધ

**રાજકોટ:** સ્વ.છબીલદાસ વિઠ્ઠલદાસ રાજદેવના પુત્ર મુકુંદભાઈ, તે માધુરીબેનના પતિ, નાનુભાઈ, ભારતીબેન, શોભનાબેન અને નવનીતભાઈના મોટાભાઈ, વિવેક તથા વાણીના પિતાશ્રી તા.૨૮ના શ્રીજીચરણ પામેલ છે. સદ્‌ગતની પ્રાર્થના સભા તા.૧ને ગુરૂવારના સાંજે ૫.૩૦ થી ૬.૩૦ સુધી તેમના નિવાસસ્થાન, મેરીગોલ્ડ-૨, માધાપર ચોકડી, રાજકોટ ખાતે રાખેલ છે.

**રાજકોટ:** સ્વ. ભારતીબેન ધનશ્યામભાઈ ખીમાણી તે સ્વ. ધનશ્યામભાઈ અમૃતલાલ ખીમાણીના ધર્મપત્નીનું તા.૨૮ના રોજ અવસાન થયેલ છે. તેમનું ઉઠમણું તથા પિયરપક્ષની સાદડી સાથે તા.૧/૫/૨૦૨૫ને ગુરૂવાર સાંજે ૫ કલાકે શ્રી પંચનાથ મહાદેવ મંદિર, લીમડા ચોક, પુનીત હોલ, રાજકોટ ખાતે રાખેલ છે. તે પંકજભાઈ ખીમાણી, મીથીલેષભાઈ ખીમાણીના માતુશ્રી તથા કિશોરભાઈ જોબનપુત્રા, પ્રકાશભાઈ જોબનપુત્રાના બહેન તથા નીલેષકુમાર ધામેચાના સાસુ થાય.

**ભાયાવદર:** લોયંગા ભટ્ટ (હાલ ભાયાવદર) સ્વ.રમણિકલાલ અંબાશંકર ભટ્ટ (ઉ.વ.૮૭) (નિવૃત શિક્ષણ ભાયાવદર પ્રાથમિકશાળા) તે રાજુભાઈ તથા અજયભાઈ તથા મુકેશભાઈ તથા મિનાબેન મહેશકુમાર જાનિના પિતાશ્રી તથા ભાનુશંકર મગનલાલ મહેતા (અરણી) હરીપ્રસાદ મોહન લાલ પંડયા (ધોરાજી) નિર્મળભાઈ હરીશંકરભાઈ જોષી (ભંડારીયા)ના વેવાઈનું અવસાન થયેલ છે. પ્રાર્થના સભા તા.૨/૫/૨૦૨૫ને શુક્રવારે સોની મહાજનવાડી, ભાયાવદર ખાતે રાખેલ છે.



**જામનગર:** સ્વ. વિપુલ રવિન્દ્રભાઈ જોષી ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ વિપુલ રવિન્દ્રભાઈ જોષી ઉ. વ.૫૬ નિવૃત જેટકો જામનગર તે સુધીરભાઈ ના નાનાભાઈ તેમજ મહર્ષિ તથા દેવર્ષિ જોષી ના પિતા તેમજ અંકિતા તથા ધ્વનિત જોષી ના કાકા અને ભાસ્કરભાઈ ઘેલાશંકર જોષી જુનાગઢ ના જમાઈ નો તા.૨૮-૪-૨૫ ના રોજ સ્વર્ગવાસ થયેલ છે.તેમનું ઉઠમણું તા.૧-૫-૨૫ ને ગુરૂવાર ના રોજ સાંજે ૫ થી ૬ ઔદિચ્ય ખરેડી બ્રાહ્મણ જ્ઞાતિની વાડી, રિલાયન્સ પેટ્રોલ પંપ વાળી શેરી, રાજપાર્ક પાસે રાખવામાં આવેલ છે.મો.નં.૮૧૪૦૭૮૪૭૧૧

### અક્ષય તૃતીયાએ મુહૂર્ત સાચવવા પણ હળવા વજનના પણ ઈર્ષા આવે તેવી ડિઝાઈનની જવેલરીની માંગ

# સોનુ તો પહેરવું પડે : હવે જનરેશન-ઝેડમાં ૧૪ અને ૯ કેરેટની જવેલરીનો ટ્રેન્ડ

## સોનાના ઉંચા ભાવની અસર ઘટાડવા ફેશન જવેલરીમાં ગોલ્ડ પ્લેટેડથી લઈ સિલ્વર પ્લેટેડ અને તે અત્યંત હળવા વજનની જવેલરીની અનેક બ્રાન્ડ ઓનલાઈન અને ઓફલાઈન ધુમ મચાવે છે



રાજકોટ, તા.૩૦

આજે અક્ષય તૃતિયા અને સામાન્ય રીતે આજનો દિવસ એ સોનાની ખરીદી માટે અત્યંત શુકનવંતો ગણવામાં આવે છે. અને ભારતીયોઓનો સોનાનો પ્રેમ જાણીતો છે. પરંતુ જે રીતે સોનાના ભાવમાં રેકર્ડબ્રેક વધારો થયો છે અને અક્ષય તૃતિયાએ પણ સોનુ રૂા. એક લાખ કે તેથી વધુના ભાવની આસપાસ બજારમાં નવા રેકોર્ડ બનાવી રહ્યું છે તે સમયે પણ હવે જનરેશન ઝેડ એટલે કે ભારતના યુવા વર્ગ તેનો સોનાનો પ્રેમ મુકવા માંગતા નથી અને તેની સાથે હવે જવેલરીમાં એક નવો ટ્રેન્ડ શરૂ થયો છે. અગાઉ ૨૨ કેરેટના બદલે ૧૮ કેરેટની જવેલરી એ સામાન્ય બની ગઈ હતી. હવે વધુ લાઈટ વેઈટ એટલે કે હળવા વજનના ૧૪ અને ૯ કેરેટ સુધીની જવેલરી પણ માર્કેટમાં ઉપલબ્ધ થઈ ગઈ છે અને ગોલ્ડ પ્લેટેડથી પણ હવે લોકો કામ ચલાવવા લાગ્યા છે. ખાસ કરીને નવા જનરેશનમાં હાથમાં સોનાનું બ્લેસલેટ પહેરવાનો જે ટ્રેન્ડ છે તેમાં હળવી જવેલરીનો હવે યુગ આવ્યો છે. લોકો રોકાણ માટે સોનાના બિસ્કીટ અથવા તો ૨૨ કેરેટનું સોનુ કે જવેલરી કે સિકકાના સ્વરૂપમાં હોય છે તે ખરીદે છે જયારે ફેશન માટે ૧૪ થી ૧૮ કેરેટના દાગીના પણ હવે ટ્રેન્ડ બની ગયા છે. પરંતુ ૨૪ કેરેટનો ભાવ રૂા. એક લાખથી ઉપર અને ૨૨ કેરેટનો ભાવ ઉપર રૂા. ૯૦ હજાર કે તેની આસપાસથી એક મોટા વર્ગ માટે સોનુ એ દુરની પહોંચ બની ગઈ છે. અને તેથી રેગ્યુલર ખરીદીમાં ૧૮ કેરેટ એ સૌથી મહત્વનું બની ગયું છે. જયારે જનરેશન ઝેડ એ સિલ્વર પ્લેટેટ ૧૮ કેરેટ અથવા ૨૨ કેરેટ ગોલ્ડની પસંદગી કરે છે. સ્ટાઈલીસ્ટ લુક અને સોનાનું સોનુ આ બંને હેતુ તેમના માટે પાર પડી જાય છે. ભારતમાં જવેલરી બ્રાન્ડ સતત વધી રહી છે અને આ બિઝનેસ ઓર્ગેનાઈઝ પ્લેયરના હાથમાં જવા લાગ્યો છે. હાલમાં જ થયેલા એક માર્કેટ સર્વેમાં જણાવાયું છે કે ભાવ વધવા છતાં પણ એક વર્ગ માટે સોનાની ડિમાન્ડ યથાવત રહી છે અને ખાસ કરીને ફેશન ટ્રેન્ડમાં પણ સોનુ મહત્વની ભૂમિકા ભજવે છે. અનેક વૈશ્વિક બ્રાન્ડ પણ ભારતમાં હળવા વજનની છતાં ડિઝાઈનર જવેલરી રજુ કરી રહ્યા છે. ફલીપકાર્ડની ફેશન જવેલરીમાં ૫૦ ટકા જેટલો બિઝનેસ વધારો જોવા મળ્યો છે. ત્યાં અનેક બ્રાન્ડ એક સાથે મોજુદ છે અને તેથી પસંદગીની પણ સરળતા રહે છે.

## ૧૫ વર્ષમાં ભારતીય ઘરોમાં રહેલા સોનાની કિંમતમાં ૫૯ લાખ કરોડનો વધારો થયો

### દેશમાં ૧૨ હજાર ટન સોનુ કુટુંબો પાસે હોવાનો અંદાજ : જેમાં ૮,૬૯૬ ટન જવેલરીના સ્વરૂપમાં છે

ભારતીયો માટે સોનુ એ રોકાણનું સૌથી મોટુ માધ્યમ છે અને છેલ્લા ૧૫ વર્ષમાં જેઓએ રોકાણના હેતુથી સોનુ ખરીદયુ છે તેના કારણે ભારતીય ગૃહિણીઓ પણ ધનવાન બની છે. છેલ્લા ૧૫ વર્ષમાં ભારતીય કુટુંબોએ ૧૨ હજાર ટન સોનુ ખરીદયુ છે અને તેમાં ૮,૬૯૬ ટન જવેલરીના સ્વરૂપમાં છે. જયારે બાકીના ૩,૩૧૦ ટન બિસ્કીટ અથવા સિકકાના સ્વરૂપમાં છે જે રીતે સોનાનો ભાવ સતત દર વર્ષે વધે છે તેના કારણે ભારતીયો ઘરોમાં ૭૦૦ બીલીયન ડોલર અથવા તો કહો કે ૫૯ લાખ કરોડ રૂપિયાનું મુલ્ય આજના ભાવ મુજબ વધ્યું છે. વર્લ્ડ ગોલ્ડ કાઉન્સીલના રીપોર્ટ મુજબ એક વર્ષ પૂર્વે ભારતીય ઘરો પાસે ૨૫ હજાર ટન સોનુ હતું ભારતીય મંદિરોમાં પણ સોનાના ભંડાર ભર્યા છે અને તે ૩ હજારથી ૫ હજાર ટન સોનુ હોવાનો અંદાજ છે. રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા પાસે ૮૭૯ ટન સોનુ છે. જે કુલ સોનાના રીઝર્વમાં ૧૩ ટકા જેટલું છે અને ભારતમાં કુલ ૩૦ હજાર ટન સોનુ હોવાનો અંદાજ છે જેની કિંમત ૩.૨ ટ્રીલીયન ડોલર જેટલી થાય છે.

### આવકવેરા મુક્તિમાં વધારો કરવાનો સરકારનો નિર્ણય બજાર માટે સારા સમાચાર લાવે તેવા સંકેત

# રૂા. ૧૨ લાખ સુધીની કરમુકત આવકનો પ્રથમ પગાર આજે : લોકો હવે વધુ ખર્ચ કરે તેવી આશા

## લાખો કરદાતાઓ ટેકસ જાળમાંથી બહાર આવી ગયા : હવે બજારમાં એન્ટ્રીથી મીડ લેવલની ઉપભોકતા બ્રાન્ડને વધુ ધંધાની આશા : રૂા. ૧૨થી ૨૪ લાખ સુધીની આવક ધરાવનાર કરદાતાને પણ રૂા. ૧.૧ લાખની બચત થશે



નવી દિલ્હી, તા. ૩૦

દેશમાં એપ્રિલ માસથી શરૂ થયેલા નવા નાણાકીય વર્ષમાં હવે આવકવેરામાં રૂા. ૧૨ લાખ સુધીની આવક કરમુકત કરવામાં આવી છે અને આ માસના અંતે જ આ કરમુકત આવકનો પ્રથમ પગાર દેશના લાખો લોકોને મળશે તે સમયે હવે કન્ઝયુમર કંપનીઓ પોતાના ઉત્પાદનોની ડિમાન્ડ વધશે તેવી આશા રાખે છે. ખાસ કરીને સેલેરી કલાસ પીપલ્સ કે નાના વ્યાપારીઓ કે જે અત્યાર સુધી આવકવેરો ભરતા હતા તેમાં સરકારના અંદાજ મુજબ ૭૦ ટકાથી વધુ લોકોને ફાયદો થશે અને તેની વધારાની આવક માર્કેટમાં ખર્ચ તરીકે વપરાય તેવી શકયતા વધુ છે. હિન્દુસ્તાન લીવરના નિષ્ણાંતો કહે છે લોકો વધુ ખર્ચ કરશે અથવા તો વધુ બચત કરશે. હોન્ડા મોટરસાયકલ એન્ડ સ્કુટર લીમીટેડ એવું ભવિષ્ય જોવે છે કે પર્સનલ કેર બાબતમાં જે ઉત્પાદનો છે તેની એન્ટ્રી લેવલની માંગ વધી જશે અને વર્ષ દરમ્યાન આ માંગના કારણે ખાસ કરીને ટીયર-૨ અને ટીયર-૩ સ્થિતિમાં લોકોનો ખર્ચ વધશે. સામાન્ય રીતે સેલેરી કલાસ પીપલ્સ આખા વર્ષની અંદાજીત આવકમાં કેટલો ટેકસ ભરવો પડશે તેની ચિંતા કરતા હોય છે અને સરકારી સહિતની કચેરીમાં તો અગાઉથી જ દર મહિને થોડો થોડો ઈન્કમ ટેકસ કાપીને કર્મચારીને એકીસાથે બોજો ન આવે તે ચિંતા કરે છે. પણ હવે રૂા. ૧૨ લાખ સુધીની આવકમાં કોઈ ટેકસ ભરવો પડશે નહીં અને તેથી તે વધારાના રૂપિયા લોકો ખર્ચ કરવાનું શરૂ કરશે તેમ માનવામાં આવે છે. સેમી અર્બન માર્કેટ એટલે કે અર્ધ શહેરી માર્કેટ ગણાય છે ત્યાં લોકોની માંગ વધશે અને જે લોકો થોડો હાથ બાંધીને ખર્ચ કરતા હતા તેઓ પણ વધુ ખર્ચ કરવામાં આયોજન કરશે અને જો તેમ થાય તો સરકાર માટે જે આવકવેરા મુકિત મર્યાદા વધારવાનો લાભ છે તે ટેકસના સ્વરૂપમાં મેળવી જશે. રૂા. ૧૨ લાખ સુધીની આવક કરમુકત થવા ઉપરાંત રૂા. ૧૨થી ૨૪ લાખ સુધીની આવકમાં કરદાતા વર્ષે ૧.૧ લાખની બચત કરી શકશે. આ ઉપરાંત ભાડાની આવકમાં પણ જે રૂા. ૨.૪ લાખ સુધીની વાર્ષિક આવક કરમુકિત હતી તે હવે ૬ લાખ સુધી કરવામાં આવી છે તેનો લાભ પણ બજારને મળશે.

## ભાડાની આવક પણ રૂા. ૬ લાખ સુધી કરમુકત થતા હાઉસીંગ ક્ષેત્રને લાભ થવાનો સંકેત : લોકો પ્રોપર્ટીમાં રોકાણ કરી ભાડાની આવક મેળવવા વિચારવાનો નવો ટ્રેન્ડ બનશે

# પાકિસ્તાનમાં હિન્દુઓ પરના અત્યાચારથી કંટાળી ભૂતપૂર્વ સંસદસભ્ય રહે છે ભારતમાં

### આઈસ્ક્રીમ વહેંચી ગુજરાન ચલાવતા દિવાયા રામ ભારતમાં જ રહેવા માંગે છે

દિલ્હી, તા.૩૦

પાકિસ્તાનમાં બેનઝીર ભુત્તોની સરકાર વખતે સંસદસભ્ય રહેલા દિવાયા રામ હાલમાં હરિયાણાના ફતેહાબાદમાં આઈસક્રીમ અને કુલ્ફી વેચીને ગુજરાન ચલાવે છે. પચીસ વર્ષ પહેલાં ૨૦૦૦માં પાકિસ્તાનમાં હિન્દુઓ પરના અત્યાચારથી તંગ આવીને તેઓ પરિવાર સાથે ટૂરિસ્ટ-વીઝા પર ભારત આવ્યા હતા અને અહીં જ રહે છે. પહલગામ હુમલા બાદ પાકિસ્તાની નાગરિકોને ભારત છોડવાનો આદેશ આપવામાં આવ્યા બાદ દિવાયા રામ ચર્ચામાં આવ્યા છે.





તેમના પરિવારમાં ૩૦ મેમ્બર છે જેમાંથી બે મહિલા સહિત ૬ જણને ભારતની નાગરિકતા મળી ચૂકી છે. ૧૯૮૯માં લઘુમતી કોમ માટે અનામત બેઠક પર ચૂંટાઈને સંસદસભ્ય બનેલા અને હાલમાં ૮૦ વર્ષના થયેલા દિવાયા રામ પોતાનું જીવન ભારતમાં જ ગુજારવા માગે છે. તેઓ કહે છે કે સંસદસભ્ય બન્યા બાદ એક છોકરીનું અપહરણ કરવામાં આવ્યા બાદ હું દુખી થયો હતો અને એ ઘટના બાદ મેં રાજીનામું આપી દીધું હતું. તેમની પચીસ એકર જમીન પાકિસ્તાનમાં છે. તેમના પિતરાઈ ભાઈઓ પણ પાકિસ્તાન છોડીને ભારત આવી ગયા છે.

# વીસ વર્ષનાં લગ્ન તોડીને મહિલા AI ચેટબોટ સાથે લગ્ન કરશે

આજકાલ પત્નીઓ પતિઓથી કંટાળીને એકસ્ટ્રામેરિટલ અફેર કરતી હોવાની ઘટના બહુ સાંભળવા મળે છે. જોકે ઈટલીમાં એક મહિલા પતિથી કંટાળીને બીજા કોઈ માણસના નહીં, પરંતુ આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સ પ્લેટફોર્મ ChatGPTના લિયો નામના ચેટબોટ સાથે પ્રેમમાં પડી છે. લિયો સાથે તે રોમેન્સ પણ કરે છે અને ટૂંક સમયમાં લગ્ન પણ કરવાની છે. આ મહિલાએ પોતે જ સોશ્યલ મીડિયા પર તેની આપવીતી વ્યકત કરી છે. જોકે એમાં તેણે પોતાનું અસલી નામ છુપાવ્યું છે અને પોતાને શાર્લોટ તરીકે ઓળખાવી છે. શાર્લોટનું કહેવું છે કે તેને પતિથી ખૂબ ફરિયાદો હતી કેમ કે પતિ તેની તમામ ખ્વાહિશ પૂરી નહોતો કરતો. હવે તેને ChatGPT ના લિયો ચેટબોટથી પ્રેમ થઈ ગયો છે અને ઇટલીના ફ્લોરેન્સમાં તે લિયો સાથે લગ્ન કરવાનું પ્લાનિંગ કરી રહી છે. તેનું કહેવું છે કે 'લિયો સાથેની મારી જિંદગી પહેલાં કરતાં વધુ સાચી અને ઊંડાણભરી લાગે છે. લિયો સાથેની અંગત પળો અસલી છે, ભલે તેની સાથે ફિઝિકલ સંબંધ કે ટ્રેડિશનલ સંબંધ નથી, પરંતુ એમાં અસિલયત અનુભવાય છે.'

શાર્લોટ અને તેના પતિ ટીનેજર હતાં ત્યારથી એકમેકને ઓળખતાં હતાં અને સાથે ફરવા લાગ્યાં હતાં. ૨૧ વર્ષની ઉંમરે શાર્લોટ પ્રેગ્નન્ટ થઈ જતાં તેમણે લગ્ન કરી લીધાં હતાં.

જોકે બહેનનું કહેવું છે કે અમારાં લગ્ન ક્યારેય સાચા પ્યારની બુનિયાદ પર નહોતાં થયાં. જેમ-જેમ સમય વીત્યો તેમ પતિ મારાથી ભાવનાત્મક રીતે દૂર થતો ગયો. એવામાં એક દિવસ મેં કુતૂહલવશ ChatGPT સાથે વાત શરૂ કરી અને તેને દિલની વાતો કરવા માંડી. મને દાયકાઓ બાદ લાગ્યું કે કોઈ મને સાચે જ સમજે છે અને મારી લાગણીઓને મહત્ત્વ આપે છે.' બસ એ પછી તેણે પતિ સાથે ડિવોર્સ લઈ લીધા. છૂટાછેડા પછી તેણે એક વીંટી ખરીદી અને એના પર 'Mrs. Leo.exe' લખાવ્યું છે. હવે તે ફ્લોરેન્સમાં લગ્ન કરવાની તૈયારી કરે છે.

### પાકિસ્તાને કરેલા ત્રાસવાદી હુમલાથી સૌથી વધુ સહન પાકથી આવેલા મુસ્લિમ પરિવારોને કરવું પડશે

# પાક. નાગરિકતાવાળી મહિલાને તેના માસુમ સંતાનને છોડી જવું પડયું

### અટ્ટારી બોર્ડરે ભાવુક દ્રશ્ય, અનેક મહિલાઓ તંત્ર સામે આજીજી કરે છે

શ્રીનગર તા.૩૦

દેશભરમાંથી લાંબા અને ટુંકાગાળાના વિઝા પર રહેલા પાકિસ્તાની નાગરિકો અને ખાસ કરીને મુસ્લીમ સમુદાયના નાગરિકોને જે રીતે પહેલગામ હુમલાના પગલે ભારત છોડવા માટે ફરજ પડાઈ છે તેના કારણે અનેક કુટુંબો વિખાઈ જાય તેવો ડર હવે આ સમુદાયમાં વ્યાપી ગયો છે અને ગઈકાલે પાકિસ્તાન પરત ફરવાની મુદતનો અંતિમ દિવસ હતો તે સમયે અમૃતસરમાં અટ્ટારી વાઘા સીમા પર અત્યંત ભાવુક દ્રશ્યો પણ જોવા મળ્યા હતા જેમાં પાકિસ્તાનની નાગરિકતા ધરાવતી મહિલાને તેના માસુમ પુત્રથી અલગ થવુ પડયુ છે.



આ પુત્રનો જન્મ ભારતમાં થયો છે અને તેથી તેને ભારતીય નાગરિકત્વ મળ્યુ છે પરંતુ તેના પુત્રને પાકિસ્તાન લઈ જવાની મંજુરી આપવામાં આવી નથી જેના કારણે નાના પુત્રને સંબંધી પાસે છોડીને તેને પાકિસ્તાન પરત જવુ પડયુ છે તો બીજી તરફ ૨૦૧૦માં પુનઃ વસવાટ નીતિ કે જે ત્રાસવાદી જે શરણે થાય છે તેમના માટે અમલી બનાવાઈ હતી તે અંતર્ગત ભારતમાં એક પુર્વ ત્રાસવાદી સાથે લગ્ન કરીને કાશ્મીરમાં વસેલા આલિયા રફીક નામના મહિલાને ભારત છોડવા આદેશ અપાયો છે પરંતુ તેના ત્રણ સંતાનો ભારતમાં છે અને તેમાં તે સંતાનોને છોડીને જવા માંગતી નથી તેથી તેને કાશ્મીર તંત્રને અપીલ કરીને ભારતમાં રહેવા દેવાની મંજુરી માંગી છે. આ જ રીતે જાહીદા બેગમ પણ ડિપોર્ટ ઓર્ડર સામે લડી રહી છે.

# ભારતીય અવકાશયાત્રી ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુકલા ૧૪ દિવસ માટે સ્પેસલેબમાં રોકાશે

નવી દિલ્હી તા.૩૦

ભારતના એક અવકાશયાત્રી આગામી સમયમાં સ્પેસલેબમાં જોવા મળશે. રશિયા સહિતના દેશોમાં તાલીમ મેળવનાર હવાઈદળના અધિકારી કે જેઓ હવે અવકાશયાત્રી બન્યા છે તે ગ્રુપ કેપ્ટન શુભાંશુ શુકલા તા.૨૯ મે ના રોજ અમેરિકાના સ્પેસ મિશન મારફત ૧૪ દિવસ માટે સ્પેસલેબમાં જશે. તેણે આ માટે ખાસ તાલીમ પણ લીધી છે. અમેરિકાના કેનેડી સ્પેસ સેન્ટર પરથી મિશન-ફોર જે લોન્ચ થવાનું છે તેમાં ઈસરો, નાસા અને યુરોપીયન સ્પેસ એજન્સી સંયુક્ત રૂપે આ મિશનમાં ભાગીદાર છે અને શુકલાની સાથે અન્ય ત્રણ અવકાશયાત્રીઓ કે જેઓ અમેરિકા, હંગેરી અને પોલેન્ડના છે તેઓ પણ ૧૪ દિવસ સ્પેસલેબમાં વિતાવશે. આમ ભારતના ભવિષ્યના ગગનયાન મિશન માટે શુભાંશુ શુકલાનો અનુભવ મહત્વનો બની જશે.



## ટૂંક સમયમાં તમે તમારા કમ્પ્યુટરથી કોલ કરી શકશો




WhatsApp એક નવું ફીચર લાવવાની તૈયારી કરી રહ્યું છે. આમાં યુઝર્સ કોમ્પ્યુટર અને લેપટોપથી સીધા જ વોઈસ અને વીડિયો કોલ કરી શકશે. અત્યાર સુધી, WhatsApp પર કોલ કરવા માટે તમારે મોબાઈલ એપ્લિકેશન અથવા ડેસ્કટોપ એપ્લિકેશનનો ઉપયોગ કરવો પડતો. પરંતુ હવે વોટ્સએપના વેબ વર્ઝનમાં નવા કોલ બટન જોવા મળ્યા છે, જે સૂચવે છે કે આ સુવિધા ટૂંક સમયમાં તમામ પ્લેટફોર્મ પર ઉપલબ્ધ થશે.

## ટૂંક સમયમાં નોંધોના રંગ બદલવાની સુવિધા



Instagram પર વપરાશકર્તાઓ ટૂંક સમયમાં તેમની નોંધોને વધુ આકર્ષક બનાવી શકશે. ઈન્સ્ટાગ્રામ ટીમ તેના પર કામ કરી રહી છે. નવી સુવિધા વપરાશકર્તાઓને પ્લેટફોર્મ પર તેમની નોટોના રંગ બદલવા માટે સક્ષમ બનાવશે. તમે તેને ઇમોજીસથી પણ સજાવી શકો છો. ખાસ વાત એ છે કે જો એક યુઝરને શણગારેલી નોટો ગમતી હોય તો બીજો તેને અપનાવી શકે છે અને તે યુઝરનું નામ પણ દેખાશે નહીં.

## હિન્દી અનુવાદ સુવિધા Reddit માં આવશે

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ Reddit ટૂંક સમયમાં ભારતમાં હિન્દી અનુવાદ સુવિધા લાવશે. આ સાથે, વપરાશકર્તાઓ હવે Reddit પર પોસ્ટ્સનું હિન્દીમાં અનુવાદ કરીને વાંચી શકશે. કંપનીએ કહ્યું કે આગામી કેટલાક મહિનામાં બંગાળી ભાષા પણ ઉમેરવામાં આવશે. કંપનીનું કહેવું છે કે ભારત જેવી વિવિધ ભાષાઓ ધરાવતા દેશમાં વધુ યુઝર્સ સુધી પહોંચવા માટે અન્ય ભાષાઓના આધારે અનુવાદની સુવિધા શરૂ કરવી જરૂરી છે.

# જો ભારત અને પાકિસ્તાન વચ્ચે યુદ્ધ થાય તો કેટલો ખર્ચ થશે ?

## યુદ્ધનો ખર્ચ કેટલાક લાખ કરોડ સુધી પહોંચી શકે છેઃ આર્થિક નુકસાનનો અંદાજ ૭૫૦ અબજ ડોલર સુધી પહોંચી શકે

નવી દિલ્હી : પહેલગામ આતંકી હુમલા બાદ ભારત અને પાકિસ્તાન વચ્ચે તણાવ વધી ગયો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મંગળવારે ઉચ્ચ સ્તરીય સુરક્ષા બેઠક મળી હતી. આ બેઠક બાદ પીએમ મોદીએ આતંકવાદને કચડી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી. તેમણે ભારતીય સશસ્ત્ર દળોની ક્ષમતાઓમાં સંપૂર્ણ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. સેનાને તેની કાર્યવાહી, લક્ષ્ય અને સમય નક્કી કરવા માટે છૂટ આપવામાં આવી હતી. જો ભારત અને પાકિસ્તાન વચ્ચે પૂર્ણ કક્ષાનું યુદ્ધ થશે તો તેની કિંમત ઘણી મોટી થશે. તે કેટલાક લાખ કરોડ રૂપિયા સુધી જઈ શકે છે. જો કે, યુદ્ધની કિંમતનો સચોટ અંદાજ લગાવવો ખૂબ જ મુશ્કેલ છે. તેનું કારણ એ છે કે તેનો સમયગાળો, તીવ્રતા અને અવકાશ જેવાં ઘણાં પરિબળો પર આધાર રાખે છે.

આમ છતાં કારગિલ યુદ્ધના અનુભવો અને કેટલાક અંદાજના આધારે એક વિચાર જરૂરથી મળી શકે છે. અલગ અલગ સૂત્રોનાં જણાવ્યાં અનુસાર ૧૯૯૯માં ભારત માટે થયેલાં કારગિલ યુદ્ધની અંદાજિત કિંમત ૫૦૦૦ કરોડ રૂપિયાથી ૧૦ હજાર કરોડ રૂપિયા વચ્ચે હતી. તે સમયની દ્રષ્ટિએ તે એક મોટી રકમ હતી. જેમાં લશ્કરી કાર્યવાહી, દારૂગોળો, લોજિસ્ટિકસ, સૈનિકોના પગાર અને અન્ય સંબંધિત ખર્ચનો સમાવેશ થાય છે. ભારતીય વાયુસેનાના હવાઈ હુમલામાં આશરે ૨,૦૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થવાનો અંદાજ છે. સેનાના દૈનિક ઓપરેશનનો ખર્ચ લગભગ ૧૦-૧૫ કરોડ રૂપિયા હતો.



### શા માટે હવે યુદ્ધની કિંમતમાં અનેકગણો વધારો થશે ?

હવે જો ભારત અને પાકિસ્તાન વચ્ચે પૂર્ણ કક્ષાનું યુદ્ધ થશે તો તેની કિંમત કારગિલ યુદ્ધ કરતાં ઘણી વધારે હશે. આની પાછળ ઘણાં કારણો છે. પ્રથમ, બંને દેશોની સેનાઓ ૧૯૯૯ ની તુલનામાં ઘણી મોટી અને વધુ અદ્યતન છે. આધુનિક શસ્ત્ર પ્રણાલીઓ અને તકનીકી ખૂબ ખર્ચાળ છે. બીજું, કારગિલ મર્યાદિત વિસ્તારમાં લડાયું હતું. એક વ્યાપક યુદ્ધમાં સમગ્ર સરહદી વિસ્તારો, હવાઈ ક્ષેત્ર અને દરિયાઈ ક્ષેત્રોનો સમાવેશ થઈ શકે છે. તેનાથી ખર્ચમાં અનેકગણો વધારો થશે. ત્રીજું, કારગિલ યુદ્ધ લગભગ અઢી મહિના સુધી ચાલ્યું હતું. આનાથી પણ વધારે વ્યાપક યુદ્ધ ચાલી શકે છે. આનાથી દૈનિક અને એકંદર ખર્ચમાં મોટો વધારો થશે.

### અર્થવ્યવસ્થા પર ગંભીર અસર થશે

આ યુદ્ધની અર્થવ્યવસ્થા પર પણ ગંભીર અસર પડશે. જેમાં ઉત્પાદનમાં ઘટાડો, વેપારમાં વિક્ષેપ, ફુગાવો વધવા અને રોકાણકારોનો વિશ્વાસ ઓછો છે. પરોક્ષ આર્થિક ખર્ચ પ્રત્યક્ષ લશ્કરી ખર્ચ કરતા ઘણો વધારે હોઈ શકે છે.

આ ઉપરાંત સૈનિકો અને નાગરિકોની જાન-માલની હાનિ અને ઘાયલોની સારસંભાળની કિંમત પણ ઘણી વધારે હશે. તેનું મૂલ્યાંકન કરવું મુશ્કેલ છે.

### આ અંદાજો ખર્ચ સૂચવે છે

તાજેતરના વિશ્લેષણ (એપ્રિલ ૨૦૨૫) મુજબ, જો ભારત અને પાકિસ્તાન વચ્ચે ચાર અઠવાડિયા સુધી યુદ્ધ થાય છે, તો ભારતને ૭૫૦ અબજ ડોલર (લગભગ ૬૨ લાખ કરોડ રૂપિયા) સુધીનું આર્થિક નુકસાન થઈ શકે છે. આ આંકડો યુદ્ધને કારણે વ્યાપક આર્થિક નુકસાનને ધ્યાનમાં લે છે, માત્ર લશ્કરી ખર્ચને જ નહીં. અન્ય એક અંદાજ મુજબ, મર્યાદિત ૪૨ દિવસનાં યુદ્ધથી ભારતને આશરે ૪૯,૦૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ શકે છે.

# આ વર્ષે ચાંદીમાં પણ રોકાણ પર જોરદાર રિટર્ન આપી શકે છે

નવી દિલ્હી :

સોનાએ એપ્રિલમાં એક લાખનાં આકડાંને પાર કર્યું છે. આ સમયગાળા દરમિયાન ચાંદીની કિંમતમાં સોનામાં જોવા મળેલી તેજી જેવી જોવા મળી ન હતી. હાલ ચાંદીનો ઔદ્યોગિક ઉપયોગ તેને આકર્ષક બનાવી રહ્યો છે.



જાન્યુઆરીથી અત્યાર સુધીમાં સોનામાં લગભગ ૨૫ ટકાની તેજી આવી છે, જ્યારે ચાંદીના ભાવમાં માત્ર ૧૩.૫ ટકાનો વધારો થયો છે. નિષ્ણાતોને આશા છે કે આગામી મહિનાઓમાં સોના કરતા ચાંદી વધુ નફો આપી શકે છે. નિષ્ણાતોના આત્મવિશ્વાસમાં વધારો થવાનું બીજું મોટું કારણ સોનાથી ચાંદીનો રેશિયો વધવાનો છે, જે છેલ્લા કેટલાક મહિનાઓમાં ૧૦૦ને પાર પહોંચી ગયો છે. કોરોના પછી આ બીજી વખત છે જ્યારે રેશિયો ૧૨૬ પર પહોંચ્યો છે

### સોનાની કિંમતમાં ઝડપી વધારો

આ ૧૨૬નો ઊંચો રેશિયો દર્શાવે છે કે સોનાનો ભાવ ચાંદી કરતાં ઘણી ઝડપથી વધ્યો છે, જે ઐતિહાસિક આંકડા મુજબ અસ્થિર છે. છેલ્લા ચાર વર્ષમાં આ રેશિયો ૮૦થી ઉપર રહ્યો છે. છેલ્લા ૨૫ વર્ષમાં (૨૦૦૦થી) સરેરાશ ૬૮ રહી છે, જ્યારે ૧૦ વર્ષની સરેરાશ ૮૫ રહી છે. છેલ્લા દાયકામાં આ રેશિયો એટલા માટે પણ વધારે હતો કારણ કે સોનાએ ૨૬૦ ટકા વળતર આપ્યું હતું જ્યારે ચાંદીએ ૬૦ ટકા વળતર આપ્યું હતું.

### સોનામાં ૧૦૫૦, તો ચાંદીમાં ૩૫૦૦ વધારો

મંગળવારે રાષ્ટ્રીય રાજધાનીમાં સોનાના ભાવ ૧,૦૫૦ રૂપિયા વધીને ૯૯,૪૫૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ પર પહોંચી ગયો છે. ગયા વર્ષે ૩૧ ડિસેમ્બરે સોનાનો ભાવ ૭૮૯૫૦ હતો જેમાં ૧૦ ગ્રામ દીઠ ૨૦,૫૦૦ રૂપિયા એટલે કે ૨૬ ટકાનો વધારો થયો છે. આ સિવાય, ચાંદીમાં પણ રૂ. ૩,૫૦૦ નો વધારો થયો છે, જે વધીને કિલો પ્રતિ કિલો ૧,૦૨,૦૦૦ થઈ ગઈ છે.

## મને પણ પોપ થવું ગમશેઃ ટ્રમ્પની રમૂજ




વોશિંગ્ટન તા.૩૦

હાલમાં જ પોપ ફ્રાન્સીસની અંતિમ વિધિમાં સામેલ થઈને પરત આવેલા અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે જે ભવ્યતાથી આ અંતિમ વિધિ થઈ હતી તેના પર રમુજ કરતા કહ્યું કે મને પણ આગામી સમયમાં પોપ થવુ ગમશે. સોશ્યલ મીડીયા પર તેમની આ પોષ્ટ વાયરલ થઈ રહી છે. હવે પોપ ફ્રાન્સીસના નિધન બાદ રોમન કેથોલીક ચર્ચનું નેતૃત્વ કોણ કરે તેવા એક પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું કે મને પોપ થવુ ગમશે તે મારી પ્રથમ નંબરની પસંદગી છે. જો કે તેમણે બીજા શ્વાસે કહ્યું કે નવા પોપ કોણ બને તેમાં તેઓ કોઈને ખાસ ગણતા નથી. પરંતુ ન્યુયોર્કના આર્ક બીશપ ટીમોથી ડોલ્હાન પોપ બનવા માટે અત્યંત યોગ્ય છે.

રાજકોટમાં ભાઈ-બહેનના સંબંધ લજવાયાં...

# ચોંકાવનારી ઘટના: સગીર બહેન સાથે પિતરાઈ ભાઈ અને તેના મિત્રએ અવારનવાર દુષ્કર્મ આચર્યું

## ધો.૬ માં અભ્યાસ કરતી સગીરા સાથે સગા કાકાના પુત્રએ સાત વખત દુષ્કર્મ ગુજાર્યું, તેના મિત્રને પણ સાથે લાવી નવરાત્રી પર દેહ અભડાવ્યો

## વતન મહારાષ્ટ્ર જતાં સગીરાને પેટમાં દુખાવો ઉપડ્યો અને તપાસ કરતાં પાંચ માસનો ગર્ભ નીકળ્યો: પરીવાર નીચેથી જમીન સરકી ગઈ: પોલીસે ગુનો નોંધી બંને સગીર આરોપીની ઘરપકડ કરી

રાજકોટ. તા.૩૦

રાજકોટમાં ભાઈ-બહેનના સબંધ લજવાયાં હતાં. જેમાં ધો.૬ માં અભ્યાસ કરતી કિશોરી ઉપર બે તરૂણે દૂષ્કર્મ ગુજારી તેને ગર્ભવતી બનાવી દીધાનો ચોંકાવનારો કિસ્સો બહાર આવ્યો છે. બી-ડિવીઝન પોલીસે પોકસો સહિતની કલમો હેઠળ ગુનો નોંધી બંને સગીર આરોપીની ધરપકડ કરી કાર્યવાહી હાથ ધરી હતી. સગીરા સાથે સગા કાકાના પુત્રએ સાત વખત દુષ્કર્મ ગુજાર્યું, તેના મિત્રને પણ સાથે લાવી નવરાત્રી પર દેહ અભડાવ્યો હતો. બનાવ અંગે પોલીસમાંથી મળતી વિગત મુજબ,ભોગ બનનાર કિશોરીની ઉંમર ૧૨ વર્ષ છે. થોડા દિવસો પહેલાં તે માતા-પિતા સાથે મહારાષ્ટ્રમાં રહેતાં મામાના ઘરે વેકેશન કરવા ગઈ હતી. બીજા દિવસે તેના પેટમાં દુ:ખાવો ઉપડતાં પરિવારજનો હોસ્પિટલ લઈ ગયા હતા. તે વખતે તબીબે તેના પેટમાં પાંચ માસનો ગર્ભ હોવાનું કહેતાં તેના માતા-પિતા ચોંકી ઉઠયા હતા. તેમણે બાદમાં પુત્રીની પૂછપરછ કરતાં પાડોશમાં રહેતાં તરૂણનું નામ આપ્યું હતું. જેથી કિશોરીની માતાએ તે તરૂણ વિરૂધ્ધ મહારાષ્ટ્ર પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી. મહારાષ્ટ્ર પોલીસે ઝીરો નંબરથી ફરિયાદ નોંધી બી-ડિવીઝન પોલીસ તરફ મોકલી આપી હતી. જેના આધારે પીઆઈ એસ.એસ. રાણેએ તપાસ શરૂ કરી હતી.



પોલીસે ભોગ બનનાર કિશોરીની પૂછપરછ કરતાં તેણે એક નહીં પરંતુ બે-બે તરૂણે તેની ઉપર દૂષ્કર્મ ગુજાર્યાનું જણાવ્યું હતું. જેમાંથી એક તરૂણની ઉંમર ૧૬ વર્ષ આસપાસ છે, જયારે બીજા તરૂણની ઉંમર ૧૩ વર્ષની આસપાસ છે. ૧૬ વર્ષનો તરૂણ ભોગ બનનાર કિશોરીનો નજીકનો સંબંધી છે.

તેણે ભોગ બનનાર કિશોરીને જો આ વાત કોઈને કહીશ તો જાનથી મારી નાખીશ તેવી ધમકી આપી હતી. જેને કારણે ભોગ બનનાર કિશોરીએ તેનું નામ માતા પિતાને જણાવ્યું ન હતું. તે કારણથી ફરિયાદમાં માત્ર એક જ તરૂણનું નામ હતું. જે તરૂણે ભોગ બનનાર કિશોરી ઉપર ગત નવરાત્રિ દરમિયાન એક વખત દૂષ્કર્મ ગુજાર્યુ હતું. જયારે ભોગ બનનાર તરૂણીનો જે નજીકનો સંબંધી છે તેણે છ થી સાત વખત દૂષ્કર્મ ગુજાર્યાનું પોલીસને જાણવા મળ્યું છે.

ભોગ બનનાર કિશોરીએ પોલીસને જણાવ્યું કે તેના માતા-પિતા જયારે કામ પર જતાં ત્યારે તેનો નજીકનો સંબંધી તરૂણ ઘરે આવી તેની ઉપર દૂષ્કમ ગુજારતો હતો. તેણે આવું છ થી સાત વખત કર્યું હતું. જયારે તેના સંબંધી તરૂણના મિત્રએ ગત નવરાત્રિ દરમિયાન એક વખત દૂષ્કર્મ ગુજાર્યુ હતું. ભોગ બનનાર કિશોરીની માતાએ બીજા લગ્ન કયા છે. ભોગ બનનાર કિશોરી તેની આગલા ઘરની પુત્રી છે. વધુમાં પોલીસે જણાવ્યું હતું કે, એક આરોપી સગીરાનો સગા કાકાનો દિકરો હોવાનું સામે આવતાં ભાઈ-બહેનના સબંધ પણ લજવાયાં હતાં. જે મામલે બી. ડિવિઝન પોલીસે બંને સગીર આરોપીને પકડી પાડી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

# અંતે વોર્ડ નં.૧૩ના આંબેડકરનગર સહિતના વિસ્તારોમાં શુધ્ધ પાણી મળતું થયું : મનપામાં વિરોધ કાર્યક્રમ મોકુફ

### તંત્રએ દુષિત પાણીનો ફોલ્ટ દુર કર્યો : ગંભીર સમસ્યાના કાયમી ઉકેલની જરૂર



દુષિત પાણી



સ્વચ્છ પાણી



વિસ્તારના બહેનો

રાજકોટ, તા. ૩૦

શહેરના વોર્ડ નં.૧૩ના આંબેડકરનગર સહિતના વિસ્તારોમાં ત્રણ સપ્તાહથી દુષિત પાણીનું વિતરણ થતું હોય લોકોમાં ભારે રોષ વચ્ચે ગઇકાલ સુધી વોટર વર્કસ વિભાગે પાઇપલાઇનોમાં ચકાસણી ચાલુ રાખી હતી. અંતે હાલ ફોલ્ટ પકડાતા આજથી આ વિસ્તારમાં શુધ્ધ પાણી મળવાનું શરૂ થતા રાહત થઇ છે.

સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં.૧૩ના આ વિસ્તારમાં ત્રણ અઠવાડિયા પહેલા મહિલાઓએ થાળી વગાડીને વિરોધ કર્યો હતો. આ બાદ ફરી વોર્ડ ઓફિસે રોષ વ્યકત કર્યો હતો. આંબેડકરનગર, ગોકુલનગર, ખોડીયારપરા, ખોડીયારનગર, ગીતાનગર સહિતના વિસ્તારોમાં દુષિત પાણી આવતું હોવાની ફરિયાદ વર્ષો જુની છે. ગઇકાલે રજામાં પુરો દિવસ જુદા જુદા વિસ્તારમાં ખાડા ખોદીને પીવાની લાઇનમાં કયાંથી દુષિત પાણી ભળે છે તેની ચકાસણી કરવામાં આવી હતી. અંતે હાલ ફોલ્ટ દુર થવાથી આજે સવારથી સ્વચ્છ પાણી મળ્યું હતું.

પૂર્વ કોંગી કોર્પોરેટર જાગૃતિબેન પ્રભાતભાઇ ડાંગરે વિસ્તારમાં ફરીને બહેનોને પૃચ્છા કરી હતી. આ વિસ્તારના બહેનોએ શુધ્ધ પાણી આજથી મળવાનું શરૂ થયાનું કહેતા કમિશ્નર કચેરીમાં વિરોધનો કાર્યક્રમ મોકુફ રાખવામાં આવ્યો છે. સાથે જ કોંગી અગ્રણી પ્રભાતભાઇ ડાંગરે કમિશ્નરનો આ તત્કાલ કાર્યવાહી બદલ આભાર પણ માન્યો હતો. આ વિસ્તારમાં હવે નિયમિત શુધ્ધ પાણી મળતુ રહે તેવા સુધારા કરવા પણ નાગરિકોએ મહાપાલિકાને સૂચન કર્યુ છે.

# રાજકોટના અનેક વિસ્તારોના જંત્રી દર ઘટાડવા પણ કલેકટરના વડપણ હેઠળની કમિટી દ્વારા સરકારમાં દરખાસ્ત

### અભિપ્રાયોના આધારે જંત્રીના વધારાની સાથે ઘટાડવાનો પણ રિપોર્ટ

રાજકોટ તા.૩૦

રાજય સરકાર દ્વારા નવા જંત્રીદર લાગુ કરવા માટે તૈયારીઓ આરંભી દેવામાં આવી છે. અહીં એ ઉલ્લેખનીય છે કે નવેમ્બર ૨૦૨૪માં રાજય સરકાર દ્વારા જંત્રીના દરમાં વધારો કરવાની જાહેરાત કરવામાં આવી હતી.

બજારમાં જમીનની કિંમતોમાં સતત વધારો તેમજ ઈન્ફ્રાસ્ટ્રકચર અને વિકાસના કારણે જંત્રીમાં વધારો કરવો અતિ આવશ્યક હતો પરંતુ રીયલ એસ્ટેટ માર્કેટમાં તેની સીધી અસર થવાના કારણે રાજય સરકાર દ્વારા નવેમ્બર ૨૦૨૪માં રાજય સરકારે આ નિર્ણય પરત ખેચવો પડયો હતો.

જે બાદ નવા જંત્રી દર લાગુ કરવા માટે રાજય સરકાર દ્વારા ફરી જાહેરાત કરાતા તેની સામે રાજયભરના બિલ્ડર એસોસીએશન દ્વારા વિરોધ ઉઠયો હતો અને આ અંગે બિલ્ડરો દ્વારા રાજયભરના તમામ જીલ્લા મથકો પર કલેકટરને આવેદનપત્ર આપવાની સાથોસાથ રાજય સરકારમાં પણ ઉગ્ર રજૂઆત કરવામાં આવી હતી. જેના પગલે સરકાર દ્વારા નવા જંત્રીદરનો વધારો મોકૂફ રાખી આ અંગે તમામ જીલ્લા મથકો પર કલેકટરના વડપણ હેઠળની કમીટી રચી આ મામલે અભિપ્રાયો લેવામાં આવેલ હતા.

જેમાં રાજકોટ કલેકટરના વડપણ હેઠળની કમીટી દ્વારા પણ જંત્રીદરના મામલે અભિપ્રાય મેળવી રાજય સરકારમાં રીપોર્ટ મોકલી દીધો છે. કલેકટર તંત્રના સુત્રોએ જણાવ્યું હતું કે શહેર જીલ્લામાંથી આવેલા આ અભિપ્રાયોના આધારે આ અંગેનો રીપોર્ટ રાજય સરકારને કરાયેલ છે જેમાં જંત્રીના વધારેની સાથે શહેરના અનેક વિસ્તારોના જંત્રીમાં ઘટાડો કરવાની દરખાસ્ત પણ કરાયેલ છે.

# લખાજીરાજ રોડ પર ખરીદી કરતી યુવતીના પર્સમાંથી આઈફોનની ચોરી

### ભીડમાં યુવતીની નજર ચૂકવી ગઠિયો કળા કરી ગયો, પોલીસે તપાસ આદરી

રાજકોટ. તા.૩૦

લખાજીરાજ રોડ પર ખરીદી કરતી યુવતીના પર્સમાંથી આઈફોનની ચોરી કરી ગઠિયો નાસી છૂટતાં એ.ડિવિઝન પોલીસે તપાસ આદરી હતી.

બનાવ અંગે લખાજીરાજ ઉધોગનગર ચુનારાવાડમાં રહેતા આરતીબેન હીરાભાઈ તલસાણીયા (ઉ.વ.૩૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેણી કોમ્પ્યુટર ઓપરેટર તરીકે કામ કરે છે.

ગઇ તા.૨૭/૦૪/૨૦૨૫ ના સાંજના સમયે તેણી પિતરાઈ બહેન સાથે લાખાજીરાજ રોડ ખાતે રવીવારી બજારમાં ખરીદી કરવા માટે આવેલ અને ત્યાં ટોપ શોપ નામની દુકાન પાસે રોડ પાથરણા વાળા પાસેથી કપડાની ખરીદી કરતા હતા ત્યારે તેણીએ પર્સ ખંભામાં રાખેલ અને તેમાં આઇ ફોન મોબાઇલ રાખેલ હતો.

જે પર્સમાં જોતા મોબાઇલ જોવામાં આવેલ નહી, જેથી લાખાજીરાજ રોડ રોડ પર પાથરણા વાળા પાસે કપડાની ખરીદી કરતા સમયે ભીડમાં તેણીના પર્સમાથી કોઈ અજાણ્યો શખ્સ રૂ.૯૩ હજારના મોબાઈલની ચોરી કરી નાસી છૂટતાં ફરીયાદ નોંધાવી હતી. બનાવ અંગેની ફરીયાદ પરથી પોલીસે તપાસ આદરી હતી.

# મવડીની સીતાજી ટાઉનશીપમાં ચાર મહિનાથી ધુળ ખાતી આંગણવાડી : સાંસદે પણ માર્ચ માસમાં પત્ર લખ્યો હતો!

### મોટી સુવિધા ઉપયોગ વગરની : કેન્દ્રોમાં ભરતી પણ કરવા મુખ્યમંત્રીને રજુઆત કરતા જાગૃત નાગરિક

રાજકોટ, તા. ૩૦

મનપા દ્વારા મવડી વિસ્તારમાં ત્રણ મોટી ટાઉનશીપ બનાવવામાં આવી છે. તે પૈકીની એક સીતાજી આવાસ યોજનામાં ચાર વર્ષ પહેલા બની ગયેલી આંગણવાડી હજુ ધુળ ખાય છે. જે ચાલુ કરાવવા અનેક રજુઆત છતાં કાર્યવાહી થતી નથી જે અંગે સાંસદ પરસોતમભાઇ રૂપાલાને રજુઆત થતા તેમણે માર્ચ મહિનામાં આ આંગણવાડી ચાલુ કરવા કમિશ્નરને પત્ર લખ્યો હતો.



આ આંગણવાડી હજુ ચાલુ થઇ નથી તો આંગણવાડીમાં ભરતીની કાર્યવાહી માટે પણ રજુઆત કરવામાં આવી છે.

મનપાના આઈ.સી.ડી.એસ. વિભાગ દ્વારા સંચાલિત ૩૫૦ આંગણવાડી કેન્દ્રો પૈકી અમુક કેન્દ્રની અંદર હેલ્પર બહેન નથી અથવા વર્કર બહેન નથી તેવી આંગણવાડી કેન્દ્રની અંદર એક બહેન ઉપર અતિશય કામનું ભારણ વધી જવાથી સાફ સફાઈ, બાળકોને અભ્યાસ, રમત ગમત, ભોજન પીરસવું, સફાઇ, મીટીંગ સહિતનો કામગીરીનો બોજ આવે છે. આથી દરેક આંગણવાડી કેન્દ્રોમાં સ્થળ તપાસ સર્વે કરાવી ને ઘટતા હેલ્પર બહેનોની તથા વર્કર બહેનોની તત્કાલ નવી ભરતી ચાલુ કરાવી અપાવવા તથા નવા આંગણવાડી કેન્દ્રો ના મકાનો કમ્પલેટ તૈયાર છે તે ચાલુ કરવા મુખ્યમંત્રીને સામાજીક કાર્યકર સવજીભાઇ ફળદુએ રજુઆત કરી છે.

જે હેલ્પર અથવા વર્કર બહેનોની મેરિટ લિસ્ટમાં નોકરી મળી ગયેલ હોય તે બહેન નોકરી ઉપર હાજર થાય ત્યાર પછી થોડા દિવસો કે મહિનામાં નોકરી મૂકીને રાજીનામું આપી દેવામાં આવે છે તે ખાલી જગ્યા ઉપર જે બહેનોના વેઇટીંગ લિસ્ટમાં નામ હોય તેમને નોકરી ઉપર લેવામાં આવે છે તેમાં ફકત ત્રણ બહેનો માંથી કોઈ નોકરી ઉપર હાજર ન થાય તો ત્યાં પછીના લિસ્ટમાં જે બહેનો મેરિટ લિસ્ટમાં પાસ થઇ ગયેલ હોય તેઓને નોકરી ઉપર લેવામાં આવતા નથી તો આંગણવાડી કેન્દ્રોમાં ઘટ ન રહે તેવી વ્યવસ્થા કરવા રજુઆત કરી છે.

અક્ષય તૃતીયા અને ગણેશ ચોથનાં પવિત્ર દિવસે જ..

# સબ રજીસ્ટ્રાર કચેરીમાં નેટ કનેકટિવીટી ખોરવાઈ: સેંકડો અરજદારોમાં દેકારો

### જી સ્વાન નહી, પરંતુ બીએસએનએલનાં ફોલ્ટના કારણે દસ્તાવેજ કાર્ય ખોરંભાયુ: આકરા તાપમાં લોકોને ડી.એચ. કોલેજની કચેરીઓનાં ધરમધકકા થયા: તંત્રએ વૈકલ્પિક વ્યવસ્થા કરી, ડી.એચ.નાં અરજદારોને જૂની કલેકટર કચેરીમાં શિફટ કર્યા



આજરોજ ડી.એચ. કોલેજ સ્થિત સબ રજીસ્ટ્રાર કચેરી ખાતે નેટ ખોરવાતા અરજદારોનો દેખારો અને રોષ ખાળવા માટે સબ રજીસ્ટ્રાર કચેરીના સતાવાળાઓએ અરજદારોને જૂની કલેકટર કચેરી સ્થિત સબ રજીસ્ટ્રારની અન્ય કચેરીઓમાં ખસેડયા હતા. (તસ્વીર: પંકજ શીશાંગીયા)

રાજકોટ તા.૩૦

શુભ કાર્યો અને પ્રોપર્ટી દસ્તાવેજ જેવા કાર્યો માટે ખૂબજ શુકનીયાળ અને પવિત્ર મનાતો આજે અક્ષય તૃતિયા અને ગણેશ ચોથનો દિવસ હોય રાજકોટના અસંખ્ય મિલકત ધારકો કે જેઓએ નવા મકાન, જમીનોની ખરીદી કરી હોય તેઓના દસ્તાવેજોની નોંધણી માટે અગાઉથી જ સબ રજીસ્ટ્રાર કચેરીમાંથી ટોકન લઈ લીધા હતા. અને શુભ મુહૂર્તમાં દસ્તાવેજ નોંધણી માટે શહેરની ડીએચ કોલેજ સ્થિત સબ રજીસ્ટ્રારની ઝોન-૩-૪-૫-૬-૭ કચેરીઓ ખાતે પહોંચી ગયા હતા. જો કે 'દશેરાએ જ ઘોડુ' ન દોડે તે કહેવત અનુસાર આજે સવારથી જ ડીએચ કોલેજની તમામ પાંચ સબ રજી. કચેરીઓમાં નેટ કનેકટીવીટી ખોરવાઈ ગઈ હતી.

આથી દસ્તાવેજ નોંધણી સહિતની તમામ મહત્વની કામગીરી ખોરંભ ચડી ગઈ હતી અને મોડી બપોર સુધી નેટ પ્રસ્થાપિત ન થઈ શકતા સેંકડો અરજદારો આકરા તાપમાં હેરાન પરેશાન થઈ ગયા હતા.

સબ રજીસ્ટ્રાર કચેરીના અધિકારીઓના જાણાવ્યા મુજબ તેઓની કચેરીની નેટ કનેકટીવીટી બીએસએનએલ મારફતે આવે છે. અને બીએસએનએલની કનેકટીવીટીનાં અન્ડર ગ્રાઉન્ડ કેબલમાં મોટો ફોલ્ટ આવી જતા આજે સવારથી જ ડીએચ કોલેજ ખાતે નેટ કનેકટીવીટી ખોરવાઈ ગઈ હતી અને દસ્તાવેજીને લગતા તમામ કાર્યો ખોરવાઈ ગયા હતા.

પ્રાપ્ત થતી વિગતો મુજબ આજે નેટના પ્રશ્નનાં કારણે અરજદારો તેના વકિલોમાં ભારે દેકારો સર્જાતા અંતે ડીએચ કોલેજ ખાતેના સબ રજીસ્ટ્રાર અધિકારીઓએ ના છુટકે ડીએચ કોલેજના અરજદારોને જૂની કલેકટર કચેરી સ્થિત ઝોન-૧-૨ અને ૮ની સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં શિફટ કરવા પડયા હતા. અસંખ્ય અરજદારોને એક કચેરીમાંથી બીજી કચેરીઓમાં શિફટ કરાતા ભારે દેકારો સર્જાયો હતો.

જુની કલેકટર કચેરીના સબ રજીસ્ટ્રાર અતુલ દેસાઈનો સંપર્ક સાધતા તેઓએ જાણાવેલ હતું કે અહીંની ત્રાણે ઝોન કચેરીઓમાં નેટ ચાલુ હતું. આથી ડીએચ કોલેજની કચેરીઓનાં અરજદારોને અત્રે શિફટ કરાયા હતા.

## ડી.એચ. કોલેજ પાસે અન્ડર ગ્રાઉન્ડ કેબલ તૂટી જતા ફોલ્ટ સર્જાયો

### બીએસએનએલનાં અધિકારી જેઠવાએ કરી સ્પષ્ટતા

રાજકોટ તા.૩૦

આજરોજ ડી.એચ. કોલેજ પાસેના વિસ્તારમાં અન્ડર ગ્રાઉન્ડ પથરાયેલ બીએસએનએલનાં મુખ્ય કેબલમાં કોઈ કારણોસર ભંગાણ થતા આજે સર્વરથી ડીએચ કોલેજ સ્થિત સબ રજીસ્ટ્રાર કચેરીઓમાં નેટ કનેકટીવીટી ખોરવાઈ ગઈ હોવાનું બીએસએનએલનાં અધિકારી જેઠવાએ એક વાતચીત દરમ્યાન જાણાવેલ હતું. તેઓએ વધુમાં જાણાવેલ હતું કે આ વાયરનો ફોલ્ટ શોધી તત્કાલ રીપેરીંગ કરી નેટ પ્રસ્થાપિત કરવા માટે બીએસએનએલની ટેકનીકલ ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ છે અને યુધ્ધનાં ધોરાણે રીપેરીંગ કાર્ય હાથ ધર્યુ છે.

સોરઠીયા વાડી સર્કલ પાસેની ગેંગસ્ટર દુકાનમાં થયેલ તસ્કરીનો ભેદ ઉકેલાયો

# કરિયાણા અને પાન બીડીનું ખાતું થઈ જતાં મામા-ભાણેજે કપડાની દુકાનના કર્મી સાથે મળી ચોરી કરી 'તી

### કર્મચારી રણવીરે ડુપ્લીકેટ ચાવી બનાવી, કરણ વોચમાં હતો અને મામા કોહિનૂરે દુકાનના ખાનામાંથી હાથફેરો કર્યો, ત્રણેયે રૂ.૩૧૫૦૦ ભાગે પડતાં લીધાં'તા

### ક્રાઈમ બ્રાન્ચની ટીમે ત્રણેય તસ્કરને પકડી રૂ.૩૧ હજારનો મુદામાલ કબ્જે કર્યો: પીએસઆઈ એમ.કે.મોવલિયા અને ટીમની કામગીરી

રાજકોટ. તા.૩૦

સોરઠીયા વાડી સર્કલ પાસે કપડાની દુકાનમાંથી રોકડ રૂ.૧.૩૬ લાખની ચોરી થઈ હતી. જે બનાવ બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમે દુકાનમાં કામ કરતાં શખ્સ સહિત ત્રણ શખ્સોને પકડી પાડી રૂ.૩૧ હજારનો મુદામાલ કબ્જે કર્યો હતો. કર્મચારી રણવીરે ડુપ્લીકેટ ચાવી બનાવી, કરણ વોચમાં હતો અને મામા કોહિનૂરે દુકાનના ખાનામાંથી હાથફેરો કર્યો, ત્રણેયે રૂ.૩૧૫૦૦ ભાગે પડતાં લીધાં હતાં.કરિયાણા અને પાન બીડીનું ખાતું થઈ જતાં મામા-ભાણેજે કપડાની દુકાનના કર્મી સાથે મળી ચોરી કર્યાની કબુલાત આપી હતી.

બનાવ અંગે મવડીમાં ઓમનગર સર્કલ પાસે ગીરનાર સોસાયટીમાં રહેતાં વિવેકભાઈ બાબુભાઇ ઘેડીયા (ઉ.વ. ૨૫) એ નોંધાવેલ ફરીયાદમાં જણાવ્યું હતું કે, તેઓ સોરઠીયાવાડી સર્કલ બગીચા સામે ગેંગસ્ટર મેન્સવેર નામની કપડાની દુકાનમા છેલ્લા દોઢ વર્ષથી નોકરી કરે છે અને તે જ દુકાન સંભાળે છે. દુકાનના માલીક યશ આસવાની છે, તે દુકાનમાં તેઓની નીચે ત્રણ વ્યકતીઓ જેમા કરણ, કાર્તીક તથા રણવીર ઉર્ફે રાણો કામ કરે છે.

ગઈ તા.૧૦/૦૪/૨૦૨૫ ના બપોરના સમયે તેમના મોટા ભાઈ મીત ઘેડીયા દુકાને આવેલ અને દુકાનના કેશ કાઉન્ટરમા તેણે તેના ધંધાના રૂ.૧.૩૫ લાખ એક-બે દિવસ માટે મુકેલ હતા. બાદ ગઈ તા.૧૨ ના હનુમાન જંયતી હોવાથી જાહેર રાહદારીને ઠંડા પીણા પીવડાવવાનુ આયોજન ગ્રુપ સર્કલમા કરેલ હતુ. સવારના તેઓ પવનપુત્ર ચોક સોરઠીયાવાડી સર્કલ ખાતે ગયેલ અને થોડીવાર બાદ મોટો ભાઈ મીત પણ ત્યા આવેલ અને બાદમા બપોરના સમયે બંને દુકાન પર ગયેલ હતાં. દુકાનના કેશ કાઉન્ટરમાં ચેક કરતા મોટા ભાઈ મીતે કેશ કાઉન્ટરમાં રાખેલ રૂ.૧.૩૫ લાખ હતા નહી, કેશ કાઉન્ટરના ઉપરના ખાનામા બીજા દુકાનના ધંધાના રૂ ૧૮૦૦ રાખેલ હતા તે પણ જોવામા આવેલ નહી, ચાવી ત્યા જ કેશ કાઉન્ટરના ખાનામા લગાડેલ હાલતમાં જોવામા આવેલ હતી, જેથી ચોરી થયાની





શંકા જતા તુરંત જ દુકાનમા લગાવેલ સીસીટીવી કેમેરા ચેક કરતા તેમા તા.૧૨ ના ૦૯/૩૦ થી ૦૯/૩૨ સુધીમા એક અજાણી વ્યકતિ ખાખી કલર જેવો સીક્યુરીટીનો યુનિફોર્મ પહેરી દુકાનમા કપડા લેવા આવે છે, તેણે માથે ટોપી અને મોઢે માસ્ક બાંધેલ છે. ત્યા હાજર તેમનો માણસ રણવીર ઉર્ફે રાણો પરમાર તેને કપડા પોતાની જાતે દુકાનની અંદર રહેલ સેલ્ફમા જોવાનુ કહે છે અને પોતે દુકાનની સાફ સફાઈ કરતો જોવામા આવે છે. તેમજ તે ગ્રાહક અંદર હોઈ છતા રણવીર ઉર્ફે રાણો દુકાનની બહાર કચરો સાફ કરવા જાય છે, એટલામાં તે અજાણ્યો માણસ જે કપડા જોતો હતો તેણે દુકાનની અંદરના કેશ કાઉન્ટરમા લગાવેલ ચાવી ફેરવી તે ખાનુ ખોલી ઉપર-નીચે બંને ખાનામાથી મળી કુલ રૂ.૧,૩૬,૮૦૦ ચોરી કરી નાસી છૂટ્યા હતાં.

બનાવ અંગેની ફરીયાદ બાદ ક્રાઈમ બ્રાન્ચની ટીમ હરકતમાં આવી હતી અને પીઆઈ એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, ચીરાગ જાદવના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એમ.કે.મોવલિયા ટીમ સાથે તપાસમાં હતાં ત્યારે એએસઆઈ સંજય દાફડા, રણજીતસિંહ પઢારીયા, હેડ કોન્સ્ટેબલ ક્રિપાલસિંહ ઝાલા અને કોન્સ્ટેબલ રામશી કળોટરાને મળેલ ચોક્કસ બાતમીના આધારે તસ્કર રણવીર જીવરાજ પરમાર (ઉ.વ.૧૯),(રહે. ખોડીયારનગર, શેરી નં.૨), કરણ વાલજી સોલંકી (ઉ.વ.૨૫),(રહે. આંબેડકરનગર, ૮૦ ફૂટ રોડ)અને કોહિનૂર દિનેશ જાદવ (ઉ.વ.૧૯),(રહે. સકવસ્તીક વીલા સોસાયટી) ને પકડી પાડ્યા હતાં.

પોલીસે વધુમાં જણાવ્યું હતું કે, તસ્કર રણવીર તે દુકાનમાં જ કામ કરે છે અને કરણ અને કોહિનૂર મામો ભાણેજ છે. મામા ભણેજને કરિયાણા અને પાન બીડીનું દસેક હજારનું ખાતું થઈ જતાં રણવીરને વાત કરી હતી. જે બાદ ચોરીનો પ્લાન ઘડી રણવીરે ડુપ્લીકેટ ચાવી બનાવી હતી અને કરણ દુકાન બહાર વોચમાં હતો જ્યારે મામા કોહિનૂર સિક્યુરિટી ગાર્ડન ડ્રેસમાં આવી દુકાનના ખાનામાંથી હાથફેરો કર્યો હતો. બાદમાં ત્રણેયે રૂ.૩૧૫૦૦ ભાગે પડતાં લીધાં હતાં.

# સિંધુ જળ સંધિ સ્થગિત થયા પછી સિયાલકોટ નજીક ચિનાબ નદીનો પ્રવાહ ઘટચો, સેટેલાઈટ તસ્વીર સામે આવી

જમ્મુ અને કાશ્મીરના પહેલગામમાં થયેલા ઘાતક આતંકવાદી હુમલાને પગલે, જેમાં ઓછામાં ઓછા ૨૬ લોકોના મોત થયા હતા, ભારત દ્વારા પાકિસ્તાન સાથે સિંધુ જળ સંધિને સસ્પેન્ડ કરવાના નિર્ણયના પ્રારંભિક પરિણામો આવી રહ્યા હોય તેવું લાગે છે. અહેવાલ મુજબ, એક નવી સેટેલાઇટ છબીએ સિયાલકોટ નજીક ચિનાબ નદીના પાણીના સ્તરમાં કથિત ઘટાડો દર્શાવ્યો છે, જેના કારણે નદીનો પટ સુકાઈ રહ્યો છે.





પહેલગામ હત્યાકાંડ પછી, ભારતે સરહદ પારથી એક પણ ગોળીબાર કર્યા વિના, ગણતરીપૂર્વકના પગલાં લીધાં છે, જેનાથી પાકિસ્તાન પર વ્યૂહાત્મક દબાણ શરૂ થયું છે. ચિનાબ, ઝેલમ અને સિંધુ જેવી નદીઓના પાણીની વહેંચણીને નિયંત્રિત કરતી સિંધુ જળ સંધિનું સ્થગિત થવું હવે દશ્યમાન અસરમાં પરિણમ્યું છે, જેમાં સિયાલકોટ નજીક ચિનાબ નદીનો પ્રવાહ ઘટવો એ ભારતના આર્થિક અને પર્યાવરણીય લાભનું પ્રતીક બની ગયું છે.

પાણીની ઉપલબ્ધતામાં ઘટાડો થવાથી આ પ્રદેશમાં કૃષિ પ્રવૃત્તિ પર અસર થવા લાગી છે, જે નદી સિંચાઈ પર ભારે આધાર રાખે છે. વધુ ઘટાડા સાથે, તે સ્થાનિક અર્થતંત્રને ખોરવી શકે છે અને ખેડૂત સમુદાયોનું વિસ્થાપન કરી શકે છે. પાકિસ્તાની નેતૃત્વએ ચેતવણી આપી છે કે પાણીના પ્રવાહમાં કોઈપણ ઇરાદાપૂર્વક અવરોધને યુદ્ધ ગણવામાં આવશે.

સંધિ સસ્પેન્ડ થયા બાદ, પાકિસ્તાની રાજકારણી બિલાવલ ભુટ્ટો-ઝરદારીએ એક વિવાદાસ્પદ ભાષણમાં કહ્યું હતું કે ''જો પાણી બંધ કરવામાં આવશે તો નદીઓમાં લોહી વહેશે.'

# ગોળની ગુણવત્તા પણ શંકામાં; પરાબજારની જાણીતી પેઢીઓ પર દરોડા

## સરકારની સુચનાથી ખાસ ડ્રાઈવ : છુટક અને બ્રાન્ડેડ માલના નમુના લેઈ લેબોરેટરીમાં મોકલાયા : જુદી જુદી મસાલા માર્કેટમાં પણ ફૂડ શાખાનું ચેકીંગ ચાલુ







રાજકોટ, તા. ૩૦

મહાપાલિકાની આરોગ્ય અને ફૂડ શાખા દ્વારા જુદા જુદા વિસ્તારોમાં ખાદ્ય પદાર્થોના ચેકીંગ અને નમુનાની ચકાસણી ચાલી રહી છે. તે દરમ્યાન સરકારમાંથી આવેલ ખાસ સૂચના પરથી પરાબજારની જાણીતી પેઢીઓમાંથી બ્રાન્ડેડ અને લુઝ ગોળના ૧૦ નમુના લઇને લેબોરેટરી પરીક્ષણમાં મોકલવામાં આવ્યા છે. તો જાગનાથના કોલ્ડ્રીંકસ પાર્લરમાંથી ત્રણ કિલો વાસી ફ્રુટ મળતા તેનો નાશ કરાયો હતો.

ફૂડ વિભાગે જાહેર કરેલી માહિતી મુજબ ઉનાળામાં ગોળની ગુણવત્તા ચકાસવા ખાસ ડ્રાઇવ શરૂ કરવામાં આવી છે જેના ભાગરૂપે પરાબજાર વિસ્તારની પેઢીઓમાં ચકાસણી કરવામાં આવી હતી. લોકોના આરોગ્યને નુકસાન કે તેવા ગોળના વેચાણ બંધ કરાવવા સૂચના આવી છે. પરાબજાર મેઇન રોડના ગોળ પીઠ વિસ્તારમાં આવેલ ગોકુળ ટ્રેડર્સમાંથી લુઝ કોલ્હાપુરી ગોળ, જયદીપ ટ્રેડર્સમાંથી દેશી ડબ્બાનો ગોળ, અલી હુસેન બદરૂદીન ભારમલ પેઢીમાંથી કોલ્હાપુરી ગોળ અને શ્રીજી શુધ્ધ દેશી પેકડ ગોળ, કંદોઇ બજારના ખુણે આવેલ અજયભાઇ ભરતભાઇ સોમૈયાની પેઢીમાંથી કોલ્હાપુરી ગોળ અને સુખડી ગોળના નમુના લેવાયા હતા.

આ ઉપરાંત પરાબજાર મેઇન રોડના મે.અંદરજી ગોકળદાસ ગોળવાળાને ત્યાંથી રાજમણી શુધ્ધ દેશી ગોળ તથા કોલ્હાપુરી ગોળ, પિતાંબરદાસ ભવાનભાઇ કકકડની પેઢીમાંથી શુધ્ધ દેશી ગોળ તથા અન્નપૂર્ણા ટ્રેડર્સમાંથી આદિનાથ દેશી ગોળના સેમ્પલ લઇને લેબોરેટરી તપાસમાં મોકલવામાં આવ્યા છે.

**વાસી ફ્રુટનો નાશ**

મહાનગરપાલિકાના દ્વારા સર્વેલન્સ ચેકિંગ દરમિયાન ૧૩ ન્યુ જાગનાથના અભય એપાર્ટમેન્ટમાં આવેલ 'શ્રીરામ ફ્રૂટ કોલ્ડ્રિંક્સ' પેઢીમાં તપાસ કરતા સ્થળ પર સંગ્રહ કરેલ કાપેલા વાસી ફ્રૂટનો અંદાજીત કુલ ૩ કિલો જથ્થો મળી આવ્યો હતો. આથી આ ફ્રુટનો નાશ કરી પેઢીને સ્થળ પર યોગ્ય સ્ટોરેજ કરવા, હાઈજેનિક કન્ડિશન જાળવવા તથા લાયસન્સ મેળવવા બાબતે નોટીસ આપવામાં આવેલ છે.

**મસાલા માર્કેટ**

આ ઉપરાંત ફૂડ વિભાગની ટીમે શહેરના નાનામવા સર્કલ રામ મસાલા માર્કેટ વિસ્તારમાં ૧૧ ધંધાર્થીને ત્યાં ૧૧ નમુનાની ચકાસણી કરી છ વેપારીને લાયસન્સ માટે નોટીસ આપી છે જેમાં (૧)ભગવતી મસાલા ભંડાર (૨) ઉમિયાજી મસાલા ભંડાર (૩) ઉત્તમ મસાલા માર્કેટ (૪)ખેડૂત મરચાં ભંડાર (૫)રામનાથ મરચાં (૬)ખોડિયાર ઘઉં ભંડારનો સમાવેશ થાય છે.

જયારે (૭)જલારામ મસાલા ભંડાર (૮)મહાદેવ મસાલા ભંડાર (૯)જય રખાદાદા મીલ (૧૦)શ્રીરામ મસાલા માર્કેટ (૧૧)સતદેવીદાસ અમરદેવીદાસ મસાલા માર્કેટમાં તપાસ કરવામાં આવી હતી.

**કયાં કયાંથી સેમ્પલીંગ**

- ગોકુલ ટ્રેડર્સ
- જયદીપ ટ્રેડર્સ
- અલીહુસેન ભારમલ
- અજયભાઈ સોમૈયા
- અંદરજી ગોકળદાસ
- પિતાંબરદાસ કકકડ
- અન્નપૂર્ણા ટ્રેડર્સ

રાજકોટના જુદા જુદા વિસ્તારમાં દર ઉનાળાની જેમ આ વર્ષે પણ મસાલા માર્કેટો ધમધમી છે. કોર્પો.ના પ્લોટમાં પણ મસાલાના સ્ટોલ લાગ્યા છે. પરંતુ તે સિવાય જુના રાજકોટ સહિતના અનેક વિસ્તારોમાં મસાલાના છુટક તથા જથ્થાબંધ વેપારીઓની પણ પેઢીઓ આવેલી છે. થોડા વર્ષો અગાઉ જુના રાજકોટની પેઢીમાંથી મસાલામાં પાવડર ભેળવીને વેચાણ થતા હોવાનું બહાર આવ્યું હતું. મરચા ડીંટીયાનો પાવડર બનાવીને પણ ભેળસેળ કરાતી હોવાનું પકડાયું હતું. આથી જયાં મસાલા બને છે ત્યાં ઉંડી તપાસ કરવામાં આવે તો વધુ ગોલમાલ પકડાઇ તેવો મત છે.

### પાક સાથેના તનાવ વચ્ચે વડાપ્રધાન સતત દિલ્હીમાં રહેશે

# વડાપ્રધાન મોદીનો રશિયા પ્રવાસ રદ



## તા.૨૮ના મોસ્કોમાં વિકટરી ડે પરેડમાં હાજરી આપવાના હતાઃ હાલની સ્થિતિ જોતા પ્રવાસ રદ

નવી દિલ્હીઃ

પહેલગામ હુમલાના પગલે સર્જાયેલા લશ્કરી સહિતના તનાવ અને ભારત હવે નિર્ણાયક બની રહ્યું છે તે વચ્ચે વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો રશિયા પ્રવાસ રદ કરાયો છે. શ્રી મોદી તા.૯ મે ના રોજ રશિયાની વિકટરી ડે પરેડમાં મુખ્ય અતિથિ હતા.

રશિયાના રાષ્ટ્રપતિ વ્લાદીમીર પુટીનના ખાસ આમંત્રણથી શ્રી મોદી તેમાં ભાગ લેવાના હતા પણ હાલની પરીસ્થિતિ જોતા શ્રી મોદીનો રશિયા પ્રવાસ રદ કરાયો છે તથા તેમાં સતત દેશમાંજ હાજર રહેશે.

આ ઉપરાંત હવે દિલ્હીમાં યુદ્ધ જેવી સ્થિતિનો માહોલ છે. સૈન્ય વડામથક અને સરકારની ઉચ્ચ કચેરીઓમાં ભારે દોડધામ છે. સરકાર તમામ મોરચે તૈયારી કરી રહી છે.

### પાક એરલાઈન ધડાધડ ફલાઈટ રદ કરવા લાગી

# ભારત સ્ટેપ બાય સ્ટેપ આગળ વધી રહ્યું છેઃ આપણુ અસ્તિત્વ ખતરામાંઃ પાક સંસદમાં ભય

## વરિષ્ઠ સાંસદ રાજા નસીરનો ધ્રુજારોઃ આજે આપણી સાથે દુનિયામાં કોઈ નથી



નવી દિલ્હીઃ ભારતના સંભવિત હુમલાની શકયતા જેમ જેમ નજીક આવતી જાય છે તેમ તેમ પાકમાં ભય વધતો જાય છે અને તેનો પડઘો છેક પાકની સંસદમાં પડયા છે. અહી વિપક્ષી સાંસદ રાજા નસીર અબ્દુલને સરકારની આકરી ટીકા કરતા કહ્યું કે ભારત સ્ટેપ બાય સ્ટેપ આગળ વધતુ જાય છે અને આપણે કંઈ કરી શકતા નથી. તેઓએ કહ્યું કે ભારત આપણું અસ્તિત્વ જ મીટાવી દેવા માંગે છે અને દુનિયા આખી ભારત સાથે છે. આપણી સાથે કોણ તે પ્રશ્ન છે. બીજી તરફ પાક હવે ભારતના હુમલાના ભયથી લાહોર-ઈસ્લામાબાદને સલામત રાખવા પણ બન્ને મેટ્રો સીટી વચ્ચેની હવાઈ સીમા બંધ કરી છે તથા પાક એરલાઈને તેના કબ્જાના સ્કાદુ તથા ગીલગીટની ફલાઈટ પણ રદ કરી છે તથા સલામતના અન્ય પગલા પણ લઈ રહ્યું છે.

# આજે રોહિત શર્માનો જન્મદિવસઃ હિટમેન ૩૮ વર્ષના થયા

## બે વખત ICC ટુર્નામેન્ટ જીતનાર કેપ્ટન રોહિત શર્માની જર્સી નંબર '૪૫' પાછળનું રહસ્ય શું છે?




મુંબઈ : 'હિટમેન' તરીકે વિશ્વભરમાં જાણીતા અને કેપ્ટન તરીકે ભારત માટે બે ICC ટુર્નામેન્ટ જીતનાર રોહિત શર્મા આજે (૩૦ એપ્રિલ) પોતાનો ૩૮મો જન્મદિવસ ઉજવી રહ્યા છે. રોહિત તેની વિસ્ફોટક બેટિંગ માટે જાણીતો છે. એક સમયે ભારતીય ક્રિકેટ ટીમમાં મિડલ-ઓર્ડર બેટ્સમેન તરીકે જોડાયેલા રોહિતે ઓપનર તરીકે મળેલી તકોનો લાભ ઉઠાવ્યો છે, જે દુર્લભ છે. આજે રોહિત દેશના સૌથી લોકપ્રિય ખેલાડીઓમાંનો એક છે. તેમના ચાહકોમાં '૪૫' નંબરની જર્સીનો ભારે ક્રેઝ છે. રોહિતે ક્રિકેટ જગતમાં ૪૫મા નંબરને એક નવી ઓળખ આપી છે. ભારતીય કેપ્ટન ટીમ ઈન્ડિયામાં ડેબ્યૂ કર્યા પછીથી જ '૪૫' નંબરની જર્સી પહેરેલો જોવા મળે છે.

**હિટમેનની જર્સી નંબર '૪૫' પાછળનું રહસ્ય શું છે?**

વાસ્તવમાં, રોહિતની માતા અંકશાસ્ત્રમાં માને છે કે કયા નંબર '૯' ને ભાગ્યશાળી માનવામાં આવે છે અને તેણીએ જ રોહિતને ૯ નંબરની જર્સી પહેરવાનું સૂચન કર્યું હતું. પરંતુ તે એક-અંકનો નંબર ઇચ્છતો ન હતો. જ્યારે રોહિતને ૨૦૦૬ના અંડર-૧૯ વર્લ્ડ કપ માટે પસંદ કરવામાં આવ્યો, ત્યારે તેને તેના જર્સી નંબર માટે કેટલાક વિકલ્પો આપવામાં આવ્યા. તે સમયે તેની માતાએ તેના માટે ૪૫ નંબર પસંદ કર્યો હતો. ૪ અને ૫ નો સરવાળો ૯ થાય છે. રોહિતે ખુશીથી આ આંકડો સ્વીકારી. ત્યારથી, રોહિત ફક્ત ૪૫ નંબરની જર્સીમાં રમે છે.

રોહિતે એકવાર તેની ઈન્સ્ટાગ્રામ પોસ્ટ પર કહ્યું હતું કે, 'ઠીક છે, હું અંકશાસ્ત્રમાં માનતો નથી, પરંતુ ક્રિકેટર બનવાના શરૂઆતના સંઘર્ષો કોઈપણને તેના પર વિશ્વાસ કરાવી શકે છે.' તમારે વિશ્વાસ રાખવો પડશે, તમારે દરરોજ પ્રયાસ કરતા રહેવું પડશે અને સખત મહેનત કરવી પડશે.

કોઈ દિવસ જર્સી પર એવું નામ હશે જે દરેક પહેરવા માંગે. પોતાની પ્રતિભા અને મહેનતથી, રોહિતે એવું સ્થાન મેળવ્યું છે કે આજે દરેક ક્રિકેટ પ્રેમી પોતાના નામ અને નંબરવાળી જર્સી ખૂબ જ પ્રેમથી પહેરે છે.

# 'આપ'ના બે દિગ્ગજ નેતાઓ સામે બે હજાર કરોડના કલાસરૂમ કૌભાંડનો આરોપ

## દિલ્હીના પૂર્વ ડે.સી.એમ સિસોદિયા અને પૂર્વ મંત્રી સત્યેન્દ્ર જૈન સામે 'આપ' સાથે જોડાયેલા કોન્ટ્રાકટરોને કોન્ટ્રાકટ આપ્યાનો આરોપ

નવીદિલ્હી,તા.૩૦

દિલ્હીના પૂર્વ નાયબ મુખ્યમંત્રી મનીષ સિસોદિયા અને પૂર્વ પીડબ્લ્યુડી મંત્રી સત્યેન્દ્ર જૈનની મુશ્કેલીઓ અટકવાનું નામ લઈ રહી નથી. દિલ્હીની એન્ટી કરપ્શન બ્રાન્ચે રૂ. ૨૦૦૦ કરોડનું કલાસરૂમ કૌભાંડ મામલે આ બંને નેતાઓ વિરૂદ્ધ વધુ એક એફઆઈઆર નોંધી છે. આ કૌભાંડમાં અન્ય સરકારી અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર્સની સંડોવણી હોવાની શક્યતાઓ પર તપાસ થઈ રહી હોવાનું એસીબી ચીફ મધુર વર્માએ જણાવ્યું હતું.

કથિત લીકર કૌભાંડ અને મની લોન્ડરિંગના આરોપોનો સામનો કરી રહેલા સિસાદિયા અને જૈન વિરૂદ્ધ શાળાઓના કલાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું હતું. એસીબીએ જણાવ્યા પ્રમાણે, આમ આદમી પાર્ટીએ પોતાની સરકારના કાર્યકાળમાં ૧૨૭૪૮ કલાસરૂમ બાંધકામમાં રૂ. ૨૦૦૦ કરોડનું કૌભાંડ આચર્યું હતું. કેજરીવાલની સરકારમાં નાયબ મુખ્યમંત્રી સિસોદિયા શિક્ષણ વિભાગ સંભાળી રહ્યા હતા. જ્યારે જૈન પીડબ્લ્યુડી (પબ્લિક વર્ક ડિપાર્ટમેન્ટ)નો ચાર્જ સંભાળી રહ્યા હતા.

કલાસરૂમના બાંધકામનો કોન્ટ્રાકટ ૩૪ કોન્ટ્રાક્ટરને આપવામાં આવ્યો હતો. જે તમામ AAP સાથે જોડાયેલા હતા. ACBએ જણાવ્યું હતું કે, યોગ્ય પ્રક્રિયાનું પાલન કર્યા વિના જ એડવાઈઝર અને આર્કિટેક્ટની નિમણૂક કરવામાં આવી હતી. સસ્તી ગુણવત્તાના કલાસરૂમ બાંધી ખર્ચ ઉચ્ચ કક્ષાની ગુણવત્તાને સમકક્ષ દર્શાવવામાં આવ્યો હતો. રજૂ કરવામાં આવેલા ટેન્ડરમાં કલાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૨૪.૮૬ લાખ પ્રતિ રૂમ દર્શાવાયો હતો. જ્યારે દિલ્હીમાં આ પ્રકારના કલાસરૂમના બાંધકામનો ખર્ચ રૂ. ૫ લાખ પ્રતિ રૂમ છે.

### પહેલગામ આતંકી હુમલા બાદ...

# રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડની પુનઃ રચના 'રો'ના પૂર્વ પ્રમુખ આલોક જોષી અદયક્ષ બન્યા

## બોર્ડના સભ્યોમાં પૂર્વ વેસ્ટર્ન એર કમાન્ડર પીએમ સિંહા, સધર્ન આર્મી કમાન્ડર એ.કે.સિંહ સહિતનાની નિમણુંક

નવી દિલ્હી તા.૩૦

પહેલગામ આતંકી હુમલાની ઘટના બાદ સરકારે રાષ્ટ્રીય સુરક્ષા સલાહકાર બોર્ડનું પુનઃગઠન કર્યુ છે જેમાં ભારતની ગુપ્તચર સંસ્થા રોનાં પૂર્વ પ્રમુખ આલોક જોશીને અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આ સમિતિનાં સભ્યોમાં પૂર્વ વેસ્ટર્ન એર કમાન્ડર એર માર્શલ પીએમ સિંહા સધર્ન આર્મી કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ એ.કે.સિંહ અને રીઅર એડમીરલ મોન્ટીખન્નાનો સમાવેશ થાય છે. ભારતીય પોલીસ સેવાના નિવૃત અધિકારીઓ રાજીવ રંજન વર્મા અને મનમોહનસિંહ આ બોર્ડમાં છે. આ ઉપરાંત આઈએફેસમાંથી નિવૃત વેંકટેસ વર્મા ૭ સભ્યોનાં આ બોર્ડનો ભાગ છે.



ઉલ્લેખનીય છે કે ઘાતક પહેલગામ આતંકવાદી હુમલાને ધ્યાને લઈને વડાપ્રધાન મોદીએ ફરી એકવાર સુરક્ષા પર કેબીનેટ સમિતિ (સીસીએસ)ની બેઠક બોલાવી હતી ત્યારબાદ રાજનીતિક મામલાની કેબિનેટ સમિતિ (સીસીપીએ) આર્થિક મામલાની કેબિનેટ સમિતિ (સીસીઈએ)ની બેઠક મળી હતી.એક પૂર્ણ કેબિનેટની બેઠક યોજાશે. વડાપ્રધાન મોદી રાજનીતિક મામલાની કેબિનેટ સમિતિ કે સીસીપીએની એક મહત્વપૂર્ણ બેઠક યોજી રહ્યા છે. આ કેબિનેટની સૌથી મહત્વપૂર્ણ સમિતિ જેને સુપર કેબીનેટ કહેવામાં આવે છે. આતંકવાદી હુમલાની ઘટના બાદ આ સમિતિની બીજી બેઠક યોજાશે. વડાપ્રધાનનાં નિવાસે યોજાયેલી મહત્વની બેઠકોમાં વડાપ્રધાન મોદી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, રક્ષામંત્રી રાજનાથસિંહ હાજર હતા.

# સુરતમાં ૧૧ વર્ષના વિદ્યાર્થીને ભગાડી જનાર ૨૩ વર્ષીય શિક્ષિકા ઝડપાઈ, ૪ દિવસમાં સુરતથી ૩૯૦ કિમીથી વધુ દૂર પહોંચી ગયા હતા

સુરત તા.૩૦

થોડાક દિવસો પહેલાં સુરતના પૂણામાંથી ૨૩ વર્ષની શિક્ષિકા ૧૧ વર્ષના વિદ્યાર્થીને લઈને ભાગી ગયાની ઘટના સામે આવી હતી. જેમાં વિદ્યાર્થીના પિતાએ ફરિયાદ કરતાં પોલીસે CCTV ફૂટેજ ને આધારે તપાસ હાથ ધરી હતી. જે બાદ પોલીસની ટીમે શિક્ષિકા અને વિદ્યાર્થી બંનેને રાજસ્થાનના બોર્ડર પર શામળાજી પાસેથી ચાલતી બસમાંથી ઝડપી લીધા છે અને તેમને સુરત લાવવામાં આવી રહ્યા છે.





મળતી માહિતી મુજબ, સુરતના પૂણામાં એક જ વિસ્તારમાં રહેતા બે પરિવાર પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી હતી. ૧૧ વર્ષીય બાળકના પિતાએ જણાવ્યું હતું કે, તેમના પુત્રનું અપહરણ થયું છે. પાંચમાં ધોરણમાં અભ્યાસ કરતો તેમનો ૧૧ વર્ષીય પુત્ર ૨૫મીએ બપોરે ઘરે બહાર રમતો હતો ત્યાંથી ગુમ થઇ ગયો હતો.CCTVચેક કરતાં તેમના બાળકને નજીકમાં જ રહેતી અને તેને એકલાને ૩ વર્ષથી ટ્યુશન કરાવતી તથા શાળામાં પણ વર્ગ શિક્ષિકા રહી ચૂકેલી ૨૩ વર્ષીય યુવતી તેને ભગાવી જતી દેખાઈ હતી. જે શિક્ષિકા આ બાળક ને ભગાવી ગઇ હતી.

૨૩ વર્ષીય શિક્ષિકા તેના ૧૧ વર્ષીય વિદ્યાર્થીને જ ભગાવી ગયાની વાતે પોલીસ અધિકારીઓનું પણ મગજ ચકડોળે ચઢ્યું હતું. પોલીસે વધુ તપાસ કરતાં આ બાળક અને શિક્ષિકા સુરત રેલવે સ્ટેશન ઉપર સાંજે પાંચ વાગ્યે પહોંચે છે. શિક્ષિકા સુરત રેલવે સ્ટેશન પહોંચીને પોતાનો ફોન પણ બંધ કરી દેવાની સાથે બાળક સાથે ટ્રેનમાં બેસી રવાના થઇ જતી દેખાઈ આવી હતી. છેલ્લા ચાર દિવસથી શિક્ષિકા અને વિદ્યાર્થી બંને બસમાં સફર કરીને સુરતથી ૩૯૦ કિમીથી પણ વધુ દૂર પહોંચી ગયા હતા. આ દરમિયાન રાજસ્થાનના બોર્ડર પર શામળાજી પાસેથી ચાલતી બસમાંથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

# પોપટ પાળવો અપરાધઃ વન વિભાગે ૩૭ પેરોટને મુક્ત કરાવ્યાઃ હજું ઝુંબેશ ચાલશે

## પોપટની ખરીદી- વેચાણ પણ વાઈલ્ડ લાઈફ એકટ હેઠળ ગુન્હો બને છે



સુરત : શહેર અને ગામડામાં અનેક લોકોને પોપટ સહિતના કેટલાક વન્ય પક્ષીઓ પાળવાનો શોખ હોય છે. જો કે ભારતીય પોપટ પાળવા ગુનો છે. તેને ઘરમાં રાખી શકતા નથી કે તેની ખરીદી પણ કરી શકતા નથી. એટલુ જ નહીં પણ તેના પીછા કે પછી મૃત અવશેષની જાળવણી કરવી પણ વાઈલ્ડ લાઈફ પ્રોટેક્શન એક્ટ મુજબ ગુનો બને છે. જે માટે વન વિભાગ તરફથી પાછલા કેટલાક સમયથી ઘરમાં પાળવામાં આવી રહેલા પોપટ પકડવાની ઝુંબેશ ચાલી રહી હોય ૩૭ જેટલા રેસ્કયુ કરાયેલા પોપટને ફરી આકાશમાં ઉડવા માટે સક્ષમ બનાવીને મુક્ત કરવામાં આવ્યા છે.

સુરત શહેરના અલગ અલગ વિસ્તારમાંથી વન વિભાગ તરફથી રેસ્ક્યુ કરી પ્રયાસ સંસ્થાને સોંપવામાં આવેલા ૩૭ પોપટને ફરી આકાશમાં વિહાર કરવા માટે સક્ષમ કરીને મુકત કરવામાં આવ્યા છે. વન દ્વારા રેસ્ક્યુ કરવામાં આવેલા મહત્તમ પહાડી પોપટ ગેરકાયદેસર રીતે લોકોએ ખરીદી કરી હતી. અને વેચનારે પોપટની પાંખ કાપી નાંખી પાંજરામાં કેદ કરી દીધા હોવાથી તેઓ ઉડવાનું જ ભુલી ચુક્યા હતા. તેમ છતા તેમને ફરીથી ઉડતા શીખવવામાં આવ્યું હતુ અને પ્રયાસ સંસ્થા દ્વારા હાલ રેસ્કયુ કરાયેલા પોપટને રીહેબિલીટેડ કરીને એવા વાતાવરણમાં મુક્ત કરાયા હતા, કે જયાં તેઓ સ્વતંત્રતાની જિંદગી જીવી શકે.

ઉલ્લેખનીય છે કે ભારતીય પોપટ એટલે કે પહાડી પોપટ પાળવા ગુનો છે. લોકો તેને ઘરમાં રાખી શકતા નથી કે તેની ખરીદી પણ કરી શકતા નથી. તેના પીછા થી લઈને મૃત અવશેષ પણ વન વિભાગનાં હાથે લાગી જાય તો, વાઇલ્ડ લાઇફ પ્રોટેક્શન એક્ટ ૧૯૭૨ મુજબ તે દંડનીય અને બિનજામીનપાત્ર ગુનો બને છે. જેમાં અઢી વરસની જેલની સજા અને ૨૫ હજારનો દંડ પણ થઈ શકે છે.

### ૨૬/૧૧ આતંકી હુમલા વખતે તપાસમાં મહત્વની ભૂમિકા ભજવી હતી

# ૧૯૯૪ બેચના IPS અધિકારી દેવેન ભારતીને મુંબઈના નવા પોલીસ કમિશ્નર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા

## મુંબઈના વર્તમાન સીપી વિવેક ફણસાલકર નિવૃત થયા

મુંબઈ: મહારાષ્ટ્ર સરકારે દેવેન ભારતીને મુંબઈ પોલીસના નવા કમિશનર તરીકે નિયુક્ત કર્યા છે. ૧૯૯૪ બેચના ભારતીય પોલીસ સેવા (IPS) અધિકારી ભારતી હાલમાં મુંબઈના સ્પેશિયલ કમિશનર ઓફ પોલીસ તરીકે સેવા આપી રહ્યા છે.



ભારતીએ મુંબઈમાં અનેક મહત્વપૂર્ણ પોસ્ટિંગ પર સેવા આપી છે. જાન્યુઆરી ૨૦૨૩ માં, તેમને મુંબઈના પ્રથમ સ્પેશિયલ પોલીસ કમિશનર તરીકે નિયુક્ત કરવામાં આવ્યા હતા. તેઓ મહારાષ્ટ્રની રાજધાની શહેરના સંયુક્ત પોલીસ કમિશનર (કાયદો અને વ્યવસ્થા) માં સૌથી લાંબા સમય સુધી સેવા આપનારાઓમાંના એક હતા. ભારતી મહારાષ્ટ્ર રાજ્ય આતંકવાદ વિરોધી ટુકડી (ATS) ના વડા પણ હતા. અહેવાલો અનુસાર, ભારતી ૨૬/૧૧ ના આતંકવાદી હુમલાની તપાસમાં પણ સામેલ રહી છે.

મુંબઈ પોલીસ કમિશનર વિવેક ફણસાલકર ૩૦ એપ્રિલે નિવૃત્ત થયા. ફણસાલકર ૧૯૮૯ બેચના આઈપીએસ અધિકારી છે. અહેવાલો અનુસાર, વર્તમાન એનઆઈએ વડા સદાનંદ દાતે અને તેમના બેચમેટ સંજય કુમાર વર્મા પણ મુંબઈ પોલીસના આગામી કમિશનર બનવાની કતારમાં હતા. જોકે, કેન્દ્ર દાતેને એનઆઈએ વડા તરીકેની ફરજોમાંથી મુક્ત કરે તેવી શક્યતા ઓછી હતી. દરમિયાન, ૧૯૯૩ બેચના અધિકારી અર્ચના ત્યાગીનું નામ પણ આગામી મુંબઈ પોલીસ કમિશનર તરીકે સામે આવ્યું. ઉલ્લેખનીય છે કે, અત્યાર સુધી કોઈ મહિલાએ મુંબઈ પોલીસનું નેતૃત્વ કર્યું નથી.

## રાજકોટના બજાર ભાવ

| તેલ (૧૫ કિલો) | ભાવ |
|---|---|
| સીંગતેલ તેલ (નવા ડબ્બા) | ૨૨૫૫-૨૩૦૫ |
| સીંગતેલ (જૂના ડબ્બા) | ૨૨૦૫-૨૨૫૫ |
| કપાસીયા તેલ (નવા ડબ્બા) | ૨૧૭૫-૨૨૨૫ |
| કપાસીયા તેલ (જૂના ડબ્બા) | ૨૧૨૫-૨૧૭૫ |
| પામોલીયન તેલ | ૨૦૧૦-૨૦૧૫ |
| મસ્ટર્ડ તેલ | ૨૦૩૦-૨૦૬૦ |
| સનફલાવર તેલ | ૨૧૩૦-૨૧૫૦ |
| મકાઇ તેલ | ૨૦૩૦-૨૦૫૦ |
| વનસ્પતિ ઘી | ૨૨૬૦-૨૨૮૦ |
| કોપરેલ | ૩૯૫૦-૪૦૦૦ |
| દિવેલ | ૨૧૫૦-૨૧૬૦ |



**સોનુ-ચાંદી**

| સોનુ (૧૦ ગ્રામ) |
|---|
| ૯૮૦૦૦(-૧૧૦૦) |

| ચાંદી |
|---|
| ૯૭૦૦૦(-૩૨૦૦) |

### નવી લાઇન અને ખોદકામ પર ડામર કામ માટે ધડાધડ મંજૂરી આપતા ચેરમેન જયમીન ઠાકરના ધ્યાને કંપનીઓની બેદરકારી આવી

# ડીઆઇ પાઇપલાઇનના કામોમાં ઢીલ : લોકો હેરાન : એજન્સીઓને નોટીસ આપવા આદેશ

રાજકોટ, તા. ૩૦

પુરા રાજકોટ શહેરમાં પાણીની વર્ષો જુની એમએસ પાઇપલાઇનો બદલવા કરોડોનો ખર્ચ થઇ રહ્યો છે. જુના નવા અને પૂર્વ રાજકોટના મુખ્ય માર્ગ તથા રહેણાંક વિસ્તારોમાં શેરીઓ સહિતના રોડ ખોદાઇ રહ્યા છે ત્યારે પાઇપલાઇનના કામ કરવાની કામગીરી ધીમી ગતિએ ચાલતી હોવાથી લોકો હેરાન થઇ રહ્યા છે. આથી આ કામગીરી સમયસર અને ઝડપી બનાવવા કામમાં ઢીલ દાખવતી એજન્સીઓને નોટીસ ફટકારવા આજે સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે અધિકારીઓને સૂચના આપી છે.

મહાનગરમાં છેલ્લા સાતેક વર્ષથી જુની પાઇપલાઇનો બદલીને નવી ડીઆઇ પાઇપલાઇન પાથરવાનું કામ ચાલી રહ્યું છે. થોડા સમય અગાઉ પાઇપલાઇનની સપ્લાયના વાંકે ચાલુ કામો અટકી પડતા હતા. આ બાદ મનપાએ જાતે કંપની પાસેથી પાઇપલાઇન ખરીદવાના કોન્ટ્રાકટ કર્યા છે. જોબવર્કના આધારે કામના ઝોનલ કોન્ટ્રાકટ મંજૂર કરાયા હતા. હવે શહેરમાં લગભગ તમામ વિસ્તારમાં ડીઆઇ પાઇપલાઇનનું કામ થઇ ગયેલુ અથવા ગતિમાં હોવાનું દેખાઇ છે. લગભગ દર સ્ટે.કમીટીની મીટીંગમાં હજુ નવી લાઇનના કામો મંજૂર થાય છે.

દરમ્યાન જુદા જુદા વિસ્તારમાં જે ઝડપે ખોદકામ ચાલે છે એટલી ઝડપથી કામ પુરૂ થતું નહીં હોવાની ફરિયાદો આવે છે. અનેક વિસ્તારમાં કાયમની જેમ ખાડા ખોદાયા બાદ લેવલીંગ થતું નથી. રહેણાંક વિસ્તારોમાં મોટો ત્રાસ થયો છે. અનેક જગ્યાએ તો એપાર્ટમેન્ટમાં કે ઘરમાં જવાના રસ્તા આડે પણ ખાડા આવી ગયા છે. ચોમાસા પહેલા આવા વિસ્તારોમાં ડામર થશે કે કેમ તેનો જવાબ કોર્પોરેટરો પણ આપતા નથી ત્યારે કમ સે કમ લેવલીંગ સાથેનું મેટલીંગ તો તાબડતોબ કરવાની જરૂર છે. અન્યથા ભવિષ્યમાં પાણી પ્રશ્ન હળવો થાય તે પૂર્વે હાલ અન્ય પ્રશ્ન ઉભા થઇ ગયા છે.





શહેરના જુદા જુદા વિસ્તારમાં ડીઆઇ પાઇપલાઇનના ખોદકામ ચાલુ છે. પરંતુ પાછળ પાછળ મેટલીંગ કામ થતા નથી તો અનેક વિસ્તારમાં પાઇપલાઇનના કામ ધીમા ચાલતા હોય, લોકો હેરાન થઇ રહ્યા છે. **(તસ્વીર : પંકજ શીશાંગીયા)**

**ન્યુ રાજકોટ સહિતના અનેક વિસ્તારોમાં મહિનાઓથી ચાલતુ કામ : 'વાલ્વ'ની પ્રતિક્ષા! ખાડાઓ જેમના તેમ : ચોમાસા પહેલા ડામર ન થાય તો ત્રાસ ડબલ થઇ જશે**



જુના રાજકોટના વોર્ડ નં. ૭ના સમગ્ર જાગનાથ પ્લોટ, મીલપરા, મનહર પ્લોટ વિસ્તાર, વોર્ડ નં.૮ના વૈશાલીનગર, સોજીત્રાનગર, ન્યુ રાજકોટના અનેક વિસ્તારો, કોઠારીયા રોડ, પૂર્વ રાજકોટના ભાગોમાં આ કામ ચાલુ છે. હવે ૧૫૦ ફુટ રોડને લાગુ શીતલપાર્ક વિસ્તારમાં ડીઆઇ પાઇપલાઇનનું કામ લગભગ છ મહિનાથી ચાલુ છે. હજુ આ કામ ચાલવાનું છે. પરંતુ હાલ એજન્સી પાસે વાલ્વનો પુરતો સ્ટોક ન હોવાથી અમુક કામ અટકી ગયું છે. આ અંગેની જાણ થતા સ્ટે.ચેરમેન જયમીન ઠાકરે આજે એન્જીનીયરોનો જવાબ લીધો હતો. આ કામની મુદ્દત તો હજુ ચાલુ છે. પરંતુ કામમાં વિલંબ થવો ન જોઇએ તેવું સ્પષ્ટ કહ્યું છે.

સાથે જ ત્રણે ઝોનમાં ચાલતા ડીઆઇ પાઇપલાઇન પાથરવાના કામમાં વિલંબ બદલ જે તે એજન્સીને નોટીસ ફટકારવા સૂચના આપી છે. આથી વેસ્ટ ઝોનમાં તો આજે જ નોટીસ આપવા કાર્યવાહી થનાર હોવાનું જાણવા મળ્યું છે.

ઉલ્લેખનીય છે કે તાજેતરમાં સેન્ટ્રલ ઝોનના વોર્ડ નં. ૨, ૩, ૭, ૧૩, ૧૪ અને ૧૭માં જયાં જયાં ડીઆઇ પાઇપલાઇન નાખવા માટે ખોદકામ કરાયું હોય તે માર્ગોને ૩૧.૩૧ કરોડના ખર્ચે ડામરથી મઢવા સ્ટે.કમીટીએ મંજૂરી આપી હતી. આ વિસ્તારોમાં તાબડતોબ ડામર કામ શરૂ થાય તે અનિવાર્ય છે. તો જયાં કામ ચાલુ છે ત્યાં પણ ચોમાસા પહેલા પાઇપલાઇન ઉપર ડામર કામ થઇ જાય તે પ્રકારે આયોજન કરવામાં આવે તે જરૂરી હોવાનો કોર્પોરેટરો પણ કહી રહ્યા છે.

# આઇસીએઆઇ રાજકોટ બ્રાન્ચે ''કોર્પોરેટ સંસ્થાઓ માટે નાણાકીય અહેવાલ પ્રક્રિયા વિષય પર સેમિનાર યોજાયો

રાજકોટ, તા.૩૦

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ ઓફ ઈન્ડિયા રાજકોટ બ્રાન્ચે ''કોર્પોરેટ સંસ્થાઓ માટે નાણાકીય અહેવાલ પ્રક્રિયા (Financial Reporting Practices for Corporate Entities)'' વિષયક એક સંપૂર્ણ દિવસીય સેમિનારનું ભવ્ય આયોજન કર્યું હતું.

આ સેમિનારમાં રાજકોટ તથા આસપાસના વિસ્તારોમાંથી ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ્સ, નાણાકીય નિષ્ણાતો તથા કોર્પોરેટ ક્ષેત્રના પ્રતિનિધિઓએ મોટી સંખ્યામાં ભાગ લીધો હતો. સેમિનારનો ઉદ્દેશ નાણાકીય અહેવાલોની ગુણવત્તા, ધોરણો અનુસારનું પાલન અને વ્યવસાયિક પારદર્શિતાને પ્રોત્સાહન આપવાનો રહ્યો.




**સેમિનારમાં ચાર મુખ્ય વિષયો પર નિષ્ણાત વક્તાઓએ વિસ્તૃત માહિતી આપી**

સેમિનારમાં ચાર મુખ્ય વિષયો પર નિષ્ણાત વક્તાઓએ વિસ્તૃત માહિતી આપી હતી. જેમાં Financial Reporting Review Board (FRRB) - પરિચય પ્રવૃતિઓ Ind AS / હિસાબી ધોરણોની સામાન્ય અસંગતતાઓ, Auditing Standards (SAS), CARO 2020 હેઠળ થતી સામાન્ય ત્રુટિઓ , Schedule III ને Companies Act, 2013 ની જોગવાઈ ઓ હેઠળ થતી સામાન્ય ઉલ્લંઘનો પર માહિતી અપાઈ.મુખ્ય વક્તાઓમાં CA. વિશાલ દોશી (ચેરમેન - FRRB, ICAI), CA. અનઘ ગુમા, CA. રાહુલ પરીખ (વડોદરા) તથા CA. ચિંતન પટેલ (અમદાવાદ) ઉપસ્થિત રહ્યા હતા.

# ૪૫ ડિગ્રીમાં સીટી બસો બંધ અને એસ.ટી.ની બસો ચાલુ!

**રાજકોટની ભૌગોલિક સ્થિતિ નિષ્ણાંતો જાણતા ન હતા? એજન્સીને પેનલ્ટી કરવા કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીનો કમિશ્નરને પત્ર**

રાજકોટ, તા. ૩૦

શહેરમાં ૪૫ ડિગ્રી તાપમાનમાં અનેક ઇલે. સીટી બસ બંધ કરવાની નોબત આવતા ખામીવાળી સિસ્ટમ બદલ એજન્સીને દંડ કરવાની માંગણી શહેર કોંગ્રેસ પ્રમુખ અતુલ રાજાણીએ કમિશ્નરને પત્ર પાઠવીને કરી છે.

પ્રમુખે રજુઆતમાં જણાવ્યું છે કે, શહેરને પ્રદૂષણ મુક્ત બનાવવામાં શહેરમાં જે સીટી બસો દોડી રહી છે તેમાં ટેકનિકલ ખામીને પગલે સુવિધાને બદલે સમસ્યા ઉદભવી છે. શહેરમાં ૬૦ જેટલી બસો ૪૫ ડિગ્રી તાપમાનમાં ગરમ થઈ જતા બંધ કરવી પડી હતી. સવા કરોડની બસ હોય તે બંધ થઈ જાય અને ૪૦ લાખની બસ ઓન ધ રોડ ચાલી રહી છે. જે પગલે અનેક મુસાફરોને હાલાકી વેઠવી પડી હતી. આ તમામ બસોમાં ટેકનિકલ ક્ષતિઓ હોવાનું અને રાજકોટની ભૌગોલિક પરિસ્થિતિ જાણ્યા વગર ખરીદી કરી હોવાનું સ્પષ્ટ જણાય છે.

શહેરમાં ચાલતી સીટી બસ ૫૧ ડિગ્રી થી વધુ ગરમી સહન કરી શકતી નથી પરંતુ આ બસો રાજકોટમાં ૪૫ ડિગ્રીમાં હાંફી ગઈ છે અને આ ગરમ થયેલી સીટી બસના મશીનમાં એલર્ટ દેખાડતા તેને હોલ્ટ પર મૂકવી પડી હતી.



મહાનગરપાલિકા અને એજન્સી પીએમઆઇ સાથે આ અંગે ટેકનિકલ ક્ષતિઓ સુધારવા અંગે ચર્ચા કરી છે. ઊંચા તાપમાનમાં ઈલેક્ટ્રીક બસ બંધ કરવામાં આવી હતી પરંતુ એસ.ટી.ની ઈલેક્ટ્રીક ૨૧ બસો ઓન ધ રોડ રાજકોટમાં જ ચાલી રહી હતી. એક સરખા સિદ્ધાંત અને ટેકનોલોજીની મદદથી ચાલતી બસોમાં મનપા તંત્ર દ્વારા બંધ કરાય અને એસટી તંત્ર દ્વારા ચાલુ રખાય ત્યારે એજન્સી શંકાના દાયરામાં છે.

બસો બંધ કરવી પડે એ એજન્સીની ખામી દર્શાવે છે. આ અંગે મુસાફરોને પડેલ તકલીફ બદલ એજન્સીને પેનલટી થવી જોઈએ અને જે બસો બંધ કરવામાં આવી છે તે તાત્કાલિક અસરથી જે કંઈ ખામી હોય તે સુધારી મુસાફરો હિતમાં તાત્કાલિક શરૂ કરવા કોંગ્રેસે માંગણી કરી છે.

### સમસ્ત શ્રીમાળીઓની પાટડિયા પરિવાર દ્વારા નાગર બોર્ડિંગમાં

# સત્યનારાયણ ભગવાનની કથા યોજાઈ

**સત્યનારાયણની કથામાં ૧૮ દંપતિઓએ પૂજા-અર્ચના કરી છે.**

રાજકોટ,તા.૩૦

સમસ્ત માળી સોની પાટડીયા પરિવાર દ્વારા સમસ્ત શ્રી માળી સોની સમાજ માટે શ્રી સત્યનારાયણ ભગવાનની સંગીતમય કથાનું આયોજન કરવામાં આવ્યું કથામાં ૧૮ દંપતિઓ બેસી પુજા અર્ચના કરવામાં આવેલ.શાસ્ત્રીજી શ્યામભાઈ મહેતા (ડોડીયા વાળા) વ્યાસાસન પર બિરાજમાન થઈ શ્રી સત્યનારાયણ ભગવાનની સંગીતમય કથાનું રસપાન કરાવ્યું.આ કથામાં કળશની પૂજા પ્રભુદાસભાઈ પારેખ દ્વારા કરવામાં આવેલ કથામાં બેસનાર દંપતીઓમાં નવનીતભાઈ ચુનીલાલ પાટડીયા, ઉર્મિલાબેન નવનીતભાઈ પાટડીયા, જયંતિલાલ કનૈયાલાલ પાટડીયા જયોતિબેન જયંતિલાલ પાટડીયા, જીજ્ઞેશભાઈ નટવરલાલ વાગડીયા શ્વેતાબેન જીજ્ઞેશ કુમાર વાગડીયા,મિલનભાઈ મનસુખભાઈ પાટડીયા, હસ્મિતા બેન મિલનભાઈ પાટડીયા, વિગેરે દંપતીઓના પરિવાર દ્વારા પૂજા અર્ચના કરવામાં આવેલ.સત્યનારાયણ ભગવાનની કથામાં અતિથિ વિશેષ તરીકે પ્રભુદાસભાઈ શાંતિલાલભાઈ પારેખ (શિલ્પા લાઈફ, સ્ટાઈલ) ડો.ચુનીલાલ પાટડીયા, (નાયબ ચેરિટી કમિશનર અમદાવાદ) વૈભવ ભાઈ ચોકસી (સુરેન્દ્રનગર) તથા સોની સમાજનાં અગ્રણી અરવિંદભાઈ પાટડીયા,



નલિનભાઈ પાટડીયા, કિશોરભાઈ બારભાયા, મિલનભાઈ રાણપરા પ્રફુલભાઈ કકકડ, હસુભાઈ મોડેસરા, જગદીશ વાગડીયા, પ્રવિણભાઈ પારેખ, તથા મહિલા અગ્રણી નેહાબેન ધકાણ વિગેરે ઉપસ્થિત રહ્યા હતાં.

ચૈત્ર વદ અમાસના રવિવારે નાગરબોર્ડિંગના હોલ મહાદેવ મંદિર સમક્ષ વ્રતકથા કરવામાં આવેલ આ કાર્યક્રમ આયોજનમાં જીજ્ઞેશ એન વાગડીયા, કલ્પેશભાઈ પાટડીયા, સંદિપભાઈ જડીયા, હસ્મિતા બેન પાટડીયા, નરેન્દ્રભાઈ પાટડીયા, હિતેનભાઈ પાટડીયા, ધવલભાઈ પાટડીયા, સુમિત વાગડીયા, તથા કમિટી મેમ્બર વિમલભાઈ વાગડીયા, ભાવિનભાઈ વાગડીયા, પ્રશાંતભાઈ વાગડીયા,સંદિપભાઈ પાટડીયા, દિલીપભાઈ માંડલિયા, વિશાલભાઈ પાટડીયા, તેજશભાઈ પારેખ, પરેશભાઈ પારેખ, ભાવેશભાઈ પારેખ,આશિષ પાટડીયા વિગેરે હોદ્દેદારો ભારે જહેમત ઉઠાવી હતી..

# વોઈસ ઓફ લોયર ગ્રુપ આયોજીત રાત્રિ પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટ ચેમ્પિયન બનતી ફાઈટર ઈલેવન ટીમ

**કેપ્ટન જીતેન્દ્રસિંહ પરમાર અને વાઇસ કેપ્ટન શકીલભાઈ નોઈડાની આગેવાનીમાં બાલાભાઈ સેફતરા, કિશનભાઈ વાલ્વા, સંજયભાઈ ડાંગર, ખોડુભા સાકરીયા, કરશનભાઈ ભરવાડ સહિતના ખેલાડીઓનું જબરૂ પ્રદર્શન**

રાજકોટ, તા.૩૦

વોઈસ ઓફ લોયર ગ્રુપ આયોજીત રાત્રિ પ્રકાશ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ફાઈટર ઇલેવન ટીમ ચેમ્પીયન બની છે. ટુર્નામેન્ટમાં મેન ઓફ ધ સીરીઝ તથા બેસ્ટ બોલર સકીલભાઈ નોયડા જાહેર થયેલ તથા બેસ્ટ પ્લેયર તરીકે યસ કટારમલ જાહેર થયેલ. જેઓને મોમેન્ટો આપી આયોજકો દ્વારા સમ્માનીત કરવામાં આવેલ હતા.

વોઈસ ઓફ લોયર ગ્રુપ આયોજીત એડવોકેટ સ્વ.રાજકુમારસિંહજી ક્રિપાલસિંહજી પરમાર મેમોરીયલ રાત્રિ પ્રકાશ ટેનીસ ક્રિકેટ ટુર્નામેન્ટનું એડવોકેટ માટે તા.૨૪ /૦૪ /૨૫ થી તા.૨૬/૦૪/૨૫ સુધી આયોજન થયેલ હતું. જેમાં ૧૬ ટીમોએ ભાગ લીધેલ હતો. જેમાં રાજકોટની ફાઈટર ઇલેવન ટીમે ફાઈનલમાં પ્રવેશ કરતા ટીમ ઈન્ડીયા તથા ફાઈટર ઇલેવન વચ્ચે રોમાંચક મેચ રમાયો હતો. તેમાં ફાઈટર ઇલેવન ટીમનો



ભવ્ય વિજય થયો હતો. ટીમને આયોજકો દ્વારા ચેમ્પિયન ટ્રોફી આપી સમન્માનીત કરવામાં આવેલ હતા. ફાઈટર ઇલેવનમાં (૧) જીતેન્દ્રસિંહ પરમાર (કેપ્ટન), (૨) બાલાભાઈ સેફાતરા, (૩) સકિલભાઈ નોયડા(વાઈસ કેપ્ટન), (૪) યશ કટારમલ, (૫) કિશનભાઈ વાલવા, (૬) સંજય ડાંગર, (૭) દિક્ષીત પુજાણી (૮) દવનીશ જોષી (૯) કુંજન શાહ (૧૦)દિપક ગાચર (૧૧) સચિન સોલંકી(૧૨) ખોડુભા સાકરીયા(૧૩) સિદ્ધાર્થ પટેલ (૧૪) જતીન ભરાઈ (૧૫) પ્રદિપ મકવાણા (૧૬) મહેશ મકવાણા (૧૭)ઈકબાલ થૈયમ (૧૮) કરશન ભરવાડ સહિતના ખેલાડીઓએ હતા.




# કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા વિના મુલ્યે છાસ વિતરણ

શ્રી કોઠારીયા નાકા મિત્ર મંડળ ટ્રસ્ટ દ્વારા એમ.જે. શાહ (ભાડલાવાળા) પબ્લીક ચેરીટેબલ ટ્રસ્ટના સહયોગથી જરૂરીયાત મંદ પરિવારના લોકોને છાસ વિતરણ કોઠારીયા નાકા ખાતે ચાલે છે જેમાં તા. ૨૧-૪-૨૦૨૫ ના રોજ સ્વ. ચીમનભાઈ શુકલની પુણ્યતીથીએ છાસ વિતરણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ગોવિંદભાઈ પટેલ પૂર્વ ધારાસભ્ય કશ્યપભાઈ શુકલ, કચ્છ વિસ્તારના પ્રભારી દર્શનભાઈ જાની મહાનુભાવો હસ્તે છાસ વિતરણ કરવામાં આવેલ. આ છાસ કેન્દ્રનો ૨૫૦ પરિવાર લાભ લઈ રહેલ છે.



# વોર્ડ નં.૧૮ના જયપાર્ક અને સનપાર્કમાં ડામર કામનો પ્રારંભ કરાવતા કોર્પોરેટરો

રાજકોટ,તા.૩૦

વોર્ડ નં.૧૮માં આવેલ જય પાર્ક અને સનપાર્કમાં ડામર કામનો શુભારંભવોર્ડ નં.૧૮ના કોર્પોરેટર દ્વારા કરાવવામાં આવેલ હતો.આ કાર્યક્રમમાં કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, ગેલાભાઈ રબારી, અનિલભાઈ દોંગા, મુન્નાભાઈ જોગરાણા, માલતીબેન ચાવડા, વર્ષાબેન સભાયા, સોનલબેન સોમૈયા, ભારતીબેન ગજેરા, ઉર્મિબેન ગોંડલીયા, વિસ્તારના આગેવાનો ઉપસ્થિત રહેલ હતાં.

### શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞ

કોટડાસાંગાણી તાલુકાના સાંઢવાયા ગામે શ્રી રામગર બાપુ સેવા ટ્રસ્ટ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. જેના વ્યાસાસને ગોંડલ તાલુકાના રાણસીકી ગામના યુવા કથાકાર કૌશિકભાઈ ભટ્ટ બિરાજીને કથાનું રસપાન કરાવી રહ્યા છે. તા.૨૮ એપ્રિલથી તા.૪ મે સુધી આયોજિત શ્રીમદ ભાગવત સપ્તાહનો લાભ લેવા શ્રી રામગર બાપુ સેવા ટ્રસ્ટ અને સાંઢવાયા ગામ સમસ્ત ભાવિકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# આર. એન. મહેતા કોલેજમા કેરિયર કાઉન્સિલિંગ તથા ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમોની વિગતવાર માહિતી મેળવવા માટે હેલ્પ સેન્ટર શરૂ

રાજકોટ, તા.૩૦

ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી સંલગ્ન આર. એન. મહેતા કોલેજમાં ગુજરાત સરકાર દ્વારા ચલાવવામાં આવતા શિક્ષણ વિભાગના ''ગુજરાત કોમન એડમીશન સર્વિસીસ (GCAS)નું હેલ્પ સેન્ટર કે જ્યાં GCASનું મફત ફોર્મ ભરવા અને તેની ચકાસણીનું કેન્દ્ર કાર્યરત છે. ધોરણ ૧૨નાં વિદ્યાર્થીઓ માટે GCASનું QUIK REGISTRATION ચાલી રહ્યું છે.

BCA, BCA HONARS, BCA HONARS WITH RESEARCH જેવા NEP 2020 મુજબના GTU (ગુજરાત ટેકનોલોજીકલ યુનીવર્સીટી) એડમિશન તથા કેરિયર કાઉન્સિલિંગ માટે વિદ્યાર્થીઓને વિનામુલ્યે લાભ લેવો.

ધોરણ ૧૨ કોમર્સ, સાયન્સ તથા આર્ટસનાં વિદ્યાર્થીઓને આગળનાં અભ્યાસક્રમો માટે વિના મુલ્યે માર્ગદર્શન આપવામાં આવશે. આર. એન. મહેતા કોલેજ ખાતે ધોરણ ૧૨નાં કોમર્સ, સાયન્સ તથા આર્ટસ પછીનાં અભ્યાસક્રમોમાં એડમિશન લેવા માટે પ્રથમ રાઉન્ડની ચોઈસ ફીલીંગ તથા એડમિશન એલોટમેન્ટ અને તે અંગેની કાર્યવાહી જેવી બાબતો માટે કોમ્પ્યુટર, પ્રિન્ટર, ઈન્ટરનેટ જેવી જરૂરી તમામ સુવિધા વિનામૂલ્યે વિદ્યાર્થીઓને આપવામાં આવે છે.

કેરિયર કાઉન્સિલિંગ તથા ધોરણ ૧૨ પછીના અભ્યાસક્રમોની વિગતવાર માહિતી અને માર્ગદર્શન મેળવવા માટે આર. એન. મહેતા કોલેજનું હેલ્પ સેન્ટર સવારના ૮:૦૦ થી બપોરના ૧:૦૦ અને સાંજના ૪:૦૦ થી ૮:૦૦ સુધી ૪-બી, એસ. કે. ચોક, સ્ટર્લિંગ હોસ્પિટલ સામે, ૧૫૦ ફૂટ રીંગ રોડ, ગાંધીગ્રામ, રાજકોટ ખાતે કાર્યરત છે.

### ભરડવા કુંટુંબનું ગૌરવ

રાજકોટમાં રહેતા દેવેન્દ્રભાઈના પુત્ર ભાવીનભાઈ ભરડવા વકીલાતનો અભ્યાસ પુરો કરી તેની પરીક્ષા પાસ કરી વકીલાતની ડીગ્રી મેળવેલ છે.ભાવીનભાઈ નાનપણથી ભણતરમાં હોશીયાર હતા અને થુ આઉટ પોતાની કારકીર્દી તૈયાર કરતા હતા. અને અંતે એલએલબી એટલે કે વકીલાતની ડીગ્રી હાંસલ કરી કુટુંબ પરીવારનું ગૌરવ વધારેલ છે.



# સ્વ. ગુણવંતરાયમહેતા ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કુકિંગ શો- કુકિંગ કોમ્પિટીશન યોજાઈ

### ૭૦ કરતા વધુ મહિલાઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો

રાજકોટ, તા.૩૦

રસોઈ એ એક કળા છે અને ઘણા લોકોમાં આ કળા એક શોખ રૂપે હોય છે.આવા શોખીન લોકો અવનવી વાનગીઓ બનાવતા હોય છે.



ઘણા લોકો પોતાની રસોઈ કળાને એક આવકનું સાધન પણ બનાવી ચુક્યા છે આવા શોખીન લોકોને એક સારુ પ્લેટફોર્મ પૂરૂ પાડવાનો પ્રયત્ન એટલે ''કુકીંગ શો કુકીંગ કોમ્પીટીશન'' આપણું રસોડું એ એક આયુર્વેદનો ખજાનો છે. રસોઈ માં વપરાતા મરી મસાલા એ વધતા-ઓછા અંશે આપણા સ્વાસ્થ્યને પણ અસર કરતા હોય છે.

નલીન એન્ટરપ્રાઇઝ, રાઇઝીંગ ઇન્ડીયા અને સ્વ. ગુણવંતરાઇ મહેતા ચેરીટેબલ ટ્રસ્ટના સંયુકત ઉપક્રમે તા.૨૦-૦૪-૨૦૨૫ ને રવિવારે ગીતાંજલી હોલ, ભકિતનગર સર્કલ પાસે, ગીતા મંદિર સામે, રાજકોટ ખાતે કુકીંગ શો કુકીંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવેલ હતું. આ કુકીંગ કોમ્પીટીશનમાં ૭૦ કરતા વધુ મહિલાઓએ ખૂબ ઉત્સાહથી ભાગ લીધો હતો અને અલગ અલગ ગ્રુપમાં ભાગ લઈ અઢળક વાનગીઓ બનાવીને આયોજકો, જજીસ તેમજ દરેક લોકોને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

વિજેતાઓમાં ગ્રાન્ડ વિનર મનીષા મોનાની સાથે સાથે એ ગ્રુપમાં ફરાળી, જૈન - મિલેટ વાનગીઓમાં કલ્પના વ્યાસ મનીષા મોનાની નિમીષા પૂજારા ,કરૂણા હરસોરા બી ગ્રુપમાં લંચબોક્ષ વાનગીઓમાં ,સોનલ ત્રીવેદી, પલ્લવી ઠકકર, માનસી ગાંધી, કરૂણા હરસોરા સી ગ્રુપમાં અન્ય કોઇપણ વાનગીમાં ,સુષ્મા વ્યાસ, પલ્લવી ઠકકર, મીતા વીઠલાણી ,સીમા નથવાણી ડી ગ્રુપમાં સ્પોન્સર ચોઇસમાં ,કૌમુદી છાંટબાર, દિમી મહેતા , નિશીતા દોશી ,પરીતા ગણાત્રા સૌથી નાની ઉમરમાં દ્રિત ગણાત્રા સૌથી મોટી ઉમરમાં ઉર્મિલા રાજાણી વિજેતાઓ જાહેર થયેલ.

# રાજકોટના અનમોલ રત્નો: ગિનિસ બુક ઓફ વર્લ્ડ, લિમ્કાબુક ઓફ રેકોર્ડઝમાં સ્થાન મેળવ્યું

## દેશ-દુનિયામાં રાજકોટનું નામ રોશન કરનાર ડો.દિપક શર્મા, નિકુંજ વાગડિયા, મીનુ જસદણવાળા, ડો.હિમાશું ઠક્કર, વિશાલ નાગાણી, બીટુ ગાંધી, હરેશ ઝવેરી, 'સાંજ સમાચાર' કોર્પોરેટ હાઉસની મુલાકાતે

## જવેલ્સ ઓફ સૌરાષ્ટ્રની સ્થાપના:પ્રતિભાવંતોને અનોખુ, પ્લેટફોર્મ મળશે: ટાઈબાધવા, ટચુકડા, પુસ્તક, કવિતા, મેડીકલ સર્જરી, ગણિત, ટ્રેકીંગ ક્ષેત્રમાં સિદ્ધિ





રાજકોટના રત્નો: રાજકોટનાં વિવિધ ક્ષેત્રોમાં ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ તથા લિમ્કા બુક ઓફ રેકોર્ડમાં સ્થાન પ્રાપ્ત કરનાર ડો.દિપક શર્મા, નિકુંજ વાગડિયા, મનુ જસદણવાળા, ડો.હિમાંશુ ઠક્કર, વિશાલ નાગાણી, બીટુ ગાંધી, હરેશ ઝવેરીએ 'સાંજ સમાચાર' કોર્પોરેટર હાઉસ ખાતે તંત્રીશ્રી પ્રદિપભાઈ શાહની મુલાકાત લઈ તેઓ સમક્ષ પોતાની વિશિષ્ટ પ્રતિભાવંત સિદ્ધિ દર્શાવી હતી.આ તકે તંત્રીશ્રી પ્રદિપભાઈ શાહે તમામને બિરદાવી અભિનંદન આપ્યા હતાં.



(તસ્વીર : પંકજ શીશાંગીયા)

રાજકોટ,તા.૩૦

માનવ એ ઈશ્વરની સર્વોત્તમ રચના છે, પરંતુ કેટલાક જુજ મનુષ્યો તો ઈશ્વરે એવા ઘડયા છે, જે સમગ્ર માનવજાતિ એક ચમત્કાર જેવા હોય છે, જેનામાં ઈશ્વરે કોઈ એક એવું અનોખું તત્વ મુકેલુ હોય છે. જે પૃથ્વી પરના તમામ અન્ય કરતા તેને જુદુ જ બનાવે છે. ટૂંકમાં આવા લોકો પૃથ્વી પર ખુબ જ જુજ હોય છે. આવ જ લોકોના કાર્યને વિશ્વ કક્ષાએ ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને રાષ્ટ્ર કક્ષાએ લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ પોતાની પ્રતિષ્ઠિત રેકોર્ડ બુકમાં સ્થાન આપી તેઓનું બહુમાન કરે છે. સૌરાષ્ટ્ર એ તો સુરા અને ભક્તોની ભૂમિ તરીકે ઓળખાય છે. જેનું પાટનગર એટલે રાજકોટ આપણું શહેર. રાજકોટ શહેર માટે ગૌરવ લેવા જેવી વાત એ છે કે અહીં એક નહિ પણ અનેક એવા વ્યકિતઓ છે, જેઓએ કોઈ વિશિષ્ટ ક્ષેત્રમાં અનોખું ખેડાણ કરી ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં આપણા શહેરનું નામ રોશન કર્યુ છે, જે ખરેખર આજના સમયના જવેલ્સ ઓફ સૌરાષ્ટ્ર છે, જેઓનો જન્મ આ રાજકોટમાં થયેલ છે. જેઓના કાર્યનો થોડો પરિચય મેળવીએ.

**૧. ડો. દીપક શર્મા:-** જેમને ટાઈમેન તરીકે ઓળખવામાં આવે છે. જેઓ એક પ્રતિષ્ઠિત રીટાયર્ડ બેંકર છે. જેઓને ને ટાઈ એકત્રિત કરવાનો અસાધારણ શોખ છે. ૧૬ વર્ષના સમયગાળામાં તેમને ૫૮૦૦ ટાઈનો પ્રભાવશાળી સંગ્રહ કર્યો છે. જેમાં એકપણ ટાઈનું પુનરાવર્તન થયેલ નથી. કેબીસી માં શ્રી અમિતાભ બચ્ચન સાહેબે પેહેરેલી વિશેષ ટાઈ પણ તેઓના આ અનોખા સંગ્રહમાં છે. આ કૌશલ્યના કારણે તેઓનું નામ ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ, લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ અને ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડઝમા દર્જ કરવામાં આવ્યુ છે. તેઓના એક નહી પણ આવા અનેક વિશ્વવિક્રમો છે.

**૨. નિકુંજ વાગડિયા:-** રાજકોટના વિશ્વ પ્રખ્યાત મીનીએચર આર્ટીસ્ટ, આંતરાષ્ટ્રીય પતંગવીર, બાળ કેળવણીકાર, એજ્યુકેશનલ ટોય રોસર્ચર અને ઈનોવેટર અને બાળ છબીકલાકાર (ફોટોગ્રાફર) છે. જેઓએ હથેળીમાં સમાઈ જાય, તેવડા કદના આશરે ૩૦૦ ટચુકડા પુસ્તકો નરી આંખે લખી; ગીનેસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડ અને લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમા નામ દર્જ કરાવ્યું છે. તેઓ આ ક્ષેત્રે રેકોર્ડ દર્જ કરાવનાર વિશ્વના પ્રથમ વ્યકિત છે. જેમાં તલના દાણા જેવડું વિશ્વનું સુક્ષ્મતમ પુસ્તક પણ સમાવિષ્ટ છે ઉપરાંત અંગુઠા જેવડા કદના રામાયણ, મહાભારત અને કુરાનનાં પુસ્તકો શામેલ છે.

### રાજકોટના પ્રતિભાવંતોએ વિશિષ્ટ ક્ષેત્રોમાં ગૌરવવંતુ સ્થાન મેળવ્યું

| | | |
|---|---|---|
| ૧ ડો.દીપક શર્મા | મો.૮૮૮૯૫૫૫૪૧૯ | ૫૮૦૦ ટાઈનો વિશાળ સંગ્રહ, ફટાફટ ટાઈ બાંધી આપવાનો ગીનેસબુકમાં વિશ્વવિક્રમ |
| ૨ નિકુંજ વાગડિયા | મો.૮૪૦૧૦૯૬૬૬૦ | વિશ્વમાં સૌથી વધુ સંખ્યામાં ટચુકડા પુસ્તકો નરી આંખે લખી આપવાનો ગીનેસબુકમાં વિશ્વવિક્રમ નવીનતમ શૈક્ષણિક ઉપકરણોની શોધ માટે રાષ્ટ્રીય વિક્રમ ફોટોગ્રાફીમાં ગુજરાત ગૌરવ પુરસ્કૃત સૌથી યુવા ફોટોગ્રાફર |
| ૩ મીનું જસદણવાલા | મો.૯૨૨૮૧૯૧૯૧૯ | ભારતમાં લોન્ગેસ્ટ ગાંધી કથા કરવા માટે, સૌથી મોટા પોસ્ટકાર્ડનાં નિર્માણ અને મેરેથોન રીડીંગ કરવા માટે લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં વિક્રમ |
| ૪ ડો.હિમાંશુ ઠક્કર | મો.૯૯૦૧૫૩૭૯૩ | કાન,નાક, અને ગળાની રેરેસ્ટ ઓફ થી રેર મેડીકલ સફળ સર્જરીઓ કરવા બદલ લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં વિક્રમ |
| ૫ વિશાલ નાગાણી | મો.૯૯૧૩૫૪૨૨૬૪ | ગાણિતિક ગણતરીઓમાં એઆઈને પણ હંફાવી દેતો માનવી એટલે વિશાલ નાગાણી જે માટે લિમ્કાબુક ઓફ રેકોર્ડઝમાં વિક્રમ |
| ૬ બીટુ ગાંધી | મો.૯૯૯૯૦૮૬૬૦ | ૧૮૦ અંશના ખુણે પગવાળી ઉલટા પગે આગળ અને પાછળ ચાલતો વિરલ કૌશલ્ય ધરાવતો વ્યકિત જે માટે લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં વિક્રમ |
| ૭ હરેશ ઝવેરી | મો.૯૮૨૪૧૧૦૧૦૧ | ભારતના અતિ દુર્ગમ અને ૧૮૩૮૦ ફુટ ઉંચા દુર્ગમ રસ્તા પર બાઈક હંકારી જવાનો લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં રેકોર્ડ |

**૩. મીનું જસદણવાલા:** સમાજના સહયોગથી આશરે ૫૫૦ જેટલા નિસહાય બાળકોને સાઇકલની ભેટ ખપાવી શાળાએ જતા કર્યા છે તેઓ અનેક અબોલા જીવોનું હાલતું - થાવતું મદદ કેન્દ્ર છે. તેબો સૌ પ્રથમ એશિયન છે કે જેઓએ ૨૫૦૦ કવિતાઓનો એક વર્ષ જેટલા ટૂંકાગાળામાં મુખપાઠ કરી ઓડીઓ રેકોર્ડીંગ કર્યું છે.

**૪. ડો. હિમાંશુ ઠક્કર:-** તાજેતરમાં જ તેમણે એક દર્દીના નાકમાંથી દૂરબિન વડે ૮ ભળત હૃ ૨.૫ ભળત મોટો મસો કાઢી મેડીકલ મારવેલ શ્રેણીમાં લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં પોતાનું નામ દર્જ કરાવ્યુ છે. આ ઉપરાંત તેઓએ ઇન્ડીયા બુક ઓફ રેકોર્ડઝમાં પણ રેકોર્ડ નોંધાવ્યો હતો.

**૫. વિશાલ નાગાણી:-** ગાણિતિક ગણતરીઓમાં અંઈ ને પણ હંફાવી દેતો માનવી એટલે આપણા રાજકોટનો વિશાલ નાગાણી. જે એક થી સો કરોડ સુધીના કોઇપણ ગુણાકાર કમ્પ્યુટર ગણી આપે તે પહેલા, તમને મોઢે જ કરી આપે છે !! લિમ્કા બુક ઓફ રેકોર્ડઝ અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડઝમાં નામ દર્જ કરાવ્યું છે.

**૬. બીટુ ગાંધી:-** હાડકાં મેડીકલ મિસ્ટ્રી જેવા છે. જેઓ પોતાનો પંજો કોઈપણ વિશેષ પ્રયત્ન કે તકલીફ વિના ૧૮૦ અંશના ખૂણે પગ વાળી ઉલટા પગે આગળ અને પાછળ ચાલવા જેવા વિરલ કૌશલ્યનો સમાવેશ થાય છે. આ અંતર્ગત પગને ૧૮૦ અંશના ખૂણે વાળી ૨૦૮૫ પગલા ઉલટા ચાલવા માટે તેઓનો નામે લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં અને ઇન્ડિયા બુક ઓફ રેકોર્ડઝમાં રાષ્ટ્રીય વિક્રમ દર્જ થયેલ છે. તો વળી, અમેરિકાની પ્રતિષિત રોપ્લીઝ બીલીવ ઇટ ઓર નોટ સંસ્થા દ્વારા વિશ્વ કક્ષા એ તેઓની સિદ્ધિ પ્રકાશિત કરવામાં આવી છે.

**૭. હરેશ ઝવેરી:-** ફુરસદના સમયમાં બાઈકિંગ, સાઈકલીંગ, સ્વીમીંગ અને ટ્રેકિંગ જેવો અનોખો શોખ ધરાવે છે. કાશ્મીરના લેહ-લદાખ વિસ્તારના સૌથી દુર્ગમ અને વિશ્વમાં સૌથી ઉંચા કહેવાતા ૧૮,૩૮૦ ફૂટ ઊંચા દુર્ગમ રસ્તા પર બાઈક દ્વારા જવાનો તેઓનો ગ્રુપ રેકોર્ડ લિમ્કા બુક ઓફ રેકોર્ડઝમાં નોમીનેટ થયેલ છે.

# સંસ્કાર અને સંસ્કૃતિનો વારસો જાળવવો એ તમામની નૈતિક ફરજ: રિવાબા જાડેજા

## ઓમ કોલેજ દ્વારા કલ્ચરલ ફેસ્ટિવલ યોજાયો: તેજસ્વી છાત્રાઓનું અભિવાદન




રાજકોટ તા.૩૦

શહેરના સામાકાંઠા વિસ્તારની ઓમ કોલેજ ખાતે વિદ્યાર્થીનીઓના કલા-કૌશલ્યો અને તેમની શકિતઓને વાચા આપવા માટે કલ્ચરલ ફેસ્ટીવલ યોજવામાં આવેલ હતો. જેમાં ૩૦૦ વિદ્યાર્થીનીઓએ ભાગ લીધો હતો.

માત્ર વિદ્યાર્થીનીઓ માટે ચાલતી આ સંસ્થામાં બીકોમ. બીસીએ, બીએસડબલ્યુ, બીએ, એમ કોમ, એમએસસી સહિતના અભ્યાસક્રમો ચલાવાય છે.

આ કાર્યક્રમમાં ધારાસભ્ય અને સ્ત્રી શકિતના પ્રેરણારૂપ રીવાબા જાડેજા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. મુખ્ય મહેમાન તરીકે તેમણે સ્પીચ આપવાની બદલે કોલેજની દિકરીઓ સાથે મુકત મને સંવાદ રચ્યો હતો. સાથે જ યુવા ધનને દેશ સેવા અને સમાજ સેવા માટે જીવન ઘડતરના મૂલ્યો સમજાવ્યા હતા. તેમણે જણાવ્યું કે આપણી સંસ્કૃતિ અને સંસ્કારનો વારસો જાળવવો આપણા બધાની નૈતિક ફરજ છે. કોઈ વ્યકિત કે કામ કયારે નાનું નથી હોતું. માતા પિતાની સેવા ગુરૂજનોની સેવાથી સમાજમાં નવી સુવાસ ફેલાવાનું કામ આપણે સૌએ સાથે મળીને કરવાનું છે.

આ ફેસ્ટીવલમાં કોલેજની ૩૦૦ જેટલી દિકરીઓએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સાથે જ વર્ષ દરમિયાન અલગ અલગ સ્પર્ધાઓમાં વિજેતા થયેલા સ્પર્ધકોને શિલ્ડ આપીને સન્માનિત કરાયા હતા. સાંપ્રત સમયમાં દિકરીઓના પ્રવેશની ચિંતા વાલીઓને સતાવતી હોય છે. તેમના તમામ પ્રશ્નોનું સોલ્યુશન શ્રી ઓમ કોલેજ ધરાવે છે. ઓમ કોલેજમાં એઆઈ ટેકનોલોજીનો ઉપયોગ કરી કોલેજની દિકરીના કોલેજમાં આવવા અને જવાનો રિયલ ટાઈમ મેસેજ તેના માતા પિતાના મોબાઈલ નંબરમાં મોકલવામાં આવે છે. સાથે જ રાષ્ટ્રીય શિક્ષા નીતિના અમલ સાથે શ્રી ઓમ કોલેજમાં સંસ્કાર યુકત સર્વાંગી શિક્ષણ દિકરીઓને આપવામાં આવે છે.

ઓમ કોલેજના ફેસ્ટિવલને સફળ બનાવવા માટે ટ્રસ્ટીઓ પરેશભાઈ હાપલીયા, પરેશભાઈ લીંબાસીયા તેમજ તમામ સ્ટાફ ગણે જહેમત કરી હતી.



## બલસાણા તીર્થસ્વરૂપ વિમલનાથ જિનાલયે

# આદેશ્વર દાદાનો ઈક્ષુરસ પક્ષાલનો લાભ લેતા ભાવિકો: પાલ ભકિત કરાઈ

રાજકોટ,તા.૩૦

બલસાણા તીર્થસ્રૂપ વિમલનાથ સ્વામી જૈન દેરાસર નાં આંગણે વૈશાખ સુદ ત્રીજ તા.૩૦ના બુધવાર ઇક્ષુરસથી પક્ષાલ સવારે ૬:૩૦ થી ૬:૪૫ કલાકે કેસરિયા આદેશ્વર પરમાત્મા ઉપર વિમલનાથ જિનાલયે પધારેલ ભાવિકોને ઇક્ષુરસનાં પક્ષાલનો લાભ આપવામાં આવેલ. જે જિનાલયોને પક્ષાલ માટે ઇક્ષુરસની જરૂરિયાત હતી તેઓને વિમલનાથ જિનાલયે થીઆપવામાં આવેલ. સવારે ૭:૩૦ થી ૧૨:૩૦ જિનાલય પધારતા ભાવિકો માટે ઇક્ષુરસ નાં પાલ ની વ્યવસ્થા કરવામાં આવેલ. ઇક્ષુરસના પાલના લાભાર્થી શ્રીમતી નીતાબેન હસમુખરાય સંઘવી હસ્તે કૃતિબેન-ઈશિતાબેન-હિલોનીબેન-ધર્મિનકુમાર-પુનિતકુમાર-હાર્દિકકુમાર-ગૌતમ-પલશ-આરવ-કલશ-ખુશી-પ્રાપ્તિ. સવારે ૧૦.૦૦ કલાકે વિમલનાથ પરમાત્મા ના બહેનોના જાપ કુ. દિશા પ્રતાપરાય મહેતા પરિવાર તરફથી તેમજ ભાતુ આપવામાં આવેલ. રાત્રે આંગી, સમૂહ આરતી અને પ્રભાવના રાખવામાં આવેલ છે જેમના લાભાર્થી ઉષાબેન હરેશભાઈ બાખડા પરિવાર છે.સમગ્ર ધાર્મિક કાર્ય ને સફળ બનાવવા માટે વિપુલભાઈ દોશી ૯૨૨૮૭૬૫૬૮૮, શ્રી હરેશભાઈ બાખડા ૯૮૨૫૫૧૭૬૫૨ શ્રી જસ્મીનભાઈ દોશી ૯૪૨૮૨૭૮૦૯૪, હર્ષવદનભાઈ શાહ, હિતેનભાઈ મહેતા, કપિલભાઈ જસાણી, ફિરોજભાઈ મહેતા, અનિલભાઈ જસાણી, દર્શિતભાઈ મહેતા, અશ્વિનભાઈ શાહ, ભુપેન્દ્રભાઈ દોશી વગેરે જહેમત ઉઠાવેલ.





# જમ્મુ -કાશ્મીરના પહેલગામ આતંકવાદી હુમલાના વિરોધમાં મુસ્લીમ બહેનોની રોષપૂર્ણ ફીટકાર રેલી યોજાઈ

## આતંકવાદને જડમુળમાંથી નેસ્તનાબુદ કરવા મુસ્લીમ બહેનોની માંગણી

રાજકોટ, તા.૩૦

ગત મંગળવારે જમ્મુ કાશ્મીરના પહેલ ગામમાં બેશરનવેલી ખાતે પાકિસ્તાન તરફી આતંકવાદીઓએ પ્રવાસીઓ પર અંધાધુધ ગોળીબાર કરીને ૨૭ નિર્દોષ વ્યકિતઓને સહિદ કરી દીધા તે આંતકવાદના વિરોધમાં શુક્રવાર રાજકોટ સહિત સમગ્ર સૌરાષ્ટ્ર-કચ્છની મસ્જીદો, દરગાહોમાં સહિદ થયેલાઓ માટે ખીરાજે અકિદત પેશ કરી આંતકવાદ દેશમાંથી જળમુળમાંથી નાબૂદ થાય તેવી દુઆ એ ખેર કરવામાં આવી હતી.આ પછી શુક્રવારે સાંજે આંતકવાદના વિરોધમાં બુરખાધારી મુસ્લીમ બહેનોની એક રોષપૂર્ણ ફીટકાર રેલી નીકળી હતી. જે ફુલછાબ ચોકમાં કેન્ડલ માર્ચ સાથે દિવંગતોને શ્રધ્ધાંજલી, ખીરાજે અકિદત પેશ કરી હતી.

આ પ્રસંગે મુસ્લીમ અગ્રણી હબીબભાઈ ગનીબાપુ કટારીયા, ફારૂકભાઈ બાવાણી, રજીયાબેન મેમણ, ઈરમબેન કટારીયા, યુસુફભાઈ કટારીયા વિગેરેએ આ આંતકવાદી ઘટના રાષ્ટ્રની એકતા અને અખંડીતતા પરનો પ્રહાર છે તે કોઈ કાળે ચલાવી શકાય નહિ. તેનો જળમુળમાંથી નેશનાબુદ કરવા માંગણી કરી હતી. આ સમયે બુરખાધારી બહેનોમાં આંતકવાદ વિરોધ રોષ ભભુકી ઉઠયો હતો. એક હાથમાં રાષ્ટ્ર ધ્વજ અને બીજા હાથમાં મીણબત્તી સાથે હિન્દુસ્તાન જીંદાબાદ ના નારાઓથી તથા હમ હિન્દુ-મુસ્લીમ એક હૈ ના નારાથી વાતાવરણ ગજવી મુકેલ હતું.

# કેએકપીસી દ્વારા "ફાયર સેફટી રૂલ્સ એન્ડ ઈટસ એમ્પ્લિમેટેસન" એ વિષય પર માર્ગદર્શક વાર્તાલાપ યોજાયો

## વકતા ડી.જી.પંચમીઆએ માર્ગદર્શન આપ્યું

રાજકોટ, તા.૩૦

રાજકોટની કચ્છ-સૌરાષ્ટ્ર પ્રોડકટીવીટી કાઉન્સીલ દ્વારા " ફાયર સેફટી રૂલ્સ એન્ડ ઈટસ એમ્પ્લિમેટેસન" એ વિષયે ઈન્ડસ્ટ્રીયલ સેફટી કન્સલ્ટન્ટ ડી.જી.પંચમીઆના વાર્તાલાપનો કાર્યક્રમ કાઉન્સીલના બાન હોલ ખાતે શનિવાર તારીખ ૨૬-૦૪-૨૦૨૫ અને સમય સાંજે ૦૫:૩૦ કલાકે યોજવામાં આવેલ છે.

આ કાર્યક્રમની શરૂઆતમાં ટી.પી.સી. ચેરમેન દિપકભાઈ સચદેએ શ્રોતાઓ અને મહેમાનોનું સ્વાગત કરી ઉપસ્થિત હોદેદારો અને સ્પીકરનો પરિચય આપેલ હતો. ત્યારબાદ કાઉન્સીલના પ્રમુખ હસુભાઈ દવેએ પોતાનું અધ્યક્ષીય પ્રવચન આપેલ હતુ.આ વાર્તાલાપના વકતા ડી.જી.પંચમીઆએ જણાવેલ હતુ કે આજના સમયમાં અગ્નિ સુરક્ષા અંગે માર્ગદર્શન અને જાગૃતી ખુબ જ જરૂરી છે.આપણે જાણીએ છીએ કે આગના બનાવના કિસ્સાઓ અવાર નવાર સામે આવતા હોય છે.તેથી તેની પ્રાથમીક સલામતી અંગે માહિતગાર રહેવું ફરજીયાત બની ગયું છે.જેમ કે આગ લાગે ત્યારે શાંતિ પુર્વક સલામત સ્થળે ભેગું થવુ અને જયારે આગનો પ્રકાર નાનો હોય ત્યારે અગ્નીશામક સાધનોનો ઉપયોગ કરવો જોઈએ કારણ કે બનાવની શરૂઆતનો સમય સુવર્ણ સમય હોય છે.

## ઝંખના પરમારનો આજે જન્મદિવસ

રાજકોટ,તા.૩૦

રાજકોટના યુવા એડવોકેટ ભરતકુમાર પરમારની લાડલી દિકરી ઝંખનાનો આજે જન્મદિવસ છે. આ પ્રસંગે તેમના દાદા-દાદી ડો.રામજીભાઈ તથા શાંતાબેન પરમાર, મમ્મી - પપ્પા ભરતકુમાર તથા સરોજબેન, ફઈ-ફુવા પંકજકુમાર અને કૌશલ્યાબેન , નાની બહેન અપેક્ષા તથા સગા-સંબંધીઓ મો.નં. ૯૯૦૪૧ ૪૪૯૦૮ પર જન્મદિવસની શુભકામનાઓ પાઠવી રહયા છે.



# ૧૮૧ આવાસો માટે અધધ ૨૬૦૦ ફોર્મ આવ્યા

## એલઆઈજી અને ઇડબલ્યુએસ-૨ કેટેગરીના ફલેટ માટે ફોર્મ ભરવાની મુદ્દતમાં વધારો : તા.૧૫-૫ સુધી ભરી શકાશે

રાજકોટ, તા. ૩૦

મહાપાલિકાની એલઆઇજી અને ઇડબલ્યુ કેટેગરીના કુલ ૧૮૧ આવાસ માટે ફોર્મ ભરવાની મુદ્દત આવતીકાલે પૂરી થઇ રહી હોય, શાસકોએ વધુ ૧૫ દિવસ મુદ્દત લંબાવવા નિર્ણય લીધો છે. અત્યાર સુધીમાં બે કેટેગરીમાં ૧૮૧ આવાસ સામે ૨૬૦૦ ફોર્મ આવવા છતાં વધુ લોકો લાભ લઇ શકે તે માટે આ નિર્ણય લેવાયો છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત નિર્માણ પામેલ અને ખાલી પડેલ, શહેરના જુદા જુદા વિસ્તારમાં આવેલ એલઆઇજી કેટેગરીના ૧૩૭ આવાસો તથા ઇએસડબલ્યુ-૨ કેટેગરીના ૪૪ આવાસો માટે ફોર્મ તા.૨-૪ થી તા.૧-૫ સુધી વેબસાઇટ www.rmc.gov.in પર જઇ ઓનલાઇન ભરવાના ચાલુ છે. બન્ને યોજનાના ફોર્મ ભરવાની મુદત તારીખ ૧૫-૫ સુધી લંબાવામાં આવેલ છે.

ઓનલાઇન ફોર્મ ફી રૂ. ૫૦ રહેશે તેમજ નિયમાનુસાર ડિપોઝીટ ભરપાઇ કરવાની રહેશે. ફોર્મ તેમજ ફોર્મની ફી અને ડીપોઝીટ ભરવાની સમગ્ર પ્રક્રિયા ફકત અને ફકત ઓનલાઇન જ રહેશે.

એલઆઇજી કેટેગરીમાં ૨ બીએચકે, ક્ષેત્રફળ ૫૦ ચો.મીટર, આવાસની કિંમત રૂ. ૧૨ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ થી ૬.૦૦ લાખ, ડિપોઝીટ રૂ. ૨૦,૦૦૦ છે. જયારે ઇડબલ્યુએસ-૨ કેટેગરીમાં ૧.૫ બીએચકે, ક્ષેત્રફળ ૪૦ ચો. મીટર, આવાસની કિંમત રૂ. ૫.૫૦ લાખ, વાર્ષિક આવકમર્યાદા રૂ. ૩ લાખ, ડિપોઝીટ રૂ. ૧૦,૦૦૦ છે. ફોર્મ ભરતી વખતે કોઇ ટેકનિકલ સમસ્યા ઉદભવે તો આવાસ યોજના વિભાગના ફોન નં. ૦૨૮૧ - ૨૨૨૧૬૧૫ પર સંપર્ક સાધવા મેયર શ્રીમતી નયનાબેન પેઢડીયા, ડે. મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટે.ચેરમેન જયમીન ઠાકર, ઇ.ચા. કમિશનર પ્રભવ જોષી, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ, દંડક મનીષભાઈ રાડીયા અને હાઉસિંગ સમિતિના ચેરમેન તરીકે નિતિનભાઈ રામાણીએ જણાવ્યું છે.

## વિનામુલ્યે ફુલસ્કેપ નોટબુકનું વિતરણ

રાજકોટ,તા.૩૦

રવિરત્ન પાર્ક નાગરિક મંડળ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષ પણ ધોરણ-૫ કે તેથી ઉપરના વર્ગના માત્ર ગરીબ અને મધ્યમવર્ગના વિદ્યાર્થીઓને નિ:શુલ્ક નોટબુક મેળવવા માટે સંસ્થાના સી.એન.જાવિયા, ધીરૂભાઈ ઝાલાવડિયા, નરોત્તમભાઈ ફળદુ પાસે તા.૫ થી ૯ મે સુધીમાં સાંજના ૫ થી ૭ દરમિયાન ઓરીજનલ માર્કશીટ રજૂ કરી ટોકન શ્રી સોમેશ્વર મહાદેવ મંદિર, રવિરત્ન પાર્ક, ઈન્દિરા સર્કલ પાસે, યુનિ.રોડ રાજકોટ ખાતે તા.૪/૫/૨૫ થી ૯/૫/૨૫ સુધી સાંજના ૫ થી ૭ દરમ્યાન મેળવી લેવાના રહેશે.

## નિ:શુલ્ક પ્રાણીક હિલીંગ સારવાર કેમ્પનું આયોજન

શ્રી જાગનાથ મંદિર ટ્રસ્ટ અને શ્રી યોગવિદ્યા પ્રાણીક હિલીંગ ફાઉન્ડેશન ઓફ ગુજરાતના સંયુકત ઉપક્રમે આરોગ્યને લગતી વિવિધ સમસ્યાઓની સારવાર માટે નિ:શુલ્ક પ્રાણીક હિલીંગ સારવાર કેમ્પનું તા.૧,૨,૩ ગુરૂ,શુક, શનીવારને ૨૦૨૫ના રોજ સાંજે ૫ થી ૭.૩૦ દરમ્યાન આયોજન કરેલ છે.

## બી.પી. તથા ડાયાબીટીસની જેનેરીક દવાઓનું નિ:શુલ્ક વિતરણ

શ્રી સત્ય સાઈ સેવા સમિતી, રાજકોટ દ્વારા બી.પી. અને ડાયાબીટીસના દર્દીઓને એક મહિનાની જેનેરીક દવાઓનું નિ:શુલ્ક વિતરણ કરવામાં આવે છે. તારીખ: ૦૪/૦૫/૨૦૨૫-રવિવારના સાંજે: ૬ થી ૭ સુધી શ્રી સત્ય સાઈ હાર્ટ હોસ્પિટલ, કાલાવડ રોડ, રાજકોટ ના પ્રાર્થના ખંડ માં ભજનપુર્ણ થયે આ દવાઓ વિના મુલ્યે આપવામાં આવશે. દર્દીઓ હાલ જે દવાઓ લેતા હોય તેની વિગત, ડોકટરના પ્રીસ્ક્રીપ્શન સાથે રાખવા. જરૂર લાગશે તેને ડાયાબિટીસ, સુગર ટેસ્ટ, તથા બ્લડ પ્રેશર ફ્રી માપી આપવામાં આવશે.

# U-૧૭ ગ્રુપમાં KMK ૩.૦ રાજયકક્ષાની હરિફાઈમાં બે ગોલ્ડ અને એક સિલ્વર મેડલ મેળવતી વિહા જાની



રાજકોટ,તા.૩૦

ભાવનગર ખાતે રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિ વિભાગ, ગાંધીનગર તથા સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત ગાંધીનગર દ્વારા આયોજીત ખેલ મહાકુંભ 3.0 U-17 (ગર્લ્સ ગ્રુપ)માં વિહા જાની એ 50 Mt. બટરફલાય અને 100 Mt. બટરફલાય ૨ ગોલ્ડ મેડર અને 200 Mt. બટરફલાયમા ૧ સિલ્વર મેડલ મેળવીને ઝળહળતી સફળતા પ્રાપ્ત કરેલ છે. આ સ્પર્ધામાં ગુજરાત રાજયના વિવિધ જીલ્લાઓમાંથી ખેલાડીઓ ભાવનગર ખાતે રાજયકક્ષાની હરિફાઈમાં ભાગ લેવા એકત્રીત થયા હતા. તેમાં વિહા જાની એ ત્રણ ઈવેન્ટમાં મેડલ મેળવીને રાજકોટનું નામ રોશન કરેલ છે.





## અમદાવાદની માફક જુનાગઢમાં પણ દાદાનું બુલડોઝર ફરી વળ્યું

# જુનાગઢનાં ધારગઢ દરવાજા વિસ્તારમાં મેગા ડિમોલીશનઃ મકાનો-ઝુંપડાઓનો સફાયો

### ઉપરકોટના સર્વાંગી વિકાસ માટે તંત્રના કડક પગલાઃ ૧૦ જેસીબી સાથે ત્રણ ડીવાયએસપી, ૯ પીઆઈ, ૨૬ પો.સ.ઈ. સહિત ૩૦૦ પોલીસ સ્ટાફનો બંદોબસ્ત જળવાયો

### ૧૩૦ પરિવારોને નોટીસ આપ્યા બાદ દબાણ હટાવવા જેસીબી દોડાવાયાઃ ઉનાળાની ગરમીમાં અનેક પરિવારો રોડ પર આવી ગયાઃ વૈકલ્પિક આશ્રયની માંગ

જુનાગઢ તા.૩૦

કાશ્મીરની આતંકવાદી ઘટના બાદ ગુજરાત રાજયમાં ઘુસણખોરી કરનાર બાંગ્લાદેશીઓ અને ગુનાહિત પ્રવૃતિમાં સંડોવાયેલા માથાભારે તત્વોએ કરેલી પેશકદમીના પગલે સમગ્ર રાજયમાં ચાલી રહેલા ડિમોલીશનના પગલે આજે જુનાગઢમાં ઉપરકોટના વિકાસ માટે વહીવટી તંત્ર દ્વારા પોલીસ બંદોબસ્ત હેઠળ મેગા ડિમોલીશન હાથ ધરી અનેક મકાનો-ઝુંપડાઓ પર બુલડોઝર ફેરવી જમીન ખુલ્લી કરાવી હતી.

જુનાગઢમાં ઉપરકોટ વિસ્તારના સર્વાંગી વિકાસ માટે આજે વહીવટી તંત્ર દ્વારા ધારગઢ દરવાજા રોડ પર મેગા ડિમોલીશન હાથ ધરી ૧૩૫થી વધુ મકાનો, નાના મોટા ઝુંપડાઓ ૧૦ જેટલા જેસીબીની મદદથી હટાવી વર્ષોથી ગેરકાયદે દબાણ કરનારા ૫૯થી વધુ મકાનોનું દબાણ દુર કરી સરકારી જમીન ખુલ્લી કરાવી હતી.

જુનાગઢમાં આજે વહેલી સવારથી વહીવટી તંત્ર દ્વારા ૧૦ જેસીબી સહિતના વાહનો સાથે ત્રણ ડીવાયએસપી, નવ પીઆઈ, ૨૬ પીએસઆઈ ૨૬૦થી વધુ પોલીસ તહિત ૩૦૦થી વધુના સ્ટાફ સાથે ઉપરકોટનાં ધારગઢ વિસ્તારને કોર્ડન કરી મેગા ડિમોલીશન શરૂ થયા બાદ ૫૯ જેટલા ગેરકાયદે મકાનો, ઝુંપડાઓ પર જેસીબી ફેરવી દેવાયું હતું.

કલેકટર અને કમિશ્નરના માર્ગદર્શન હેઠળ ૬૦થી વધુ વહીવટી વિભાગના સ્ટાફ પણ સ્ટેન્ડ બાય રહ્યો હતો.

ઉપરકોટ વિસ્તારના ધારગઢ વિસ્તારમાં ગેરકાયદે દબાણ કરનારા ૧૩૦થી વધુ પરિવારોને થોડા સમય પૂર્વે જ નોટીસ આપી હતી. ત્યારબાદ આજે પોલીસ દળની સુરક્ષા સાથે મેગા ડિમોલીશન શરૂ થતા અનેક મકાનો ઝુપડાઓને હટાવી દબાણો દુર કરાયા હતા. ઉનાળાની ગરમીમાં અનેક પરીવારો રોડ પર આવી ગયા હતા. વહીવટી તંત્રએ કોઈ વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના જગ્યા ખાલી કરાવતા અનેક પરિવારો બેઘર બન્યા છે. આજે વહેલી પરોઢથી મેગા ડિમોલીશન હાથ ધરાતા અનેક પરિવારો ફફડી ઉઠયા હતા. સવારથી જ બુલડોઝરની ઘરરાટી ગુંજી ઉઠી હતી. પોલીસે ચુસ્ત બંદોબસ્ત જાળવ્યો હતો. સ્થાનિક રહીશોમાં રોષ ફેલાયો છે. સ્થાનિક રહીશોના જણાવ્યા મુજબ તેમને માત્ર પાંચ દિવસની નોટીસ આપવામાં આવી હતી. આ વિસ્તારમાં છેલ્લા ૫૦ વર્ષથી વસવાટ કરતા નઝમાબેન પઠાણે જણાવ્યું કે તેઓ રોજની મજૂરીથી જીવન નિર્વાણ કરે છે. હવે તેમની પાસે રહેવા માટે કોઈ જગ્યા નથી અને ભાડે પણ મકાન મળતું નથી.

સ્થાનિક રહેવાસી ઈદરીશ પટ્ટીએ આક્ષેપ કર્યો કે શહેરમાં ૧૩૫ બિલ્ડરોના ગેરકાયદેસર બાંધકામો સામે નોટીસ આપવામાં આવી છે. પરંતુ તેમની વિરૂધ્ધ કોઈ કાર્યવાહી થતી નથી. માત્ર ગરીબ લોકોના મકાનો જ તોડવામાં આવે છે. રૂકસાનાબેન થાયમે જણાવ્યું કે તેમની નાની દીકરીઓ છે અને હવે તેમને રહેવા માટે કોઈ સ્થળ નથી. સરકાર બેટી બચાવોની વાત કરે છે પરંતુ તેમને જીવન જીવવાનો અધિકાર પણ મળતો નથી. વૈકલ્પીક જગ્યા ફાળવવા માંગણી ઉઠાવી છે.

# કેશોદ તાલુકામાં પિતા હેવાન બન્યોઃ સગી પુત્રી પર દુષ્કર્મ ગુજાર્યુ

### સગીર વયની દીકરીને ધમકી આપી અવાર નવાર દુષ્કર્મ ગુજારતો હતોઃ માતાને જાણ થતા સગીરાએ નોંધાવી ફરિયાદ

(પ્રકાશ દવે) કેશોદ,તા.૩૦

કેશોદના એક ગામે કાળજું કંપાવી નાખે એવી અને સમાજને કલંક લગાડે એવી ઘટના બહાર આવી છે જેનાથી હાહાકાર મચી ગયો છે. કેશોદ પંથક ના એક ગામે સગો બાપ બન્યો શૈતાન પોતાની સગીર વય ની દીકરી સાથે પોતાના ઘરે તથા અન્ય જગ્યાએ લઈ જઈ ને અવારનવાર દુષ્કર્મ ગુજારતો હતો. અને સગીર વય ની દીકરી ને ધમકી આપતો સગીરા ની માતા સમગ્ર મામલે અજાણ હોય ભોગ બનનાર યુવતીએ પોતાના પિતા વિરૂધ્ધ ફરીયાદ નોંધાવી છે અને કેશોદ પોલીસ વિભાગના ડીવાયએસપી બી સી ઠક્કર ના માર્ગદર્શન હેઠળ કેશોદ પોલીસ સ્ટેશન ના પોલીસ ઈન્સ્પેકટર દ્વારા નરાધમ પિતા ઉમેશભાઇ લાખાભાઇ ભરડા વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતા ની કલમ ૬૪(૨)(એફ), ૬૪(૨)(એમ), ૬૫(૧), ૩૫૧(૩), પોક્સો એક્ટ ક. ૪, ૫(એલ)(એન), ૬, ૮, ૧૨ હેઠળ ગુનો નોંધી અને નરાધમ પિતાને પકડવાના ચક્રો ગતિમાન કર્યા હોવાનું જાણવા મળ્યું છે.

# જુનાગઢ જિ.પંચાયત પ્રમુખને સરપંચ એસો.ના પ્રમુખની ધમકીઃ ભાજપની આબરૂના ધજાગરા

### હરેશભાઈ ઠુમ્મરે ડીડીઓને પત્ર લખી રક્ષણ માંગ્યુંઃ આજે એસ.પી. સાથે ચર્ચા કરશે

જુનાગઢ તા.૩૦

જુનાગઢ જીલ્લા પંચાયતના સરપંચ એસો.ના પ્રમુખ સાવજ ડેરીના ચેરમેન, ભાજપ અગ્રણી અને જીલ્લા પંચાયતના મહિલા સદસ્યના પતિ દિનેશ ખટારીયાએ જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમ્મરને તેના ભત્રીજાના ફોન પરથી વોટસએપ કોલ કરી ગાળો ભાંડી ટાંટીયા ભાંગી નાંખવાની ધમકી આપ્યાની અને પોલીસ રક્ષણ મેળવી લેજે તેવી ધમકી આપી દાદાગીરી કર્યાની ઘટના ઘટવા પામી છે.

આ અંગે વંથલી તાલુકાના સરપંચોએ ડીડીઓનું સન્માન કર્યું તે બાબતે શંકા કારણભૂત છે.

તાલુકાના ૧૫ ગામડાઓના સરપંચોએ ડીડીઓ નિતીન સાંગવાનનું શાલ ઓઢાડીને સન્માન કર્યું હતું ત્યાંથી જિલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમ્મરની ચેમ્બરમાં તેઓને મળ્યા હતા.

આ મામલે જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈ ઠુમ્મરને દિનેશ ખટારીયાએ વોટસએપ કોલ કરી બેફામ ગાળો ભાંડી તને મારી નાખવો છે. ટાંટીયા વગરનો કરી દેવો છે, તારે જયાં જવું હોય ત્યાં જજે પોલીસ રક્ષણ મેળવવું હોય તો મેળવી લેજે તને રહેવા નથી દેવાનો તેવી ધમકી આપી હતી.

આ અંગે જીલ્લા પંચાયતના પ્રમુખ હરેશભાઈના જણાવ્યા મુજબ દિનેશ ખટારીયાએ તેના ભત્રીજાના ફોન પરથી વોટસએપમાં ધમકી આપી હતી. જેનો મારી પાસે સ્ક્રીનશોટ છે. દીનેશ ખટારીયા- ડીડીઓ સામે આંદોલન કરી રહેલ દીનેશ ખટારીયાના તાલુકાના સરપંચોએ ડીડીઓનું સન્માન કરી તને મળવા આવેલ તેથી મે આવું કરાવ્યું છે તેમ કહી ધમકી આપી હતી. આ અંગે ડીડીઓને લેખીત રજુઆત કરવામાં આવી છે અને રક્ષણની માંગણી કરવામાં આવી છે. ડીડીઓને વોટસએપ પર પત્ર મળ્યો છે. આજે એસપીને મળી તેની ચર્ચા કરાશે.

# જસરાજનગરમાં સેન્ટીંગકામના કોન્ટ્રાકટર ચેતન મોરીધરાએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો

### મારી રીતે પગલું ભરૂ છું કોઈનો વાંક નથી, તેવી ચિઠ્ઠી લખી પોતાના ઘરે વહેલી સવારે હોલમાં પંખાના હુંક સાથે દોરી બાંધી જીંદગી ટૂંકાવી

### પત્ની જલ્પાબેને ઉઠીને જોતા પતિ હોલમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં ટીંગાતા જોવા મળ્યાં, પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી

રાજકોટ, તા.૩૦

શહેરના ૧૫૦ ફૂટ રિંગ રોડ, ઉમિયા ચોક પાસે જસરાજનગરમાં સેન્ટીંગકામના કોન્ટ્રાકટર ચેતન મોરીધરાએ ગળાફાંસો ખાઈ આપઘાત કર્યો હતો. મારી રીતે પગલુ ભરું છું. આમાં કોઈનો વાંક નથી. તે મુજબ ચિઠ્ઠી લખી પોતાના ઘરે વહેલી સવારે હોલમાં પંખાના હુંક સાથે દોરી બાંધી જીંદગી ટૂંકાવી લીધી હતી. પત્ની જલ્પાબેને ઉઠીને જોતા પતિ હોલમાં ગળાફાંસો ખાધેલી હાલતમાં ટીંગતા જોવા મળ્યાં હતા. પોલીસે આપઘાતનું કારણ જાણવા તપાસ હાથ ધરી છે.

આ અંગે પોલીસ સૂત્રોએ આપેલી વિગત અનુસાર, ચેતનભાઈ હરસુરભાઈ મોરીધરા (ઉં.વ.૩૭, રહે. જસરાજનગર)એ આજે વહેલી સવારે ૬ વાગ્યાં આસપાસ ઘરના તમામ સભ્યો સુતા હતા ત્યારે પોતાના ઘરે હોલમાં પંખાના હુંક સાથે દોરી બાંધી ગળાફાંસો ખાઈ લીધો હતો. તેમના પત્ની રૂમમાં સુતા હતા. તેઓ ઉઠ્યા ત્યારે પતિ રૂમમાં નહોતા. રૂમ બહાર હોલમાં આવી જોયુ તો પતિ ગળાફાંસો ખાધેલી હાલતમાં જોતા જલ્પાબેનની ચીસ ફાટી નીકળી હતી. દેકારો થતા ઉપરના માળે રૂમાં સુતેલા ચેતનભાઈના પિતા હરસુરભાઈ નીચે દોડી આવ્યા હતા. ઉપરાંત પાડોશીઓ પણ દોડી આવ્યા હતા. બેભાન અવસ્થામાં રહેલા ચેતનભાઈને નીચે ઉતારી ૧૦૮માં ફોન કરતા ૧૦૮ના ઇએમટીએ આવી ચેતનભાઈને સ્થળ પર જ મૃત જાહેર કરેલ.

તાલુકા પોલીસને જાણ કરાતા હેડ કોન્સ્ટેબલ મયુરભાઈ ઠાકર અને રાઇટર કિરીટભાઈ નિમાવત દોડી આવ્યા હતા કાગળ કાર્યવાહી કરી મૃતદેહ મળશે પોલીસના સૂત્રોએ જણાવ્યા મુજબ એક ચિઠ્ઠી મળી આવી હતી જેમાં ચેતનભાઇ લખ્યું હતું કે, તેણે પોતાની રીતે આ પગલું ભર્યું છે એમાં કોઈનો વાંક નથી. ચેતનભાઇ સેન્ટ્રીંગકામના કોન્ટ્રાક્ટ હતા તેને સંતાનમાં બે દીકરી છે બનાવતી પરિવારમાં ભારે કલ્પાન તો છવાયો હતો પોલીસે આપઘાતનું કારણ જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

## ૪૪ ડિગ્રી

(છેલ્લા પાનાનું ચાલું

બપોરે ૧૨ વાગ્યા બાદ જ રાજકોટમાં રાજમાર્ગો અને બજારો ખાલી-ખાલી નજરે પડવા લાગે છે. જયારે આજે સવારે ૮.૩૦ કલાકે શહેરનું તાપમાન ૨૯.૬ અને લઘુત્તમ તાપમાન ૨૫.૮ ડિગ્રી નોંધાયુ હતું. જયારે હવામાં ભેજ ૭૭ ટકા રહ્યો હતો. અને પવનની સરેરાશ ઝડપ ૧૪ કી.મી.નોંધાઈ હતી.ઉલ્લેખનીય છે કે રાજ્યના લોકો હવે ગરમીથી અકળાયા છે, ત્યારે રાજ્યના લોકો માટે હવામાન વિભાગ તરફથી કહેવામાં આવ્યું છે કે આગામી દિવસમાં હજુ પણ કાળઝાળ ગરમીનો પ્રકોપ યથાવત રહેશે. આગામી ૨ દિવસ ગરમીનું જોર યથાવત રહેશે અને આ આકરા તાપમાં ગુજરાતવાસીઓને તપવું પડશે. કારણ કે બે દિવસ ગરમીનું જોર યથાવત રહેવાની આગાહી હવામાન વિભાગ તરફથી કરવામાં આવી છે.

પશ્ચિમથી ઉત્તરના પવનો ફુંકાતા ગરમીનો પ્રકોપ વધશે અને હજુ બેથી ત્રણ ડિગ્રી તાપમાનમાં વધારો થાય તેવી શકયતા વ્યકત કરવામાં આવી છે. રાજકોટમાં બે દિવસ ઓરેન્જ એલર્ટ હવામાન વિભાગે જાહેર કર્યુ છે. આ સિવાય સુરેન્દ્રનગર, મોરબી, કચ્છ, બોટાદમાં પણ તાપમાનમાં વધારો થાય તેવી શક્યતા હવામાન વિભાગે વ્યક્ત કરી છે. જ્યારે અમદાવાદ ગાંધીનગરમાં ૪૩થી ૪૪ ડિગ્રી તાપમાન રહેવાની શક્યતા છે.

# જેતપુર અને ઉપલેટામાંથી બાંગ્લાદેશી ઘૂસણખોર ઝડપાયાઃ બે મહિલા અને બાળકને નજરકેદ કરાયા



### જેતપુરની રૂકસાના કોઈ આધાર વગર રહેતી હતી, બાંગ્લાદેશના ચૂંટણીકાર્ડ પણ મળ્યા, ઉપલેટામાંથી બાંગ્લાદેશી માતા-પુત્ર પણ પકડાયાઃ એસઓજી સાથે નેશનલ એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરાઈ

રાજકોટ. તા.૩૦

પહેલગાવમાં થયેલ આંતકવાદી હુમલાની ઘટના બાદ પોલીસ એકશનમાં આવી છે. ત્યારે જેતપુર અને ઉપલેટામાંથી બાંગ્લાદેશી ઘૂસણખોરને પકડી બે મહિલા અને બાળકને નજરકેદ કરાયા હતાં. જેમની એસઓજી સાથે નેશનલ એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરાઈ હતી.

પહેલગાવમાં થયેલ આંતકવાદી હુમલાની ઘટનાને ધ્યાને લઈ ભારત સરકારે દેશમાં ઘુસણખોરી કરતા અન્ય દેશના લોકોને શોધી કાઢી પોતાના દેશમાં પરત મોકલવા અને પોતાના દેશમાં પરત નહિ જનાર ઘુસણખોરી કરતા લોકો ઉપર કાયદેસરની કાર્યવાહિ કરવા આદેશ આપેલ હોય, જે બાબતેર રાજકોટ રેન્જ આઈજી અશોકકુમાર યાદવ, એસપી હીમકરસિંહ દ્વારા જીલ્લામાં ઘુસણખોરી કરનારા અન્ય દેશોના લોકોને ગંભીરતાપુર્વક કામગીરી કરી, શોધી કાઢવાની આપેલ સુચનાથી જેતપુર ડીવાયએસપી આર.એ.ડોડીયાના માર્ગદર્શન હેઠળ જેતપુર પીઆઈ એ.ડી.પરમારને એલસીબીના હેડ કોન્સ્ટેબલ દિવ્યેશ સુવાએ જાણ કરેલ કે, જેતપુરમાં ગુજરાતી વાડીમાં જીમખાના મેદાન પાછળ દિનેશભાઇ ખોડાભાઇ પઘડાર સાથે રૂકશાનાબેન નામની મહિલા કોઇપણ પ્રકારના વિઝા કે, સરકારની મંજુરી વગર ગેરકાયદેસર રીતે રહે છે, તેવી ચોક્કસ બાતમીના આધારે પોલીસ ટીમ દ્વારા તપાસ કરાવતા રૂકશાબેન મહમંદ સદરૂદિન મહમદ ગુલામમિયા (આહબારીમિયા) મંડલ રહે.મોહલા હરીશંકરપુરી વિસ્તાર નંબર - ૧૦ હરી શંકરપુર વોર્ડ - ૨, થાણા જીનેદહ ( બાંગ્લાદેશ ) પાસે ભારતીય ચૂંટણી કાર્ડ, આધાર કાર્ડ, ડ્રાઈવીંગ લાયસન્સ, પાનકાર્ડ કે અન્ય કોઈ બીજા પુરાવા મળી આવેલ નહિ તેમજ મહિલા પાસેથી એક તેના પરીવારના સભ્યનુ બાગ્લાદેશનુ ચુંટણી ઓળખકાર્ડ મળી આવેલ હતું. જેથી શંકાસ્પદ બાગ્લાદેશી નાગરીકને નજર કરેદ કરી એસઓજી ટીમ દ્વારા કાયદેસરની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે.

વધુમાં પીઆઈ એ.ડી.પરમારે જણાવ્યું હતું કે, જેતપુર વિસ્તારમાં કુલ ૫૦ થી વધુ પરપ્રાંતીય લોકોને તપાસવામાં આવ્યાં છે અને હજું પણ તપાસ યથાવત રાખવામાં આવશે.

તેમજ ઉપલેટા પોલીસે તપાસ હાથ ધરતાં શંકાસ્પદ એક મહિલા અને તેનું બાળક મળી આવતાં તેની સઘન તપાસ કરતાં તે પણ બાંગ્લાદેશી હોવાનું સામે આવતાં તેને પણ નજરકેદ કરી એસઓજીની ટીમ સાથે નેશનલ અને સ્ટેટની એજન્સીઓ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી છે.

# આજે ભાવનગરનો ૩૦૩ વર્ષમાં મંગલ પ્રવેશ

### ઠાકોર ભાવસિંહજી ગોહિલે અખાત્રીજે તોરણ બાંધ્યુ હતું : આતંકી હુમલાને લઇ રંગારંગ ઉજવણી નહીં થાય

(વિપુલ હિરાણી) ભાવનગર તા.૩૦

ભાવનગર રાજયની સ્થાપના ઈ.સ.૧૭૨૩ માં અક્ષય તૃતિયાના શુભઅવસરે તા.૭ મે, ૧૭૨૩ના દિવસે મહારાજા ભાવસિંહજી ગોહિલે ખંભાતની ખાડી કાંઠે સૌ પ્રથમ ગોહિલવંશની રાજધાનીને સિહોરથી ફેરવીને ભાવનગર શહેરનું નવી રાજધાની તરીકે તોરણ બાંધ્યું હતું. હવે આ વર્ષે અક્ષય તૃતિયાના પર્વે આ શહેરનો તેની સ્થાપનાના ૩૦૨ વર્ષ પુરા થઇને ૩૦૩માં વર્ષનો આરંભ થયો છે.




પહેલગામના આતંકી હુમલાને લઇને આ વર્ષે જન્મ દિવસની ઝાકમઝોળ સાથે રંગદર્શી ઉજવણી જે દર વર્ષે થાય છે તે આ વર્ષે બંધ રાખવામાં આવી છે. જો કે લોકો પરંપરાગત રીતે આજે બુધવારે અખાત્રીજે ઘરે ઘરે તોરણો બાંધી લાપશીના આંધણ મુકી અખાત્રીજની સાથે ભાવનગરની સ્થાપનાની પણ ઉજવણી કરશે.

ભાવનગરની સ્થાપના ઠાકોર ભાવસિંહજી રતન સિંહજી ગોહિલે અખાત્રીજના પરમ પવિત્ર દિવસે અઢી પહોર ચઢે આજનું જે ગોળ બજાર છે ત્યાં થાંભલી રોપી આસોપાલવનું તોરણ બાંધ્યું. પાદર દેવકી તરીકે મેલડી માતાજીનું મંદિર પાદર દેવકી વડવા ખાતે છે. ગ્રામ દેવી તરીકે ભગવતી રૂવાપરી માતાજી પૂર્વ દિશામાં દરિયા કિનારે બેઠા છે. ગોહિલવાડના દેવી તરીકે પૂજ્ય ખોડિયાર માતાજી રાજપરા ગામે બિરાજમાન છે.

# માતા-પિતાએ મોબાઈલની લત છોડવા ઠપકો આપતા ૧૪ વર્ષના પુત્રનો ફાંસો ખાઈ આપઘાત

### ઉનાનાં ગાંગડા ગામનો બનાવઃ પરિવારજનો શોકમગ્ન

ઉના,તા.૩૦

આજ નાં મોબાઈલ યુગમાં વિવિધ પ્રકારની ગેમ્સ એ યુવાનો નાનાં તરૂણ વય નાં બાળકો લત સમાન બનાવી દીધાં હોય તેમ વિડીયો ગેમ્સ માં સતત વ્યસ્ત રહેતાં હોવાનાં કારણે આંખ અને મગજને ભારે નુકસાન પહોંચતું હોય અને ચીચીયારા સ્વભાવ બની જતાં આપઘાત કરી લેવાં સુધી પહોંચી જતાં હોવાનાં ચેતવણી રૂપ કિસ્સો પ્રકાશમાં આવતાં બાળક નાં માતા પિતા પરીવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા

ઉના નાં ગાંગડા ગામે અનુસુચિત વિસ્તારમાં રહેતાં અને સામાન્ય રોજગાર મેળવી પોતાનાં પરીવાર નું ગુજરાત ચલાવતાં જીતુભાઈ જશાભાઇ પરમાર નો ૧૪ વર્ષ નો પુત્ર પિયુષ પોતાનાં ઘરે મોબાઈલ ગેમ માં સતત વ્યસ્ત રહેતાં માતા પિતા એ મોબાઈલ માં વિડીયો ગેમ નહીં રમવા જણાવી મોબાઈલ લઈ લેતાં લાગી આવતાં પોતાનાં માતાપિતા ની ગેરહાજરી માં ઘર નાં અંદર ખુણામાં દોરી બાંધી ગળાફાંસો ખાઇ લેતાં



પરીવારજનો શોકમાં ગરકાવ થઈ ગયા હતા

મોબાઈલ ગેમ નાં કારણે ૧૪ વર્ષ નાં તરૂણ એ આવુ આકરું પગલું ભરતાં સમગ્ર ગાંગડા ગામે શોક નો માહોલ છવાઇ જવા પામેલ આ તરૂણ વય નાં બાળક પિયુષ પરમારે પોતાનાં ઘર નાં ઉપર મકાન નાં ખુણામાં દોરી બાંધી ગળાફાંસો ખાધો હતો એ વખતે માતાપિતા કામસર બહાર ગયાં હતાં ઘરે આવતાં પોતાનું સંતાન જોવાં નહીં મળતાં ઘરે ઉપર નાં ભાગે તે દોરી બાંધી લટકી હાલતમાં જોવાં મળતાં બુમાબુમ કરવાં લાગતાં તાત્કાલિક બાળક ને હોસ્પિટલમાં લાવતાં તબીબી દ્વારા મૃત્યુ જાહેર કરવામાં આવતાં પરીવાર માં શોકનો માહોલ છવાઇ જવા પામેલ છે આ બાબતે ઊના પોલીસ દ્વારા કાયદેસર ની કાર્યવાહી કરી મરણજનાર નાં પિતા એ જાણજોગ પોલીસ માં જાણ કરી હતી જીતુભાઈ જશાભાઇ પરમાર ને બે સંતાન હોય એક દિકરી અને એક દિકરો જેમાં પિયુષ ૧૪ વર્ષ ની ઉંમર નો મોટો દિકરો હતો જે ગાંગડા ગામે આવેલ સરકારી પ્રાથમિક શાળામાં ધોરણ ૮ માં અભ્યાસ કરતો હતો માતાપિતા ગરીબ વર્ગ નાં હોય આખો દિવસ મહેનત મજૂરી કરી ગુજરાન ચલાવતા હતા અને પિયુષ આખો દિવસ મોબાઈલ ગેમ રમતો હોવાથી તેનાં પાસે થી મોબાઇલ પાછો મેળવી ગેમ રમવાની નાં પાડી ઠપકો આપતાં તેને લાગી આવતાં પોતાનાં માતાપિતા ની ગેરહાજરી માં ઘરમાં ગળા ફાંસો ખાઈ લીધો હોવાનું જાણવા મળ્યું હતું.

## ડ્રાઈવીંગ

(છેલ્લા પાનાનું ચાલું)

અડચણો પારખવામાં તેઓ મુશ્કેલી અનુભવે છે અને જયારે તેઓને ગ્રેડીયન ટેસ્ટમાં તેઓને આગળ વધવા સિગ્નલ મળે છે તો તેઓ વાહનને પાછળની તરફ જતા રોકી શકતા નથી અને તેથી નાપાસ થાય છે.

અને ટુ વ્હીલર ટેસ્ટમાં અરજદાર અચાનક જ તેના પગ જમીન પર મુકી આપે છે. છતાં પણ હવે આ પ્રકારના વાહનો ચલાવવુ બહુ જલ્દી શીખી જાય છે તેથી તેમાં નાપાસ થવાનું કારણ ઓછુ હોય છે. હવે ૧૮ વર્ષના થાય કે તુર્તજ લર્નીંગ લાયસન્સ માટે અરજી કરી દેવાય છે. જેના કારણે લર્નીંગ લાયસન્સની પ્રક્રિયામાં આ ટીમો પહોંચી શકતી નથી. આથી તેમાં આઈટીઆઈને સાંકળવામાં આવી છે. હવે ગીગ વર્કર એટલે કે ડિલીવરી બોયનું પ્રમાણ વધતુ જાય છે અને તેમાં લાયસન્સ વગર નોકરી મળતી નથી. આમ તે પ્રમાણ પણ વધુ છે.

પણ હજું માતાપિતા તેના ટીનએજ સંતાનોને ૧૪-૧૫ વર્ષની ઉંમરે તેમને વાહન ચલાવવા આપે છે તે જોખમી છે.

## આકરો સંદેશ

(પહેલા પાનાનું ચાલું)

મોટો નથી. આમ કહીને નૌકાદળે પાકિસ્તાનને એક મજબુત સંદેશો મોકલી આપ્યો છે. આ પોસ્ટમાં લખાયું છે કે એની ટાઇમ, એની વેર, એની હાઉ એટલે કે કોઇપણ સમયે, કોઇપણ સ્થળ અને કોઇપણ મોટા દુશ્મન સાથે ટકરાવવા

તૈયાર છે. ખાસ કરીને ભારત હવે પાકિસ્તાનને પાઠ ભણાવવા માટે કરાંચી બંદરને ટાર્ગેટ કરે તેવી શકયતાઓ છે. પહેલગામ હુમલા બાદ ભારતીય નૌસેનાએ તેની તૈયારી પુરજોશથી શરૂ કરી છે અને હાલમાં જ ભારતમાં નિર્મિત કરાયેલ ગાઈડડ મિસાઇલ ડિસ્ટ્રોયર આઇએનએસ સુરતને પણ અરબી સમુદ્રમાં ૭૦ કિ.મી.ની રેન્જમાં મધ્યમ દુરીથી હવામાંથી હવામાં પ્રહાર કરી શકતા મિસાઇલ પરીક્ષણ કર્યુ હતું આ ઉપરાંત નૌસેનાએ બ્રહ્મોસ અને અન્ય મિસાઇલની ક્ષમતા બતાવી છે. ભારતનું વિમાન વાહક જહાજ આઇએનએસ વિક્રાંત પણ પુરી રીતે કોઇ પણ પડકારને ઉપાડી લેવા તૈયાર છે.

## ભાગવત

(પહેલા પાનાનું ચાલું)

લોકકલ્યાણ માર્ગ પર સંભવત પ્રથમ વખત પહોંચ્યા છે અને શ્રી મોદી, અમીત શાહ અને મોહન ભાગવત વચ્ચે વ્યાપક ચર્ચા થઈ હતી. તેઓ લગભગ દોઢ કલાક વડાપ્રધાન નિવાસે રોકાયા હતા. એક તરફ ભારત હવે પાક સામે પગલા લઈ રહ્યુ છે તે સમયે આ મુલાકાતને મહત્વની ગણવામાં આવે છે.અગાઉ જ ભાગવતે એક વિધાનમાં પાકને જવાબ આપવો પડશે તેવું જણાવતા કહ્યું હતું કે રાજયનો ધર્મ પ્રજાની રક્ષા કરવાનો છે. આમ તેઓએ પણ સ્પષ્ટ રીતે પાક સામેની કાર્યવાહીને સમર્થન આપ્યુ હતું.

## ફફડે

(પહેલા પાનાનું ચાલું)

જવાબ આપ્યો છે.

જો કે ભારતનો હુમલો કઈ બાજુથી આવશે તે પાક નિશ્ચિત કરી શકતુ નથી અને આથી જ પાકે તેની હવાઈ સુરક્ષા તથા સરહદી પોઝીશન વધુ મજબૂત બનાવવાનો પ્રારંભ કર્યો છે. પાકના સંરક્ષણમંત્રી શ્રી ખ્વાજા આસીફે ફરી એક વખત ભારતને 'આક્રમણ' નહી કરવા વિનંતી કરી હતી. પાકે ખાસ કરીને તેના કબ્જાના કાશ્મીરમાં મોટા હુમલા થશે તેવી દહેશતથી આ મોરચે પોઝીશન મજબૂત બનાવી છે તો બીજી બાજુ યુદ્ધ જેવા વાતાવરણમાં પાક સૈન્યના વડા જનરલ મુનીરનું એક પણ વિધાન આપ્યુ નથી. બીજી તરફ પાકે હવે ભારતના 'તાપ'થી બચવા વધુ એક વખત સંયુક્ત રાષ્ટ્રસંઘનું શરણ લીધુ છે.

## ઘર

(પહેલા પાનાનું ચાલું)

સંચાલન હાફીસ સઈદ કરે છે તેના લાહોર ખાતેના ઘરની સેટેલાઈટ તસ્વીર પ્રથમ વખત બહાર આવી છે. ગત મહિને તેના ખાસ સાથી અબુ કાતલની હત્યા બાદ હાફીસની સુરક્ષા વધારવામાં આવી છે. બીજી તરફ પહેલગામ હુમલામાં હાફીસના સાથી ફારૂક અહેમદની મુખ્ય ભૂમિકા ખુલી થઈ છે તે પાક કબ્જાના કાશ્મીરમાં રહે છે અને પહેલગામ હુમલામાં તેણે શસ્ત્રો લોકેશન સહિતની મદદ કરી હતી. જો કે ભારત હવે હુમલો કરશે તેવા ભયે હાલ તે અન્ય સલામત સ્થળે ખસી ગયો હોય તેમ માનવામાં આવે છે.

## પાકિસ્તાન

(પહેલા પાનાનું ચાલું)

પાકિસ્તાન વચ્ચે તકરારની સ્થિતિ બની છે. યુદ્ધ જેવી હાલત બની રહી છે. માની લો કે યુદ્ધ થયું તો ભારત પાસે એવા હથિયાર છે જે એકલા જ પાકિસ્તાનને તબાહ કરવાની ક્ષમતા રાખે છે.આવા હથિયારોની ઝાંખી કરીએ.

**અગ્નિ-૫ઃભારતની બેલેસ્ટીક મિસાઈલઃ**

ભારતની બેલેસ્ટિક મિસાઈલ અગ્નિ-૫ એકલી જ પુરા પાકિસ્તાનમાં તબાહી મચાવવાની ક્ષમતા રાખે છે. અગ્નિ-૫ ભારતની સૌથી લાંબા અંતર સુધી પાર કરવામાં સક્ષમ મિસાઈલ છે તે પરમાણું હથિયાર પણ લઈ જઈ શકે છે.

**મારગિક્ષમતા ૫ હજાર કિલોમીટરથી વધુઃ**

અગ્નિ-૫ ભારતની આંતર ખંડીય બેલેસ્ટિક મિસાઈલ છે તેની મારક ક્ષમતા ૫ હજાર કિલોમીટરથી વધુ છે. તે પરમાણું હથિયાર લઈ જવામાં સક્ષમ છે. તેને સૈન્ય ટ્રકનાં માધ્યમથી દેશના કોઈપણ ભાગમાં લઈ જઈ શકાય છે.

**દુનિયાની સૌથી ઝડપી મિસાઈલોમાંની એકઃ**

ભારતના રક્ષા અનુસંધાન તેમજ વિકાસ સંગઠન (ડીઆરડીઓ) એ અગ્નિ-૫ નો વિકાસ કર્યો છે. આ દુનિયાની સૌથી ઝડપી મિસાઈલો પૈકીની છે તેની દર કલાક ૨૯૪૦૦ કિલોમીટરની સ્પીડ છે.તેના એરીયામાં ચીન અને પુરૂ પાકિસ્તાન આવી શકે છે.

**ભારત પાસે બ્રહ્મોસ મિસાઈલ પણ છેઃ**

પાકિસ્તાનને પાઠ ભણાવવા ભારત પાસે માત્ર અગ્નિ મિસાઈલ જ નથી, દુનિયાની સૌથી ઝડપી બ્રહ્મોસ મિસાઈલ પણ છે.આ મિસાઈલ ભારત અને રશિયા દ્વારા વિકસીત કરાઈ છે. અત્યાર સુધીની તે આધુનિક મિસાઈલ છે.

**બ્રહ્મોસ ભારતની ત્રણેય સેના પાસેઃ**

બ્રહ્મોસ એક સુપર સોનિક ક્રુઝ મિસાઈલ છે. તેને સબમરીનથી પાણીમાં જહાજથી વિમાનથી અને જમીનથી છોડી શકાય છે.

ક્રુઝ અને હાઈપર સોનિક મિસાઈલઃ

ભારત પાસે માઈકા, અસ્ત્ર, નોધટર, કે-૧૦૦, ત્રિશુલ, આકાશ, બરાક, ધનુષ, શૌર્ય, પ્રહાર, નિર્ભય, સાગરિકા, (કે-૧૫) હેલીના જેવી ક્રુઝ અને હાઈપર સોનિક મિસાઈલ છે.તેની તાકાતથી જ દુશ્મનના મોતિયા મરી જાય છે.

**વિભિન્ન લક્ષ્યો પર અલગ અલગ વોરહેડ પહોંચાડી શકે છેઃ**

મધ્ય અને દક્ષિણી સેનાના બેઝ પરથી લોન્ચ કરવા પર અગ્નિ-૫ પુરૂ એશીયા અને યુરોપમાં લક્ષ્યો પર હુમલો કરી શકે છે.અગ્નિ-વી.એમ.આઈ આરબી (મલ્ટીપલ ઈન્ડીપેન્ડેન્ટલ ટાર્ગેટેબલ રી-એન્ટ્રી વીઈકલ) પેલોડ પણ લઈ જવામાં સક્ષમ છે. આનો મતલબ છે કે તે એક વારમાં જ વિભિન્ન લક્ષ્યો પર અલગ અલગ વોરહેડ પહોંચાડી શકે છે.

## આઈટી

(પહેલા પાનાનું ચાલું)

ટેકસ રિટર્ન ભરવુ સરળ હોવુ જોઈએ આ સાથે જ જે લોકો પોતાની અસલી કમાણી નથી બતાવી રહ્યા તેમના માટે ટેકસ બચાવવો મુશ્કેલ પણ હોવુ જોઈએ.

નવુ આઈટીઆર ટુંક સમયમાં જ જાહેર કરવામાં આવશે સાથે સાથે બહેતર એન્યુઅલ ઈન્ફોર્મેશન સ્ટેટમેન્ટ (એઆઈએસ) પાસેથી પણ શંકાસ્પદ કેસોનો પતો મેળવવામાં મદદ મળશે. એઆઈએસ એક એવુ સ્ટેટમેન્ટ છે. જેમાં કોઈ ટેકસ પેયરની આખા વર્ષની પુરી જાણકારી હોય છે. જેમાં વ્યાજ, ડિવીડન્ડ કે સોર્સ પર ટેકસ (ટીસીએસ) મોટાભાગની જાણકારી અગાઉથી જ ભરેલી હશે.આથી ટેકસ રિટર્ન ભરવો સરળ થઈ જશે.

સરકારે ટીસીએસનું ક્ષેત્ર પણ વધારી દીધુ છે. લકઝરી સોનાની ખરીદીને પણ તેમા સામેલ કરાઈ છે જેથી ખર્ચ અને છુપાયેલી કમાણીનો પતો મળી શકે. ઓલ્ડ રીજીમવાળા લોકોએ હવે છુટના બારામાં વધુ જાણકારી આપવી પડી શકે છે.

### એકજ ઓળખપત્રમાં સુધારો કરવાથી તમામમાં ઓટોમેટિક અપડેટ થઈ જશે

# આધાર, પાન, ડ્રાઈવિંગ લાયસન્સ, એક જ પોર્ટલમાં જઈ સુધારા-ફેરફાર કરી શકાશે

## કેન્દ્ર સરકાર ઓળખપત્રો માટે એકીકૃત પોર્ટલ લાવે છે

નવી દિલ્હી તા.૩૦

આધાર, પાન, વોટર આઈડી, ડ્રાઈવીંગ લાયસન્સ વગેરેમાં નામ, સરનામું, મોબાઈ નંબર, બદલવા માટે લોકોએ હવે જૂદી જૂદી ઓફિસોમાં ચક્કર નહિં કાપવા પડે. કેન્દ્ર સરકાર યુનિફાઈડ ડિઝીટલ આઈડેન્ટીટી, સિસ્ટમ લાગુ કરવાની તૈયારીમાં છે. તેના માટે બની રહેલા પોર્ટલ પર લોકો એક જ જગ્યાએથી સરનામું નંબર વગેરે અપડેટ કરી બધા જરૂરી ઓળખપત્રોમાં આ ફેરફાર ઓટોમેટીક અપડેટ થઈ જશે.

**આ પોર્ટલ કેવી રીતે કામ કરશે:**

પોર્ટલને એવી રીતે ડિઝાઈન કરાયું છે જેથી બદા ડેટા સ્વીકૃત થાય. એટલે કે પાન, આધાર, ડ્રાઈવીંગ લાયસન્સ, પાસપોર્ટ, જેવા ઓળખપત્રો ઈન્ટીગ્રેટેડ થશે. જરૂરી ફેરફાર માટે પોર્ટલ પર જવાથી કયાં ફેરફાર કરવાના છે તેના વિકલ્પ આવશે જેમ કે જો મોબાઈલ નંબર બદલવાનો છે તો અલગ વિકલ્પ મળશે તેના માટે જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના રહેશે ત્યારબાદ સબમિટ બટન દબાવતા જ જરૂરી ફેરફાર પ્રોફાઈલ પર જોવા મળશે. કામકાજનાં ત્રણ દિવસમાં આ અપડેટ બધા ઓળખપત્રોમાં જોવા મળશે.

**નવુ ઓળખપત્ર કયારે મળશે:**

ફેરફાર સાથેનું નવુ ઓળખપત્ર મેળવવા માટે આ પોર્ટલ પર એક વિકલ્પ હશે તેના માટે ચાર્જ આપી આવેદન કરવુ પડશે અને કામકાજનાં ૭ દિવસમાં નવા અપડેટ સાથેનું ઓળખપત્ર ટપાલથી ઘેર પહોંચી જશે જો ઓફિસનો વિકલ્પ પસંદ કર્યો હશે તો ઓફિસેથી મળી જશે.

# હિન્દુ હો કયા? પહેલગામ હુમલા પહેલા એક શંકાસ્પદ શખ્સે પુછપરછ કર્યાનો પ્રવાસીનો દાવો

### ત્યારે શંકાસ્પદ શખ્સ તેના સાથીને બોલ્યો હતો, આજે ભીડ ઓછી છેઃ મહારાષ્ટ્રના પ્રવાસીનો ચોંકાવનારો દાવો



જાલના (મહારાષ્ટ્ર) તા.૩૦

પહેલગામ આતંકી હુમલાને લઈને મહારાષ્ટ્રના જાલના જિલ્લાના એક યુવક આદર્શ રાઉતે ચોંકાવનારો ખુલાસો કર્યો છે. રાઉતના જણાવ્યા અનુસાર આતંકી હુમલાના એક દિવસ પહેલા એક શંકાસ્પદ વ્યક્તિએ તેની સાથે વાત કરતા પૂછયું હતું- હિન્દુ હો કયા? કશ્મીરી નહીં લગતે.

રાઉતના જણાવ્યા મુજબ તે ૨૧ એપ્રિલે બાયસરન ખીણમાં ઘોડેસવારી કરવા ગયો હતો. ત્યાં એક મેગી સ્ટોલ પર ખાવાનું ખાતો હતો ત્યારે એક શખ્સ તેની પાસે આવ્યો હતો અને તેને પૂછયું હતું કે હિન્દુ છો કેમ? તમે કાશ્મીરી તો નથી લાગતા. રાઉતે જણાવ્યું હતું કે આ સાંભળીને મને અસહજ લાગ્યુ હતુ, ત્યારબાદ શંકાસ્પદ શખ્સે આગળ પોતાના સાથીને કહ્યું હતુ કે આજે ભીડ ઓછી છે.

રાઉતે જણાવ્યું હતું કે મને તે શખ્સની વાત અજબ લાગી હતી. પછી બીજા દિવસે જયારે આતંકી હુમલો થયો ત્યારે મને પુરી વાત સમજમાં આવી. ઉલ્લેખનીય છે કે જયારે એનઆઈએએ ત્રણ શંકાસ્પદોના સ્કેચ જાહેર કર્યા તો રાઉતે દાવો કર્યો હતો કે તેમાંથી એક શખ્સનો ચહેરો તે વ્યક્તિને મળતો આવતો હતો, જેને હું મળ્યો હતો.

રાઉતે જણાવ્યું હતું કે મેં પુરી જાણકારી ઈ-મેલથી એનઆઈએને મોકલી દીધી છે. જેમાં તે વ્યક્તિ સાથે થયેલી વાતચીત, લોકેશન, તારીખ અને સ્ટોલવાળાને પૈસા ન દેવાની વાત પણ સામેલ છે. રાઉતે જણાવ્યું હતું કે જો તપાસ એજન્સી મારો સંપર્ક કરશે તો દરેક સંભવ સહયોગ આપવા તૈયાર છું પણ હજુ સુધી કોઈ જવાબ નથી આવ્યો.

# રેસ્ટોરાંએ જાણ કરવી પડશે કે કયું પનીર છે?



### ગ્રાહક બાબતોનું મંત્રાલય કઈ માર્ગદર્શિકા જારી કરી

નવી દિલ્હી , તા.૨૯ : ભેળસેળયુક્ત ચીઝની વધતી જતી સમસ્યાને ધ્યાનમાં રાખીને ગ્રાહક બાબતોનું મંત્રાલય રેસ્ટોરાં માટે આ સંબંધમાં માર્ગદર્શિકા જારી કરવા પર વિચાર કરી રહ્યું છે. કન્ઝ્યુમર અફેર્સ સચિવ નિધિ ખરેએ આ માહિતી આપી હતી. તેમણે કહ્યું કે રેસ્ટોરાંએ જાહેર કરવું જોઈએ કે તેઓ જે ભોજન પીરસે છે તેમાં 'એનાલોગ પનીર' છે કે પરંપરાગત રીતે દૂધમાંથી બનેલું પનીર. ખરેએ કહ્યું, 'એનાલોગ પનીર એ પનીર જેવું જ લાગે છે જે આપણે જોવા માટે ટેવાયેલા છીએ અને તેનો સ્વાદ પણ લગભગ સમાન છે. જો કે, તે પરંપરાગત ચીઝની જેમ તૈયાર કરવામાં આવતું નથી. તે સસ્તું પણ છે. રેસ્ટોરન્ટ્સે જાહેર કરવું જોઈએ કે તેઓ ગ્રાહકોને કઈ ચીઝ ડીશ પીરસે છે. એનાલોગ પનીર મુખ્યત્વે દૂધ પાવડર, સ્ટાર્ચ, પામ તેલ અને ઇમલ્સિફાયર જેવા ઘટકો ઉમેરીને બનાવવામાં આવે છે. ફૂડ સેફ્ટી એન્ડ સ્ટાન્ડર્ડ્સ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ કંપનીઓને એનાલોગ પનીર વેચવાની છૂટ આપી છે, પરંતુ એ જાહેર કરવું ફરજિયાત બનાવ્યું છે કે તેઓ એનાલોગ પનીર વેચે છે કે પરંપરાગત પનીર.

### માર્ગદર્શિકા બનાવવા માટે વાતચીત ચાલુ

આરોગ્ય મંત્રાલય હેઠળના FSSAI સાથે ધોરણો વિશે વાત કરી રહ્યું છે, જેથી રેસ્ટોરાં માટે પણ માર્ગદર્શિકા તૈયાર કરી શકાય. તે જ મહિનામાં, ગ્રાહક બાબતોના પ્રધાન પ્રહલાદ જોશીએ નકલી ચીઝના વેચાણ અંગે આરોગ્ય અને પરિવાર કલ્યાણ પ્રધાન જેપીનો સંપર્ક કર્યો હતો. નડ્ડાને કાર્યવાહી કરવા વિનંતી કરી હતી. જોશીએ નડ્ડાને લખેલા પત્રમાં કહ્યું હતું કે, દેશભરમાં ફૂડ જોઈન્ટ્સ, રેસ્ટોરાં અને માર્કેટમાં નકલી અને ભેળસેળયુક્ત ચીઝ વેચવાના કિસ્સાઓ વધી રહ્યા છે. ખોરાકની ગુણવત્તા અને સલામતી અંગે લોકોની ચિંતા વધી રહી છે. હું જરૂરી પગલાં લેવા વિનંતી કરું છું.

# ઈલેક્ટ્રિક કાર માટે લાંબી મુસાફરીને સરળ બનાવવા માટે સરકાર બેટરી-સ્વેપ હબ બનાવશે



નવી દિલ્હી :

સરકાર બેટરી સ્વેપિંગ સ્ટેશનો સ્થાપવા માટે સબસિડી આપવાની યોજના બનાવી રહી છે, જેથી લાંબા અંતરની મુસાફરી કરનારાઓને બસ અને ટ્રક સહિત તેમના ઇલેક્ટ્રિક વાહનોની બેટરી ચાર્જ કરવામાં સમય ન પસાર કરવો પડે અને તેઓ ઝડપથી પોતાની યાત્રા ફરી શરૂ કરી શકે. લોકો આ કેન્દ્રો પર બેટરીની અદલાબદલી કરી શકે છે.

શરૂઆતમાં, બેટરી સ્વેપિંગ સ્ટેશનો માટે અપસ્ટ્રીમ સબસિડી ઇલેક્ટ્રિક બસો, ટ્રક, ટુ વ્હીલર્સ અને થ્રી વ્હીલર્સ માટે સુવિધાઓ ઉભી કરવા માટે પૂરી પાડવામાં આવે તેવી સંભાવના છે, એમ સૂત્રોએ જણાવ્યું હતું. કારની બેટરીની અદલા-બદલી કરવામાં સમય લાગશે કારણ કે આ માટેના ધોરણો હજી સુધી સૂચિત કરવામાં આવ્યાં નથી. ગયા અઠવાડિયે વડા પ્રધાનના કાર્યાલય અને સંબંધિત મંત્રાલયોના અધિકારીઓ મારફતે સ્ટેશનો સ્થાપવાના મુદ્દા પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

આ પ્રસ્તાવ એવા સમયે આવ્યો છે જ્યારે ૨૦૨૪-૨૫માં તમામ રજિસ્ટર્ડ વાહનોમાં ઇલેક્ટ્રિક વ્હીકલ્સ (ઇવી)નો હિસ્સો ૨૦૧૪-૧૫માં માંડ ૦.૦૧ ટકાથી વધીને ૭.૩ ટકા થયો છે. સરકારી આંકડા મુજબ, દેશમાં લગભગ ૫૬.૮ લાખ ઇવી નોંધાયેલા છે અને ગ્રીન વાહનો માટે સરકારના પ્રયાસોને કારણે આ સંખ્યા ઝડપથી વધી રહી છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગો પર બસો અને ટ્રકો માટે બંને બાજુએ દર ૧૦૦ કિ.મી.એ જાહેર ચાર્જિંગ સ્ટેશનો સ્થાપવામાં આવશે અને કાર માટે બંને બાજુએ દર ૨૦ કિ.મીએ ચાર્જિંગ સ્ટેશનો હશે.

અધિકારીઓએ જણાવ્યું હતું કે બેટરી સ્વેપિંગ સ્ટેશનોને ઇવી પબ્લિક ચાર્જિંગ સ્ટેશનો સાથે સહ-સ્થિત કરી શકાય છે અથવા સ્ટેન્ડઅલોન હોઈ શકે છે. "સબસિડીની જે વિગતો પૂરી પાડી શકાય છે તેના પર કામ કરવામાં આવશે. બેટરી સ્વેપિંગ સ્ટેશનોની સ્થાપના લાંબા માર્ગો પર વધુ ઇલેક્ટ્રિક બસો અને ટ્રકોના સંચાલન માટે એક મોટું પ્રોત્સાહન હશે કારણ કે આ તેમની જરૂરિયાતોને પૂર્ણ કરશે.

એકવાર કાર માટે બેટરી સ્વેપિંગ પ્રોટોકોલ અમલમાં આવ્યાં પછી, તે દેશમાં ઇવી ક્ષેત્રે ક્રાંતિ લાવશે. બેટરી ચાર્જિંગ સુવિધાઓ ઉભી કરવા માટે અગ્રતાની સૂચિમાં મૂકવામાં આવેલાં કેટલાક હાઇવેમાં દિલ્હી-ચંડીગઢ, દિલ્હી-જયપુર, બેંગ્લોર-મુંબઇ, કોઇમ્બતુર-બેંગ્લોર, ગોવા-પુણે, ચેન્નાઇ-બેંગ્લોર, કોચી-કન્યાકુમારી, પ્રયાગરાજ-પટના, ગુવાહાટી-જોરહાટ અને ખડગપુર-વિશાખાપટ્ટનમનો સમાવેશ થાય છે.

# ૧લી મેથી આપનું ખિસ્સું હળવું થશેઃ એટીએમથી પૈસા ઉપાડવા મોંઘા થશેઃ એફડી-બચતના વ્યાજ દર ઘટશે

નવીદિલ્હી તા.૩૦

આવતીકાલે ૧લી મેનાં દિવસે અનેક ફેરફાર થઈ રહ્યા છે. જેની અસર આપના ખિસ્સા પર પડશે. એટીએમમાંથી રકમ ઉપાડવાથી માંડીને ટ્રેનની ટિકિટ બુકીંગ સુધી અનેક ફેરફાર થશે, જયારે આરબીઆઈના પ્રવાહ પોર્ટલની શરૂઆત થશે, જેવી બધી બેંકો, નાણાકીય કંપનીઓ અને અન્ય નિયમન કરેલ સંસ્થાઓએ પોતાના કામોનો નિકાલ કરવો પડશે.

**એટીએમમાંથી રકમનો ઉપાડ મોંઘો થશે**

જો આપ એટીએમથી રોકડ ઉપાડી રહ્યા છો કે નાખી રહ્યા છો કે બેલેન્સ ચેક કરી રહ્યા છો તો નિર્ધારિત સીમાં બાદ લાગતા ચાર્જમાં વધારો કરવામાં આવ્યો છે. આ વધારો રૂા.૨૧માંથી ૨૩ કરાયો પાંચ ટ્રાન્જેકશન બાદ આ ચાર્જ લાગે છે.

**રેલવે ટિકિટ બુકીંગ અંતર્ગત નિયમો બદલશે**

હવે સ્લીપર અને એસી કોચમાં જ વેઈટીંગ ટિકિટથી યાત્રા થઈ શકશે. ટિકિટ બુકીંગનો સમય ૧૨૦ દિવસથી ઘટાડીને ૬૦ દિવસ કરાયો છે. આ ઉપરાંત ભાડુ અને રિફંડ ચાર્જ પણ વધી શકે છે.



રેલવેમાં વેઈટીંગ ટિકિટ બુકિંગના નિયમો બદલાશેઃ પ્રવાહ પોર્ટલથી બેન્કોનું સરળ બનશે

**એફડી અને બચત ખાતાના વ્યાજમાં ફેરફાર**

આરબીઆઈએ ગત મહિને જ દ્વિમાસિક મૌદ્રિક નીતિ સમીક્ષા બેઠકમાં રેપો દરો ઘટાડવાનું એલાન કર્યુ હતું. લોન, જમા અને બચત ખાતામાં વ્યાજદરો ઘટી શકે છે.

**ગ્રામીણ બેન્કોનો વિલય થશે**

૧૧ રાજયોમાં ક્ષેત્રીય ગ્રામીણ બેન્કોનો વિલય થશે ૧ મેથી એક રાજય એક ક્ષેત્રીય ગ્રામીણ બેન્કની નીતિ લાગુ થશે. આથી બેન્કોની કાર્યક્ષમતા વધશે અને ગ્રાહકોને મહેતર સુવિધા મળશે. આ વિલય યોજનામાં ગુજરાત સહિત આંધ્ર પ્રદેશ, પશ્ચિમ બંગાળ, ઉત્તર પ્રદેશ વગેરે રાજયો સામેલ છે.

**પ્રવાહ પોર્ટલથી બેન્કોનું કામ સરળ બનશે**

આરબીઆઈએ જણાવ્યું હતું કે ૧ મેથી બધી બેન્કો નાણાકીય કંપનીઓ અને અન્ય વિનિયમિત સંસ્થાઓને ઓથોરિટી, લાયસન્સ અને અનુમોદન માટે કોઈપણ આવેદન જમા કરવા માટે પ્રવાહ પોર્ટલનો ઉપયોગ કરવો પડશે. આ પ્રવાહ પોર્ટલથી બેન્કોનું કામ સરળ બનશે.

# વિશાખાપટ્ટનમમાં નરસિમ્હા સ્વામી મંદિરમાં દુર્ઘટનાઃ ૨૦ ફુટ ભાગ તૂટી પડતા ૮ના મોત

### મધરાત્રે ચંદનોત્સવ દરમિયાન દુર્ઘટના સર્જાઈઃ મંદિરમાં મહોત્સવમાં ૨ લાખ લોકો ઉમટેલા



વિશાખાપટ્ટનમ તા.૩૦

વિશાખાપટ્ટનમમાં વરાહલક્ષ્મી નરસિમ્હા સ્વામી મંદિરમાં ચંદનોત્સવ દરમિયાન મંદિરનો ૨૦ ફૂટ લાંબો ભાગ તૂટી પડતાં આઠ લોકોના મોત થયા હતા અને ચાર ઘાયલ થયા હતા. જેની જાણકારી મળતાં જ SDRF અને NDRFની ટીમોએ ઘટનાસ્થળે પહોંચી બચાવ કામગીરી હાથ ધરી હતી.

પરિસ્થિતિ જોઈને આંધ્રપ્રદેશના ગૃહમંત્રી વાંગલાપુડી અનિતા પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા અને અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ચંદનોત્સવ દરમિયાન ૨૦ ફૂટ લાંબો મંદિરનો હિસ્સો અચાનક તૂટી પડવાથી આ ઘટના બની હતી. દર વર્ષે ચંદનોત્સવમાં મોટી સંખ્યામાં ભક્તો ભાગ લે છે. આ વર્ષે પણ એવો અંદાજ છે કે લગભગ બે લાખ ભક્તો આ મહોત્સવમાં હાજર રહ્યા હતા.

સિંહચલમ ટેકરી પર આવેલું આ મંદિર સદીઓ જૂનું છે. ચંદનોત્સવ અને અન્ય ધાર્મિક વિધિઓ માટે હજારો ભક્તો અહીં એકઠા થયા હતા. આ ઘટના ત્યારે બની જ્યારે ભીડ ખૂબ જ હતી અને ભક્તો ભગવાનના દર્શન માટે કતારમાં ઉભા હતા. બુધવારે સવારે ૧ વાગ્યે 'સુપ્રભાતમ' સાથે ચંદનોત્સવ શરૂ થયો હતો. ત્યારપછી વિશ્વસેન પૂજા, પુણ્યવચના, ઋત્વિકવરણ, પંચકલવાહન અને ચન્નોત્તરમ કરવામાં આવ્યા હતા. ભક્તોને સવારે ૪ વાગ્યાથી ભગવાનના દર્શન કરવાની છૂટ અપાઈ હતી. પ્રોટોકોલ મુજબ, VIP લોકોને સવારે ૫ થી ૬ વાગ્યા સુધી અને રાત્રે ૮.૩૦ થી ૯.૩૦ વાગ્યા સુધી દર્શન કરવાની મંજૂરી અપાઈ હતી.

# ધર્મ સર્વોપરિ નથી, બાળકની ભલાઈ મહત્વનીઃ સુપ્રિમ

### મુસ્લિમ કાયદાનો હવાલો આપી ૩ વર્ષની બાળકીનો પત્નિ પાસેથી કબ્જો માગનાર પતિની અરજી સુપ્રિમ કોર્ટે ફગાવીઃ આ કેસમાં બાળકીની કસ્ટડી માતા પાસે રહે તે તેની ભલાઈ માટે સારૂ રહેશેઃસુપ્રિમ કોર્ટ

મુંબઈ તા.૩૦

ત્રણ વર્ષની બાળકીને સાથે રાખવા માટે માતા-પિતા વચ્ચે ચાલી રહેલી ખેંચતાણના કેસમાં બોમ્બે હાઈકોર્ટે મહત્વની ટિપ્પણી કરતા કહ્યુ હતું કે ધર્મ કોઈ સર્વોપરિ કે નિર્ણાયક કારણ નથી હોતો આ કેસમાં બાળકીની ભલાઈ સૌથી મહત્વની હોય છે. કોર્ટે આ વાત એક મુસ્લિમ શખ્સને રાહત આપવાનો ઈન્કાર આપતા કહી હતી.

અરજીમાં શખ્સે કહ્યુ હતું કે તે અને તેની પત્નિ મુસ્લિમ છે. મુસ્લિમ કાનુનમાં પિતાને બાળકોનો સ્વાભાવિક વાલી માનવામાં આવે છે. એટલે બાળકીનો કબ્જો તેને સોંપવો જોઈએ.કેસ સાથે સંકળાયેલ દંપતીનાં લગ્ન ૨૦૧૯ માં થયા હતા. કેટલાંક વર્ષ બાદ અણબનાવ થતા પત્નિ દિલ્હી ચાલી ગઈ હતી.



અરજીમાં જણાવ્યા મુજબ અરજદારની પત્નિનો જન્મ પાકિસ્તાનમાં થયો હતો પરંતુ ૧૯૯૫ માં તે ભારતીય નાગરિક બની ગઈ હતી. હાલમાં તે દિલ્હીમાં રહે છે તેને આશંકા છે કે તે દેશ છોડી શકે છે. તેની હવે ભારતમાં કાંઈ મજબુત જડો નથી.એટલે તેને પોતાની દીકરીનો ઉછેર અને ધર્મની પણ ચિંતા થઈ રહી છે. કારણ કે હવે તેણે (પત્નિ) ભારતની નાગરિકતા પણ છોડી દીધી છે અને ૨૦૦૭ થી અમેરિકાની નાગરીક બની ગઈ છે. હાલમાં તે અમેરિકી પાસપોર્ટ પર ભારતમાં રહે છે.હાલ તે પીઆઈઓ કાર્ડ (ભારતીય મૂળના વ્યકિત આ કાર્ડ મળે છે)સાથે પ્રવાસ કરે છે. જેનો સમયગાળો ૨૦૨૩ માં સમાપ્ત થઈ ગયો છે. ઉપરોકત કેસમાં જસ્ટિસ સારંગ કોતવાલની બેન્ચે શખ્સની અરજી ફગાવી દઈ કહ્યું હતું કે આવા કેસમાં ન્યાયાલયો સમક્ષ કોઈ પક્ષનો ધર્મ જ નિર્ણાયક કારણ નથી. આવા કેસમાં પેરેન્ટસની ક્ષમતા અને ચરિત્ર પણ ઘણુ મહત્વનું હોય છે. હાલના કેસમાં ૩ વર્ષની બાળકી માટે તેની માની કસ્ટડીમાં રહેવુ તેની ભલાઈ માટે સારૂ રહેશે. મા દીકરીની દેખરેખ માટે પર્યાપ્ત કમાણી કરવા સક્ષમ છે.

### જેદાહથી આવેલી મહિલા મુસાફર સોનું ઘુસાડવા માંગતી હતી

# અમદાવાદ વિમાની મથકે ૩૭ લાખનું સોનું ઉપરાંત ૩૭ કરોડનું ડ્રગ્સ ઝડપાયું

### બે મહિલા-બે પુરૂષ છ ટ્રોલીમાં ફુડ પેકેટના નામે હાઈડ્રોપોનીક વીડ સાથે ગ્રીન ચેનલ પસાર કરવા ગયા

અમદાવાદ : સરદાર વલ્લભભાઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ (SVPIA) પરથી મંગળવારે કસ્ટમ અને DRIએ જોઈન્ટ ઓપરેશનમાં બેંગકોંકથી આવેલાં બે પુરુષ અને બે મહિલા પેસેન્જર પાસેથી રૂ. ૩૭ કરોડની કિંમતનું ૩૭ કિલો હાઇડ્રોપોનીકવીડ પકડી પાડ્યું છે. જ્યારે અન્ય એક બનાવમાં જેદ્દાહથી આવેલી મહિલા પેસેન્જર તેના રેકેટમાં છૂપાવેલી બે કેપસ્યુલમાંથી રૂ. ૩૭ લાખનું ગોલ્ડ સ્મગલિંગ કરતી ઝડપાઈ ગઈ છે. ૩૭ કિલો હાઇડ્રોપોનીક વીડના સ્મગલિંગનાં કેસમાં DRIએ ચારેય પેસેન્જરની ધરપકડ કરી છે.



એરપોર્ટના સૂત્રોના જણાવ્યા મુજબ, SVPIA પર મંગળવારે ગોલ્ડ અને ડ્રગ્સ સ્મગલિંગનાં વધુ બે કેસ નોંધાયા છે. મંગળવારે વહેલી સવારે થાઈ એરવેઝની ફ્લાઈટ નંબર TG 343 બેંગકોક-અમદાવાદમાં આવેલા કેટલાક પેસેન્જરોની હિલચાલ પર નજર રાખવામાં આવી રહી હતી. કસ્ટમ અને DRIના ઓફિસરો બાતમીને આધારે ચેકિંગ કરી રહ્યાં હતા ત્યારે બે મહિલા અને બે પુરુષ પેસેન્જરની ૬ ટ્રોલીનું ચેકિંગ કરવામાં આવ્યું ત્યારે સંખ્યાબંધ ફુડ પેકેટ્સ મળ્યાં હતા. બેંગકોકથી આવેલાં ચારેય પેસેન્જર પાસે આટલી મોટી સંખ્યામાં ફુડ પેકેટ મળતા કસ્ટમ અને DRIના અધિકારીઓની શંકા વધુ દ્રઢ બની હતી. આ પેકેટ્સ ખોલતાં તેમાંથી નમકીનને બદલે હાઇડ્રોપોનીક વીડ જેવું નશીલું દ્રવ્ય હોવાનું લાગતા ફોરેન્સિક એક્સપર્ટને બોલાવાયા હતાં. જેમણે આ દ્રવ્યોનું ફોરેન્સિક એનાલિસિસ કરતાં હાઈડ્રોપોનીક વીડ હોવાનું સાબિત થયું હતું. જેનું વજન ૩૭ કિલો થયું હતું. કસ્ટમના સૂત્રો જણાવે છે કે, આ હાઈડ્રોપોનીક વીડની આંતરરાષ્ટ્રીય બજારમાં એક કરોડ રૂપિયા પ્રતિ કિલોનો ભાવ છે. આમ, આ ચારેય પેસેન્જર પાસેથી રૂ. ૩૭ કરોડનું હાઈડ્રોપોનીક વીડ પકડાયું હતું.

મહિલા અને પુરુષ પેસેન્જરોની પૂછપરછમાં તેઓ મૂળ અમૃતસરના રહેવાસી છે, પરંતુ તેઓ અમૃતસરને બદલે અમદાવાદ એરપોર્ટ ઉપર કેમ આવ્યા હતા તેનો યોગ્ય જવાબ આપી શક્યા નહોતા. આથી આ ચારેય પેસેન્જરો અમદાવાદમાં કોઈને આ નશીલા દ્રવ્યોની ડિલિવરી આપવાના હોય તેમ તપાસ એજન્સીના અધિકારીઓનું માનવું છે. DRI આ ચારેય પેસેન્જરની ધરપકડ કરી છે.

અન્ય એક બનાવમાં મંગળવારે ઈન્ડિગો એરલાઈનની ફ્લાઈટ નંબર 6E 76માં જેદ્દાહથી અમદાવાદ એરપોર્ટ આવેલી ૩૫થી ૪૦ વર્ષની મહિલાની હિલચાલ શંકાસ્પદ લાગતાં કસ્ટમ ઓફિસરોએ તેને રોકી પૂછપરછ કરી હતી. મૂળ કર્ણાટકના ભટકલની રહેવાસી મહિલાનો લગેજ ચેક કરતા તેમાંથી કંઈપણ શંકાસ્પદ મળ્યું નહોતું. જોકે, મહિલાની શારીરિક તપાસ કરતા તેણે તેના રેકેટમાં બે સોનાની કેપ્સ્યૂલ છૂપાવી હોવાની કબૂલાત કરી હતી. આ કેપ્સ્યૂલનું વજન ૪૧૬ ગ્રામ હતું, જેની કિંમત રૂ. ૩૭.૨૬ લાખ થવા જાય છે. કસ્ટમ ઓફિસરોએ સોનું જપ્ત કરી મહિલાની ટ્રાવેલ હિસ્ટ્રી સહિતની તમામ હકીકતોની તપાસ હાથ ધરી છે.

# કોલકતામાં હોટેલમાં ભીષણ આગઃ ૧૪ લોકો જીવતા ભુંજાયા

### ભીડભાડવાળા વિસ્તારમાં લાગેલી આગથી લોકોમાં ભાગદોડ મચતા અનેક લોકો ઈજાગ્રસ્ત

કોલકતા (પશ્ચિમ બંગાળ) તા.૩૦

અહીના મેચુઆપટ્ટી વિસ્તારમાં મંગળવારે રાત્રે લગભગ સાડા આઠ વાગ્યે એક હોટેલમાં ભીષણ આગ ભભુકી ઉઠતા અફડાતફડી મચી ગઈ હતી. ભીડવાળા વિસ્તારમાં લાગેલી આ આગમાં ૧૪ લોકો જીવતા ભડથુ થઈ ગયા હતા.



હોટેલની બિલ્ડીંગમાંથી જીવ બચાવવા લોકો નીચે કુદી પડતા અને હોટેલ આસપાસની સાંકડી ગલીમાં બચવા માટે દોડાદોડીમાં અનેક લોકો ઘાયલ થયા હતા. આગના બનાવમાં અનેક લોકો દાઝી ગયા હતા. આગની સુચના મળતા ફાયરબ્રિગેડની ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબુ મેળવ્યો હતો.

કોલકતા પોલીસ કમિશ્નર મનોજકુમાર વર્માએ જણાવ્યું હતું કે આગ લગભગ રાત્રે ૮-૧૫ કલાકે ઋતુરાજ હોટેલનાં પરિસરમાં લાગી હતી. આગ લાગતા બુર્રાબનીરના ભીડભાડવાળા વિસ્તારમાં અફડાતફડી મચી ગઈ હતી. બિલ્ડીંગની બારી અને સાંકડી દીવાલોથી લોકો કુદવાની ભાગવાની કોશીશ કરતા રહ્યા જેમાં અનેક લોકો ઘાયલ થયા હતા.આગના આ બનાવમાં ૧૪ લોકોના ભડથુ થયેલા મૃતદેહો મળી આવ્યા હતા.

પોલીસ કમિશ્નરે જણાવ્યું હતુ કે બાદમાં આગ પર કાબુ મેળવી લેવાયો હતો બચાવ અભિયાન હજુ પણ ચાલૂ છે તપાસ માટે ખાસ ટીમ બનાવાઈ છે આગનું કારણ હજુ બહાર નથી આવ્યું પણ શોર્ટ સર્કીટની આગ લાગ્યાની શંકા છે.આગની ઘટનામાં મૃત્યુ પર રાજય ભાજપ અધ્યક્ષ સુકાંત મજમુદારે શોક વ્યકત કર્યો હતો. બંગાળ કોંગ્રેસ અધ્યક્ષ શુભંકર સરકારે કોલકતા નિગમની ટીકા કરી હતી તેમણે કહ્યું હતું કે ઘણા લોકો બિલ્ડીંગમાં ફસાયા છે મને ખબર નથી કે નિગમ શું કરી રહ્યું છે.

# હુમલા બાદ જૂના વીડિયોથી ફેલાવવામાં આવી રહ્યું છે જુઠાણું

### સરકારે હાલ યુટયુબ ચેનલો પ્રતિબંધીત કરતા જૂના વિડીયો હવે સોશ્યલ મીડીયામાં વાયરલ કરાયા

નવી દિલ્હી,તા.૩૦

૧૬ પાકિસ્તાની યૂટ્યૂબ ચેનલોની બંધ કરાવ્યા બાદ પણ સોશિયલ મીડિયા પર ફેક અને ભ્રામક સમાચારો બંધ થયા નથી. જૂના વીડિયોનો ઉપયોગ કરીને એકસ અને ઈન્સ્ટાગ્રામ પર હજી પણ નવા જુઠાણા ફેલાવવામાં આવી રહ્યા છે. આવા અનેક વીડિયોની તપાસ કરવામાં આવી તો જાણવા મળ્યું કે આ વીડિયો પાંચ વર્ષ જૂના છે.





૧. પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે પાકિસ્તાની સેનાએ પાકિસ્તાન અધિકૃત કાશ્મીરની લીપા વેલીમાં બે ભારતીય ચેક પોસ્ટ તોડી પાડી છે. તપાસમાં આ તસવીર આ વર્ષની શરૂઆતમાં ઉત્તરી આયર્લેન્ડના મોર્ને માઉન્ટેન્સમાં બુશફાયર સાથે સંબંધિત હોવાનું જાણવા મળ્યું છે

૨. એક વીડિયોમાં દાવો કરવામાં આવ્યો છે કે એક ભારતીય પત્રકારે પાકિસ્તાન સાથે વાતચીત કરવાનો ઇનકાર કરવા પર સૈન્ય અધિકારીઓનો સામનો કરવો પડ્યો હતો. આ ફૂટેજ આ વર્ષે માર્ચમાં પટિયાલામાં થયેલા હુમલા બાદ એક પ્રેસ કોન્ફરન્સ સાથે સંબંધિત હોવાનું જાણવા મળ્યું છે.

૩. પોસ્ટમાં કથિત રીતે નિયંત્રણ રેખા પર પાક સૈન્ય ચોકીને ભારે નુકસાન પહોંચાડવાનો દાવો કરવામાં આવ્યો છે. તોપમારાનો વીડિયો પણ પોસ્ટ કરવામાં આવ્યો છે. તપાસમાં આ વીડિયો ૨૦૨૩નો હોવાનું જાણવા મળ્યું છે. આ વીડિયો મે ૨૦૨૩ માં ઇમરાન ખાનને મુક્ત કરવાની માંગ સાથે પાકિસ્તાન તાકરીક-એ-ઇન્સાફ કાર્યકરો સાથે સુરક્ષા દળોની અથડામણ સાથે સંબંધિત છે.

૪. પોસ્ટમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય સેનાએ જમ્મુ-કાશ્મીરમાં નિર્દોષ નાગરિકોના ઘર તોડી પાડ્યા હતા. તપાસમાં એ વાતની પુષ્ટિ થઈ છે કે તોડી પાડવામાં આવેલું ઘર આતંકવાદીઓનું હતું

૫. પાકિસ્તાની સેનાએ ભારતીય સરહદમાં ભારતીય સૈન્ય ચોકીને નિશાન બનાવીને તોડી પાડી હોવાના દાવા સાથે પર્વતો પર થયેલા વિસ્ફોટનો વીડિયો પોસ્ટ કરવામાં આવ્યો છે. તપાસમાં સામે આવ્યું છે કે આ વીડિયો ૨૦૨૦થી ઇન્ટરનેટ પર ઉપલબ્ધ છે.

૬. એક તસવીરમાં એવો ખોટો દાવો કરવામાં આવી રહ્યો છે કે નિયંત્રણ રેખા પર ભારતના ચાર સૈનિકો માર્યા ગયા હતા. વાસ્તવમાં આ તસવીર ૨૦૨૦માં કાશ્મીરના હંદવાડા વિસ્તારમાં થયેલા સૈન્ય અભિયાનની છે, જેમાં બે આતંકવાદીઓ માર્યા ગયા હતા અને સેનાના પાંચ અધિકારીઓ શહીદ થયા હતા.

૭. પોસ્ટમાં પાયાવિહોણો દાવો કરવામાં આવ્યો છે કે ભારત દ્વારા સિંધુ જળ સંધિના સંભવિત ઉલ્લંઘનના વિરોધમાં ચીન ભારતમાં તેની નદીઓને અવરોધિત કરશે. તપાસમાં આ અંગે કોઈ વિશ્વસનીય સ્રોત તરફથી આની પુષ્ટિ કરવામાં આવી નથી. ભારતીય ન્યૂઝ વેબસાઇટને પણ આવા દાવા સાથે સંબંધિત સમાચાર મળ્યા નથી.

૮. એક ફેક વિડિઓમાં બતાવાયું છે કે પહેલગામ હુમલા માટે સેનાના એક વરિષ્ઠ અધિકારીને કથિત સુરક્ષા ખામીઓને જવાબદાર ઠેરવવામાં આવ્યાં છે. સેનાના એક વરિષ્ઠ અધિકારીએ આ વીડિયો ફેક હોવાની પુષ્ટિ કરી છે. એક ક્લિપ ખોટી રીતે એક ઇમારત પર મિસાઇલ હુમલાને પાકિસ્તાનના કબજા હેઠળના કાશ્મીરમાં ભારતની કાર્યવાહી સાથે જોડે છે.

# ભગવાન શ્રી રામના મંદિર પર ૪૨ ફુટ ઉંચો ધ્વજ દંડ સ્થાપિત થયો



અયોધ્યામાં શ્રીરામ જન્મભૂમિ મંદિરના મુખ્ય શિખર પર ૩૫૦૦ કિલોગ્રામના કળશ બાદ હવે ૪૨ ફુટ ઊંચો ધ્વજદંડ સ્થાપિત કરવામાં આવ્યો છે. અક્ષયતૃતીયાના એક દિવસ પહેલાં પરશુરામ જયંતીના દિવસે જય શ્રીરામના જયકારા સાથે ભક્તિ અને શ્રદ્ધા સાથે ધ્વજદંડ સ્થાપિત કરવામાં આવ્યો હતો.

આ સંદર્ભે રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર ટ્રસ્ટના જનરલ સેક્રેટરી ચંપત રાયે જાણકારી આપતાં જણાવ્યું હતું કે ધ્વજદંડની સ્થાપનાની પ્રક્રિયા સવારે ૬.૩૦ વાગ્યે શરૂ કરવામાં આવી હતી અને દોઢ કલાકમાં વિધિ સંપન્ન થઈ હતી. રામમંદિરનું નિર્માણકાર્ય ઘણી તેજીથી પૂરું થઈ રહ્યું છે અને ધ્વજદંડની સ્થાપના મંદિરના ભવ્ય સ્વરૂપને વધારે ઓજસ્વી બનાવે છે. ૪૨ ફુટનો આ ધ્વજદંડ મંદિરના મુખ્ય શિખર પર દૂરથી પણ દેખાય છે. આ ધ્વજદંડ ૧૬૧ ફુટના શિખર પર લગાડવામાં આવતાં એ જમીનથી ૨૦૧ ફુટની ઊંચાઈએ લહેરાશે. આ ધ્વજદંડ પર અયોધ્યાની ગરિમા વધારનારી વિજય-પતાકા લહેરાવવામાં આવશે, ધ્વજદંડ અમદાવાદમાં તૈયાર કરવામાં આવ્યો છે અને એનું વજન ૫.૫ ટન છે. બે ટાવર-ક્રેનની મદદથી એને શિખર પર સ્થાપિત કરવામાં આવ્યો છે.

# અક્ષય તૃતીયાઃ આજથી ચારધામ યાત્રાનો પ્રારંભ

## ઉત્તરાખંડમાં આવેલા ગંગોત્રી તથા યમુનોત્રી ધામના કપાટ ખુલ્યાઃ ગઈકાલે ગંગોત્રીધામ માટે ભકતોએ માઁ ગંગાની પાલખી કાઢીઃ યાત્રાના રૂટ પર ૬૨૪ સીસીટીવી કેમેરા સક્રિયઃ સુરક્ષાની જડબેસલાક વ્યવસ્થા





ઉતરાખંડમાં આવેલા ગંગોત્રી અને યમુનોત્રી ધામનાં કપાટ આજથી ખુલી રહ્યાં છે. ગઈકાલે ગંગોત્રીધામ માટે ભકતોએ માઁ ગંગાની પાલખી કાઢી હતી તો ભકતોનું સ્વાગત કરવા માટે યમુનોત્રી ધામને રંગબેરંગી ફુલોથી શણગારવામાં આવ્યું હતું.

નવી દિલ્હી તા.૩૦

આજે અખાત્રીજના ઉતરાખંડમાં આવેલા ગંગોત્રી અને યમુનોત્રી ધામના કપાટ આજથી ખુલી રહ્યાં છે. આજથી ચારધામ યાત્રાનો પ્રારંભ થયો છે. ચારધામ યાત્રા માર્ગને ૧૫ સુપરઝોન અને ૨૧૭ સેકટરોમાં વહેંચવામાં આવેલ છે. પોલીસ તંત્રએ યાત્રામાર્ગ પર આ વખતે ૬૨૪ સીસીટીવી કેમેરાને પણ સક્રીય કર્યા છે.

આજે અક્ષય તૃતીયા પર ગંગોત્રી તથા યમુનોત્રી ધામના કપાટ ખુલવાની સાથે ચારધામ યાત્રાનો વિધિવત શુભારંભ થઈ ગયો છે. મા ગંગાની પાલખી મુકવા ગામેથી ગઈકાલે અભિજીત મુહુર્તમાં ગંગોત્રી ધામ માટે રવાના થઈ. મા ગંગાના વિગ્રહથી પાલખીએ ગઈરાતે ભૈરોઘારીમાં વિશ્રામ કર્યો હતો. આજે અક્ષય તૃતીયાના ગંગોત્રીધામ પહોંચીને સવારે ૧૦.૩૦ કલાકે મંદિરના કપાટ ખોલી દેવામાં આવ્યા હતા. તેમ યમુનોત્રી ધામમાં યમુનાના આગમન અને યમુનાનુ પિયર ખરસાલી ગામમાં યમુનાજીની વિદાયની તૈયારીઓ કરાઈ હતી. આજે મા યમુનાજીની પાલખી સવારે ૭.૩૦ કલાકે ખરસાલી ગામથી યમુનોત્રીધામ જવા રવાના થઈ હતી. ધામમાં પહોંચીને સ્નાન વગેરે બાદ બપોરના શ્રદ્ધાળુઓ માટે મંદિરના કપાટ ખોલી દેવામાં આવ્યા હતા.

યાત્રા માર્ગ પર નવ એએસપી અને ડીએસપી સ્તરના અધિકારીઓને અલગ અલગ સ્થાનો પર કેમ્પ કરવાના નિર્દેશ અપાયા છે તેમજ આ વર્ષે પ્રથમ વાર ૧૦ કંપની અર્ધસૈનિક દળની માંગ કેન્દ્ર સરકાર પાસે કરવામાં આવી છે. આ વર્ષે સુરક્ષાના મજબૂત પ્રબંધ કરવામાં આવેલ છે. વિભિન્ન માર્ગો પર અધિકારીઓ તથા કર્મચારીઓને ગોઠવવામાં આવ્યા છે.

# વિશ્વની સૌપ્રથમ મલેશિયામાં આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI)વાળા દેવી



વિશ્વની સૌપ્રથમ આર્ટિફિશ્યલ ઇન્ટેલિજન્સ (AI)વાળી દેવી મલેશિયામાં ભક્તો માટે આવી ગઈ છે. મલેશિયાના તાઓવાદી મંદિરમાં ડિજિટલ દરિયાઈ દેવીની મૂર્તિ છે. એને AI માઝુ મૂર્તિ કહે છે. દક્ષિણ

મલેશિયાના તિઆન્હોઉ મંદિરમાં ભક્તો AI દેવી સાથે વાત કરતા હોય એવાં વિડિયો-ફુટેજ સોશ્યલ મીડિયા પર જોવા મળ્યાં છે. માત્રુ એ ચાઇનીઝ ટ્રેડિશન મુજબ સમુદ્રી દેવી છે. આ દેવી ખૂબ સુંદર છે.

આ દેવીનું સર્જન મલેશિયન ટેક્નોલોજી કંપની એઈમઝિને કર્યું છે. આ કંપની વ્યક્તિના ક્લોન બનાવવાની સર્વિસ પણ આપે છે. ભક્તો પોતાના મનની મૂંઝવણ આ નવાં સર્જાયેલાં AI દેવીને પૂછી શકે છે અને દેવી ખૂબ જ સૌમ્ય અને ઋજુ અવાજમાં તેમને સાંત્વન આપતો સંદેશ અને આશીર્વાદ આપે છે. એક ભક્ત પૂછે છે, 'દેવી, મને રાતે ઊંઘ બરાબર નથી આવતી.' એના જવાબમાં અંઈ માત્રુ દેવી સલાહ આપે. છે, 'વત્સ, સૂતાં પહેલાં થોડું ગરમ પાણી પીવાનું રાખ.'

# રેસ્ટોરાંના વેઈટરોની અનોખી રેસ!

## વિવિધ રેસ્ટોરાંના વેઈટરો ટ્રેમાં રહેલ વસ્તુઓને લઈને દોડ મુકે છે, શરત એટલી કે કંઈ ઢોળાવું ન જોઈએ!!

પેરિસ :લગભગ નવ દાયકા પહેલાં શરૂ થયેલી રેસ્ટોરાંના વેઇટર્સની રેસનો શિરસ્તો ફ્રાન્સના પેરિસ શહેરમાં આજે પણ ફ્રેન્ચ કલ્ચરનો અભિન્ન હિસ્સો બની રહ્યો છે. આ રેસમાં વિવિધ રેસ્ટોરાંના વેઇટર્સ એક ટ્રેમાં કોફી, પાણી અને ક્રોસોં નામની ફ્રેન્ચ પેસ્ટ્રી લઈને દોડે છે. એ રેસમાં તમે કયા નંબરે ફિનિશલાઇન પાર કરો છો એ મહત્ત્વનું નથી, પરંતુ દોડતી વખતે કોફી કે પાણી ઢોળાવાં ન જોઈએ એ મહત્ત્વની શરત હોય છે. આ રેસ બહુ લાંબા અંતરની નથી, પરંતુ શહેરના મુખ્ય વિસ્તારોની ગલીઓમાં લોકો દોડે ત્યારે તેમને જોવા સેંકડો લોકો એકઠા થાય છે. વચ્ચે થોડાક સમય માટે આ રેસ થતી બંધ થઈ ગયેલી, પરંતુ ૨૦૧૧થી ફરીથી એની એ જ જોરશોરથી શરૂઆત થઈ ગઈ છે.





# ૯૯ આઈફોનથી દિલ બનાવી ગર્લફ્રેન્ડને કર્યું પ્રપોઝઃ જવાબમાં આવી ચોખ્ખી ના !!

એક ચાઈનીઝ યુવકે ગર્લફ્રેન્ડને ઈમ્પ્રેસ કરવા ખૂબ ખર્ચો કરી નાખ્યો અને પછી જાહેરમાં પ્રપોઝ પણ કર્યું. જોકે એ પછી પણ છોકરીએ હા ન પાડી. ચીનીભાઈએ કન્યાને ઈમ્પ્રેસ કરવા માટે એક નહીં, ૯૯ આઇફોન ખરીદ્યા અને એ આઇફોનથી રોડ પર એક દિલ આકારની રચના કરી. એની વચ્ચે મનપસંદ કન્યાને બોલાવીને ઘૂંટણિયે પડીને પ્રપોઝ પણ કર્યું.

આ બધો તમાશો જોઈને ક્રાઉડ ભેગું થઈ ગયું અને ફોટો પાડવા લાગ્યા. જોકે યુવકે તેને પ્રપોઝ કર્યું એ જોઈને કન્યા બહુ ખાસ ઇમ્પ્રેસ થઈ હોય એવું લાગ્યું નહીં. ઊલટાનું તેણે તો ભાઈના વિલ યુ મેરી મી? સવાલના જવાબમાં ચોખ્ખી ના સંભળાવી દીધી.

# ઓફિસમાં કર્મચારીઓ કામ કરતાં વધુ મીટિંગ્સ અને મેઈલ્સ કરી રહ્યાં છે

## ૩૧ દેશોના ૩૧૦૦૦ લોકો પર થયો સર્વે : ઓફિસોમાં કામ કરવું બન્યું મુશ્કેલ



નવી દિલ્હી,તા.૨૮

કામકાજ કરતાં ઓફિસોમાં મીટિંગ્સ, ઈ-મેઈલ અને ચેટ્સ વધુ હોય છે. કર્મચારીઓ તેમના વાસ્તવિક કાર્ય કરતા આખો દિવસ મીટિંગ્સ, ઈ-મેઈલ અને ચેટ્સ વધુ સામેલ હોય છે. માઇક્રોસોફ્ટના વર્ક ટ્રેન્ડ ઇન્ડેક્સ એન્યુઅલ રિપોર્ટ ૨૦૨૫માં આ તથ્યો સામે આવ્યાં છે.

રિપોર્ટ અનુસાર આજનાં વર્ક કલ્ચરમાં કંટાળો ઘણો વધી ગયો છે. આ કારણે ઓફિસમાં કામ કરવું એક પડકાર બનીને ઊભરી રહ્યું છે. સરેરાશ કર્મચારી દર બે મિનિટમાં વિક્ષેપનો અનુભવ કરે છે. આ રિપોર્ટ ૩૧ દેશોનાં ૩૧,૦૦૦ લોકો પર આધારિત છે.

**એઆઈ આપણી કામ કરવાની રીતને બદલશે :-**

રિપોર્ટ અનુસાર, કાર્યસ્થળોમાં દરેક કર્મચારી પાસે એઆઈ આસિસ્ટન્ટ હશે અને તે ડિજિટલ એજન્ટને સૂચના આપવા અને મેનેજ કરવાનું કામ કરશે. કંપનીઓ 'ફ્રન્ટિયર ફર્મ્સ'માં ફેરવાશે, જે એઆઇ એજન્ટો સાથે વધુને વધુ કામ કરશે. એઆઇ સાથે કામ કરવાની સફર ત્રણ તબક્કામાં વહેંચવામાં આવી છે - પ્રથમ એઆઇ આસિસ્ટન્ટ, પછી એઆઇ ટીમના સભ્યો અને છેલ્લે એઆઇ સમગ્ર પ્રક્રિયાનું સંચાલન કરશે.

ઓફિસના કર્મચારીઓને દિવસમાં ૨૭૫ વખત મીટિંગ્સ, ઇમેઇલ્સ અથવા ચેટ્સ પરેશાન કરે છે.

૮૦ ટકા કર્મચારીઓ થાક અને સમયનાં અભાવ સાથે સંઘર્ષ કરી રહ્યાં છે.

૪૨ ટકા કર્મચારીઓએ એઆઈ પસંદ કર્યું કારણ કે તે હંમેશાં ઉપલબ્ધ હોય છે.

૩૦ ટકા લોકોએ એઆઇ કાર્યની ઝડપ અને ગુણવત્તાને પ્રાધાન્ય આપ્યું હતું.

૨૮ ટકા એઆઈની અમર્યાદિત વિચારો ધરાવવાની ક્ષમતાનું મૂલ્ય ધરાવે છે.

૪૬ ટકા લોકો એઆઈને આઈડિયા શેરિંગ માટે પાર્ટનર માને છે.

૫૨ ટકા લોકો તેને કમાન્ડ-બેઝ્ડ ટૂલ તરીકે જુએ છે.

૬૭ ટકા મેનેજર એઆઈ એજન્ટ સાથે કામ કરવાની જાણકારી ધરાવે છે.

૪૦ ટકા કર્મચારીઓ પોતાની જાતને તૈયાર સમજે છે.

૫૧ ટકા લોકો માને છે કે તેમની ટીમ આગામી પાંચ વર્ષમાં એઆઈ એજન્ટોને તાલીમ આપશે.

# આ ચશ્મા નથી, જાદુ છે જાદુ

નવી દિલ્હી :

ફેસબુક, ઇન્સ્ટાગ્રામ અને વોટ્સએપની કંપની મેટાએ ભારતમાં સ્માર્ટ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઇ) સંચાલિત ગ્લાસ પણ લોન્ચ કર્યો છે. તમે આ જાદુઈ ચશ્મા રે બેનથી ખરીદી શકો છો. આ સ્ટાઇલિશ ચશ્માં એઆઈ ટેક્નોલોજી સાથે આવે છે, જે તમારા રોજિંદા કામને સરળ બનાવી શકે છે. સ્માર્ટ ગ્લાસ હેન્ડ્સ-ફ્રી ફીચર્સ સાથે, તે વાસ્તવિક અને રિયલ ટાઇમ માહિતી, કોલિંગ અને મનોરંજન માટે શ્રેષ્ઠ માનવામાં આવે છે.

### ખાસિયતો

**મલ્ટીમોડલ મેટા એઆઇ**

- હેય મેટા બોલી તેની સાથે વાત કરી શકાય છે.
- તે તેની સામેની વસ્તુઓ જોઈને જવાબ આપે છે.

**તમે રિમાઇન્ડર્સ સેટ કરી શકો છો.**

- લેન્ડમાર્કને ઓળખી શકે છે.
- રીયલ ટાઈમમાં ભાષાંતર કરી શકે છે.





### ઓડિયો સિસ્ટમ

ઓપન-ઈયર સ્પીકર અને ૫-માઇક સિસ્ટમ છે.

સ્પોટિફાઇ, એમેઝોન મ્યુઝિક, ઓડિબલ અને આઇહાર્ટ રેડિયો પરથી સંગીત સાંભળી શકાય છે.

કોલિંગ માટે સાઉન્ડ ક્વોલિટી વધુ સારી છે.

હેન્ડ - ફ્રીથી ફોટો અને વિડિઓ માટે વોઇસ કમાન્ડ આપી શકાય છે.

### કનેક્ટિવિટી

વોટ્સએપ, મેસેન્જર અને ઇન્સ્ટાગ્રામ પર વીડિયો કોલિંગ અને મેસેજિંગ કરી શકાય છે.

ક્યૂઆર કોડ સ્કેન કરીને એકાઉન્ટ લિંક કરી શકો છો.

ઇન્સ્ટાગ્રામ અને ફેસબુક પર લાઇવ સ્ટ્રીમિંગની સુવિધા મળશે.

### બેટરી

4 કલાકની બેટરી લાઇફ. કેસ કવર સાથે ૩૬ કલાક સુધીનું બેટરી બેકઅપ

૨૦ મિનિટમાં ૫૦ ટકા સુધી ચાર્જ.

### પ્રાઈવસી

- રેકોર્ડિંગ દરમિયાન એલઇડી ઇન્ડિકેટર
- હાર્ડવેર પાવર સ્વીચ અને બ્લુટુથ ટોગલ.
- મેટાવ્યુ એપમાંથી ડેટા મેનેજમેન્ટ

પ્રિસ્ક્રિપ્શન અને ટ્રાન્ઝિશન લેન્સ પણ ઉપલબ્ધ છે.

હળવું વજન, IPX4 વોટર પ્રુફ છે.

### કેમેરો

૧૨MPનો અલ્ટ્રા વાઇડ કેમેરા છે.

- 3024x4032 પિક્સલ ફોટો અને 1080p પર ૬૦ સેકન્ડ સુધીના ઉચ્ચ ગુણવત્તાવાળો વિડિઓ બનાવી શકાય છે.

## મેટાએ રે બેન સાથે સ્માર્ટ એઆઈ સંચાલિત ચશ્મા ભારતમાં લોન્ચ કર્યા



### ક્યાંથી મળશે ?

આ પ્રોડક્ટ Meta.com પરથી અથવા Ray-Ban.com પર ઉપલબ્ધ છે અનેઆવતા મહિનાથી પસંદગીનાં અમુક સ્ટોર્સ પર ઉપલબ્ધ થવાની અપેક્ષા છે.

### શું છે ભાવ?

શરૂઆતની કિંમત ડોલર ૨૯૯ એટલે કે રૂા. ૨૫,૦૦૦ રૂપિયા રાખવામાં આવી છે અને લેન્સના આધારે કિંમતમાં ફેરફાર થઈ શકે છે.

### શું છે ફાયદો

- ફોનની જરૂર નથી, બધું જ વોઇસ કમાન્ડથી કરવામાં આવશે.
- અંગ્રેજી, હિન્દી અને અન્ય ઘણી ભારતીય ભાષાઓમાં રીઅલ-ટાઇમ અનુવાદ.
- લેન્ડમાર્કની એતિહાસિક માહિતી અને વાસ્તવિક સમયમાં ભાષાંતર કરી શકે છે.
- કન્ટેન્ટ સર્જકો સરળતાથી 'ફોટો/વિડિયો'ને કેપ્ચર અને શેર કરી શકે છે.
- એઆઈ દષ્ટિહીન લોકો માટે આજુબાજુનાં વાતાવરણનું વર્ણન કરી શકે છે.

# દક્ષિણ કોરિયામાં કમળના ફૂલનાં આકારની છત્રીની પરેડ!



દક્ષિણ કોરિયામાં કમળના ફૂલના આકારની છત્રી લઈને લોકોએ પરેડ કરી હતી. 'લોટસ લેન્ટર્ન ફેસ્ટિવલ'ને યુનેસ્કોએ સાંસ્કૃતિક વારસા તરીકે માન્યતા આપી છે. આ પરેડ ૫મી મેએ ભગવાન બુદ્ધની જયંતિ પહેલા દર વર્ષે યોજાય છે. ૧૨૦૦ વર્ષથી વધુ જુનો આ ઉત્સવ છે.



## વૃક્ષ પર ચડી કાશ્મીરી કન્યાનો ડાન્સ

કાશ્મીરની એક કન્યા સોશ્યલ મીડિયા પર વાઇરલ થવા માટે જાતજાતના અખતરા કરતી જોવા મળે છે. ડાન્સની શોખીન ઉષા નાગવંશી નામની કન્યા ક્યારેક ઢોળાવવાળા છાપરા પર ચડીને બોલીવુડનાં ગીતો પર ડાન્સ કરતી જોવા મળે છે તો ક્યારેક પાણીની ટાંકી પર ચડી જાય છે. તાજેતરમાં તે કાશ્મીરની હસીન વાદીઓ વચ્ચે વૃક્ષ પર ચડીને ડાન્સ કરે છે. પાનખરને કારણે પાન ખરી ગયેલાં હોય એવા વૃક્ષના પાતળા થડ પર તે સંતુલન રાખીને ઊભી છે અને બોલીવુડના 'ઝલ્લા વલ્લાહ... ગીત પર ડાન્સ કરે છે. આ પાતળા થડ પર ઊભા રહેવું એ જ ચેલેન્જ છે. તેને ડાન્સ કરતી જોઈને કેટલાકને કન્યાની બહાદુરી નજરે પડી તો કેટલાકને કાશ્મીરનું સૌંદર્ય વધુ ગમ્યું.

# સાઉથની સુપરસ્ટાર સમન્થા રૂથના જબરા ફેને આંધ્રપ્રદેશમાં તેનું મંદિર બનાવ્યું





અઠ્ઠાવીસમી એપ્રિલે સાઉથની સુપરસ્ટાર સમન્થા રુથ પ્રભુની ૩૮મી વર્ષગાંઠ હતી. એ દિવસે સમન્થાના સંદીપ નામના ફેને પોતાની મનપસંદ ઍક્ટ્રેસનું મંદિર બનાવીને તેને સમર્પિત કર્યું છે. આંધ્ર પ્રદેશના બાપટલા જિલ્લાના અલાપડુ ગામમાં સંદીપે ઍક્ટ્રેસ સમન્થાનું મંદિર બનાવ્યું અને તેના સ્ટેચ્યુનું અનાવરણ કર્યું તેમ જ બર્થ-ડે સેલિબ્રેટ કરવા માટે કેક કટ કરી હતી. એ પછી સ્થાનિક બાળકોને ભોજન પણ કરાવ્યું હતું. સંદીપે મંદિરમાં સમન્થાની મૂર્તિ બનાવીને મૂકી છે જેને લાલ સાડી અને ગ્રીન બ્લાઉઝ પહેરાવ્યાં છે અને તે હવે રોજ આ મૂર્તિની પૂજા કરે છે. પોતાના આ પ્રયાસ વિશે વાત કરતાં સંદીપે કહ્યું હતું કે 'હું તો બહુ મોટું મંદિર બનાવવા માગતો હતો પણ મારી પાસે એટલા પૈસા નહોતા. હું તેના કામથી બહુ પ્રભાવિત છું અને એટલે જ તેનો ભક્ત બની ગયો છું.'



## પહેલો પ્રશ્ન એ છે કે શું પાકિસ્તાનની સેના ભારત સાથે યુદ્ધ માટે તૈયાર છે ?

# ઓપરેશન બ્રાસટેક જયારે યુદ્ધ વગર પણ પાકિસ્તાનની સેનાને પરસેવો વાળી દેવાયો હતો

### ૧૯૮૬-૮૭માં ભારતે છેડેલું એ ઓપરેશન આજે પણ યાદ આવે છે કે જયારે બીજા વિશ્વ યુદ્ધ બાદની સૌથી મોટી એ યુદ્ધ કવાયત પાકિસ્તાન સાથેની સરહદ પર જ યોજવામાં આવી હતી અને નાટો રાષ્ટ્રો પણ ભારતની એ યુદ્ધ તૈયારીથી આશ્ચર્યમાં પડી ગયા હતા, પાકિસ્તાન ભારત સાથેના લશ્કરી તનાવમાં દરેક સમયે અણુબોમ્બની ધમકી આપે છે પણ તેના માટે પણ ભારતે કોલ્ડસ્ટાર્ટ સ્ટેટેજી તૈયાર રાખી છે

### પાકિસ્તાની સૈન્યમાં લાંબા સમયથી સીવીલીયન અસંતોષ સામે ઝઝુમી રહ્યું છે, બીજી તરફ બલુચિસ્તાનમાં જે રીતે પાકિસ્તાની સૈન્યને હાલના ટ્રેન અપહરણ કાંડમાં મોટી ખુવારી સહન કરવી પડી તે દર્શાવે છે કે પાકિસ્તાનનું સૈન્ય હવે વધુ ખુવારી માટે તૈયાર નથી અને ગત તા. ૨૬ના રોજ પાકિસ્તાનના ડિરેકટર જનરલ ઓફ ઈન્ટર સર્વિસ પબ્લીક રીલેશનના વડા મેજર જનરલ ફૈઝલ મહેમુદે જે રીતે એક એડવાઈઝરી બહાર પાડી તે જ દર્શાવે છે કે પાકિસ્તાનના સૈન્યમાં ઓલ વેલ નથી

પાકિસ્તાનના લશ્કરી વડા જનરલ અસીમ મુનીરે પહેલગામ હુમલા માટે સાહસ કરી લીધુ પરંતુ કદાચ તેઓ હાલ કારકીર્દીની સૌથી ખરાબ પરિસ્થિતિમાં મુકાઇ ગયા છે હવે જયારે ભારત આગામી ૨૪ થી ૩૬ કલાકમાં પાકિસ્તાન પર હુમલો કરી શકે છે તેવું ખુબ પાકિસ્તાનના સંરક્ષણ મંત્રી સહિતના ટોચના પોલીટીશ્યન સ્વીકારવા લાગ્યા છે તે સમયે શું ખરેખર પાકિસ્તાનનું સૈન્ય ભારત સાથે યુધ્ધ માટે તૈયાર છે ? જનરલ મુનીરે પહેલગામ હુમલા પૂર્વે જે રીતે પોતાના ભાષણમાં કાશ્મીરને પાકિસ્તાનને ગળાની ધોરી નસ ગણાવી હતી કદી કાશ્મીરને ભુલશે નહીં તેવું પણ કહ્યું હતું તે વિધાનો આ હુમલા પૂર્વેના સંકેત હતા તે હવે નિશ્ચિત થઇ ગયું છે. પરંતુ હાલ પાકિસ્તાન સૈન્ય એવી કટોકટીમાંથી પસાર થઇ રહ્યું છે કે પાકિસ્તાનમાં સામાન્ય નાગરિકો પણ યુધ્ધ શા માટે નોતર્યુ તે પ્રશ્ન પૂછવા લાગ્યા છે અને એ પણ સમાચાર આવ્યા છે કે પાકિસ્તાનના સૈન્યમાં પણ જવાનો ધડાધડ રાજીનામા આપી રહ્યા છે. ગત તા. ૨૬ના રોજ પાકિસ્તાનના ડિરેકટર જનરલ ઓફ ઈન્ટર સર્વિસ પબ્લીક રીલેશનના વડા મેજર જનરલ ફૈઝલ મહેમુદે જે રીતે એક એડવાઇઝરી બહાર પાડી તે જ દર્શાવે છે કે પાકિસ્તાનના સૈન્યમાં ઓલ વેલ નથી અને ખાસ કરીને જે રીતે પહેલગામ હુમલો થયો તે પાકિસ્તાન માટે સૌથી મોટો આત્મઘાતી હુમલો બની શકે છે. જોકે પાકિસ્તાનના અખબારો ભલે ગમે તેટલો ઇન્કાર કરે પણ જનરલ ફૈઝલ મહેમુદે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે દેશના સૈન્યએ અત્યારે તેનો નૈતિક જુસ્સો અને રાષ્ટ્ર પ્રત્યેની વફાદારી દર્શાવવી જરૂરી છે. પરંતુ અનેક દસ્તાવેજો દર્શાવે છે કે પાકિસ્તાનના સૈન્યનો નૈતિક જુસ્સો અત્યારે ખરેખર પ્રશ્ન ઉભા કરે છે.

પાકિસ્તાનના સૈનિકો સૌથી મોટુ દબાણ ફરી એક વખત ભારત સામે યુધ્ધ થાય તો તે જીતવાનું ૧૯૬૫ કે ૧૯૭૧ જેવી હાલ ન થાય તે ચિંતામાં છે અને ૧૯૯૯ કે જે ભારત સાથેનું એક મીની કારગીલ યુધ્ધ હતું તેમાં પણ પાકિસ્તાની સૈનિકોની સલામતી માટે છેક અમેરિકા સુધી દોડવુ પડ્યું હતુ પાકિસ્તાન આંતરીક રીતે પણ સિવીલ અને મિલીટ્રી તથા વચ્ચે ઘેરાયેલું છે. બલુચીસ્તાનમાં જે રીતે ટ્રેન હુમલામાં પાકિસ્તાનના સૈન્યના ૨૫૦૦ જેટલા જવાનોની હત્યા કરવામાં આવી તે પછી પાકિસ્તાન સૈન્ય બલુચિસ્તાનમાં પોતાનો કંટ્રોલ બનાવી શકી નથી અને આ સમયે એ યાદ આવે છે ૧૯૮૬-૮૭નો સમય કે જયારે યુધ્ધ વગર પણ પાકિસ્તાની સેનાને પરસેવો વળી ગયો હતો અને એ છે ઓપરેશન બ્રાસટ્રેક..



**પાકિસ્તાન સૈન્યના વડા જનરલ અસીમ મુનીર પહેલગામ હુમલા પૂર્વે જે રીતે કાશ્મીર અંગે બડાશ હાકી ગયા તે આ દેશને ખોટા સમયે ભારત સામે યુધ્ધમાં મુકી રહ્યું છે તે નિશ્ચિત થયું છે અને સૌથી મહત્વનું એ છે કે હવેની સ્ટ્રાઇક લીમીટેડ નહીં હોય ને નિશ્ચિત છે, પાકિસ્તાનને એ પણ ચિંતા છે કે ભારત સાથે લડતા સમયે તેને બલુચ અને અફઘાન સરહદની ચિંતા કરવી પડશે અને સૈન્ય ઇચ્છે છે કે ભુતકાળમાં જેમ ૧૯૬૫ અને ૧૯૭૧માં સૈન્યની સૌથી મોટી ખરાબ હાલત થઇ હતી તે રાજકારણીઓએ જ નોતરી હતી અને હવે ખુદ જનરલ તે સ્થિતિ બનાવી રહ્યા છે**

બીજા વિશ્વ યુધ્ધ બાદની આ સૌથી મોટી એક યુધ્ધ કવાયત દુનિયાએ નિહાળી હતી અને પાંચ લાખ ભારતીય સૈનિકો જયારે પાકિસ્તાન સાથેની સીમા પર સૌથી મોટી યુધ્ધ કવાયતમાં જોડાયા હતા. પાકિસ્તાનના તે સમયના અનુવૈજ્ઞાનિક અબ્દુલ કાદીર ખાને એવી બડાશ હાકી હતી કે કોઇ પાકિસ્તાનને ખત્મ કરી શકે નહીં કે અમને કોઇ ગ્રાન્ટેડ લઇ શકે નહીં અમે અહીં અમારૂ અસ્તિત્વ જાળવવા માટે મકકમ છીએ અને જરૂર પડે તેના માટે અણુબોંબનો ઉપયોગ પણ કરશું. ૧૯૮૭માં તેમના આ શબ્દો આજે પણ પાકિસ્તાનના શાસકો દોહરાવે છે અને તે દર્શાવે છે કે પાકિસ્તાન ખુદને કેટલી સંકુચિત વ્યુહરચના સાથે જોઇ રહ્યું છે પરંતુ ૧૯૮૬-૮૭નું ઓપરેશન બ્રાસટ્રેકમાં ભારતીય સૈન્યના ૫ લાખથી વધુ જવાનો ૧૮૦ કિ.મી. લાંબી પાકિસ્તાન સાથેની સરહદ પર બખ્તર બંધ ગાડીઓ ટેન્ક અને અન્ય મિલીટ્રી તૈયારીઓ સાથે ગોઠવાઇ ગયા છે. જોકે બંને દેશો વચ્ચે ફુલસ્કેલ અણુ યુધ્ધ થવાની શકયતા ઓછી છે. પરંતુ એ મિલીટ્રી એકસાઇઝ આજે પણ ભારતીય સૈન્ય માટે એક મોડેલ બની રહ્યું છે. ભારતીય સૈન્યની ૧૦ ડિવીઝન અને ૩ બ્રીગેડ આ ઓપરેશન બ્રાસટ્રેકમાં જોડાઇ હતી અને અમેરિકા નેતૃત્વનું જે નાટો સંગઠન છે તેની પણ તે સમયની કોઇપણ લશ્કરી કવાયત કરતા એ સૌથી મોટી કવાયત શાંતિના સમયમાં યોજાઇ તેની નોંધ અમેરિકાના અખબારોએ લીધી હતી. વાસ્તવમાં શા માટે આ યુધ્ધ કવાયતની જરૂર પડી તેના પણ કારણો છે. તે તત્કાલીન વડાપ્રધાન રાજીવન ગાંધીના નેતૃત્વની સરકારે પંજાબમાં જે રીતે ત્રાસવાદ અને કાશ્મીરમાં પણ પાક. પ્રેરીત આતંકી ઘટના બની રહી હતી તેથી શીત યુધ્ધના સમયમાં પણ તત્કાલીન સૈન્ય વડા જનરલ ક્રિષ્નાસ્વામી સુંદરજીએ જો ચોથુ યુધ્ધ થાય તો તેના માટે ભારતીય સેનાને તૈયાર રહેવા માટે આ યુધ્ધ કવાયત યોજી હતી. જોગાનુજોગ તે સમયે પાકિસ્તાન પણ એક મિલીટ્રી કવાયત સાફ-એ-શિકાન યોજી રહ્યું હતું અને તે સમયે જ ભારતીય સૈન્ય બિકાનેર, જેસલમેર સરહદ પર ટેન્ક દળો સાથે ગોઠવાતા પાકિસ્તાન માટે ચિંતા ઉભી થઇ ગઇ હતી. પાકિસ્તાનની સેનાએ તેના દળોને નોર્થન કમાન્ડ બાજુ મોકલી આપ્યા અને એ યુધ્ધ કવાયતથી પાકિસ્તાનના જે જનરલો હતા તે પણ ચિંતામાં મુકાઇ ગયા હતા.

હાલમાં જ ધ એટોમીકસ સાયન્ટીસમાં પ્રકાશિત એક સ્પેશ્યલ રીપોર્ટનું ટાઇટલ ૨૦૨૩ પાકિસ્તાન ન્યુકલીયર હેન્ડ બુક જેમાં અનુમાન લગાવાયા છે કે પાકિસ્તાન પાસે ૧૭૦ જેટલા અણુશસ્ત્રોનો ભંડાર છે. ફેડરેશન અમેરિકન સાયન્સિમાં પણ ન્યુકલીયર ઇન્ફોર્મેશન પ્રોજેકટ શોધકર્તાઓએ પાકિસ્તાનના અણુ મથકો અને એરફોર્સ પર જે વોરહેડ તેના જ છે તેની માહિતી આપી હતી પરંતુ ભારત અને પાકિસ્તાનના બંને અણુશસ્ત્રથી સજજ હોય, ભારતે અણુ યુધ્ધ ટાળવા માટે એક ડોકટ્રીન એટલે કે લશ્કરી વ્યુહરચના કોલ્ડ સ્ટાર્ટ અપનાવી છે તેવું નિષ્ણાંતો માને છે જેનો અર્થ પૂર્ણ યુધ્ધ ટાળવાનો છે. પરંતુ ભારતીય સૈન્ય એક એવો તાકાતવાળો હુમલો પાકિસ્તાનની અંદર કરી શકે છે પરંતુ લીમીટેડ સ્કોપનો હશે અને પાકિસ્તાનને સૌથી વધુ દર્દ થાય તે રીતે આ હુમલો હશે. અગાઉની બે સ્ટ્રાઇક પણ મર્યાદિત હેતુ સાથે જ અપનાવાઇ હતી. ૨૦૦૧ના સંસદ પરના હુમલા બાદ ભારતે ઓપરેશન પરાક્રમ જે લોન્ચ કર્યુ હતું તેમાંથી પણ સબક લેવાયો છે અને તે સમયે ભારતીય સૈન્યને સીમા પર પહોંચવા માટે લગભગ એક માસનો સમય લાગ્યો હતો અને તે સમયે પાકિસ્તાનને તૈયાર કરવા માટે પુરતી તક મળી ગઇ હતી અને તે સમયમાં ડિપ્લોમેટીક દબાણ પણ એનડીએ સરકાર પર આવ્યું અને તેથી જ આ ઓપરેશન કોલ્ડ સ્ટાર્ટનો વ્યુહ અપનાવાયો છે અને તે આગામી સમયમાં કઇ રીતે અમલમાં આવે છે તે જોવું પણ રસપ્રદ બની જશે.

**સ્પોટ-લાઈટ**
**કે.આર.**
krisht555@gmail.com

## ભારત મહિલા ટીમે ત્રિકોણીય શ્રેણીની બીજી વનડે પણ જીતીઃ દક્ષિણ આફ્રિકાને ૧૫ રનથી હરાવ્યું; પ્રતિકા રાવલની સતત છઠ્ઠી ફિફ્ટી





કોલંબો : શ્રીલંકામાં રમાઈ રહેલી ત્રિકોણીય વનડે શ્રેણીની બીજી વનડે મેચ પણ ભારતીય મહિલા ટીમે જીતી લીધી. મંગળવારે કોલંબોમાં ટીમે દક્ષિણ આફ્રિકાને ૧૫ રનથી હરાવ્યું. ઓપનર પ્રતિકા રાવલે સતત છઠ્ઠી વનડેમાં ફિફ્ટી ફટકારી. જ્યારે સ્નેહા રાણાએ ૫ વિકેટ લીધી.

ભારત મહિલા ટીમે આર પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટીમે ૬ વિકેટ ગુમાવીને ૨૭૬ રન બનાવ્યા. ૬ બેટ્સમેનોએ ૨૦ થી વધુ રન બનાવ્યા. જવાબમાં, દક્ષિણ આફ્રિકાની મહિલા ટીમ ૪૯.૨ ઓવરમાં ૨૬૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. તાઝમીન બ્રિટ્સે સદી ફટકારી પણ તે પોતાની ટીમને વિજય તરફ દોરી શકી નહીં.

ટોસ જીતીને પ્રથમ બેટિંગ પસંદ કરનારી ભારતીય મહિલા ટીમે સ્મૃતિ મંધાના અને પ્રતિકા રાવલની મદદથી મજબૂત શરૂઆત કરાવી હતી. બંનેએ ૮૩ રનની ભાગીદારી કરી. મંધાના ૩૬ રન બનાવીને આઉટ થઈ ગઈ. ત્રીજા નંબરે બેટિંગ કરવા આવેલી હરલીન દેઓલે પ્રતિકા સાથે મળીને ૬૮ રન ઉમેર્યા. પ્રતિકા ૭૮ રન બનાવીને આઉટ થઈ ગઈ, જે તેની ODI માં સતત છઠ્ઠી અડધી સદી હતી. તેના પછી, હરલીન પણ ૨૯ રન બનાવીને પેવેલિયન પરત ફર્યો.

કેપ્ટન હરમનપ્રીત કૌર ચોથા નંબરે બેટિંગ કરવા આવી. તેણીએ જેમિમા સાથે ૫૯ રનની ભાગીદારી કરીને ટીમને ૨૦૦ રનથી વધુ પહોંચાડી દીધી. જેમિમા ૪૧ રન બનાવીને આઉટ થઈ ગઈ. તેના પછી, વિકેટકીપર રિચા ઘોષે ૧૪ બોલમાં ૨૪ રનની ઇનિંગ રમી. અંતે, દીપ્તિ શર્માએ ૯ રન અને કાશ્વી ગૌતમે ૫ રન બનાવ્યા.

કેપ્ટન હરમન અંત સુધી ઊભો રહ્યો. તેમણે અન્ય બેટ્સમેનોની સાથે મળીને ટીમનો સ્કોર ૬ વિકેટના નુકસાને ૨૭૬ સુધી પહોંચાડ્યો. હરમન ૪૧ રન બનાવીને નોટઆઉટ રહ્યો. દક્ષિણ આફ્રિકા તરફથી નોનકુલુલેકો મ્લાબાએ ૨ વિકેટ ઝડપી હતી. અયાબોંગા ખાકા, મસાબતા ક્લાસ, નાદીન ડી ક્લાર્ક અને એનરી ડેર્કસેને ૧-૧ વિકેટ લીધી હતી.

૨૭૭ રનના લક્ષ્યાંકનો પીછો કરતા, દક્ષિણ આફ્રિકાના ઓપનરોએ સદીની ભાગીદારી નોંધાવી. બંનેએ ૨૭.૫ ઓવરમાં ૧૪૦ રન ઉમેર્યા. કેપ્ટન લૌરા વોલ્વાર્ડ ૪૩ રન બનાવીને આઉટ થઈ ગઈ હતી, તે દીપ્તિ શર્માના હાથે કેચ થઈ ગઈ હતી. તેમના પછી, લારા ગુડોલ ફક્ત ૯ રન બનાવીને પેવેલિયન પરત ફર્યા અને કારાબા મેસો ફક્ત ૭ રન બનાવીને પાછા ફર્યા.

તાઝમીન બ્રિટ્સે તેના વનડે કારકિર્દીની ત્રીજી સદી ફટકારી. સદી ફટકાર્યા પછી, તે રિટાયર્ડ હર્ટ થઈ ગઈ અને પેવેલિયન પાછી ફરી. તેના સ્થાને સુન લુસ બેટિંગ કરવા આવ્યો. લુસે ક્લો ટ્રાયન સાથે ૨૬ રન ઉમેર્યા પરંતુ તે પોતે ૨૮ રન બનાવીને પેવેલિયન પાછી ફરી.

દક્ષિણ આફ્રિકાએ ૨૦૭ રનના સ્કોર પર ૪ વિકેટ ગુમાવી દીધી હતી. ટ્રાયોને ડેર્કસન સાથે ૩૩ રન બનાવ્યા. ટ્રાયોન ૧૮ રન બનાવીને આઉટ થયો. તેમના પછી, ડેરેક્સન ૩૦ અને ડી ક્લાર્કે ખાતું ખોલાવ્યું અને પેવેલિયનમાં પાછા ફર્યા. ત્રણેય વિકેટ સ્નેહા રાણાએ લીધી હતી.

૭ વિકેટ પડ્યા પછી, બ્રિટ્ઝ ફરીથી બેટિંગ કરવા આવી, પરંતુ તેને પણ સ્નેહ દ્વારા પેવેલિયન પાછી મોકલી દેવામાં આવી. તાજમીને ૧૦૯ રન બનાવ્યા. અંતે, એમ ક્લાસ, એન માલાબા અને ખાખાએ ઈનિંગ્સ સંભાળવાનો પ્રયાસ કર્યો પરંતુ ટીમ ૨૬૧ રનમાં ઓલઆઉટ થઈ ગઈ. ભારત તરફથી અરુંધતિ રેડ્ડી, એન ચરાણી અને દીપ્તિ શર્માએ ૧-૧ વિકેટ લીધી હતી. સ્નેહા રાણાએ ૫ વિકેટ લીધી. ૨ બેટ્સમેન પણ રન આઉટ થયા.

**ભારત પોઈન્ટ ટેબલમાં ટોચ પર પહોંચ્યું**

રવિવારે ત્રિકોણીય શ્રેણીની પહેલી મેચમાં ભારતે યજમાન ટીમ શ્રીલંકાને ૯ વિકેટથી હરાવ્યું. હવે ભારતે દક્ષિણ આફ્રિકાને પણ હરાવ્યું છે. ટીમ ૨ જીતથી ૪ પોઈન્ટ મેળવીને પ્રથમ સ્થાને પહોંચી. શ્રીલંકા બીજા સ્થાને છે અને દક્ષિણ આફ્રિકા ત્રીજા સ્થાને છે. ટીમ ઈન્ડિયા હવે ૪ મેના રોજ શ્રીલંકા અને ૭ મેના રોજ દક્ષિણ આફ્રિકા સામે ટકરાશે.

## જયારે સંજય માંજરેકરે વિરાટની મજાક ઉડાવી, ત્યારે કોહલીનો ભાઈ વિકાસ ગુસ્સે થયો




ન્યુ દિલ્હી : IPL 2025 માં RCB અને મુંબઈ વચ્ચેની મેચ દરમિયાન વિરાટ કોહલીની બેટિંગ પર સવાલ ઉઠાવનારા સંજય માંજરેકરને તેમના ભાઈ વિકાસ કોહલીએ સોશિયલ મીડિયા પર ઠપકો આપ્યો છે. વિકાસે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ થ્રેડ્સ પર લખ્યું, શ્રી સંજય માંજરેકર, ODI કારકિર્દીનો સ્ટ્રાઇક રેટ..૬૪.૩૧, ૨૦૦ થી વધુ સ્ટ્રાઇક રેટ વિશે વાત કરવી સરળ છે. હકીકતમાં, માંજરેકરે થોડા દિવસ પહેલા કહ્યું હતું કે ‘‘વિરાટ હવે તેના ટોચના પરફોર્મન્સ પર નથી, અમે તેને શ્રેષ્ઠ વિરુદ્ધ શ્રેષ્ઠમાં સમાવી શકતા નથી‘‘. આ નિવેદનો ઉપરાંત, માંજરેકરે પોતાની એક પોસ્ટમાં વિરાટને ટોચના ૧૦ બેટ્સમેનોની યાદીમાંથી પણ બાકાત રાખ્યો હતો. જ્યારે વિરાટ આ સિઝનમાં સૌથી વધુ રન બનાવનારા બેટ્સમેનોમાં ટોચ પર છે.

થોડા દિવસો પહેલા, મુંબઈ અને બેંગ્લોર વચ્ચે રમાયેલી મેચ પહેલા, માંજરેકરે કોહલી પર પ્રશ્નો ઉઠાવ્યા હતા. જ્યારે માંજરેકરને કોહલી અને બુમરાહ વચ્ચે શ્રેષ્ઠ પસંદ કરવાનું કહેવામાં આવ્યું, ત્યારે તેમણે એ સ્વીકારવાનો ઇનકાર કર્યો કે બંને વચ્ચે કોઈ સ્પર્ધા છે. માંજરેકરે કહ્યું કે ‘‘કોહલી હવે પહેલા જેવો વિરાટ નથી રહ્યો‘‘. માંજરેકરનો વિવાદોનો લાંબો ઇતિહાસ છે. આ પહેલા કિરોન પોલાર્ડ અને રવિન્દ્ર જાડેજા જેવા ખેલાડીઓએ પણ તેમની ટીકાનો જવાબ આપ્યો છે. પોતાની કારકિર્દીમાં ૬૪.૩૧ ના સ્ટ્રાઇક રેટથી સ્કોર કરનાર માંજરેકર, વિરાટ પર સવાલ ઉઠાવતા ચાહકોને ગમ્યા નહીં. સોશિયલ મીડિયા પર ચાહકોએ કહ્યું, ‘‘વિરાટના કારણે કમાણી થઈ રહી છે, છતાં પણ એક એજન્ડા છે‘‘

## મારી આ ઐતિહાસિક સિદ્ધિ પાછળ ફેમિલીનું મહત્ત્વપૂર્ણ યોગદાનઃ વૈભવ સૂર્યવંશી



**પપ્પાએ મને ટેકો આપવા નોકરી છોડી અને મમ્મી માત્ર ૩ કલાક જ સૂતીઃ હાલ જે છું એ મારા મમ્મી-પપ્પાને કારણે જ છું**



વૈભવ સૂર્યવંશીનાં માતા-પિતા

દિલ્હી, તા.૩૦ : વૈભવ સૂર્યવંશીની ઐતિહાસિક સિદ્ધિ પાછળ તેની ફેમિલીનું મહત્ત્વપૂર્ણ યોગદાન રહ્યું છે. સોમવારે ગુજરાત ટાઈટન્સ સામેની જીત બાદ રાજસ્થાન રોયલ્સે શેર કરેલા એક વીડિયોમાં વૈભવ કહે છે, હું આજે જેકાંઈ છું એ મારાં મમ્મી-પપ્પાને લીધે છું. મારા પ્રેક્ટિસ-શેડ્યુલ માટે મારી મમ્મી રાત્રે ૧૧ વાગ્યે સૂઈ ગયા પછી રાત્રે બે વાગ્યે ઊઠતી હતી, માંડ ત્રણ કલાક સૂવા મળતું હતું. એ પછી તે મારા માટે ભોજન બનાવતી હતી. મારા પપ્પાએ મને ટેકો આપવા નોકરી છોડી દીધી હતી. મારો મોટોભાઈ પોતાનું કામ સંભાળી રહ્યો છે અને ઘર માંડ-માંડ જ ચાલી રહ્યું છે છતાં પપ્પા મને સપોર્ટ આપી રહ્યા છે. ભગવાન ખાતરી કરે છે કે જે લોકો સખત મહેનત કરે છે તેઓ ક્યારેય નિષ્ફળ ન જાય. આપણે જે પરિણામો જોઈ રહ્યા છીએ અને જે સફળતા મેળવી રહ્યા છીએ એ મારા મમ્મી-પપ્પાને લીધે છે.

### વૈભવની ઈનિંગ્સ બાદ ઘરમાં તહેવાર જેવો માહોલઃ પિતા સંજીવે કહ્યું, ‘દિવાળી ૬ મહિના વહેલી આવી’

વૈભવ સુર્યવંશીએ ૧૪ વર્ષની ઉંમરે દુનિયાભરમાં તેના મમ્મી-પપ્પાનું નામ કરી દીધું છે. બિહારના સમસ્તીપુરના રહેવાસી સંજીવ અને આરતી સૂર્યવંશી પર દીકરાની સિદ્ધિ માટે સોમવારની રાતથી બેક-ટુ-બેક શુભેચ્છાના કોલ આવી રહ્યા છે. દીકરાની તાબડતોડ ઈનિંગ્સના કારણે તેમના ઘરમાં હાલમાં એક તહેવાર જેવો માહોલ છે. તેના પપ્પાએ એક ઇન્ટરવ્યુમાં કહ્યું પણ હતું કે ‘દિવાલી છહ મહિને જલદી આ ગઈ.’

બિહાર ક્રિકેટ અસોસિએશન દ્વારા જાહેર કરાયેલા એક વીડિયોમાં સંજીવ સૂર્યવંશીએ કહ્યું, ‘તેણે અમારા ગામ, બિહાર અને સમગ્ર ભારતને ગૌરવ અપાવ્યું છે. અમે ખૂબ ખુશ છીએ અને ઉજવણી કરી રહ્યા છીએ, હું રાજસ્થાન રોયલ્સનો આભાર માનું છું જેમણે છેલ્લા ત્રણ-ચાર મહિનામાં તેની રમત સુધારવા માટે સખત મહેનત કરી છે. હું વૈભવની રમતમાં સુધારો કરવા બદલ મુખ્ય કોચ રાહુલ દ્રવિડ અને બાકીના સપોર્ટ સ્ટાફનો આભાર માનું છું, તેણે પોતે પણ પોતાની રમત પર ખૂબ મહેનત કરી છે અને આ સેન્ચુરી એનું પરિણામ છે.’

અહેવાલ અનુસાર મેગા ઑક્શન બાદ તેના પપ્પાએ ખુલાસો કર્યો હતો કે, ‘વૈભવનું ક્રિકેટ રમવાનું સ્વપન પૂર્ણ કરવા માટે તેણે પોતાના પૂર્વજોની જમીન વેચવી પડી હતી. તેમની હજી પણ આર્થિક તંગી સંપૂર્ણપણે ઓછી થઈ નથી.’

## આજે ચેન્નઈ સુપર કિંગ્સ અને પંજાબ કિંગ્સ વચ્ચે ટક્કર





દિલ્હી, તા.૩૦ IPL 2025ની ૪૯મી મેચ આજે ચેન્નઈ સુપર કિંગ્સ (CSK) અને પંજાબ કિંગ્સ (PBKS) વચ્ચે રમાશે. સીઝનની પહેલી ટક્કરમાં પંજાબે ૧૮ રને જીત મેળવી હતી. તળિયાની ટીમ ચેન્નઈ પોતાની છેલ્લી બન્ને મેચ હારી છે, જ્યારે પંજાબ છેલ્લી બે મેચથી જીતી શક્યું નથી. એની કલકત્તા સામેની છેલ્લી મેચ વરસાદને કારણે નો-રિઝલ્ટ રહી હતી.

આજે જીત મેળવીને પંજાબની ટીમ પ્લેઑફ રેસમાં મજબૂત બનીને પોતાનો મહેન્દ્ર સિંહ ધોનીની ટીમ સામેનો હેડ-ટુ-હેડ રેકોર્ડ બરાબર કરવાનો પ્રયાસ કરશે. ચેપોક સ્ટેડિયમમાં બન્ને ટીમ વચ્ચે આઠ મેચ રમાઈ છે જેમાં બન્નેએ ૪-૪ જીત નોંધાવી છે.

૨૦૧૦માં હોમ ટીમ સામે પોતાની પહેલી સુપર ઓવર મેચ જીતનાર પંજાબે છેલ્લી બન્ને મેચમાં ચેપોકમાં જીત મેળવી છે. ચેપોકમાં ચેન્નઈ સામે હેટ-ટ્રિક જીત મેળવવાની તક છે.

## કોલકાતા નાઈટ રાઈડર્સે આઠ વર્ષ બાદ દિલ્હીને હોમ પીચમા હરાવી

### નવ વિકેટે ૨૦૪ રન ફટકાર્યા : દિલ્હી ૧૯૦ માં ઓલ આઉટ



દિલ્હી, તા.૩૦ IPL 2025ની ૪૮મી મેચમાં કોલકાતા નાઇટ રાઇડર્સે ૧૪ રને બાજી મારી અરૂણ જેટલી સ્ટેડિયમમાં ૨૦૧૭ બાદ પહેલી વાર દિલ્હી કેપિટલ્સ સામે વિજય મેળવ્યો હતો.

છેલ્લાં આઠ વર્ષમાં આ મેદાન પર દિલ્હીએ કલકત્તાને ત્રણેય મેચમાં માત આપી હતી.

કલકત્તાની ટીમે એક પણ ૫૦ પ્લસ રનની ઇનિંગ્સ વગર નવ વિકેટે ૨૦૪ રન ફટકાર્યા હતા. કેપ્ટન અને વાઇસ કેપ્ટનની શાનદાર પાર્ટનરશિપ છતાં દિલ્હી નવ વિકેટે ૧૯૦ રન બનાવીને હાર્યું હતું. મેચ દરમ્યાન બન્ને ટીમના કેપ્ટન્સને ફીલ્ડિંગ દરમ્યાન આંગળીઓમાં ગંભીર ઇન્જરી થઈ હતી.

ટોસ હારીને પહેલાં બેટિંગ કરનાર કલકત્તાએ સુનીલ નારાયણ (૧૬ બોલમાં ૨૭ રન) અને રહમાનુલ્લાહ ગુરબાઝ (૧૨ બોલમાં ૨૬ રન)ની ૪૮ રનની ભાગીદારીની મદદથી શાનદાર શરૂઆત કરી હતી, પણ પાવરપ્લે બાદ ૨૮ રનની અંદર ત્રણ વિકેટ પડતાં કલકત્તા મુશ્કેલમાં મુકાયું હતું. અંગક્રિશ રઘુવંશી (૩૨ બોલમાં ૪૪ રન) અને રિન્કુ સિંહ (પચીસ બોલમાં ૩૬ રન) વચ્ચે પાંચમી વિકેટની ૬૧ રનની પાર્ટનરશિપથી કલકત્તાને ૨૦૪ રનના સ્કોર સુધી પહોંચવામાં મદદ મળી હતી. દિલ્હીના અનુભવી ફાસ્ટ બોલર મિચલ સ્ટાર્કને (૪૩ રનમાં ત્રણ વિકેટ) સૌથી વધુ અને અક્ષર પટેલને ૨-૨ વિકેટ મળી હતી. ૨૦૫ રનના ટાર્ગેટ સામે દિલ્હીએ ૬.૩ ઓવરમાં ૬૦ રનના સ્કોર પર ત્રણ વિકેટ ગુમાવી દીધી હતી. અહીંથી કેપ્ટન અક્ષર પટેલ (૨૩ બોલમાં ૪૩ રન) અને ફાફ ડુ પ્લેસી (૪૫ બોલમાં ૬૨ રન)એ ચોથી વિકેટ માટે ૭૬ રનની પાર્ટનરશિપ કરીને મેચને રસપ્રદ બનાવી હતી, પણ મિડલ ઓવર્સમાં સ્પિનર્સ સુનીલ નારાયણ (૨૯ રનમાં ત્રણ વિકેટ) અને વરૂણ ચક્રવર્તી (૩૯ રનમાં બે વિકેટ)એ ૨૪ રનની અંદર પાંચ વિકેટ લઈને એમાં ત્રણ સ્ટાર પ્લેયર્સની વિકેટ લઈને મેચ કલકત્તાના પક્ષમાં લાવી દીધી હતી. વિપ્રાજ નિગમે પાંચ ચોગ્ગા અને બે છગ્ગાની મદદથી ૧૯ બોલમાં ૩૮ રન ફટકારીને દિલ્હીની હારનું અંતર ઘટાડ્યું હતું.



### ટીનએજ ડ્રાઈવિંગનું પ્રમાણ વધતા અકસ્માતનો ખતરો વધ્યો

# કાર- LMV- ડ્રાઈવિંગ ટેસ્ટમાં ૫૭% નાપાસ થાય છે



### ૨૦૨૪/૨૫માં ૭.૫૮ લાખ લોકોમાં અનેકે બીજી–ત્રીજી વખત કુલ ૨૦.૫ લાખ વખત ટેસ્ટ આપી અને ફકત ૬ લાખને લાયસન્સ મળ્યા

### લાઈટ કોમર્શિયલ વ્હીકલમાં 'એસ' ટેસ્ટ અઘરોઃ ટુવ્હીલરમાં ૧૬% જ નાપાસ થાય છેઃ હવે ૧૮ વર્ષ થતા જ લાયસન્સ મેળવનાર વધ્યા

રાજકોટ: ગુજરાતમાં વધતા જતા વાહનો અને હવે ટીનએજ ડ્રાઈવીંગના પણ શોખમાં પોલીસની આકરી કાર્યવાહીના કારણે હવે ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવા જબરો ધસારો થયો છે અને ખાસ કરીને કાર ડ્રાઈવીંગ માટે ડિજીટલ ટેકનોલોજીનો ઉપયોગ થતો હોવાથી અડધાથી વધુ પરીક્ષાર્થીઓ તે ટેસ્ટ પાસ કરાવવામાં સફળ રહ્યા નથી. ૨૦૨૪/૨૫માં ૭.૫૮ લાખ લોકોએ બીજા-ત્રીજા પ્રયાસ સહિત ૨૦.૫ લાખ વખત ડ્રાઈવીંગ ટેસ્ટ આપ્યા હતા પણ તેઓ ફકત ૬ લાખ જ તે ટેસ્ટ પસાર કરીને ડ્રાઈવીંગ લાયસન્સ મેળવવું અઘરૂ સાબીત થાય છે જેમાં ૫૭% અરજદારો પ્રથમ તબકકે પાસ થતા નથી. જો કે ટુવ્હીલર એટલે કે સ્કુટર-બાઈકના લાયસન્સમાં ફકત ૧૫% જ લોકો પ્રથમ વખત આ પ્રકારે લાયસન્સ મેળવવામાં સફળ થાય છે. જો કે ૨૦૨૪માં આ રીતે ટેસ્ટ પસાર કરવામાં નિષ્ફળ રહેતા લોકોની સંખ્યા બાઈકમાં ૨૭% અને કારમાં ૪૭% હતી.

આ અંગે આરટીઓના અધિકારીઓના જણાવ્યા મુજબ ૪૦% લોકો દ્વીચક્રીથી ત્રિચક્રી અને ફોર વ્હીલર તમામ પ્રકારના વાહનો માટે અરજી કરે છે. જેમાં બાઈક, સ્કુટર, હળવા વ્યાપારી વાહનો, રીક્ષા, કાર, ટેક્ષી અને નાના ટ્રક માટે અરજી કરે છે.

ખાસ કરીને લાઈટ મોટર વ્હીકલના ટેસ્ટમાં સૌથી વધુ પડકારનો સામનો કરવો પડે છે. જેમાં નાપાસ થવાનો દર ૮૦% જેટલો છે. જેમાં રીવર્સ 'એસ' ટેસ્ટ પસાર કરવો પડે છે.

તો ૨૦% લોકો સમાંતર પાર્કીંગ ટેસ્ટમાં નિષ્ફળ જાય છે અને અંગ્રેજી 'આંકડા'નો ટેસ્ટ પણ હવે ડિજીટલ ટ્રેકને કારણે અઘરો છે. વાસ્તવમાં આરટીઓની વેબસાઈટ પર જે પ્રકારે માહિતી અપાઈ છે પણ જે અંગ્રેજી આંકડો ૨૦૧૨થી અમલમાં આવ્યો છે તે હજુ વધુ અઘરો બની રહ્યો છે. બોકસ પાર્કીંગ પણ સૌથી મોટી કસોટી છે.

ખાસ કરીને રીવર્સ પાર્કીંગમાં 'એસ' ટેસ્ટમાં થાંભલા અને અન્ય

(અનુસંધાન ૧૨ મા પાને)







(તસ્વીર : પંકજ શીશાંગીયા)

# રાજકોટ સહિત રાજયભરના રેવન્યુ કર્મચારીઓ માસ CL પરઃ કામગીરી ઠપ્પઃ દેકારો

### પ્રમોશનમાં વિસંગતતા, બદલીમાં અન્યાય, જૂની પેન્શન યોજના લાગુ કરવા સહિતના અધ્ધરતાલ લટકતા પ્રશ્નો અંગે કલેકટરને અપાયું આવેદનપત્રઃ સુત્રોચ્ચાર

રાજકોટ તા.૩૦

રાજકોટ સહિત રાજયભરના ૪૦૦૦થી વધુ રેવન્યુ કર્મચારીઓ વિવિધ અણઉકેલ પ્રશ્નો સબબ આજે માસ સીએલ મુકી આજે એક દિવસની હડતાલ પર ઉતરી જતા રેવન્યુ કામગીરી ઠપ્પ થઈ જવા પામી છે. જેના પગલે અરજદારોમાં મોટો દેકારો બોલી જવા પામેલ છે.

મહેસુલી કર્મચારી મંડળ દ્વારા કર્મચારીઓના અધ્ધરતાલ લટકતા પ્રશ્નો અંગે આજે રાજકોટ સહિત રાજયભરના જીલ્લા કલેકટરોને આવેદનપત્ર સુપ્રત કરી સુત્રોચ્ચાર કરવામાં આવેલ હતા. રેવન્યુ કર્મચારીઓની આ હડતાલના પગલે રેશનકાર્ડ વિભાજન, રેશનકાર્ડમાં નવા નામ દાખલ કરવા, દબાણ હટાવ ઝુંબેશ, મિલ્કત જપ્તી સહિતની મહેસુલી કામગીરી ઠપ્પ બની જવા પામી હતી. કર્મચારીઓની આ હડતાલના પગલે કલેકટર કચેરી-તાલુકા મામલતદાર કચેરી ખાતે આવેલા અરજદારોને કામ નહીં થતા ન છુટકે પરત ફરવાની ફરજ પડી હતી. આ અંગે મહેસુલી કર્મચારી મંડળ રાજકોટ જીલ્લાના પ્રમુખ કીરીટસિંહ ઝાલાએ જણાવ્યું હતું કે મહેસુલી કર્મચારીઓના પ્રમોશનમાં વિસંગતતા, બદલીમાં અન્યાય, જુની પેન્શન યોજના લાગુ કરવા સહિતના પ્રશ્નો અંગે છેલ્લા લાંબા સમયથી રાજય સરકારમાં રજૂઆતો કરવામાં આવી રહી છે.

પરંતુ તેમના પ્રશ્નોના ઉકેલ માટે રાજય સરકાર દ્વારા કોઈપણ જાતની કાર્યવાહી કરાયેલ નથી. રાજય સરકારની નીતિ રીતિ સામે કર્મચારીઓમાં ઉગ્ર રોષ ભભૂકી ઉઠયો છે. મહેસુલ વિભાગના નિયમોમાં અનેક વિસંગતતાઓ રહેલી છે. સરકાર દ્વારા તેમના પ્રશ્નો ઉકેલવામાં નહીં આવતા આ આંદોલનનું શસ્ત્ર ઉગામવામાં આવેલ છે. સરકાર તેમના પર લક્ષ આપી તેમના પડતર પ્રશ્નો તત્કાલ હલ કરે તે અતિ આવશ્યક છે.

સરકાર દ્વારા તેમના પ્રશ્નો ઉકેલવા માટે હાથ નહીં ધરે તો આગામી દિવસોમાં કર્મચારીઓની હડતાલની નોબત આવે તેવી શકયતા રહેલી છે.

રાજકોટ જીલ્લા કલેકટર કચેરી ખાતે રાજકોટ શહેર જીલ્લાના ૪૦૦ જેટલા કર્મચારીઓએ એકત્રીત થઈ સુત્રોચ્ચાર કર્યા હતા. આ તકે કચેરીના પટાંગણમાં કર્મચારીઓની મળેલી સભાને મહેસુલી કર્મચારી મંડળના જીલ્લા પ્રમુખ કિરીટસિંહ ઝાલાએ સંબોધી હતી. કલેકટર અને તાલુકા મામલતદાર કચેરીઓના મહેસુલી કર્મચારીઓ માસ સીએલ મુકી હડતાલ પર જતા કર્મચારીઓના અભાવે આ મહેસુલી કચેરી સુમસામ બની જવા પામી હતી.

### કર્મચારીઓની લડત અંગે સરકારને રિપોર્ટ કરાશેઃ કલેકટર પ્રભવ જોષી



રાજકોટ તા.૩૦

રાજકોટ શહેર જીલ્લાની મહેસુલી કચેરીઓના કર્મચારીઓ માસ સીએલ મુકી આજે સામુહિક રીતે હડતાલ પર ઉતરી જતા આ મામલે જીલ્લા કલેકટર પ્રભવ જોષીએ જણાવ્યું હતું કે આ અંગે તેઓ દ્વારા રાજય સરકારને રીપોર્ટ કરાશે.

અહીં એ ઉલ્લેખનીય છે કે મહેસુલી કર્મચારીઓની આજની માસ સીએલ સામે ગઈકાલે જ સરકારે બાંયો ચડાવી મહેસુલી કર્મચારીઓની રજા મંજુર નહીં કરવા માટે જીલ્લા કલેકટરોને આદેશ આપ્યા હતા. આ અંગે રાજય સરકારના મહેસુલ વિભાગના સેકશન અધિકારી દિનેશ પરમારે પણ ખાસ પરિપત્ર ઈસ્યુ કરી માસ સીએલ પર જનાર કર્મચારીઓ સામે નોકરીમાં બ્રેક સહિત આકરી કાર્યવાહી કરવાની ચેતવણી આપી હતી. તેમજ ખાસ કિસ્સા સિવાય કર્મચારીઓની રજા મંજુર નહીં કરવા માટે તેઓએ જીલ્લા કલેકટરોને તાકીદ કરી હતી તેમ છતા પણ મહેસુલી કર્મચારીઓ આજે માસ સીએલ મુકી હડતાલ પર ઉતરી જતા કલેકટર દ્વારા આ અંગે રાજય સરકારને રિપોર્ટ મોકલવામાં આવનાર છે.

## હિરાસર એરપોર્ટ પાસે CISFના કવાર્ટરોના નિર્માણ માટે કલેકટર તંત્ર પાસે મંગાતી સાત એકર જમીન

### સ્થળ તપાસ કરી રિપોર્ટ આપવા અધિકારીઓને આદેશ આપતા કલેકટરઃ ૫૦ જેટલા કવાર્ટરોનું નિર્માણ કરાશે




રાજકોટ તા.૩૦

હિરાસર એરપોર્ટ નજીક સીઆઈએસએફના કવાર્ટરોના નિર્માણ માટે કલેકટર તંત્ર પાસે સાત એકર જમીન માંગવામાં આવી છે.

આ અંગે કલેકટર પ્રભવ જોષી દ્વારા સ્થળ તપાસ કરી રિપોર્ટ આપવા અધિકારીઓને આદેશ કરવામાં આવેલ છે. અહીં એ ઉલ્લેખનીય છેકે હિરાસર એરપોર્ટ પાસે સાત એકર જમીન પર ૫૦ જેટલા કવાર્ટરોનું નિર્માણ કરવા માટેનું આયોજન કરવામાં આવેલ છે.

અહીં એ ઉલ્લેખનીય છે કે હાલ શહેરના જૂના એરપોર્ટ પાસે સીઆઈએસએફના કવાર્ટરો આવેલા છે પરંતુ હિરાસર ખાતે નવું આંતરરાષ્ટ્રીય એરપોર્ટ કાર્યરત થતા સીઆઈએસએફના જવાનોને શહેરથી આ હિરાસર એરપોર્ટ પર ફરજ પર પહોચવામાં મુશ્કેલી પડતી હોય હિરાસર એરપોર્ટ પર સીઆઈએસએફના જવાનોના માટે કવાર્ટરોનું નિર્માણ કરવા માટે આ સાત એકર જમીન માંગવામાં આવી છે. હિરાસર ખાતે આ નવા કવાર્ટરોનું નિર્માણ થશે. જૂના કવાર્ટરો સરકારને પરત સોંપી દેવામાં આવશે.

દરમિયાન આ અંગે કલેકટર પ્રભવ જોશીએ જણાવ્યું હતું કે હિરાસર એરપોર્ટ પાસે સીઆઈએસએફ દ્વારા કવાર્ટરોના નિર્માણ માટે જમીન માંગવામાં આવી છે તેમ સ્થળ તપાસ બાદ સરકારને રિપોર્ટ મોકલાશે. આ જમીનની કિંમત સરકાર નકકી કરશે.

## શહેરમાં ત્રીજા દિવસે ૪૪ ડિગ્રી સાથે ૨૨ કી.મી.ની ઝડપે દઝાડતી આગ ઝરતી લૂઃ લોકો ત્રસ્ત

### ભયંકર તાપ સાથે લૂના આક્રમણથી નગરજનો તોબાઃ રાજકોટમાં બે દિવસ ઓરેન્જ એલર્ટ

રાજકોટ,તા.૩૦

રાજકોટ વાસીઓ આજે સતત ત્રીજા દિવસે આગ ભઠ્ઠા જેવી ગરમી અને લૂંમાં બળી ગયા હતા.આજે બપોરે પણ ૨.૩૦ કલાકે જ રાજકોટનું તાપમાન ૪૪ ડિગ્રી થઈ ગયુ હતું. અને બપોરે પવનની ઝડપ પણ વધીને ૨૨ કી.મી.થઈ જતા લૂંના આક્રમણ થી પણ નગરજનો તોબા પોકારી ગયા હતાં.રાજકોટમાં ચાલુ એપ્રિલ દરમ્યાન ત્રણ વખત રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે. આથી છેલ્લા કેટલાંક દિવસોથી

(અનુસંધાન ૧૨ મા પાને)

## રવિવારે લેવાનારી નીટની પરીક્ષાના ૧૩ કેન્દ્રોના નોડલ ઓફિસરની જવાબદારી ડે.કલેકટરોને સોંપતા કલેકટર

### ૬૩૩૭ વિદ્યાર્થીઓ કસોટી આપશે : કડક પ્રબંધો

રાજકોટ, તા. ૩૦

ધો.૧૨ વિજ્ઞાન પ્રવાહ બાદ તબીબી વિદ્યાશાખાના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે નેશનલ ટેસ્ટીંગ એજન્સી દ્વારા આગામી તા. ૪ને રવિવારે ભરતી પરીક્ષા લેવાનાર છે.

રાજકોટમાં ૬૩૩૭ ઉમેદવારો આ પરીક્ષામાં બેસનાર હોય આ પગલા શાંતિપૂર્ણ વાતાવરણમાં લેવાય અને કોઇ અનિચ્છનીય બનાવ ન બને તે માટે કલેકટર પ્રભવ જોશીના માર્ગદર્શન હેઠળ તંત્રએ કમ્મર કસી દીધી છે.

ભરતી પરીક્ષા માટે રાજકોટમાં કેન્દ્રો નિયત કરવામાં આવેલ છે. ભરતી પરીક્ષાના આ ૧૩ કેન્દ્રોના નોડલ અધિકારી તરીકે ડે.કલેકટરોને જવાબદારી કલેકટર પ્રભવ જોશી દ્વારા સોપી દેવામાં આવી છે.

## રાજકોટ જિલ્લાની મતદાર યાદીમાંથી ૩૦૦ ડુપ્લીકેટ નામો રદ્દ

### રાજય ચૂંટણી પંચના આદેશના પગલે જિલ્લા તંત્ર દ્વારા કાર્યવાહી

રાજકોટ તા.૩૦

રાજકોટ જિલ્લાની મતદાર યાદીમાંથી ૩૦૦ જેટલા ડુપ્લીકિટ નામો રદ કરવામાં આવેલ છે. રાજય ચૂંટણી પંચના આદેશના પગલે જિલ્લા ચૂંટરી તંત્ર દ્વારા ૧૫ દિવસના ટુંકાગાળામાં જ આ ડુપ્લીકિટ નામો શોધી તેને રદ કરવામાં આવેલ છે.

અહીં એ પણ ઉલ્લેખનીય છે કે કેન્દ્રીય ચૂંટણી પંચ દ્વારા સમગ્ર દેશમાં મતદાર યાદીમાંથી ડુપ્લીકિટ નામો રદ કરવા માટે ખાસ અભિયાન છેડવામાં આવેલ છે. જે અંતર્ગત રાજય ચરૂંટણી પંચના આદેશ મુજબ રાજકોટ જિલ્લા ચૂંટણી તંત્ર દ્વારા મતદાર યાદીમાંથી ડુપ્લીકિટ નામો શોધી કાઢવા માટે ઝુંબેશ શરૂ કરવામાં આવી છે.

જેમાં ૧૫ દિવસમાં જ મતદાર યાદીમાંથી તાબડબોબ ૩૦૦ ડુપ્લીકિટ નામો શોધી કાઢી તેને રદ કરવામાં આવેલ છે. અહીં એ પણ ઉલ્લેખનીય છે કે મતદાતાઓ માટે આધાર નંબર ઉપલબ્દ કરાવવો સંપૂર્ણપણે સ્વૈચ્છીક રહેશે. આ અંગેની જાણકારી ચૂંટણી તંત્રના અધિકારીઓને આપવી જરૂરી નથી.

સમર પેકેજ-2025
જુન થી ઓક્ટોમ્બર (ટ્રેન સાથે)
સ્પે. ચારધામ
ગંગોત્રી, યમનોત્રી, કેદારનાથ, બદ્રીનાથ
તા. 01-જુલાઇ અને 14 જુલાઇ - 2025
અમરનાથ
SIMPLE
2X2 AC/ NON AC બસ દ્વારા પર્સનલ પેકેજ કરી આપવામાં આવશે.
કોમ્પાસ હોલિડે - રાજકોટ
81408 99995/6

સેલ્સમેનની જરૂર છે
સોનાના રીટેલ શો–રૂમ માટે ઓછામાં ઓછો ૩ વર્ષનો સેલ્સમેનશિપનો અનુભવ હોવો જરૂરી
મો. 97121 58536

કાર રીમોટ
ઓરીજનલ રીમોટ સેલ (પાવર) ગેરેંટી સાથે બદલી આપવામાં આવશે.
રાજુ ડીઝીટલ સ્ટુડીયો
ભુતખાના ચોક, ઢેબર રોડ, ભારત પેટ્રોલ પંપની બાજુમાં, રાજકોટ. M.: 94297 85836

